વળગી રહેવા ખૂબ જાગૃતિ રાખશો. નકામો મળેલ સમય ગયો એ ખોટને પૂરી કરવા જીવન શુદ્ધિ માટે પ્રમાદ ન થાય એનો ઉપયોગ રાખશો.

જગતના અન્ય જનો ગમેતેમ કરતાં કરાવતા હોય એની પંચાતમાં, તેની ઉપાધિમાં ન પડશો. કેમ કે આપણે ઘણાં કાર્યો કરવાનાં છે અને ટાઈમ થોડો છે. પાસલાઓથી, જગતની જાળથી, પ્રલોભનથી, દ્વન્દ્વના પ્રસંગોથી, માનાપમાનની ભુલવણીથી, નિમ્ન પ્રકૃતિઓનાં પ્રપંચથી, જીવનને ગંદુ બનાવનાર ગંદકીથી હંમેશા ચેતતાં રહેજો.

ખૂબ લક્ષપૂર્વક ભાવ પ્રતિક્રમણ કરીને, હૃદયશુદ્ધિ કરી પરમાત્માનું સ્મરણ કરતાં કરતાં, તેનું નામોચ્ચારણ કરતાં શયન કરશો. બધા ઠાણામાં અતૂટ સંપ–ઐક્ય જળવાઈ રહે એવાં મધુર–મીઠાં, પ્રેમાળ, નિર્દંભી વર્તન રાખશો.

ઉપયોગી અભ્યાસની, અનુભવની, પ્રસંગની નોંધ રાખતા રહેશો. તમારામાં ભરેલ આનંદ–પ્રેમના પ્રવાહોની મોજ માણતાં રહેશો. કદીયે નિરુત્સાહી, નિરાશાવાદી, હતવીર્ય ના થશો. સદાય આનંદમાં પ્રસન્નચિત્ત રહો! એ જ ભલામણ છે.

દઃ તમારો હિતચિંતક ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક
(૨૫૧)

સુરેન્દ્રનગર
તા. ૫-૫-૧૯૫૬

સુખ દુઃખનો મોટો આધાર મન ઉપર છે

દર્શનાભિલાષી જિજ્ઞાસુ આર્યાજીઓ !

તમારો પત્ર મળ્યો. જવાબ લખવાની નવરાશ શાંતિ અને અનુકૂળતા હોય ત્યારે લખી શકાય ને ? હંમેશા દુખાવો રહે છે. આવા સમાચારથી સ્નેહીજનોને ચિંતા થાય એ સ્વાભાવિક છે પણ ચિંતા એ ઉપાય નથી. તમારું મન પ્રસન્ન, પ્રફુલ્લ રહે તો થોડો પણ ફાયદો થાય, માટે તમે નિશ્ચિંત રહેજો. શ્રદ્ધા ટકાવી રાખજો. પ્રભુકૃપાનાં કિરણો મેળવવાનાં, ઝીલવાના અધિકારી બનશો.

તમે સારી રીતે સમજો છો કે બધાને બધી જાતની અનુકૂળતા નથી હોતી. અસંખ્ય દર્દીઓ સારી સગવડો હોવા છતાં પિડાય છે અને જેઓને શારીરિક આરોગ્ય છે તેમને બીજાં અનેક દર્દો, મુશ્કેલીઓ, વિટંબણાઓ મૂંઝવી રહી છે. માટે જ "ઉપરિ ઉપરિ પશ્યંત" એ શ્લોક વિચારવો અને પ્રભુના ચરણારવિન્દમાં આનંદથી રહેવું. સુખ દુખનો મોટો આધાર મન ઉપર અવલંબે છે. બીજાઓની અપેક્ષાએ તમે ઘણાં સુખી છો એમ જરૂર માનશો. સૌને પ્રભુસ્મરણ. બધા ઘણાં પરમ શાંતિમાં રહો એ અભિલાષા ધરાવતું—

સંતબાલ

ૐ

પત્ર ક્રમાંક
(૨૫૨)

વરસોવા
તા. ૨૫-૧-૧૯૫૮

બધું જાણતાં કે મેળવતાં, ખરું લક્ષ્ય આત્મ સાધના ન ચૂકાય

વિદ્યાભિલાસિકા ભક્તિ પરાયણા આર્યાજીઓ !

તમોને ત્યાં અભ્યાસ કરવાનો સારો યોગ છે. હવા-પાણી, લાગણી, ભાવ, ભક્તિ વિ. ત્યાં રહેવાલાયક જ હોય તો ત્યાં જ અભ્યાસ વધારવા ખાતર રહેવાની મરજી થાય તો ખોટું નથી. એવો યોગ વારવાર નહિ મળે. ત્યાં સંસ્કૃત. સાહિત્ય, ન્યાય, સૂત્રો, ટીકાઓ તથા થોડું અંગ્રેજી પણ જાણી શકાય. વર્તમાનમાં અંગ્રેજીની પણ ઘણી જરૂર જણાય છે. એ ભાષામાં પણ જાણવા જેવું ઘણું સાહિત્ય છે. આ બધી લૌકિક વિદ્યાની પણ જરૂર પડે છે. આ બધું એક સ્થળે રહીને નિરાંતે થાય અને એવી સાનુકુળતા ત્યાં છે.

ચાર કર્મગ્રંથો વાંચી ગયા તે સારું કર્યું. પંડિતજીને અમારા ધર્મસ્મરણ કહેશો. હવે કયો અભ્યાસ કરવા ઈચ્છો છો ? તમે જે જે અભ્યાસ-વાંચન કરો તેની નોંધ જાણવા યોગ્યની કરતા હશો. જગતમાં જાણવા જેવું ઘણું છે. જગત અનેક વિષયોનો સાગર છે. જીવનમાં માણસ સમય, શક્તિ સાનુકુળતા પ્રમાણે ઘણું મેળવી શકે છે.

વર્તમાનમાં તો વિજ્ઞાનની શોધ દિનપ્રતિદિન વધતી જ રહી છે. આપણને હેરત પમાડે તેવી શોધ થઈ છે અને થાય છે. એ બધી વાતો રૂબરૂમાં સમજાવી શકાય. આ બધુ જાણતાં કે મેળવતાં ખરું લક્ષ્ય ન ચુકાય, આત્મસાધના ન ભુલાય તે ધ્યાનમાં રાખશો.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક
(૨૫૩)

ઓરીવલી
તા. ૧–૮–૧૯૫૮

અભ્યાસ માટે તમારી રુચિ, સંયોગ અને અંતરના અવાજ પર આધાર રાખો

પવિત્ર સંયમ યાત્રિકાઓ!

માત્ર તમારા સંતોષ ખાતર થોડું લખું છું. હાલમાં મારું લખવું, વાંચવું લગભગ બંધ છે. માત્ર ચિંતન અને પ્રાર્થના-પ્રવચન કરવાનું બને છે

ત્યાં ......બેન છે એટલે પરસ્પર આપ લે વિચારોની કરી શકશો 'દર્શન-ચિંતન'માં મોટાભાગે મારી આત્મ-માન્યતાને અનુરૂપ સુંદર આકારમાં પરિભાષા પૂર્વક નીડરપણે રજૂ કરી છે. તમોને તે વાંચનમાંથી ઘણું જાણવાનું

મળશે. મારી ભાવનાને જગે અને......એને જેવી ઝીલી છે. રુચિ છે, સમજણ છે તેવી બીજા અનુયાયીઓએ ઝીલી નથી.

આપણા સાધુવર્ગમાં ઉદ્દામ વિચારના વિરલ હોય છે. શાસ્ત્રો કરતા કુદરત પાસેથી જાણવાનું ઘણું હોય છે. એ સંબંધી....બેન પાસેથી જાણશો. વિચારશો, મેળવશો અને અનુભવશો. આજ સુધીમાં કરેલ અભ્યાસ સાચવી રાખીને બીજો નવો અભ્યાસ હિંદી કે અંગ્રેજી કરશો. એમાંથી પસંદગી તમારી રુચિ, સંયોગ અને અંતરના અવાજ પર આધાર રાખશો. જરૂર બન્નેની છે. ત્યાં હિંદી ભણાવનાર કદાચ ન મળે તો ઈ. ભણાવનાર તો મળશે જ.

જવાનું ગમે તે સ્થળે થાય પણ લક્ષ્ય, અભ્યાસ, અનુભવ અને આરોગ્ય ઉપર કાયમ રાખવું લોકોનાં રાગ–ખેંચાણ ઉપર ભાર ન આપવો. આપણા સાધુ-આર્યાઓનું લગભગ આમ જ કાચું રહી જાય છે. સાધુજીવનમાં પરિપક્વ થયાં પહેલાં બહાર આવવાની. મન સાચવવાની, લોકોને રાજી રાખવાની પ્રવૃતિ વધુ પડતી થઈ જાય છે. અમૂલ્ય સમય એમાં જ ખરચાઈ જાય છે.

તમે સમયને નિષ્ફળ ન જવા દેશો. "કાલે કાલં સમાયરે." "વિવેકો દશમો નિધિઃ" "સમયં ગોયમ ! મા પમાયએ." "ક્ષમા વીરસ્ય ભૂષણમ્" સમજ્યાને ? સંયમીઓએ સંયમનું લક્ષ્ય પ્રત્યેક પળે રાખવું ઘટે. શાંત પળે આત્મવિચારણા જરૂરી છે. કોઽહં ? કસ્યમહં ? હું કોણ છું અને અહીં શા માટે છું ? હું આત્મા છું, દેહ નથી !

લખ્યું તે બરાબર છે. જૈનધર્મના પ્રણેતાઓ પણ એ જ કહી ગયા છે પણ માણસને સહેલો, સસ્તો, પરિશ્રમ વગરનો ધર્મ ગમે છે એટલે એવો ધર્મ કરે છે. વાસ્તવિક માર્ગ તો કઠણ છે. જીવ આટલા કાળમાં આદરી શક્યો નથી.

પ્રથમ તો પોતાને (આત્માને) જાણો, પોતાને પિછાણો એ જ એકડો. એ સિવાયનાં બધાં મીંડાં જીવ એકડો માંડ્યા વિના જ મીંડાં કરવા બેસી ગયો છે. તેમાં પણ દંભ, અભિમાન સહાયક બન્યા છે કે જેને પ્રથમ છોડવા ઘટે અને બંધનથી મુક્ત થવું જોઈએ. પરંતુ જીવ દંભની જ વૃદ્ધિ કરી રહ્યો છે અને સુંદર સાધનોને બંધનરૂપ બનાવી રહ્યો છે. આ હકીકત સમજુ ગણાતાં, જાણપણું ધરાવનારાઓમાં પણ વ્યાપક છે.

સંપૂર્ણ કાળજી, સંપૂર્ણ તકેદારી, તાલાવેલી એ જાતની જ તમન્ના વગર, શ્રેયના પંથે પગ મૂકી શકાતો નથી. ભરતી-ઓટ તો મધ્યમ ભૂમિકાવાળા સર્વને આવે. તમે એટલા ભાગ્યવાન છો કે ભરતી ઓટ બન્ને આવે છે, મોટા ભાગે તો ઓટ જ હોય છે. ભરતી આવતી જ નથી! સંતસમાગમનો વિરહ છે તેથી શું? સંતોની વાણી, એની બોધ પ્રસાદીનો તો અભાવ નથી! વાંચન વખતે કલ્પના કરી લેવી કે 'સદ્‌ગુરુ મારી સન્મુખ બેસી બોધ આપી રહ્યાં છે. સંત તો ઠીક, પણ પરમાત્મા પણ તમારા સન્મુખ હાજરા હજૂર છે, આવરણનું નાનું પડ છે તે તૂટશે કે તરત દર્શનનો લાભ થશે. એક ભક્તે ગાયું છે કે—

"હું પણું હારતાં સહજ પામ્યો હરિ,

કર્મના બંધન નાખ્યા કાપી,

હું હરિમાં હરિ માહરે અંતરે,

સુભર ભરિયા જેમ બ્રહ્મ દરિયા '

એમ છે, સમજ્યા ? મોટે ભાગે હું પણ લખતો નથી તમારા જેવા ને કવચિત લખુ છું. પર્યાય કહો કે પ્રકૃતિની રમત કહો પણ જે થાય તે થવું જોઈએ. ને થાય છે. એ સિવાય તો જીવને જ્ઞાન, સમજ, શક્તિ, જાગૃતિ આવે નહિ કરનારે સમજીને કર્યુ છે

જ્યાં સુધી જીવ કાચો, અપૂર્ણ હોય ત્યા સુધી તેને બોધ કરવા રખડાવે. કષ્ટનો અનુભવ કરાવે. એનાથી અભેદને સમજે કે આ તો બધુ મારા વિકાસ માટે છે ત્યારે કષ્ટમા પણ મજા પડે. એમ કુટાતા પીટાતાં પાકો થાય. આગળ જીવને યોગ્ય બને એટલા માટે તો કુદરત યોજના કરે છે. ત્યારે જાગૃત થયેલ જીવ મટી આત્મા બને છે. અને પછી પરમાત્મા બને છે, પણ પરિપકવ થતાં પહેલાં તો કુટવાનું છે. જીવને હજી કુટવામાં જ મોજ આવે છે. અને હજી રહસ્ય સમજાતું નથી. સમજાય તો નાના-નાના કકરા શા માટે થાય ? તેને અંદર શત્રુ દેખાય પણ બહિરિન્દ્રિયોને દુશ્મન બહાર દેખાય છે ને બહાર લડે છે. રહસ્ય સમજ પડે એ જીવ વિરમે છે. અંદરના દુશમનો સાથે લડે છે તેમ તેમ

સમાજશક્તિ વધે છે. એ શાંત સમાજથી, નિર્દોષતા. નિ-
માની સહજ બને છે.

દ: ભિ



ૐ

પત્ર ક્રમાંક (૨૫૫) | કૃષ્ણકુંજ, બોરીવલી તા. ૧૭-૫-૧૯૫૯

સૂત્રમાંથી સૂત્રરૂપ સારતત્ત્વ ખેંચતા આવડે તો જીવનમાં ઉપયોગી થાય

દર્શનાભિલાષી આર્યાજીઓ !

પન્નવણાજી અને સુયગડાંગ સૂત્રો વાંચવા ઇચ્છા કરી પણ વખત ન મળ્યો તે જાણ્યું. એ સૂત્રોમાં શું છે? વાંચવાથી એટલો માત્ર ખ્યાલ આવશે. બાકી તો એ સૂત્રમાંથી સૂત્રરૂપ સારતત્ત્વ ખેંચતા આવડે તો જીવનમાં ઉપયોગી થાય. આવા ઉપયોગી સૂત્રો આચારાંગમાંથી ઘણા મળે.

અત્યારે તો બીજાને કહેવા, શ્રવણ કરાવવા મેં વાંચ્યા છે. 'અમે જાણીએ છીએ એ' કહેવડાવવા માટે મોટે ભાગે ...મ થાય છે. પોતાની શાંતિ અર્થે શ્રેયાર્થે કે આત્મ-

ત્રિકાસ માટે વિરલા જ શાસ્ત્રાભ્યાસ કરતા નજરે પડે છે. આજે વિજ્ઞાન મૃગ ફાળે ગતિ કરી રહેલ છે. એમાંથી ઘણું જાણવાનું, સમજવાનું, જીવનમાં ઘણું ઉપયોગી થાય તેમ છે. તમે એવું વાંચન કરતા હશો. ઘણું કહેવાનું, જણાવવાનું મન થાય પણ પત્રમાં બધું લખી શકાય નહિ. તમે અમારા આગમનની તીવ્રાભિલાષા રાખી રહ્યાં છો. તો એ સફળ થાય એમ અંતઃકરણથી ઇચ્છું છું. એ જ ભાવના છે. બાળ દિલિપને ખૂબ સંસ્કારી, વિવેકી, વિનયશીલ બનાવવા પ્રયત્ન કરશો.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૨૫૬) — રૂપણકુંજ તા ૧૮-૮-૧૯૫૯

ઉપયોગ શૂન્ય ક્રિયા કે પ્રતિક્રમણાદિથી આત્મશ્રેય થાય એ અસંભવિત વાત છે

મુમુક્ષુ પવિત્રાત્મા આર્યાજીઓ!

સાધુ-સાધ્વીઓ મહાવ્રતો ધારણ કરે છે તેનો ઉપયોગ હંમેશા સ્મરણમાં રહે અને વિસ્મરણ ન થાય એટલા માટે બે વખતના પ્રતિક્રમણમાં આલોચના કરાય છે. રખે પ્રતિજ્ઞા ભુલાઈ જાય એટલા માટે પ્રતિક્રમણ બે વખત કરવામાં આવે છે. છતાં એ લક્ષ કોઈ વિરલને જ રહે. ઉપયોગ શૂન્ય પાઠ ગગડાવે જાય છે.

દીક્ષા લીધા પછી સંયમની સાધના શરૂ થાય છે. જ્યાં સુધી એ સાધના (સ્વાધ્યાય, ધ્યાન, ચિંતન, મનન વિ.) જીવન વ્યાપી પૂર્ણ ન થાય ત્યાં સુધી વ્યાખ્યાનાદિ વધુ લોક સંપર્ક નકામા વાર્તાલાપ એ બધું બંધ રખાય, તો જ જે અર્થે સંયમ માર્ગ સ્વીકાર્યો છે તે સફળ થવા સંભવ છે અને તો જ પોતાનું અને પરનું શક્તિ અનુસાર શ્રેય કરી શકે છે.

પરંતુ દીક્ષાનો વેશ પહેરી સાધનાના લક્ષ્ય વિના શાસ્ત્રીય અભ્યાસ શરૂ કરે અને તે પણ બીજાને ઉપદેશ આપવા, પંડિત વિદ્વાન ગણાવા, લોકોને પોતાની વિદ્યા ચતુરાઈથી આકર્ષાવા, ભલે તે જગતમાં ખ્યાતિ-શ્લાઘા તો મેળવે પણ પોતાનું કે પરનું શ્રેય ન સાધી શકે કેમકે લૌકિક વ્યવહારના બોજામાંથી આત્મ સાધનાનો વખત જ ન મળે અને પછી તો એ વાત જ ભૂલાઇ જવાય અને માની બેસે કે આમ વહોરવું, આમ રહેવું, આમ ભણવું અને આમ વ્યાખ્યાનાદિ પ્રવૃત્તિઓ કરવી એજ સયમીનો માર્ગ માની લે છે.

આ સ્થિતિ આજે વર્તમાન કાળે છે. વ્યાખ્યાનથી કે વાતોથી કે ક્રિયાકાંડથી લોકોમાં જે સારી છાપ પડે તેની પ્રશંસા થાય તેથી તે માર્ગે સર્વે લોકો ચાલે એ સ્વાભાવિક છે, પણ જેને આત્માની થોડી પણ પડી હોય, થોડી જાગૃતિ, સંયમ ખપી, શ્રેયાભિલાષી હોય તે જ વ્યવહારક્ષેત્રમાં પડવા છતાં પણ ખૂબ જાગૃત રહે છે અને આત્મસાધના માટે સમયને બચાવી લે છે. આંતરશુદ્ધિ થાય ત્યારે જ સંતોષ, શાંતિ અનુભવે છે.

વ્યવહારના માર્ગે પડેલાને વ્યવહાર સાચવવો છે પણ
તે પ્રશસ્ત-વ્યવહાર અને તે સાથે નિજકાર્ય પણ સાધવા
યત્ન સેવે! એ સાધનાથી અનુકૂળતા ત્યારે જ બને કે
જ્યારે શારીરિક અને માનસિક આરોગ્યતા હોય. તેણે મનને
મૈત્રીયે, શાંત, વિશાળ, સહનશીલ, તિતિક્ષાપ્રિય બનાવવા
માટે ખૂબ પ્રયત્ન કરવો પડે છે. માત્ર વાંચન, ભણતર કે
બાધની તપશ્ચર્યાથી નહિ. એ જ ખરુ તપ છે એ જ
ભણતર છે. તે ગમે તેવા ગરમા ગરમ વાતાવરણમા પણ
મનને શાંતસ્વસ્થ રાખી શકે.

આત્માનો કોપ ગળી જતા આવડે એટલું મોટું મન
રહે તો અધ્યયનના પ્રસંગો ઘણા આવે અને ઘર્ષણ થતા
પ્રશં પરિણામ, માઠી લેશ્યા જન્મે! તેમાંથી જ અનિષ્ટ થાય
માટે પ્રેમને કેળવવો. એ વાત–એ હકીકત બરાબર સમજી
જીવનમાં વ્યાપક બનાવવી, એ અમૃત છે. ઉભયનુ શ્રેય કર
ર એ પ્રેમ જ છે. જો આ ઔષધ, આજીવન સંજીવની
પી પિવાય તો તે આત્મશ્રેય પથને સાફ કરશે. તનાશના
ન કંઈક આશા છે. એટલે જ એ ઉલ્લેખ કર્યો છે. વિજ્ઞાન
ખંધી પેપરોમાં વાચતાં હશો. પ્રતિદિન એ અજબ શોધ
પ્રગત કરી રહેલ છે. એણે હિન્દુ, જૈન શાસ્ત્રોનો ઘણો
યોગ-ભૂગોળનો ભાગ કબજે કર્યો છે અને અપેક્ષાના
એમતનાં પડે વિખેરી નાખવા પ્રકાશ ફેંકવા માંડ્યો છે, અસ્તુ.

લિ: ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક (૨૫૭)

બોરીવલી
તા. ૨૯-૮-૧૯૫૯

આરાધના યથાતથ્ય થાય તો આત્માની પરમ વિશુદ્ધિ થાય

દર્શનાભિલાષી આર્યાજી !

હું તદ્દન આરામ લઉં છું. બન્ને વખતની પ્રાર્થના, વ્યાખ્યાન એ બધો ભાર ચિત્ત મુનિએ ઉપાડેલ છે. સિવાય આહારાદિના કાર્ય, મારી શુશ્રૂષા અને વ્યવહાર બધો એજ કરે છે.

તમે સૂત્રોના વાંચન પછી ઉપયોગી બીનાની નોંધ કરતાં હશો. આચારાંગમાં તાત્ત્વિક બીના ઘણી છે. એવી બીજામાં ઓછી છે. ઉત્તરાધ્યયનનું ૨૯ મું અધ્યયન ખૂબ રહસ્ય ભર્યું છે. જાણવા જેવું, આચરવા જેવું અને એની આરાધના યથાતથ્ય થાય તો આત્માની પરમ વિશુદ્ધિ થાય એવું અમૂલ્ં છે. તમારો અભ્યાસનો કાળ છે. તમારો અધિકાર છે અને તમારામાં યોગ્યતા છે; માટે ખૂબ વિચારશો.

દ: ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક
(૨૫૮)

સાયલા
તા. ૨૫-૩-૧૯૬૩

માણસ પોતે પોતાને શોધે છે પણ બહાર શોધે છે

લડાઈના કારણે ભારત પર અનેક પ્રકારની ઉપાધિઓ, મુશ્કેલીઓ, કષ્ટો આવી રહ્યાં છે. એમાં ભાગ્યવાન હશે એ જ સાચે માર્ગે સ્થિર રહી શાંતિ મેળવતો હશે. બાકી તો દુઃખનું કારણ અંદર છે પણ ભ્રાંતિથી બહારનાં નિમિત્તો ઉપાદાનરૂપ બને છે.

માણસ પોતે પોતાને શોધે છે. પણ બહાર શોધે છે કારણ કે બહાર અજવાળું છે અને અંદર અંધારું છે. તેથી બહાર પોતાના સ્વરૂપને, શાંતિ અને આનંદ ને શોધે છે. એ કોયડો વિરલા જ ઉકેલી શકે તેમ છે. અણુબોમ્બ ફોડે છે. તે બોમ્બ મોટો નથી પણ સૂક્ષ્મ અણુ છે. તેના ફરતું ઇલેક્ટ્રોનનું આવરણ આંટા મારે છે. તે આવરણને ભેદતા અનંત શક્તિ તે અણુબોમ્બમાંથી નીકળે છે. એ શક્તિનો ઉપયોગ હાલ ખોટો થાય છે. પણ સારો ઉપયોગ કરે તો તે શક્તિ મનુષ્યોને ઘણી ઉપયોગી થાય.

એ જ પ્રમાણે આત્મા પરનું આવરણ ભેદાય તો અનંત શક્તિ બહાર આવે તે શક્તિનો જો તેજોલેશ્યા જેવો પ્રયોગ કરે તો તે દુરુપયોગ છે પરંતુ જો નિજ-પરની શાંતિ અર્થે ઉપયોગ કરે તો તે સદુપયોગ છે. એ આવરણને ભેદવું એટલે વલોણું કરીને જેમ દહીં-દૂધમાંથી નવનીત રૂપે સત્ત્વ કાઢે છે તેમ વલોણું કરવાની કરામત આવડે તો અનંત શક્તિમાન તત્ત્વ મેળવે.

વલોણું એટલે સત્ત્વ-તત્ત્વને છૂટા પાડવાની ક્રિયા ક્રિયા તો ઘણા કરે છે પણ ધ્યેય વિના, લક્ષ્ય કે સમજ વિના કરે છે એટલે જે ફળ મળવુ જોઈએ તે મળતું નથી. વર્તમાનમાં સેંકડો સંતનાં વેશમાં સાધકો વિચરે છે. પણ માર્ગ જ મોટા ભાગે ભૂલ્યા છે. વ્યવહારની રૂપાળી જાળમાં અટવાઈ પડયા છે. જે સાધનો છે તેને સાધ્ય માને છે. બકરું કાઢવા જતાં ઉંટ પેસી ગયુ, એવું જણાય છે.

સમજણના અભાવે જે અહંવૃત્તિને કાઢવા માટે તનતોડ મહેનત કરે છે તે ઘટવાને બદલે વૃદ્ધિ પામે છે. એ અજગર (અહંકાર) તપશ્ચર્યાના ફળને, અભ્યાસ, દાન, પુણ્ય, ક્રિયા, સેવા, જાત્રા વિ. ના ફળને ગળી જાય છે. આત્માને લાભ મળતો નથી. એટલે જ કહ્યું છે કે — "પઢમં નાણં તઓ દયા" પ્રથમ જે કરો તેનું જ્ઞાન પુરેપૂરું કરો. પછી જ પગલું ભરો.

જીવે ભવોભવ ક્રિયાઓ, તપ વિગેરે અનેક કર્યાં પણ રખડપટ્ટી ન મટી. જીવનનો ઉદ્દેશ જાણ્યો નહિ. આ અમૂલાં સાધનો કેટલાં કષ્ટે અને શા અર્થે મળ્યા છે? મેળવ્યાં છે? તેનું વિસ્મરણ થયું કારણ કે બહિર્દષ્ટિ છે અને અંતર્દષ્ટિનો અભાવ છે.

તમે ધારવા પ્રમાણે ભલે આચરી ન શકતા હો પણ આખી રચનાનો ઓછો આછો પણ ખ્યાલ છે, સમજ છે, ખોટા માર્ગે જવાનું બનતું નથી એટલા તમારા સદ્ભાગ્ય માનું છું. માત્ર વાંચન, શ્રવણ કામ નથી આપતું પણ સદ્વર્તન જ ફળ આપે છે. અને એ વર્તનમાં ઉપયોગ મુખ્ય વસ્તુ છે જે તમો સમજો છો.

સંતબાલ



ૐ

પત્ર ક્રમાંક (૨૫૯) — સાયલા, તા. ૧-૮-૧૯૬૪

સાચું સમજ્યા પછી જીવમાત્રના વર્તનમાં અવશ્ય ફેર પડે છે

ભક્તિપરાયણા વિદુષી આર્યાજી !

તમોએ રાયપસેણીય સૂત્ર શરૂ કર્યું તે જાણ્યું. કુરજીભાઇ બપોરના દ્રવ્યાનુયોગ સંભળાવે છે, એ પણ ઉત્તમ વાત છે. સાંજના બહાર પ્રકૃતિના રળિયામણા દૃશ્યો જોવા મળે છે, એમાં પણ ઘણું જાણવાનું હોય છે.

તમે બધાં ખૂબ શાંતિમાં, આનંદમાં હશો. અને એમાં વિદ્યામાં, અનુભવમાં વૃદ્ધિ કરશો. એ બધું કરતાં કરતાં પણ સાથે આત્મલક્ષ ન ચુકાય તેની ચીવટ રાખશો. એ માટે રૂબરૂ ઘણું કહેવાયું છે તે તમે જાણો પણ છો. તમે એ માટે સુપાત્ર છો, જાગ્રત છો. અન્યને ઉપદેશ આપતાં પોતાના માટે પણ ગણી લેવો.

અનુપ્રેક્ષા—આત્મવિચારણામાં પ્રમાદ ન કરવો. પ્રદેશી રાજાના અધિકારમાં કહેવાનું, જાણવાનું અને જીવનમાં ઉતારવાનું ઠીક-ઠીક છે. કેશી મહારાજે ચિત્તને આત્મભાન

કરાવ્યું પછી પ્રદેશીને માત્ર બોધ જ આપ્યો એમ નહિ પણ તેને નિજભાન કરાવ્યું.

આત્મભાન ન થયું હોય તો નિર્વિષયતા, નિર્લોભતા, અનાસક્તિ અને ક્ષમાના ગુણોનાં દર્શન ન થાય એ તમે જાણો છો. પ્રદેશીનું આખ્યાન તમારી પાસે હશે. સાચું સમજ્યા પછી જીવ માત્રના વર્તનમાં અવશ્ય ફેર પડે છે. આપ પરંપરા ઝુંચે છે. કર્મો નવા ન બંધાય તેની કાળજી રહે છે અને સંચિતને બાળવામાં જાગૃતિપૂર્વક ઉપયોગ રાખે છે

જે હંમેશા ઉપયોગપૂર્વક ભાવ પ્રતિક્રમણથી શુદ્ધિ કરે છે, તેને સાચો સમજણવાળો કહેવાય છે. માણસમાત્રને પ્રમાદ, અહંવૃત્તિ આગળ વધતા અટકાવે છે. ગ્રહ્યા ને સન જઘર ગણાતાં પણ ત્યા ગોથું ખાઈ જાય છે. તમે સાંભળેલું, વાંચેલું, જાણેલું, જોયેલું, કરવા યોગ્ય અને વાયદો કરેલાનો અમલ કરવા કાળજી રાખશો. વખત મળે ત્યારે વિચારશો. હંમેશા પ્રાર્થના, સ્મરણ, ચિંતન પછી તજવા જેવી ચીજનો અને આદરવા જેવી બાતનો સંકલ્પ કરશો અને તે સંકલ્પને નિભાવશો. ત્યાના સર્વ પ્રેમી વર્ગને મધુસ્મરણ કહેશો.

દ: ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક (૨૬૦)

સાયલા
તા. ૫-૮-૧૯૬૪

બોધ આપતી વખતે જ તે પોતાને અપાતો હોય તેમ કલ્પવું

પવિત્ર આર્યાજી!

તમારી માગણી પ્રમાણે પુસ્તકો મોકલ્યા છે, બીજાં જોઈએ તો મંગાવશો. બધો આધાર મન ઉપર છે. તમે સાંભળેલ તો ઘણું છે પણ તેનો અમલ કરવાનો છે.

એક પણ વિચાર નબળો, હલકો, બંધન થાય તેવો ન જ કરવાની ચીવટ રાખવી. ભગવાન સમીપમાં જ છે તેનું સતત સ્મરણ રાખવું. બીજાને બોધ આપતી વખતે જ પોતાને અપાતો હોય તેમજ કલ્પવું. અમે જાણીએ છીએ પણ થતું નથી એવા વિચારો કુમતિના, આસુરીની પ્રેરણાથી નીકળે છે, હું શક્તિમાન છું. બીજાં સાધનો અને સગવડો છે તો શા માટે આચરી ન શકું? અવશ્ય આચરીશ જ, એવો ભાવ સુમતિનો છે, તેની પ્રેરણાનો છે! એમ જાણવું. માટે નિબળ અશક્તિવાળા કાયરના વિચારો આવે તો તેને ફગાવી દેવાની આદત પાડવી. ઉપયોગ ન ચૂકવો.

જ્યારે જ્યારે નવરાશ મળે ત્યારે ત્યારે નબળાં વિચારોને ખંખેરી નાંખીને ઉચ્ચ, સબળ, પવિત્ર પ્રાણવાન વિચારોને

આહ્‌વાહન કરીને અંતઃકરણને તેનાથી ભરી દેવું અને પછી આચરણ પણ તેને અનુરૂપ કરવું. તમારે બધાએ આ વાત જાણવાની અને આચરવાની છે.

પ્રત્યુત્તરમાં માત્ર આપનો માર્ગદર્શક પત્ર મળ્યો છે. તે સિવાય ઉપકારના શબ્દો વારંવાર લખવાની ટેવ કાઢી નાખજો. મને મારા વખાણ વાંચવા ગમતા નથી. સાધના, સ્મરણ, ભાવ-પ્રતિક્રમણ રોજ ઉપયોગ પૂર્વક કરવાં. સૌને અમારા પ્રભુસ્મરણ કહેશો.

તમારું આત્મશ્રેય ઇચ્છનાર ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક
(૨૬૬)

પ્રત્યેક કાર્યો આત્મલક્ષ પૂર્વકનાં થાય તો અખંડ યોગ રહે છે

પવિત્ર આર્યાજીઓ!

તમારા સમાચાર મળ્યા. તમે જે લિખ્યું તે બરાબર છે. દરેક પ્રશસ્ત વ્યવહારોમાં પણ અંતર લક્ષ જ સૂક્ષ્મ એવ [illegible]

કરવું એ મુખ્ય છે. બાકી બધું ગૌણ છે, એ તમે જાણો છો! છતાં યાદી આપું છું. પ્રત્યેક કાર્યો એ લક્ષપૂર્વકના થાય તો બધુંય ગૌણ રહે છે.

આપણું મુખ્ય કાર્ય તો એ કે ‘ ક્રિયમાણમાં નવા ન બંધાય અને સંચિત છે તેને ધ્યાન, ચિંતન, પ્રાર્થના ઉચ્ચ-ભાવના, અભિજ્ઞાથી નાશ કરવા, હળવા થવું એ સંયમનું ધ્યેય અહોનિશ સ્મરણમાં રહે ’ એ ખાસ ધ્યાનમાં લેવું.

તમે સમજદાર જાગ્રત આત્મા છો એટલે મને વિશ્વાસ છે કે લીધેલ વેશ, આદરેલ સંયમને સફળ કરશો. હંમેશા લક્ષપૂર્વક પ્રાર્થના, ભાવ પ્રતિક્રમણ કરતાં જ હશો. ધર્મ-પ્રેમી સ્વજનોને ખૂબ સપ્રેમ સંસ્મરણનું કહેશો. એજ....

દઃ ભિક્ષુ





પત્ર ક્રમાંક
(૨૬૨)

કચરા જેવા વ્યવહારથી ઉપયોગપૂર્વક દૂર રહેજો

જે કરવાની યોગ્ય ભલામણ કરી છે તે પ્રમાણે આત્મ વિચારણામાં અપ્રમાદી રહેશો. આંતરિક તબિયત હંમેશા તપાસતા રહેજો. કચરા જેવા વ્યવહારથી ઉપયોગપૂર્વક દૂર રહેજો. અનાદિ કાળથી જે મનને નથી ગમ્યું તે ગમાડજો. અને તેમાં રમાડજો. હૃદયમાં રાખવાના રસિક પદો, શ્લોકો અને ગાથાઓ થોડી થોડી મોઢે કરજો. બની શકે તેટલી જાગૃતિ રહે તેવી અનુકૂળતા જાળવી રાખજો. તિતિક્ષા (સહનશીલતા), મોટું મન, (વિશાળતા) શ્રદ્ધા, ઋજુપણ નિષ્કપટતા અને સાદાઈ જેવા સદ્ગુણોનું ચિત્ર હૃદયપટમાં આચરવા માટે રાખજો. અમુક માસ કે વર્ષ પછી પરમાત્માની સાક્ષીએ એ ગુણોની સરિતા તર્યા હોઈએ તેમ અનુભવે. આ સર્વ તમારે અને મારે કરવાનું છે.

દ. બિન્દુ



ઉપસંહાર

હવે આંતરિક સાધુતા અને બાહ્ય સાધુતાનો તાળો મેળવવાની વાત આવીને ઊભી રહી. એટલે જ સાધુતા-પ્રયોગશીલતા એ ચોવીસમું પ્રકરણ સહેજે આવી ગયું. એમાં પણ જરાક ઊંડા ઊતરીશું. તો સાધુજીવનનો આખો ય વિશ્વવિશાળ મર્મ હસ્તામલકવત્ થઈ જાય તેમ ભાસે છે.



(૨૪) સાધુતા-પ્રયોગશીલતા

વસંતતિલકા

નિર્ગ્રંથમાં આતર આદિ સાધુતા,
તે કારણે જીવન વિશ્વવ્યાપિ છે.
પ્રયોગ સાથ અધ્યાત્મના જોડી,
સર્જે કરે પુનિત જ મહાપર્વ (૧)

ધર્મ અમારો.. એ રાગ

વિશ્વધર્મ સંશોધન કરવા સર્વધર્મ સંધાન કરે,
ચમત્કારના મુખડ તટ ચારિત્ર્યભાન સૌના ઉભારે,
અંધશ્રદ્ધાવૃદ્ધિથી દૂર રહી સદ્ધર્મે ગુણ જગાવે,
નામ ન છે! કોઈ ધર્મનું; તોય ક્રાન્તી સહુને
જગ મહાલે (૨)

ઉપોદ્ઘાત

સાધુતા એટલે જ પ્રયોગશીલતા! આજે શરૂઆતમાં સાધુતાની આ વ્યાખ્યા ભલે નવી લાગે, પણ નવી નથી. આપણી ભારતની સાધુ સંસ્થા જગતમાં વિશેષ પ્રયોગશીલતાને કારણે જ રહી છે. જૈન મુનિઓમાં જિનકલ્પીપણું અને સ્થવિર કલ્પીપણું, એમ જૂના કાળમાં (ભગવાન મહાવીર નિર્વાણ પછીના કાળમાં) બે સાધુ વિભાગ હતા. (૧) એક વિભાગ જેમ સમાજમાં રહીને સ્વપર શ્રેયના પ્રયોગો કરતો તેમ (૨) બીજો વિભાગ જંગલમાં અને પહાડોમાં રહી પ્રાણીમાત્ર સાથેની એકતાના મૌનપ્રયોગ પણ કરતો. તેઓ પરસ્પર આદાન પ્રદાન કરતા અને પરસ્પર વંદન વ્યવહાર કરતા.

'સમાજમાં રહીને સંયમ પાળો છો તે રીતે અમારા કરતાં આગળ છો' એમ જિનકલ્પી, સ્થવિર કલ્પીને વંદતા વંદતાં કહેતા, તો સ્થવિરકલ્પી જિનકલ્પીને વંદતા વંદતા એમ કહેતા, 'આપ સિંહ વાઘ-નાગ જેવાં ક્રૂર પ્રાણિઓની વચ્ચે કે આસપાસ રહી વિશ્વપ્રેમ-વિશ્વ વાત્સલ્યના ભ. મહાવીરના અહિંસક પ્રયોગોને સારી પેઠે આગળ ધપાવી રહ્યા છો, આપણે તો સર્વ જીવને વીતરાગ શાસન રસિક બનાવવાં છે ને!'

વર્તમાનમાં અનુભવને અર્થે સાધના કરવાની પ્રથા જ નષ્ટ થઈ છે. ખરી રીતે પોતાની જાતને શોધી એની શુદ્ધિ માટે સતત પ્રયત્ન કરનાર જ કાંઇ મેળવી શકે અને મેળવે તો જ કાંઇક આપી શકે...એ માર્ગ જ જુદો છે પ્રાપ્ત કર્યા

પહેલાં આપવા નીકળવાની પ્રથા જ રૂઢ થઈ ગઈ છે એટલે લક્ષ જ બીજાને બોધ આપવા તરફ મોટેભાગે રહે છે. એટલે જ કોઈને ક્રિયાનું અભિમાન, કોઈને આચારનું, કોઈને શાસ્ત્ર ભણવાનું તો કોઈ ને વક્તા નટીકેનું, ગુમાન વૃત્તિ પામનું હોય છે. જેનો નાશ કરવો ઘટે, તે જ વૃત્તિ પોષે છતાં એ તરફ લક્ષ જ નથી. ધારાધોરણો, કલમો અને વ્રતચર્યાના નિયમો એટલામાં જ સાધુઓ ગોંધવાઈ રહ્યા છે સાધુપણાનું ધોરણ આચારની કઠીનતા ઉપર અવલંબે છે આટલું માત્ર એમણે કહેવા ખાતર કહ્યું નથી પરંતુ એમણે અને પ્રયોગશીલતા આદરી છે. તેઓ એક સ્થળે એમના અનુભૂત ઈશારો કરતાં લખે છે,

પ્રભુ વિના તો કોઈની શક્તિ નથી, એટલે જે જે સંવેદન થાય તે પ્રમાણે પ્રાણ પોતાની ક્રિયા કરે એમના સમ્યક્ મનનું નિયમન-વિવેક હોય તો પ્રયાસ નકામા જ નીવડે. પ્રાણનો ખોરાક સંવેદના એનો અર્થ એ છે કે પ્રાણની ક્રિયાશીલતા મન તરફથી આવતા સંવેદન પ્રમાણે અને ઇંદ્રિયો તરફથી આવતા રિપોર્ટ પ્રમાણે થાય છે એના કેટલું સત્ય કે અસત્ય, કેટલું કરવા યોગ્ય કે ન કરવા યોગ્ય એ બધું વિવેકી મન ઉપર આધાર રાખે છે" આનું વિસ્તૃત વર્ણન પત્રમાં દેખાઈ આવશે છતાં પોતાના આદર્શ [illegible] અનુભવ પછી પણ કહે છે.

'હું પોતે જ એક વિદ્યાર્થી જેવો છું. જિજ્ઞાસુએ [illegible] છોડ્યો જ રહ્યો. સર્વાંગે પવિત્રતાને કેળવવું, આત્મસ્થાનતામાં રહેવાનું,' અંતરાવલોકનમાં તલ્લીન થવાનું બનતું નથી. તમારી જેમ હું પણ સાધક અવસ્થામાં જ છું'

કેવી આ વાત! જેમ બાળકને 'મા' નીચી નમીને પોતાને હાથ આપી, સંગમાં લઈ આગળ ચલાવે છે, તેમ સાધકને આગળ ને આગળ લઈ જાય છે. આવા જ હોય વિરલ સંતનાં લક્ષણ.

'આજ સુધી કેટલા સૂત્રોનુ અવગાહન કર્યું?... સૂત્રની યોજના આધારે પૂર્વધરો પાન રમાડ્યા છે.' વળી, તેઓ સુયોગ્ય સાધુતાવાળા પાત્રની કદર કરતાં કરતાં પણ લખે છે...'સંઘાડામાં સર્વને તારું આકર્ષણ શાનું છે? તારા ગુણ પ્રત્યેનું છે...મારા કરતાં ભગવાનમાં વધારે પ્રેમ-ભક્તિ કર તારું શ્રેય થવાનું છે .તું તો તારા આત્માને દમ્યો છે . સૌની જવાબદારી તારા માથે છે. વધારે શું લખું?

કેવી અનુપમ કૃપા અને નિર્લેપતા છે! આથી જ અજમેર સાધુ સંમેલનમાં ચોમેરની અનેક પ્રવૃત્તિઓ વચ્ચે એમણે કેટલાક સાધુ યુવાનોને તેજસ્વી તરીકે તારવી તૈયાર કરેલા...તેઓ વારંવાર અને છેલ્લે આ અતિ મહત્ત્વના પત્ર પ્રકરણમાં કહે છે-'સાધના માટે સાધનની જરૂર ખરી, પણ સાધન એ સાધ્ય નથી.'



ૐ

પત્ર ક્રમાંક
(૨૬૩)

વાંકાનેર
તા. ૨૬-૭ ૧૯૫૩

સ્વાનુભવ કરવાની પ્રથા જ નાબૂદ થઈ ગઈ છે

મારી તબિયત સાધારણ ઠીક છે સ્વાનુભવ કરવાની તો આપણા સમાજમાં પ્રથા જ નાબૂદ થઈ ગઈ છે લોકોને સંભળાવવા માટે જ અભ્યાસ કરવો અને જેટલો ક્ષયોપશમ હોય તેટલું તે પ્રમાણે લોકોની પાસે ઘણું વ્યાખ્યાનના જે કહેવાય તે વાંચેલું, ગોખેલું, સાંભળેલું અને એકઠું કરેલું જ મોટેભાગે હોય છે અનુભવને અર્થે સાધના કરવાની પ્રથા જ નષ્ટ થઈ ગઈ છે

આવી રીતે પોતાની જાતને શોધી એની શુદ્ધિ માટે સતત પ્રયત્ન કરનાર જ કાંઈ મેળવી શકે અને બીજાને પણ કાંઈક આપી શકે.. સુશિક્ષિત, વ્યાખ્યાનકાર, શાસ્ત્રોના અભ્યાસી ખરા પણ જેનું નામ નિજ અનુભવ કહેવાય એ ઘણું નહિ એ માર્ગ જ જુદો છે. પ્રાપ્ત કર્યા પહેલા આપવા નીકળવાની પ્રથા જ રૂઢ થઈ ગઈ છે. એટલે કશું જ બીજાને ઉપ આપવા તરફ મોટે ભાગે રહે છે. એટલે જ કોઈને ક્રિયાનું અભિમાન, કોઈને આચારનું, કોઈને શાસ્ત્ર જાણવાનું તે કોઈને વક્તા તરીકેનું ગુમાન વૃદ્ધિ પામતું હોય છે જેનો નાશ કરવો ઘટે તે જ વૃદ્ધિ પામે છતાં એ તરફ લક્ષ જ નથી. ધારાધોરણો, કલમો ને સમાચારીના નિયમો એટલામાં જ સાધુઓ ગૂંચવાઈ રહ્યા છે સાધુપણાનું ઉજ્જવળ ભાવની કઠિનતા ઉપર અવલંબે છે

ત્યાં ગયાને શાંતિ [illegible] અનુકૂળતા કે ગોઠવણમાં [illegible] તેમ [illegible] આ માટે [illegible] છે? [illegible] ચિત્તને પ્રસન્ન આનંદમાં રાખવું. સ્વભાવ તરફ જનાર, પ્રભુના પંથે જનારને પ્રતિકૂળ સંજોગોમાં પણ પ્રસન્નતા કેળવવી ઘટે. એને ખેદ, અફસોસ કે ઉદ્વેગ શબ્દો પાલવે જ નહિ.

'નહિ ભવતિ વિયોગઃ સ્નેહ વિચ્છેદ હેતુઃ' સ્થૂલ દેહથી ન જણાય તો પણ પત્રથી જણાય છે. ખુલાસા કરાય છે એટલેથી સંતોષ માનવો. દૂર રાખવામાં પણ કુદરતનો કોઈ ઇષ્ટ હેતુ હશે એમ માનવું. આસુરી હાલના પરિવર્તન માટે પ્રાર્થના અભીપ્સા કરવી, પ્રયત્ન કરવો. એમાં જરૂર સફળ થશો.

દક્ષિણામાં તપસ્યાનો અધિકાર ખૂબ મનન કરવા જેવો છે. સંવેદન અને વિનિમયનો અર્થ ઇન્દ્રિયો દ્વારા મગજમાં જે રિપોર્ટ આવ્યો હોય તેનું સંવેદન થાય છે. પણ એ સંવેદન પ્રાણ દ્વારા જ ક્રિયાશીલ બને છે. દા. ત. કર્ણ દ્વારા રિપોર્ટ મળ્યો કે ફલાણા પાળીઆ નીચે ધન દટાયેલ છે, એ રિપોર્ટનું સંવેદન મગજમાં પ્રથમ થાય છે. ક્યાં છે? કેટલે દૂર છે? કઈ તરફ છે? કેટલું છે? એવા એવા તર્કો થાય એ સંવેદન.

પ્રાણ વિના તો કોઈની શક્તિ નથી એટલે જે જે સંવેદન થાય તે પ્રમાણે પ્રાણ પોતાની ક્રિયા કરે. એમાં સમ્યક્ મનનું નિયંત્રણ–વિવેક હોય તો પ્રયાસ સફળ નીવડે.

પ્રાણનો ખોરાક સંવેદના—એનો અર્થ એ છે કે પ્રાણની ક્રિયા જીવના મનમાં ઇંદ્રિયો તરફથી આવતા રિપોર્ટ ઉપર. એમાં કેટલું સત્ય કે અસત્ય, કરવા યોગ્ય કે નહિ કરવા યોગ્ય એ બધું વિવેક, મન ઉપર આધાર રાખે છે.

સંવેદનાનો અર્થ સમ્યક્ વેદવું જાણવું પ્રાણ તો જે સંવેદનો પ્રાપ્ત થયા, તે પ્રમાણે તે ક્રિયામાં જોડાય છે ખાવું-પીવું-સૂવું-બેસવું-નાચવું-શીખવું ઠગવું લડવું-કાંતવું-ખોદવું-ચણવું—આ બધા કામો પ્રાણની શક્તિથી મન ને શરીર કરે છે. વિનીમય એટલે આપ લે આપવું ને લેવું, એક પ્રાણ બીજા પ્રાણને આપે કે લે એમ ક્રિયા પણ પ્રાણની જ છે. વિનીમય એટલે લેવા દેવાની ક્રિયા [illegible] 'અનુભવ' [illegible] ધ્યાનપૂર્વક વાંચશો ઘણું જાણે આ તરફનું [illegible] નો વાંચનનો યોગ થશે

દ. ભિક્ષુ

સુરેન્દ્રનગર
તા. [illegible]

પત્ર ક્રમાંક
(૨૬૪)

[illegible]

[illegible]

આપણે વધુ આશા ન રાખીએ. કે તેનાથી સંતોષ માનીને નિભાવી લઈએ. જેવો સમય, જેવું સ્થાન તે પ્રમાણે વર્તવું પડે. મારા માટે જે વિશેષણો વપરાયા તે વધારે પડતાં છે. મારામાં એવું કશુંય નથી

હું પોતે જ એક વિદ્યાર્થી જેવો છું. સાધુનો વેશ ને થોડી વાતચીતથી મને જ્ઞાની, યોગી કે કર્મયોગી માની લેનાર ભૂલે છે. અપૂર્ણ અભ્યાસી કોઈ યોગી કહેવાય? એ તો હાસ્યાસ્પદ ગણાય. યોગી હોય તો તે સંઘાડાના બંધનમાં રહે? સંઘાડાનો વ્યવહાર કરે? એ તો ધ્યાનમાં જ મસ્ત રહે. એવા લક્ષણો મારામાં નથી એ બધું તમે તમારી ભક્તિથી લખો છો. એટલે ભક્તિની આંખે એવું દેખાતું હશે પણ એ વાજબી નથી.

જેમ તમે અભ્યાસી છો તેમ હું પણ અભ્યાસી છું. સાધના કરવાને ઈચ્છતો સાધક છું. સાચા સંતોનો વિચાર કરતાં મારે માટે મને શરમ થાય છે કે આટલા વર્ષે પણ હજી અધવચ્ચે જ રહ્યો સંઘાડાની સંભામાં મારાથી મારું કાર્ય સાધી ન શકાયું. મારી ઈચ્છા પાર પાડવામાં કુદરતે ગમે તે સંકેતો વિઘ્નો નાખ્યાં બીજાને ઉપદેશ દેવાને દોડાદોડ કરી એ સ્પષ્ટ સમજાય છે. શક્તિ હતી ત્યાં સુધી બહાર રખડપટી કરી અને હવે શરીર અટક્યું ત્યારે સાધના માંડી અને તે પણ વિઘ્નો પર વિઘ્નો.

આ સ્થિતિ મારી છે. આ સાંપ્રદાયિકતા-સંઘાડાના વ્યવહાર મને બિલકુલ અર્થ વિનાના લાગે છે. મારી ભાવનાને અનુરૂપ ક્યાંય દેખાતું નથી. સાધના અર્થે સ્થિર

ન થવાયું. સમાજમાંના વાતાવરણ નવના માન્યતાને તે તમે જાણો છો

– ભિક્ષુ

પત્ર ક્રમાંક (૨૬૫)

ચાવડા
તા. ૧ – ૧૯૫૫

આ સમયમાં સહેલો માર્ગ નામસ્મરણ છે

તમોને અરવિંદ તરફ શ્રદ્ધા છે. તમારો અને મારો સિદ્ધાંત-માન્યતા એક છે. અધિષ્ઠાન દૃષ્ટિ તેની આ બધી કરામત છે. એને સમ્યક દૃષ્ટિથી અનુભવવું ને તે વડે જીવન શુદ્ધિ કરવી દર્શનો બધા સાપેક્ષ છે એમ કે અરવિંદ, ગાંધીજી કે રામકૃષ્ણ બધાંમાંથી મેળવતા આવડે તો ઉપકારક છે. જરૂર માત્ર દૃષ્ટિની છે. એ તો અંતરવલોકનથી જ પ્રાપ્ત થાય બીજા તો માત્ર અંગુલિનિર્દેશ કરનાર છે સતત પ્રયત્ન કરનારને તે અનુભવ થવાનો.

જિજ્ઞાસુએ સંપ્રદાયવાદ છોડયો જ રહ્યો આ સમયના સહેલામાં સહેલો માર્ગ નામ સ્મરણ જણાય છે નામ એટલું કે બીજું જે તે ઘુસી જાય છે અનેક ફેરી પ્રવાહોમાંથી બચવાને નામ સ્મરણ ઉપયોગપૂર્વક સાધક છે તમે સંતોની અનુભવવાણી વાંચતા હશો. તમે નિત્ય સાચવો. પ્રસંગો ઉપસ્થિત થાય છતાં નિમ્ન પ્રકૃતિને નમવું ન પડે, ઊંચા આસનથી નીચે ન ઊતરી આવવું જીવનના એવાં સ્થાનો ઘણાં છે. ઊંચે ચડનારની કસોટી થાય છે કર્મ અને કરણને જરૂર એવું લાગે તો કરવું જ [illegible]

વિના ન ચાલે એમ મનને ભ્રમણા ઉપજાવનારી વાત ઉપર જતાં અટકાવે છે. સરલ સીધા માર્ગને વિકટ બનાવે છે.

જિજ્ઞાસુ, મુમુક્ષુ, લઘુકર્મી સાધકોને પણ ભ્રમણામાં નાખી દે છે તો જેને એ દિશાનું ભાન નથી, માત્ર માન-પાન, કીર્તિ-પ્રતિષ્ઠા, એશઆરામમાં જ રહેનાર, બહારથી સારા સજ્જનની ગણત્રીમાં ગણાવનારની તો વાત જ શી કરવી? માયા એવી જ છે, એમાં કોનો દોષ કાઢવો?

અમૂલ્ય સમય ચાલ્યો જાય છે. અને સર્વસંગ પરિત્યાગ કરવાનું, આત્મરમણતામાં રહેવાનું, અંતરાવલોકનમાં તલ્લીન થવાનું બનતું નથી. ઇચ્છા વિના પણ ભોગાવલી કર્મની પેઠે રખડપટ્ટી થયા જ કરે છે. તમે તો મહાજંજાળના વાતાવરણમાં રહીને પણ નિરાળા નિર્લેપ રહેવા મથો છો અને એ માટેનો પંથ કપાયો છે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૨૬૬) | વજ્રેશ્વરી તા. ૨૭-૩-૧૯૫૯

જગતને રાજી રાખવામાં તો વર્ષો વીતી ગયાં પણ તેથી આત્મહિત કંઇ થયું નહિ

દર્શનાભિલાષી શ્રેયાર્થી આર્યાજીઓ!

સમય ખૂબ જાગૃતિ માગે છે. જેટલો પ્રમાદ, જેટલી લત એટલી મુશ્કેલી. સંયમનો ખરો અર્થ વર્તમાનમાં

વિલુપ્ત દેખાય છે. માત્ર ઉપરનો વ્યવહાર, વેશ, ઉપદેશની આવડત-આટલેથી અટક્યા જણાય છે. અંતરાવલોકન કે આત્મજ્ઞાન માટેનો પ્રયાસ, તે માટેની સાધના, ક્યાંય નજરે પડતી નથી! વેશ પહેર્યો એટલે સાધુ બન્યા. છઠ્ઠે ગુણઠાણે આવ્યા પછી કલ્પાકલ્પની ભાંજગડમાં સમય પસાર થાય. અભ્યાસમાં થોકડાં, સૂત્રનો અભ્યાસ પણ એનો આત્મા સાથે કશોય સંબંધ નહિ નર્યો ઉપરનો વ્યવહાર, રાગ વધારવાની તરકીબો. 'વૈરાગ્ય રંગઃપરવંચનાય, ધર્મોપદેશો જન રંજનાય.' આમ આજે ચાલી રહ્યું છે ભલે ઉપદેશ, વ્યવહાર, લોક સંપર્ક જરૂરનો હોય પણ આત્મલક્ષ, આત્મઅનુભૂતિ, ત્યાગભાવ, સાધુતાનું સ્મરણ કાયમ રહે તો બરાબર ગણાય! તાત્ત્વિક વાંચન, વિચારણાની આદત રહે તો ઉત્તમ ગણાય. બાકી તો જગતને રાજી રાખવામાં તો વર્ષો વીતી ગયા પણ આત્મહિત થયું નહિ. ભાવદીક્ષિતને સુસંસ્કારી, દીક્ષાને લાયક બનાવશો.

દ: બિંદુ



પત્ર ક્રમાંક
(૨૬૭)

વજ્રેશ્વરી જ્ઞાનબાગ
તા. ૧૫-૪ ૧૯૫૯

બધાને બધા સમયે બધીયે અનુકૂળતાં હોતી નથી

પુનિત પંથનાં યાત્રાળુઓ!

અમે આ ઝાડીમાં ઊંડે એકાંત અને નિવૃત્તિ-વાળી હોવાથી અહીં જ સ્થિરવાસ કરવાનું મન થઈ આવે છે પરંતુ બધાને બધા જ સમયે બધી અનુકૂળતા નથી હોતી

જે એવું નિયમ ન હોત તો આ નૈસર્ગિક સંસ્કાર જ ન કહેવાય. અને તો પછી કુદરતક્રમોના પરંપરાનાં આદર્શો પણ નિષ્ફળ નીવડી જાય. માટે જ અમે ઇચ્છીએ છીએ કે તમારી ભીંતરનાં ફળ મીઠાં જ આવશે. કુદરતના કાનૂનમાં માત્ર એટલી જ અપેક્ષા રહે છે કે ભક્તિનો પ્રવાહ સમાનાર અખંડ વહેવો જોઈએ તો પછી બાકીનું બધું અનુક્રમ અનુબંધમાં પરિણમી જશે.

ચાતુર્માસ માટે તમોને જુદાં જુદાં સ્થળોનું આમંત્રણ હોય છે. એક અપેક્ષાએ આપણા સમાજમાં તમારી કદર થઈ રહી છે તે સંતોષની વાત છે. પરંતુ કદર કરનાર વર્ગમાં બહુ વિચારકતા ભાગ્યે જ હોય છે. મોટે ભાગે આમજનતા ગતાનુગતિક અને સ્વાર્થપરાયણ જ હોય છે. એ ન ભૂલવું જોઈએ. ગમે ત્યાં ચાતુર્માસ તો ગાળવું જ છે એટલે આપણે આપણાં સ્થાનથી-પદથી ક્યાંય વિચલિત ન થવું અને છતાંય લોકો ઉપર વાસ્તવિક ઉપકાર કર્યે જવો એ ધ્યેય ન ચૂકવું જોઈએ.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૨૬૮)

બોરીવલી કૃષ્ણકુંજ
તા. ૧૪-૯-૧૯૫૯

સરાગદૃષ્ટિથી તમોને ગુણો દેખાય છે. હું પણ સાધક અવસ્થામાં છું

ભક્તિ પરાયણા દર્શનાભિલાષી આર્યાજી!

આજે તમારો પત્ર મળ્યો. તમોને એક આધ્યાત્મિક પત્રોની ચોપડી મોકલી છે. તમારા પત્રમાં તમારા હૃદયની ઊર્મિઓનું

અમારા પ્રત્યેની પૂજ્યભાવના, મમતા, અંતરની લાગણીઓ અને ભક્તિભાવના દર્શન થયાં છે. સરાગદૃષ્ટિથી તમોને જે માના ગુણ દેખાય છે કે જે મારામાં નથી. હું ઘણો અપૂર્ણ છું. તમારી પેઠે હું પણ સાધક અવસ્થામાં જ છું.

તમારા છેલ્લા પત્રથી મને બારે આશ્ચર્ય થયું. ઓપરેશન પછી માંડ માંડ તબીયત સુધારા પર આવી ને આ એક સાથે સોળ ઉપવાસનું સાહસ કર્યું! આવી પ્રેરણા તમને કોણે આપી? પ્રાયશ્ચિતના ઉપવાસ તરત જ કરવા જોઈએ એવું કંઈ નથી. વાળવાના ઘણા રસ્તા છે શું તમે અગાઉ આટલી તપસ્યાનો અભ્યાસ પાડ્યો છે? કે આ પહેલવહેલાં સાહસ કર્યું? ઉપવાસ વધુ કરવાથી કર્મનિર્જરા છે? લોકોમાં તો અંધ પરંપરા દેખાદેખીથી સર્વત્ર એવો વ્યવહાર દેખાય છે. પરંતુ જેને શારીરિક આરોગ્ય સંયમનું પાલન કરીને આત્મશ્રેયના પંથે વિચરવું છે તેણે આવી દોટ મૂકવી ન ઘટે! અઠ્ઠમ કે અઠ્ઠાઈ સુધી ઠીક ઠીક તાકાત, મનોબળનો અનુભવ તો કરવો હતો! આ તો સીધો ભૂસકો મારવા જેવું કર્યું ગણાય. હજુ કહું છું કે તમે તમારી શક્તિ જોઈ અને ભવિષ્યની ગણત્રી કરીને આગળ વધો..

તપશ્ચર્યાના ૧૨ પ્રકાર છે અનશનથી જ નિર્જરા થાય એવું થોડું છે? વિદ્યાર્થી અવસ્થાના તન, મન અને સ્વાસ્થ્ય, આરોગ્ય, શક્તિ સચવાઈ રહે તેમ કરવું. બીજા લોકો આચરે તેમ ન અનુસરાય. પોતાની પરિસ્થિતિ જોઈને પગલું ભરાય. તમે જાણો છો કે

'તદેવ હિ તપઃ કાર્યં દુર્ધ્યાનં યત્ર નો ભવેત્
યેન યોગા ન હીયન્તે, ક્ષીયન્તે નેન્દ્રિયાણિ ચ'

યોગો ક્ષીણ ન થાય, ઈન્દ્રિયોની શક્તિ ન હણાય એ પ્રકારે તપ કરાય. સમજ્યાંને? વિચારશો.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૨૬૯)

બોરીવલી
તા. ૩૦-૯-૧૯૫૯

સંકલ્પબળ જીવનમાં ઘણું ઉપયોગી છે

ભક્તિરસ નિમગ્ન દર્શનાભિલાષી આર્યાજી!

તપશ્ચર્યામાં તથા પાછળ તમારી તબિયત ઘણી સારી રહી એ ઘણાં હર્ષની વાત છે: સંકલ્પબળ, હિંમત, અડગતા, નિયમિતતા પ્રશંસનીય છે. સૂરતના પ્રદેશમાં સેંકડો ગામો પર તાપીએ ગજબ ગુજાર્યો છે. કઠોરનાં ઊંચા ઉપાશ્રયમાં દશ ફૂટ પાણી ભરાયું. સેંકડો મકાન પડી ગયા લગભગ ૨૫ લાખનું નુકશાન કઠોરમાં થયું. તમે પણ પેપરમાં વાંચ્યું હશે. આ વર્ષે કુદરતે ભારે કોપ કર્યો છે! એ લોકોનાં માઠા વર્તનનો પડઘો લાગે છે.

પન્નવણાનો સાર તારવતાં હશો. આજ સુધી કેટલા સુત્રોનું અવગાહન કર્યું? અને તેમાં કયા કયા રસપ્રદ અને જીવનોપયોગી જણાયાં? આચારાંગનો અમુક ચોક્કસ ભાગ ખુબ મનન કરવા યોગ્ય છે પણ આ બધું કરવા કરતાં યોગ્ય તો આત્મસાધના છે એ લક્ષ ચૂકશો નહિ.

દઃ ભિક્ષુ



પત્ર ક્રમાંક — સાયલા
(૨૭૦) — તા. ૧૩-૪-૧૯૬૩

રાગદ્વેષના પ્રસંગે જાગૃતિ રહેવી એ જ સાચી સમજણ છે

દર્શનાભિલાષી આર્યાજીઓ !

જીવનની જે ક્ષણો જાય છે તે અમૂલ્ય અને ફરી ફરી પ્રાપ્ત ન થાય તેવી અલભ્ય છે તે સાંભળ્યું છે પણ હજી હૃદયમાં ઊતર્યું નથી જીવનના પ્રત્યેક અનુભવો આરાધવાળાને ઉપયોગી અને વિકાસમાં સહાયક બને છે

તિતિક્ષા એ વિષરૂપી વાક્ પ્રહારને ઝીલનાર બખ્તર છે. જીવને રાગ દ્વેષના પ્રસંગો ઘણીવાર પ્રાપ્ત થાય છે એવા સમયે જાગૃતિ રહે એ જ સાચી સમજણ છે. બીજાને ઉપદેશ અપાતો હોય ત્યારે એનો ઉપયોગ આપનારે પણ કરી લેવો જરૂરી છે.

અલાભ કરવાં લાભનો પરિગ્રહ વધુ કઠણ છે. 'ઇચ્છુ નિશદિન એવું' તે તથા 'પોતાના જીવનને માટે' એ બે પદો બની શકે તો હંમેશા ઉપયોગથી બોલવા

અપકાર કરનાર પ્રત્યે ઉપકાર કરનારા, કોપના પ્રસંગે ક્ષમા કરનારાં, પરાર્થે જીવન સમર્પણ કરનારા, અન્યને અર્થે સર્વસ્વ અર્પનારા, એવા દૃષ્ટાંતો જીવનમાં ઉતારવા માટે વારંવાર વિચારવા. માત્ર બીજાને સંભળાવવા માટે જ યાદ કરવાં નહિ

[illegible]

:: [illegible]

પત્ર ક્રમાંક
(૩૭)

[illegible]
તા. ૮ ૮ ૧૯૬૩

[illegible]

શ્રેયપથગામિની સંયમભારવાહિની આર્યાજી !

શંકાદ્વાની આંધિમાં અટવાયેલાઓની સ્થિતિ દુઃખકર હોય છે. અભ્યાસની અંતરાય હશે. ધીરજ રાખવાથી સૌને સદ્બુદ્ધિ પ્રાપ્ત થશે. ચિંતા ન કરવી, અંતરાયનો યોગ પણ ટળી જશે. વાદળા વિખરાશે અને આકાશ સ્વચ્છ થશે. પ્રકાશ પ્રગટશે.

ઝંઝાવાત પણ એક કસોટી છે. કસોટી
થવાની શકિત આવે છે. અનુભ
થાય છે. માર્ગ ભુલેલાને
ઘેરો ઘાલ્યો છે. તમે
શીલ અને શક્તિસં
છે. શિષ્યાઓને

નહિ પણ આત્મવિકાસના હૃદયશુદ્ધિનો અભ્યાસ પ્રસંગે પ્રસંગે થતો રહે તે ઘણું જરૂરનું છે.

અભ્યાસ માટે લોકોનું ધોરણ જડ છે એટલે લોકો પોતાના માપથી માપે એ દૃષ્ટિથી સાધુ સાધ્વીઓમાં અભ્યાસ વધારે છે. પરીક્ષાઓ આપે છે પણ મુદ્દાની વાત પર (આત્મસાધના પર) ધ્યાન આપનારા વિરલ છે બધા જાણે છે કે મુદ્દાની ચીજના અભાવે પૂર્વધરો પણ [illegible] છે

જે અભ્યાસ જે જ્ઞાનની આત્માને જરૂર છે તે [illegible] મોટા ભાગે દુર્લભ છે તે વાત તમો જાણો છો. [illegible] ક્ષમા, પ્રેમ અને શીતળતા કેળવશો

વર્તમાન કાળે ઘણા દુઃખી, મુશ્કેલીની [illegible] ત્રપડાયેલાં, અનેક આધિ, વ્યાધિ, ઉપાધિના [illegible] લોકો નજરે પડે છે એ અપેક્ષાએ આપણે [illegible] છીએ. એ ભગવાનની કૃપા માનવી અને [illegible] રહેવું એજ અમારા પ્રભુ [illegible]

[illegible]

પત્ર ક્રમાંક [illegible]
(૨૭૨) [illegible]

હૃદયની કોમળતા, પવિત્રતા મૃદુતા વિના [illegible]

અહિંસાના નિબન્ધ [illegible]

[illegible]
નિર્મળતા, [illegible]

[illegible] સામાન્ય પ્રશ્નો માટે [illegible] છે, [illegible] [illegible] શરીરને [illegible] [illegible] [illegible] પર [illegible] ગોઠવે છે.

'ભાવ અનુસાર જે [illegible] [illegible] [illegible] તેનું [illegible] [illegible] [illegible].' આનો અર્થ [illegible]?

અનુયોગદ્વારસૂત્રમાં – [illegible] આવશ્યકની વ્યાખ્યા કરી છે. આજે આપણે જૈન [illegible] [illegible] [illegible] તે અંગે અને ઉપાંગ બધા દ્રવ્યસૂત્રો [illegible] અને નિજ સ્વરૂપમાં ઉપયોગ એ આવશ્યક છે. એ ઉપયોગ પૂર્વક એને અનુસરીને જે ભાવોલ્લાસ ક્રિયા કરે તેનું શુદ્ધ આવશ્યક કહ્યું છે તે સિવાય શુદ્ધ નહિ.'

'ઉપયોગ લક્ષણો આત્મા' 'નાણું સાધો ધર્મો' આત્માનો સ્વભાવ એજ એનો ધર્મ આત્માનો સ્વભાવ ઉપયોગ, જ્ઞાતાપણું, દ્રષ્ટાપણું. આ વાત તો તમે જાણો છો, પરંતુ પ્રત્યેક પ્રસંગમાં એ સ્મરણમાં રખાય તો મૂળ માર્ગથી વિચલિત ન થવાય, અને હર્ષ, શોક, માન અપમાન, લાભાલાભ, સુખદુઃખ પ્રિયાપ્રિય, વિ. દ્વંદ્વના હુમલા પરાજય કરે નહિ.

સાધુજનનો વેશ, તેના ઉપકરણો બધા ઉદ્બોધક છે. આત્મજાગૃતિ માટે છે છતાં રૂઢિનાં બંધનો, અંધ પરંપરાની જાળ, અવિચારનાં ધુમ્મસમાં એ વાતનું વિસ્મરણ થયું છે.

આંખો વિનાના (ભાવચક્ષુ વિનાના) લોકોની વાહ વાહમાં ભૂલાવો ન ખાશો. અનંત ચક્ષુવાળા ભગવાનની પ્રસન્નતા આપણે પ્રાપ્ત કરવી છે. આપણાં પ્રત્યેક સુક્ષ્મમાં

હુકમ કર્યો-બોલો તેની સમીપે જ બજવાય છે. એવો
ઉપયોગ, યાદી સ્મરણ રાખવું.

'મુંડુ મુંડુ મોહગુણે જયંતં' મદા ય ફાસા બહુ
લોહપુિજ્જા.' એવી ગાથાઓનો સ્વાધ્યાય અને ચિંતન
હમેશા કરવું

આપણો વિકટ માર્ગ કેટલો કપાયો તેનું નિરીક્ષણ
હમેશા કરતાં રહેવું. બીજાને બોધ આપતા, શીખામણ
આપતાં તેની ત્રુટીઓ જણાવતી વખતે આપણા જીવનને
પરખાવતાં ન ભૂલવું.

'દીવામાંથી દીવો પ્રગટાવી શકાય.' ઉપર ચડેલ
માણસ જ નીચેના માણસને ઉપર ખેંચી શકે છે 'વિજેતા'
જ બીજાને વિજયમાં સહાય કરી શકે છે 'તરે તે જ તારી
શકે છે.' આવા સામાન્ય નિયમો પણ સતત પળોએ ને
ધ્યાન લક્ષમાં રાખવા જેવા કિંમતી છે

જે વ્યક્તિ પોતાના નાના બચ્ચાના પણ ...
... ચડાવી ન શકે, એવા ન આણી શકે કે ...
... ન પી શકે એ નમાજના કશુંયે ... ન કરી શકે
... દરિયામાં ખાધા વિના પથ્થર પચાય નહિ' એ ...
વારંવાર યાદ રાખવા યોગ્ય છે

'વચન સાપેક્ષ-વ્યવહાર સાચો કહ્યો,
વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો'

આનું રહસ્ય સમજાય તો જીવનનો ભાર ઉતરી
જાય.

[illegible] છે. [illegible]

[illegible] મોકલ્યાં ! [illegible] આત્મસમાં [illegible].

[illegible] શાંતિ.

[illegible]

પત્ર ક્રમાંક
(૨૭૫)

જૂના સંસ્કારો ખસેડી હૃદયને મંદિર બનાવો

જ્ઞાનથી અનુભવો વધે છે અને કર્મો ભોગવટો કરી આત્માનો એટલો બોજો ઓછો કરી જાય છે. તમો હંમેશાં સ્મરણ, ચિંતન, પ્રભુભજન કરો છો તે વાંચી સંતોષ થયો છે. 'તું કોણ'નું પુસ્તક મળતું નથી તે જાણ્યું. જેની પાસે હોય ત્યાંથી મંગાવીને વાંચશો. અને પ્રાર્થના પચ્ચીશીનો હંમેશા પાઠ કરવો.

વખત અલ્પ છે. આત્મશુદ્ધિનાં કાર્ય પુષ્કળ છે. વિઘ્નો પારાવાર છે. પૂર્વના અધ્યાસો નાખી દેવાનો, સામાન ફેંકી દેવાના સંસ્કારો. ઘણાં જૂના કાળના અંતઃકરણના અવ્યક્ત ભાગમાં પડયા છે. જેની જીવને જાણ પણ નથી. જૂના સંસ્કારોને ખસેડી ત્યાંનું સ્થાન પવિત્ર કરીએ, મંદિરમાં

પ્રભુની પધરામણી કરવી. મોંઘામાં મોંઘો વખત નમ્રતા ન જાય એની કાળજી રાખવી. અંતર્દષ્ટિ માટે પુરુષાર્થ. જીવનના સાથીના અનુસંધાન અર્થે તાલાવેલી જાગે એવું વાંચન અને તેને પચાવવા વર્તનમાં ઉતારવા પ્રયત્ન નવા દોષો ન આવી જાય તેની સાવચેતી ને સુધાર. ધ્યાન પ્રાર્થના, સેવા, પશ્ચાતાપ વિ. થી હૃદયશુદ્ધિ કર્યે જવી

૬ બિંદુ

ૐ

પત્ર ક્રમાંક
(૨૭૬)

સાધના માટે સાધનની જરૂર ખરી પણ સાધન એ સાધ્ય નથી

તમારું લક્ષ આત્મલક્ષ્ય તરફ જ રહો [illegible] અભાવે સાધુવર્ગ પોતાની કે પરની કશી પ્રગતિ કરી [illegible] નથી. સ્થિતિ ઘણી વિકટ છે [illegible] સાધન છે [illegible] વિજ્ઞાનની જરૂર હું સ્વીકારું છું પણ [illegible] નહિ. સાધના માટે સાધનની જરૂર [illegible] સાધન એજ સાધ્ય બનાવ્યું છે

સાધન પણ [illegible] સાધનહીન [illegible] તરફ લક્ષ્ય ન હોય. મારી પણ [illegible] ઉપર આવ્યાની છે. સાધન કે [illegible] કે મારી વ્યવહાર [illegible] પચાવવાની દશા કેળવવી [illegible]

સંતશિષ્ય [illegible]

શાંતિ પં. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે.

: ભિક્ષુ

ઉપસંહાર

આમ સાધુતાને અણગારશીલતારૂપે આંતરિક અને બાહ્ય નિર્ગ્રંથતા સાથે-સમાજમાંના મહાનિમિત્તરૂપ બની હવે પ્રાર્થનાની મહત્તા તરફ વળે છે. કારણ કે આખરે તો સ્વપર શ્રેયનો માર્ગ, જે અપ્રમત્ત જાગૃતિ અને ઉપયોગમયતા માગે છે, તે માટે પ્રાર્થનાની મહત્તા અને સતત જાપમયતા જ સર્વવ્યાપી શરણ સાધના છે અને તે સુયોગ્ય સાધક માટે પણ એટલાં જરૂરી છે જ ને!



[illegible]

[illegible]

[illegible] નિજ સ્વરૂપ લક્ષી છે. પરંતુ વ્યવહારમાં તો ભક્તિ જ છે. એટલું જ નહિ બલકે તીર્થની સ્થાપના કરનાર તીર્થંકરોની પ્રાર્થના કરવાની ઠેકઠેકાણે સૂચના કરે છે જ. અને તેવી પ્રાર્થનાથી આત્મદર્શનની ભાવના પરિપૂર્ણ થાય છે. તેથી આટલું અનુપમ ફળ પ્રાર્થનાથી મળતું હોય તો એ પ્રાર્થનાનું મહત્ત્વ કેટલું બધું ગણાય?

સદ્ભાગ્યે આ યુગમાં એટલા જ માટે સામુદાયિક પ્રાર્થના દેશમાં ગાંધીજીએ ચાલુ કરી હતી. તેઓ કહેતા:- 'હું બીજી બધી વસ્તુ વિના ચલાવી શકું પણ પ્રાર્થના વગર નહિ.' અને તેઓ નિયમિત પ્રાર્થના કરતા. જેમ વહેલી પ્રભાતે કરતાં તેમ સંધ્યાકાળે પણ કરતા. ગુરુદેવ પૂ. કવિવર્ય નાનચંદ્રજી મહારાજે પણ ઘણાં સમયથી સામુદાયિક પ્રાર્થનાનો રિવાજ પ્રચલિત કરેલો. જાહેર રાત્રિ પ્રાર્થના પછી તેઓ જાહેરમાં પ્રવચનો પણ આપતા જેનો લાભ જૈન-જૈનેતરો સૌ સારી પેઠે લેતા.

એક દૃષ્ટિએ વ્યક્તિગત પ્રાર્થનાનું મહત્ત્વ વધુ છે કારણ કે તેમાં એકાગ્રતાને વધુ અવકાશ છે પરંતુ બીજી દૃષ્ટિથી જોઈએ તો આખો મોટો સમૂહ પ્રાર્થના કરે તેનું મહત્ત્વ પણ વધુ જ છે, કારણ કે તેવી-શક્ય તેટલી એકાગ્રતા સાથે કરાયેલી-સામુદાયિક પ્રાર્થના આખાયે વાતાવરણને શુદ્ધ અને મઘમઘતું બનાવી મુકે છે. અલબત્ત ત્યાં વાતાવરણ ઘોંઘાટમય નહિ પણ શાંત અને એકાગ્રતાપોષક હોવું જોઈએ.

હવે ગુરુદેવના પત્રોમાંથી 'પ્રાર્થનાનું મહત્ત્વ' એ વિષેના ઉદ્ગારો જોઈએ.

'આવું કષ્ટ સહન ન કરી શકે તેવું છે [illegible] આવા [illegible] તેનું કુદરતના [illegible] હેતુ-સંકેત હોય છે. આવા પ્રસંગો [illegible] ના જીવનનું અનેરું ઘડતર અને એનાં કાર્યોની [illegible] થી છે. પૂર્વનાં કર્મોની નિર્જરા, મનોબળની [illegible] લેવડાવવા જનોની પરીક્ષા, પોતાની કસોટી, શ્રદ્ધાના [illegible] મીટરનું માપ અને ઇતરજનોને પોતાના [illegible] બોધ થાય છે. સંપૂર્ણ લક્ષપૂર્વક તું [illegible] મદદ કરો. તેના પ્રત્યે ખુલ્લું [illegible] અને તેના નાનાનો આંતરિક જાપ [illegible] અનન્ય અતૂટ [illegible] સાથે [illegible] તેને બીજા પત્રના [illegible] પાધરું લાગે ત્યારે પ્રભુ પોતે [illegible] તેની મહાપ્રભુ માનનારને [illegible]

આટલાંએ તો [illegible] મૂકી [illegible] છે. હજી [illegible]

છું એમ નિશ્ચયથી કહું જ છું. ગુરુદેવ એ વિષે સ્વામીજીથી વિશિષ્ટપણે કહે છે કે 'આસુરી પ્રકૃતિઓ તમારા મનમાં ઉપદ્રવ કરે, વિઘ્ન નાખે, મુશ્કેલીઓ ઊભી કરે તો ભગવાન કે જે આપણને હંમેશ સહાય કરવા તત્પર છે એ પતિત પાવન, અશરણ શરણની પ્રાર્થના કરો. ઊંડા સ્વરે આર્તનાદ કરો. સાચા અને અંતરથી ભાવે કરો. જરૂર એ નાથ મદદ કરશે અને જરૂરથી આપણને શાંતિ અનુભવાશે.

એવું જ બીજા પત્રમાં લખે છે. "રસ્તો ન સૂઝે, મન મૂંઝાય ત્યારે સંપૂર્ણ આર્તભાવે પ્રભુ પાસે પ્રાર્થના કરો. તેની મદદ માગો, તે જરૂર સહાય કરશે અને ગાડી આગળ ચાલ્યા કરશે. પ્રાર્થનામાં પણ પોતાની ભૂલો નીકળી જાય એ માટે પ્રયત્ન કરવો. શરીરને પરિશ્રમ પડે, એવું કાર્ય કરી બીજાને રાહત આપવી...વિષયોમાંથી મનને ખેંચી લઈ એકમાં જ કેન્દ્રિત કરવું, તે તરફ સન્મુખ થવું, આસક્તિ ઘટે તેટલી ઘટાડવા પ્રયાસ કરવો.

પ્રાર્થનામાં રસની જમાવટ જેમ વધે તેમ પંથ સરળ થાય. પ્રાર્થનાથી સહાય મળે છે. અનાસક્તિથી બંધનો શિથિલ થાય છે, બોજો ઘટે છે–અને અર્પણતાની બુદ્ધિ ઉત્પન્ન થાય છે...તમને પોતાને પ્રથમ કરતાં શાન્તિ, અનુકૂળતા જણાય, રસધાર વહે તો માર્ગ સાચો માનવો અને તેમાં વધુ પ્રયાસ કરવો. લોકાપવાદથી ન કંટાળવું, એ માર્ગે એમ જ થાય છે. તમે એ માર્ગને સ્વીકારીને વળગી રહ્યા અને વિશેષ પ્રયાસ કરો છો, તેથી મને ખૂબ સંતોષ થાય છે." તેઓ એક પત્રમાં વળી જણાવે છે...

"એકાગ્રતા કરવા માટે જાપ સારો ઉપાય. છેવટે અજપાજાપ–એટલે વગર બોલ્યે જ જાપ થયા જ કરે છે.

શાન્તિ, શ્રદ્ધા વધે છે. અંતરાત્માના પ્રદેશમાં જવાય છે.. અમારા મતને મળતું જ લાગ્યું. મને તો બધાંય કરતાં નામસ્મરણ વિકટ સંયોગોમાં પણ સાચું ઔષધ જણાય છે. એનો ઉપયોગ ન ચૂકવો

ધ્યાનમાં, સ્મરણમાં, ચિંતનમા પજવનારાં તત્ત્વોને અટકાવવાની ચાવી તમારો દૃઢ સંકલ્પ અને ધડકતા હૃદયની પ્રાર્થના છે.. નિમ્ન કોટિની પ્રકૃતિઓ પર કાબુ રાખવા માટે સંકલ્પ અને પ્રાર્થના એ બે ઉપાય છે જ્યાં જોઈતું ત્યાં અનાસક્તભાવે કર્તવ્ય કરી છૂટવું નિજની ત્રુટિઓ તરફ નજર એવી રહે કે તે આપણને ખૂંચે, નીકળે નહિ ત્યાં સુધી સુખ ન થાય અને શુદ્ધિનો ઉપાય ઉપયોગપૂર્વક નામસ્મરણ છે

જેનાં હૃદય સરળ, નિખાલસ, ભક્તિ પ્રધાન છે એ જ ખરા પ્રભુના ભક્ત બને છે. પ્રાર્થના ઉપયોગપૂર્વક શ્રદ્ધાયુક્ત થાય તો અમૃતનું કામ કરે છે ઉપયોગ વિનાની પ્રાર્થના સફળ થતી નથી પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા-વિશ્વાસ ઓછા નહિ...અજંપો બેચેની રહે છે, તો તેનો ઉપાય અધિક સ્મરણ કરવું, સ્મરણ એ અમૃત છે જ્યા દવા કામ ન આવે ત્યાં શ્રદ્ધા પૂર્વકનું સ્મરણ, એકાગ્રતાથી કરેલી પ્રાર્થના કામ કરી જાય છે."

જેમ મહાત્મા ગાંધીજીને વ્યક્તિગત અને સમુદાયગત પ્રાર્થનાથી થતા અનેક ચમત્કારો જોવા મળ્યા છે, પણ ચમત્કારોને હંમેશાં ચારિત્રનો પડઘો જ એમણે માન્યો છે, તેમ પૂ. ગુરુદેવે પણ અનેક વ્યક્તિગત કે સમુદાયગત કરેલા જાપ અને પ્રાર્થનાથી થતા લાભો જોયા છે, પણ એમણે ત્યાં પુરુષાર્થ ભાન વગર પોતાની ભક્તિ [illegible]

પત્રાંક [illegible]
૧૨૭૭ [illegible]

જે માર્ગે ભાગવતી દીક્ષા લીધી [illegible] તે માર્ગે [illegible]
કરતા [illegible]

[illegible]!

તમારું [illegible] બધુ મજબૂરી માંડી [illegible], [illegible] અને અનુભવી [illegible] ન કરી શકે તેવું છે.

આ મજબૂરીમાં કેમ કરવું? શું ખાવું? શું પીવું? કેમ રહેવું? એનાં તો તમે અનુભવી છો. એટલે સમજાવવાનું નથી. માત્ર ભગવાનનું અનન્ય [illegible] સાથે સ્મરણ કરવું.

સંપૂર્ણ શ્રદ્ધાપૂર્વક સતત સ્મરણ પ્રાણ મહદ્ કરશે. તેના પ્રત્યે ખુલ્લું (સન્મુખ બની) આત્મ સમર્પણ અને એના નામનો આંતરિક જાપ અમુલ્ય ઔષધ છે. હિંમત ન હારશો. શ્રદ્ધાને ઢીલી ન કરશો. જરાય ગભરાશો નહિ.

આવા પ્રસંગો તો જીવનનું અનેરૂં ઘડતર અને અનેક કાર્યોની હારમાળા રચી દે છે. પૂર્વના કર્મોની નિર્જરા, મનોબળની વૃદ્ધિ, સ્નેહી કહેડાવતા જનોની પરીક્ષા, પોતાની કસોટી, શ્રદ્ધાના થરમામીટરનું માપ અને ઇતરજનોને પોતાના દૃષ્ટાંતથી મૂંગો બોધ થાય છે. આમાં પણ કુદરતનો ગૂઢ હેતુ-સંકેત હોય છે માટે ચિંતા ન કરશો.

આપી જનોને એ ભલામણ છે કે ખુબ પ્રેમભાવે સેવા કરવી. ઉદ્યમત ભક્તિભાવમાં જોડી મારી સેવામાં શક્તિની વૃદ્ધિ કરવી. આજ વાચના આવડે તેમાં વિશેષતા નથી પણ સંયમના માર્ગને દીપાવવા અર્થે જીવનને વિકસિત અને સંયમી સાદગીભર્યું બનાવવામાં વિશેષતા છે.

અમારા કહેલા બધા કથનો સૂચનાઓ [illegible] અનુભવો સર્વેને લક્ષમાં રાખવા ઉપયોગ રાખજો [illegible] ભાગવતી દીક્ષા લીધી છે તે અર્થને સફળ કરવા [illegible] સહેવું પડે, ગમે તેવા પરિષહ પડે તેને સહન કરજો.

'જય' શબ્દની ભાગવતી ગાથાને વાંચવા બાદ [illegible] 'મિત્તિ મે સવ્વભૂએસુ' એ મહાવાક્યને જીવન [illegible] લેશો. વચન પાળવાને સફળ કરવા બધી રીતે [illegible] બલિદાન આપવું પડશે [illegible] અવ્યાબાધ ન ચૂકશો [illegible] શાન્તિ [illegible]

દ. બિ.

[illegible]

પત્ર ક્રમાંક [illegible]
(૨૭૮)

[illegible] ૧૧-૮-૧૯[illegible]

અપૂર્વ માર્ગ જનોને અપૂર્વ કરવાની [illegible]

[illegible] પરના [illegible] કરવી છે કરવાની પ્રસવની [illegible] નથી મેળવતી [illegible] અપૂર્વ [illegible] એ જ સ્થિતિ હોય છે [illegible]

સારે પુરુષાર્થની અપેક્ષા રહે છે. [illegible] માટે ગભરાવા જેવું નથી છે. આપણે પાર્થીએ એવી જ [illegible] અનુકૂળતા નથી પણ માગવી. છતાં સમજ અને શક્તિ પ્રમાણે કાર્ય કર્યે જવાં. પણ વિશ્વાસ અને પૂરા ધીરજ રાખવી. ન સમજાય, મૂંઝવણ થાય, અંધારું લાગે ત્યારે પ્રભુ પાસે પોકાર પ્રાર્થના કરવી. તેની સહાય માંગનારને અવશ્ય મદદ મળે છે. થોડા વખતમાં પણ ઠીક વલણ લીધું છે. રુચિ પ્રગટી છે. સત્‌ની રુચિ એ સમ્યક્‌દર્શનની શરૂઆત. વર્તમાનકાળની બેચેની-મૂંઝવણ એ સર્વે શાન્તિ અને પ્રસન્નતા રૂપે ફેરવાઈ જશે. ધીરજ રાખો. એ તો ભગવાનને યોગ્ય લાગે ત્યાં દોરી જશે. એ જ સર્વ યોજના પાર પડશે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૨૭૯) ઘોરાજી તા. ૧૮-૧૦-૧૯૪૬

ધાર્યું ધણીનું થાય-કુદરતની કરામત અજબ છે

મનુષ્યમાત્રના ધારેલા કાર્યો બધાં પાર પડતા નથી. પડે છે તે કુદરતની મરજીથી, છતાં મનુષ્ય માને કે મારા પ્રયત્નથી થયું, પણ થવાનું હોય તે જ થાય છે માણસ માત્ર નિમિત્ત બને છે. માટે જ મહાપુરુષો કહે છે કે પરિણામની રાહ જોયા વિના તમારાથી બને તેટલું શ્રેયનું કામ કર્યે જાઓ. પરિણામ અવળું દેખાય તો પણ એ સારા માટે જ હશે. અવળું આપણી ક્ષુદ્ર સીમિત દૃષ્ટિથી દેખાય છે. માટે નિશ્ચિન્ત રહો. શ્રદ્ધા ન ગુમાવો. વિશ્વાસ રાખો. જે સંયોગોમાં કુદરત મૂકે તેને વધાવી લો. મનને વિહ્વળ કે ઉત્સુક

ન બનાવો. શાન્તભાવે, સ્થિરભાવે તમારી શક્તિ અને સમજ પ્રમાણે કરવા યોગ્ય, આચરવા યોગ્ય આચરો અને તજવા યોગ્ય તજો, જાણવા યોગ્ય જાણો, તેમા પ્રમાદ ન સેવો. નીચેની આસુરી પ્રકૃતિને આધીન ન થાઓ. તે પ્રકૃતિઓ તમારા કામમાં ડખલ કરે-વિઘ્નો નાખે, મુશ્કેલી ઊભી કરે તો ભગવાન કે જે આપણને હમેશા સહાય કરવા તત્પર છે-એ પતિતપાવન, અધમ ઉદ્ધારણની પ્રાર્થના કરો. ઊંચા સ્વરે અભીપ્સા કરો. યાચના-માગણી, પ્રાર્થના, આર્તનાદ કરો-શ્રદ્ધા અને તલસ્પર્શી ભાવે કરો જરૂર એ નાથ મદદ કરશે અને બાહુરૂપે આપણને શાન્તિ અનુભવાશે

હિંમત ન હારવી સદા પ્રસન્ન રહેવું 'ચિત્ત પ્રસન્ને રે પૂજનફળ કહ્યું' માટે ચિત્તને પ્રસન્ન રાખવું અન્યજનોની અપેક્ષાએ તમો ઘણાં ભાગ્યવાન પ્રભુના કૃપાપાત્ર છો એમ ન ભૂલવા. તમારાથી ઘણા નીચા દરજ્જાના સાધનહીન વિચાર હીન, નિર્ભાગી પ્રાણીઓ અનેક વસે છે તે દ્રષ્ટિએ તમે ઘણાં આગળ છો માટે ખૂબ શાન્તિના આનંદમાં રહો. તારી તબિયત સારી છે. તમે ખૂબ વાચન, ચિંતન, મનન, વિચારણા કરતા રહેશો

[illegible]

પત્ર ક્રમાંક
(૨૮૦)

તા. ૩-૧૨-૧૯૬૦

તીરે પહોંચાડે તે તીર્થ-આત્માને [illegible]

તીર્થની વાત કરી [illegible] તે [illegible] પહોંચાડે તે તીર્થ. અને આત્માને [illegible]

મનની પ્રસન્નતા જાળવી રાખવી. પ્રસન્ન ચિત્તવાળા, સાચી સમજણવાળા જીવો તે સ્થળેથી આનંદ મેળવે છે. સમજણના અભાવવાળા આનંદના યોગમાં અનુકૂળ સ્થળમાં પણ અંદરની નિર્બળતાનો અસંતોષ, પામરતાનો પરિચય કરાવે છે. બધો આધાર મનની સ્થિરતા, સમજણ, મનની ઉચ્ચ કેળવણી ઉપર જ છે. એ માટે જ ધર્મનાં અનુષ્ઠાનો, ક્રિયાકાંડો, તપશ્ચર્યા સત્સંગ વિ. છે.

અધમ સંસ્કારો, માનસિક નિર્બળતા, વહેમો અને મલિનતા હઠાવવા માટે જ ધાર્મિક પર્વની યોજના છે. પણ અંધ પરંપરાએ ગતિ કરતો લોકસમુદ્ર સાચી સમજના અભાવે મહેનત કરવા છતાં લાભ મેળવી શકતો નથી. પ્રકાશના સ્થળે અંધકાર વર્ષોના પ્રયત્નો છતાં આંખો ખોલે તો ત્યાંને ત્યાં ઘાણીના ફેરા પણ ઘટતા નથી: એવી સ્થિતિ છે.

તમે ઘણી બલાઓથી છૂટયા છો. સમજવા યોગ્ય સમજાયું છે. માત્ર ધારવા પ્રમાણે સંયોગવશાત વર્તનમાં નથી મૂકી શકતાં. બની શકે તેટલો નકામો વ્યવહાર તજવો. જ્યાં જોડાવું ત્યાં અનાસકતભાવે કરી છૂટવુ. બંધ પરિણામમાં છે. ક્રિયાનો બંધ પરિણામને લીધે છે.

ધાર્મિક ક્રિયામાં પણ પરિણામ ઉપર આધાર છે. એ સર્વ તમારા જાણવામાં છે. પરદોષ જોવાની આદત નીકળી જાય છે અને નિજની ત્રુટીઓ તરફ નજર એવી રહે કે આપણને ખૂંચે, નીકળે નહિ ત્યાં સુધી સુખ ન થાય. એ શુદ્ધિનો ઉપાય, ઉપયોગસહ, નામસ્મરણ છે.

જે વાંચન આત્મવિકાસમાં મદદ કરે, વેગ આપે તેનો
ખ્યાલ રાખવો. જે પદો વિચાર કરતાં કરી મૂકે, અનિ
ત્ય તરફ દોરી જાય તેવાં પદો વારંવાર ગાવા, વાંચવાં,
છા ન હોવા છતાં અમારો સમય વ્યવહાર ખાતર લુંટાય
રાત્રિનો સમય નિરાબાધ હોય છે. આજ પર્યંત કોઈ
વહારથી તમારૂં દિલ દુભાવાયું હોય તો ક્ષમાપના સ્વીકારજો

૮ ભિક્ષુ

❧

ક્રમાંક
(૮૭)

નાયકા
તા. ૨૯-૯ ૧૯૧૧

જેનું હૃદય સરળ, નિખાલસ તે જ પ્રભુના ભક્ત બની શકે છે

જેના હૃદય સરળ, નિખાલસ, ભક્તિપ્રધાન એ જ
ા પ્રભુના ભક્ત બને છે. થોડા પણ એવા જ [illegible]
ારના વ્યવહારમાં એવે તેવા કાર્યના [illegible]
ાદ કલાક હૃદયશુદ્ધિ અર્થે પ્રાર્થના, ભજન, [illegible]
ારણા, આત્મચિન્તન, પ્રભુસ્મરણ જેવું કંઈક કરવાની
પાડવી. તમારા સર્વ કુટુંબને અમારી એ જ [illegible] છે
ે પ્રભુસ્મરણ કરવાનું કહેજો.

[illegible]

પત્ર ક્રમાંક
(૨૮૮)

સાયલા
તા. ૨૮ ૮ ૧૯૬૨

ભક્તિથી ભાવના ફળે છે

તમારો પત્ર મળ્યો હતો. તમોને બાઈએ અમારા શાંતિ સમાચાર આપ્યા. તમારી દર્શને આવવાની ઘણી ઈચ્છા છતાં સંયોગવશાત નથી આવી શક્યા ને માટે તમે બંનેએ નિરાશાની અગર લાગી એ પણ બહુ કહેવાય પણ તમારી ભક્તિએ આ ભાવના પ્રગટાવેલ છે. તમારી ભાવના ફળશે.

ધંધામાં તન્મય નથી બનાતું તેમ ભક્તિ, પ્રાર્થના સ્મરણ આત્મશુદ્ધિમાં પણ સંતોષ થાય તેમ તન્મય નથી થવાતું, તેનું કારણ તમો એ ભૂમિકા સુધી આવી ગયા છો એટલે એમ થાય છે. અને આમ તમોને જ થાય છે એમ નથી પરંતુ એ અધવચની ભૂમિકા બધાને માટે એવી વિષમ હોય છે. તેથી ચિંતા ન કરશો. કામ કર્યે જવું અને ચિંતન પ્રાર્થના આત્મ સ્મરણ રાખ્યે જવું.

હંસદેવનું પુસ્તક સારૂં છે. સંતોની વાતોનું પુસ્તક પણ ઠીક છે. તમારી પાસે બીજા ભક્તિરસનાં પુસ્તકો પણ છે. વાંચન પછી તેનો સાર તારવી વિચાર કરવો. તદ્દન નવરાશ મળે ત્યારે આત્મવિચારણા, નામ સ્મરણ કરવું, નકામો સમય જવા ન દેવો. મળેલો મનુષ્યભવ સાર્થક કરવો. એ સમય બહુ કિંમતી છે.

પ્રાર્થના ઉપયોગપૂર્વક, શ્રદ્ધાયુક્ત થાય તો અમૃતનું કામ કરે છે. આત્મચિંતન અને પરમાત્માના સ્મરણમાં પ્રમાદ ન કરવો. હંમેશા સૂતાં પહેલા ભાવ પ્રતિક્રમણ કરવું હૃદય શુદ્ધ કર્યા પછી સૂવાનું રાખવું. કોઈ પણ વ્યસન ન થાય તેમાં જાગૃત રહેવું.

દ. બિંદુ

ૐ

પત્ર ક્રમાંક (૨૮૯) — નાયકા, તા. ૨૪ ૨ ૧૯૬૪

દરેક કાર્ય વિવેકપૂર્વક, ઉપયોગપૂર્વક જાગૃત રહીને કરવાથી તેનું ઉત્તમ ફળ મળે છે

તમારો પત્ર મળ્યો. તમે વાચન કરો છો પણ વિચારવાનો વખત મળતો નથી. વાચનનું ફળ વિચારણા મનન અને તેનો અમલ છે. પ્રાર્થના ઉપયોગપૂર્વક [illegible] થાય તો તેનું ફળ નિર્જરા, હૃદયશુદ્ધિ અને શાંતિ છે. [illegible] પ્રતિક્રમણ શ્રદ્ધાપૂર્વક થાય તો ચિત્તશુદ્ધિ થાય. તમારા [illegible] વ્યવહારોમાં વિજયનો આધાર તમારી હૃદયશુદ્ધિ પર અવલંબે છે. સમજ્યા ને?

પત્ર લખવાની હિંમત આટલી [illegible] પણ અધિક લાગે છે તેથી જ તે [illegible]

ઉપયોગ વિનાની પ્રાર્થના [illegible]

મંત્રની માળા 'ઓમ' ચડાવી હંમેશા કરવી. માત્ર તેમાં શ્રદ્ધા ને ઉપયોગની ખાસ જરૂર છે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૨૯૦) — સાયલા, તા. ૩-૩-૧૯૬૪

બેચેની અજંપામાં પ્રભુસ્મરણ એ અમૃત છે

તમે હવે એકલા એટલે કામકાજનો બોજો વધુ રહેતો હશે. છતાં બાળકોને સંભાળવા અને એમાં સંસ્કાર રેડવાની ફરજ ન ભૂલશો. હવે તેમની મા પણ તમે જ છો ખરું ને ?

દર રવિવારના અજંપો બેચેની રહે છે તો તેનો ઉપાય અધિક પ્રભુસ્મરણ કરવું. સ્મરણ એ અમૃત છે. મોંઘવારીનું કષ્ટ સર્વત્ર છે, આવા સમયે નકામા ખર્ચ ઘટાડવા. કરકસરનો પાઠ અમલી બનાવવો. પરમાત્મા પ્રત્યેની શ્રદ્ધા, વિશ્વાસ છોડવા નહિ જંજાળ ઘટે એટલી ઘટાડવી તો જ થોડી પણ નિવૃત્તિ મળે અને વાંચન વિચારણા પ્રાર્થના જેવું થઈ શકે.

થવાનું તે થયું છે અને હજી થવાનું હશે તે થશે. આપણે તો શુદ્ધ હૃદયથી થાય તે પુરુષાર્થ કરવો. તમારા કરતાં ઘણાં માણસો દુઃખી, બેકાર, શારીરિક માનસિક વ્યાધિથી ઘેરાયેલાં, અશાંતિને ભોગવતાં તેમના તરફ નજર કરશો તો તે દૃષ્ટિએ તમો ઘણાં સુખી અને સમૃદ્ધ છો.

તમારા પર પરમાત્માની દયા છે. માટે જરાય અશાંત ન થશો. શ્રદ્ધાને મજબૂત રાખશો.

દ. ભિક્ષુ

❋

પત્ર ક્રમાંક (૨૯૧)

સાયલા
તા. ૧૮-૭-૧૯૬૪

જ્યાં દવા કામ ન કરે ત્યાં પ્રાર્થના પ્રભુસ્મરણ એજ અમોઘ ઉપાય છે

શ્રેય પથગામિની આર્યાજીઓ!


જ્યાં દવા કામ ન આવે ત્યાં શ્રદ્ધાપૂર્વકનું સમર્પણ એકાગ્રતાથી થયેલ પ્રાર્થના કામ કરી જાય છે તેમાં ચેતનાના જોરદાર શ્રદ્ધાયુક્ત શુભ વિચારોનું સામર્થ્ય ભળે છે નબળા વિચારો માણસને નબળો બનાવી ભારે નુકસાન કરે છે માટે તને સારૂ થઈ જ જશે. એવા પ્રબળ વિચારને મનમાં સારું કામ આપે છે ફરતા ફરતા સદાય આવા જ ઉત્તમ વિચાર, પ્રાર્થના, સ્મરણ, અભિપ્સા ચાલુ રાખવા ઉચ્ચ ભાવદશાની એ સાચી દવા છે આરોગ્ય જાળવણ અને આત્મ લક્ષ ન ચૂકાય તે ખુબ ધ્યાનમાં રાખશે

દ. ભિક્ષુ



ઉપસંહાર

એક રીતે તો આવી પ્રાર્થના સતત ચાલુ રહે. તે જ સમર્પણ છે. એમ છતાં સમર્પણનો વિષય અલગ પણ છેવટ જતાં ચર્ચવાનો રહે છે. એ દૃષ્ટિએ હવે છેલ્લું સમર્પણનું પ્રકરણ આવી લાગ્યું છે, તેને જોઈ આ પુસ્તક પૂરું કરીએ. પણ આ પત્રોમાં જીવનનાં અને જગતનાં તમામે તમામ પાસાંઓ હોઈ તે વારંવાર પૂરેપૂરું વાંચીએ તો પણ 'ગજવાંની ગીતા'ની જેમ વાંચવું અનિવાર્ય બની જાય તેવું છે. ખરું ને!



(૨૬) સ મ ર્પ ણ

-

ધર્મ અમારો......એ ઢાળ

પૂર્ણ સમર્પણ હું કરું તુજમાં મહાસત્ત્વ ચિન્મયજિન!
એવી ભાવના નિત્ય રહે, તો આવે સમર્પણભાવ અહીં;
અહંવૃત્તિ મમતાની ગાંઠો છૂટી પડી પણ ફૂટી પડી,
દશા એવી સહજ થાય તો, કર્મમુક્તિની બુટ્ટી જડી. ૧

અનુષ્ટુપ છંદ

શુશ્રૂષા સંતની સાધી, ને અપ્રમત્ત બની બધે;
આત્માને વિશ્વનું મેધ, સોંપે [illegible] ત્યાં ૨

ફફ

ઉપોદ્ઘાત

આ ભારતદેશ ધર્મપ્રધાન હોવાથી જ જગતનો માર્ગદર્શક ગુરુ બની શકે. સાચો ધર્મ અને સક્રિય અધ્યાત્મ ચીજ જ એવી છે કે જેને સ્પર્શેલા માનવી આખાય જગતના માર્ગદર્શક ગુરુ બને જ છે. સાચા ધર્મને કે સક્રિય અધ્યાત્મને જે સ્પર્શ્યો, તે આપોઆપ સમર્પિત થયો જ સમજવો. આથી જ આ દેશમાં 'સમર્પણ' શબ્દ નવો નથી.

પ્રથમથી આર્યોના મંત્રોમાં 'સમર્પયામિ' એ શબ્દ આવ્યા જ કરે છે. પરંતુ સદ્ધર્મ કે સક્રિય અધ્યાત્મ જીવનમાં પરોવાય એટલે હું બીજી ચીજને અર્પણ કરું છું એમ નથી રહેતું, પણ 'હું પોતે જ સમર્પિત થઈ જાઉં છું' એમ બની જાય છે.

જેમ બિન્દુ ઝરણીમાં સમર્પિત થાય છે, ત્યારે ઝરણીમાં નદીમાં, નદી નદમાં, નદ અખાતમાં, અખાત સમુદ્રમાં અને સમુદ્ર મહાસમુદ્રમાં; એમ આખરે તો એ સમર્પિત થયેલું બિન્દુ ભલે બિન્દુ ન રહે પણ બિન્દુને બદલે મહા સિન્ધુ બની જાય છે. એટલે એકંદરે સમર્પિત થનાર આમ દેખીતી રીતે ભલે નાબૂદ થયેલો લાગે પણ નાબૂદ નથી થતો. એનું તત્ત્વ તો કાયમી બને છે એટલું જ નહિ, બલકે તત્ત્વતઃ તો એ વગર ઇચ્છાએ સ્વામી જ બની જાય છે. ખરેખર જોઇએ તો અહંવૃત્તિ કે સ્વચ્છંદ ઓગળે છે. મમત્વાદિ ઓગળે છે પરંતુ સાચું જે મૂળવ્યક્તિત્વ છે, તે તો યથાર્થ રીતે વિશ્વમય બનતાં ઓગળતું નથી, ઉલટું આખાયે જગતનું સ્વામિત્વ પ્રાપ્ત કરી લે છે.

આથી જ ધર્મપ્રધાન એવા ભારતના લોકોને 'સમર્પણ' શબ્દ આકરો નહિ પણ પ્યારો અને પોતીકો લાગે છે. એ રીતે જોતાં આ પત્રોનું આખું પ્રકરણ અનેરું, આકર્ષક અને આપ-આપ બની જાય છે. અલબત્ત શરૂઆતમાં 'સમર્પણ' એટલે પોતાનું મૂળ વ્યક્તિત્વ કે મૂળ તત્ત્વ પણ ચાલ્યું જવાનું કે ગુમાવવાની એવી બીક જરૂર લાગી જાય તેવું છે, કિન્તુ ગુણ તરફ પ્રયાણ કરનારી હે સાધક-સાધિકાની વૃત્તિ કરી તેને બીક પ્રથમથી જ લાગતી નથી.

ગુરુદેવના પત્રોમાં તેઓ પોતે જ આ અંગે ખૂબ સારાંશ લખ્યું, પાયાથી પાયાથી તેલ નાખવાની રીતની જેમ. કહી દે છે. એક પત્રમાં તેઓ કહે છે—

"ભગવાનને ચરણે સમર્પિત થઈ જવું વિકાસ અને દૃઢ શ્રદ્ધા સાથે એના (ભગવાનના) ભજનમાં, અને પ્રાર્થનામાં, સ્મરણમાં એના જ વાચન અને ચિંતનમાં પસાર કરવો સમય ગાળો......શરીર તરફ બેદરકાર ન રહેવું, કેમકે એ પણ તમારું નથી. એનેજ (ભગવાનને) ભજવા માટે આપેલું જ મંદિર છે, તમને તે કાર્ય (ભજન-સ્મરણાદિ) માટે મળ્યું છે તેથી બેદરકાર ન રહેવું. મન સ્વચ્છ, નિર્મળ, શાંત, પ્રસન્ન અને આનંદમાં રાખો."

સમર્પિત ક્યાં થવું? એ અંગે પણ એક પત્રમાં આગળ જતાં દર્શાવી દે છે.. "ઉત્તમમાં ઉત્તમ, મંગલમાં મંગલ અરિહંતાદિ ચાર શરણું— (૧) અરિહંત (રાગદ્વેષાદિ શત્રુને હણનાર દેવ) (૨) સિદ્ધ (સકલ કર્મોથી મુક્તિ પામેલા તે પરમાત્મા) (૩) સાધુ— (સર્વ સંગ પરિત્યાગી નિર્ગ્રંથ ગુરુ) અને (૪) તીર્થંકર સર્વજ્ઞ વીતરાગ પ્રરૂપિત ધર્મ (

તરણતારણ સર્વ —) એ ચારને શરણે) રહેનારને ભય, શોક, ચિંતા વિહ્વળતા શા માટે ?" બસ આવો પવિત્ર માર્ગ જ્યારે સમજપૂર્વક સ્વીકારાય છે. (અમુક પ્રકારની સુપાત્રતા માનીને) ત્યારે સૌથી પ્રથમ શું થાય છે, તે પણ તેઓ જાત અનુભવની આર્ય વાણીમાં સરળતાથી બીજા પત્રમાં કહી દે છે : -

"જ્યારે પરમાત્મા પ્રત્યેની અનન્ય શ્રદ્ધા પ્રગટશે ત્યારે દીવા જેવું સમજાશે કે હે પ્રભુ ! હું ભૂલ્યો !! "સમીપે છતાં તમને તિમિરથી હું નહીં નીરખી શક્યો !" એમ લાગશે, જરૂર લાગશે,"

આટલી ચોકસાઈથી તેઓ શાથી કહે છે ? એ જ પત્રમાં આ વાત છે. "ભગવાન તમોને દોરનાર તમારી સાથે છે. માત્ર તમારી રુચિની (તેઓ) રાહ જુએ છે. એક પત્રમાં કહે છે– "પોતાના શુદ્ધ સ્વરૂપનો એક ક્ષણ માટે પણ અનુભવ કરવો, સહજ સાધનાનો એ ઉત્તમ પ્રકાર છે. સાચા ભાનપૂર્વક અંતરના દેવ પાસે આત્મનિવેદન કરવું, એ પણ એક જાતનું સમર્પણ છે, પછી પ્રાર્થનાના મહત્ત્વથી યે સમર્પણનો રસ વધારે છે. તે શી રીતે? તેઓ કહે છે –

"ભગવાનનું શરણ, તેની પ્રાર્થના, સર્વોત્તમ છે. પણ એને સર્વ ભાવે સમર્પવામાં–(સમર્પિત થવામાં) ઓર મઝા છે. પછી દુઃખો દુઃખરૂપે રહેતાં નથી. વિઘ્નો સ્વયં અલોપ થાય છે., દૃષ્ટિમાં સુધારો થાય છે, ત્યારે બધી ઉપાધિઓ શાંત થાય છે....પ્રેમભાવે પ્રગટેલી અર્પણતા પરપદાર્થ પર ઢળે અને સ્થૂળ સેવા, સેવા રૂપે પરિણમે એ સ્થૂળ અર્પણતા ગણાય. સાચી અર્પણતા પોતાનું ગણાતું સર્વ પ્રભુ ચરણે અર્પાય, ...ાનું કાંઈ રહેજ નહિ. તેનો યોગ્ય, જરૂર જોગો

ઉપયોગ કરે તે પણ પ્રભુના બનીને અને તેના અર્થે જ, પોતા અર્થે નહીં.

...ભગવાનના ચરણે-શરણે જનાર તેને બધું સમર્પનાર માને છે કે બધું એનું છે. મારું કશું નથી. ત્યારે મમત્વ સહેજે દીતું પડે છે, 'તં દેવમાસં શરણં પ્રપદ્યે' એ દેવદેવ હૃદયે મમાસ્તામ' એ ઉચ્ચાર જાપરૂપે કરવો. ઓછી દશા થશે, શાન્તિ રહેશે, ચિંતા ટળી જશે અને ક્રમેક્રમે દયામાથી નિર્ભય બનશો, પ્રકૃતિ પર કાબૂ આવશે."

આટલું થાય પછી બીજું શું જોઈએ? તો પછી આવો સહેલો રસ્તો કેમ ઝટ નથી પકડાતો? વાર કેમ લાગે છે? તેઓ એ વિષે કહે છે—

"પ્રભુકૃપા મેળવવી....(તે કે). આપણા હાથમાં છે (પણ)...આપણે તેના થઈએ તો તે આપણા થાય....માટે તેને પોતાના બનાવવા માટે તમારું બધું તેને અર્પણ કરો [illegible] પણાનો મોટ છોડો. એનું છે અને એને આપવું. [illegible] થી વિશેષતા! પણ જીવનું અજ્ઞાન એમ કરતા રોકે છે. આથી જ એ દશાએ પહોંચવા માટે આપણે [illegible] [illegible] [illegible] કહે છે— પ્રકરણોમાં સારી પેઠે એવું છે છતા તેને [illegible]

"મુમુક્ષુભાવવાળા પુરુષને [illegible] [illegible] [illegible] સાથો, વસ્તુ પ્રત્યે મમત્વ અને આસક્તિના [illegible] [illegible] પડી જાય છે.....પોતાના શરીરથી માંડી સર્વ વસ્તુઓ [illegible] નથી, ભગવાનની છે, એમ માને છે [illegible] [illegible] [illegible] [illegible] કશામાં લેવાતો નથી. કોઈની ઈર્ષ્યા કે દ્વેષ કરે [illegible] [illegible] નથી.. ... (કેમ [illegible]! [illegible] [illegible] [illegible] [illegible]

—જે કંઈ આવી મળે તેને અનુગ્રહ કે આસક્તિ વગર સ્વીકારે છે અને જે કંઈ જાય છે, તેના તેને ખેદ, શોક, કે વિયોગનો ભાવ લાવ્યા વિના જવા દે છે. પ્રત્યાઘાતો અને વાસનાનાં દ્વંદ્વો એને સ્પર્શતાં નથી.... આ સ્થિતિ માટે સાધુ જ થવું પડે, એમ પણ નથી. માત્ર સાધુતા (પ્રયોગશીલતા) ભાવમાં આવી જવી જોઈએ. તે વિષે કહે છે—

“ખરા ભક્ત ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં અનાસક્તભાવે નાનાં મોટાં, ઊંચા-હલકાં કાર્યો પણ પ્રભુ અર્થે જ કરે છે અને માને છે, “ઝાડુ કાઢતાં માને છે કે મારા પ્રભુનુ આંગણું સાફ કરું છું. સેવા મારા પ્રભુની કરું છું......” (અલબત્ત) એ ભાવ ઘણોજ ઉચ્ચ કોટિના છે, પણ એ માર્ગ વિચારવા યોગ્ય છે.

કોઈ કાર્ય જ્ઞાનયોગનું તો કોઈ ભક્તિયોગનું તો કોઈ કર્મયોગનું પણ એ દૃષ્ટિએ કરાય તો એ કામ આત્મશુદ્ધિ કરે છે.......પણ અહંવૃત્તિ–મમત્વવૃત્તિના અનંતકાળના સંસ્કારોને ગુરુકૃપા–પ્રભુકૃપા વિના છોડે નહિ, ત્યાં લગી ‘સમર્પણભાવ’ તો શું? પણ ઉપયોગમયતા, જાગૃતિ, દૃષ્ટાભાવ વગેરે ભૂમિકાઓ પણ આવે નહિ અને રાગદ્વેષાદિ દોષો ઘટે નહિ. તેથી જ બીજી સરળ રીતે ગુરૂદેવ સમજાવતાં કહે છે—

“પ્રેમસ્વરૂપ બનવા પ્રેમસ્વરૂપને આહ્‌વાહન કરવું, ઘરને ભગવાનનું આશ્રમ (સ્થાન) માની નિર્લેપ રહેવાની પ્રેકટીસ પાડવી.” આને માટે સૌથી પ્રથમ તો શું જોઈએ? તે વિષે કહે છે—“એમાં મુખ્ય ભાગ ભજવનાર શ્રદ્ધા છે કે જે પરમ દુર્લભ છે.” શ્રીમદ્ જેમ માર્ગદર્શક પ્રત્યક્ષગુરુની જરૂરિયાત અનિવાર્ય પણે કહે છે, તેમ અહીં સરળ રીતે તેઓ કહે છે—

"જો મૂર્તિ પરની શ્રદ્ધા સફળ બનતી હોય તો ચેતન
વાન શરીરમાં ગુરુબુદ્ધિ, પૂજ્યભાવ રાખનારને પ્રેરણા કે
પ્રકાશ, માર્ગદર્શન કે મનની શાન્તિ કે હૃદયનો ઉકેલ થાય
તે સંભવિત છે......" એવા શ્રદ્ધાળુને જોઈ તેઓ સહેજ વતા
કહે છે—"મહાનતાના નિયમને, એની અજબશક્તિને, એના
અલક્ષ્ય કાર્યો, એના ઊંડાપણને તમે સમજતાં થયા તેવી
ધીરજ, શ્રદ્ધા, પ્રેમ અને પ્રસન્નતાના સદ્ નરકે આલંબ
પ્રયત્ન સેવી રહ્યા છો, એ વાંચી મને ખૂબ હર્ષ થાય છે. એ
સત્યની, એ સમયની કસોટી આકરી હોય છે. બાન્યવાન જ
એની પરીક્ષામાંથી પાસ થઈ ઈનામ મેળવી શકે છે. [illegible]
કરીને તે બતાવવું છે કે, આકરી કસોટીથી પણ ન [illegible]
એ બધું આવું જ હશે. ગભરાય દેખાતું હોય. એના પણ
કંઈક આવું હોય છે.

ચિંતાને તો ભગવાનનો બદલ ભગવાનનંદ [illegible]
છે. એનું પરિણામ ધારવા કરતા [illegible] છે [illegible]
બસ જે લોકો ઈશ્વરને જનતારાં [illegible] છે [illegible] છે
સમર્પણ થવું સહેલું છે. અથવા આપનારી માટે [illegible]
પણ તહ પ્રધાન પુરુષને માટે અને પુરુષાર્થ [illegible]
આપનારને માટે જરૂર પડ્યું કઠણ છે [illegible] પુરુષ [illegible]
સંન્યાસી હોય તો પવિત્ર સાધ્વી—[illegible] [illegible]
તરીકે પોતે તો સમર્પણ સાધશે [illegible] નહિ પણ [illegible]
આ ધર્મ ક્રાંતિના સાધ્યમાં [illegible] [illegible]
સાધશે જ.

ૐ

પત્ર ક્રમાંક
(૨૯૨)

ધોરાજી
તા. ૨૧-૯-૧૯૬૬

મળેલ સાધનોનો સદુપયોગ કરી લેવો

જે નિર્માણ થયેલ છે તે પ્રમાણે થયું છે, થાય છે અને થશે. આપણે ખાલી અવિશ્વાસને લીધે, અણસમજણને લીધે વિચારના ઘોડા ઘડીએ છીએ અને દોડાવીએ છીએ. જરાય ઉપાધિ ના સેવો. આપણે બધાંય કુદરતને આધીન છીએ. જેટલાં સાધનો, સગવડો, અનુકૂળતા પ્રાપ્ત થયેલી છે તેટલો તેનો સદુપયોગ કરી લેવો. ભવિષ્ય માટે રાહ જોવી અને એ તરંગમાં તરંગિત થવું યોગ્ય નથી. જેટલું સાંભળ્યું છે, સમજાયું છે, કરી શકાય એવું છે એટલું કરવા પ્રયત્નશીલ થવું એ સિવાય દીર્ઘ અને વિષમ પંથ કેમ કપાશે ?

માટે ભગવાનને ચરણે સમર્પિત થઈ સંપૂર્ણ વિશ્વાસ અને દૃઢ શ્રદ્ધા સાથે એના ભજનમાં, અભીપ્સામાં, સ્મરણમાં, એના જ વાંચન અને ચિંતનમાં વધુને વધુ સમય ગાળો. શરીર તરફ બેદરકાર ન રહેશો. કેમ કે તે પણ તમારું નથી એને જ ભજવા માટે એનું જ મંદિર છે. તમને તો કાર્ય માટે મળ્યું છે. તેથી બેદરકાર ન રહેવું. મન સ્વચ્છ, નિર્મળ, શ્રદ્ધાયુક્ત, પ્રસન્ન અને આનંદમાં રાખો. સોગિયા ન થશો. 'ચિત્ત પ્રસન્ને પૂજનફલ કહ્યું રે!'

ઉત્તમમાં ઉત્તમ, મંગલમાં મંગલ અરિહંતાદિ ચારને શરણે રહેનારને ભય-શોક ચિન્તા-વિહ્વળતા શા માટે ?

ફરવું એ તો થશે જ. આપણું ફેરવ્યું થોડું જ ફરવાનું છે? તમારા કુટુંબ પર પ્રભુની કૃપા છે એ તો જોવાઈ ગઈ એવી જ ચાલુ રહે તેમ વર્તશો. કુટુંબ સંગે એવી પ્રેરણા આપશો. તમે તો સ્વતંત્ર છો. તમારા જીવનને એના દિવ્ય-તા પર ચાલવા પ્રયત્ન સેવજો. અત્યાર સુધીના વાંચન વિચારણા-સત્સંગનો સક્રિય સભાન ઉપયોગપૂર્વક સમય ગાળવા જાગૃત થશો, ના હિંમત ના થશો મારાથી શું બને, કંઈ સમજાતું નથી, શું કરવું એ સમજાતું નથી એવી નિરા-શાવાળી નિર્બળ ભાવના ન સેવશો. તમે સર્વશક્તિમાન પવિત્ર અંશ છો એ ભાવને યાદ રાખશો

દ. બિંદુ

ૐ

[illegible]

તા. ૨-૧૦-૧૯૬૬

પત્ર ક્રમાંક
(૨૯૩)

જેટલું સમજાયું તેટલાનો જીવનમાં ઉપયોગ કરો

અત્ર શાંતિ છે. વખત વખતનું કામ કરે છે ગુરુકૃપાએ [illegible] સમયની રાહ ન જોવી. સાધનાને સમય [illegible] આપણામાં જેટલી જેની હોય તેનાથી કામ [illegible] સમજ ન પડે તો જેટલું સમજાયું હોય તેટલાંનો [illegible] ઉપયોગ કરવો પડે. બીજા કરવામાં રસ [illegible] ન હોય તો ભગવાન પર શ્રદ્ધા રાખી [illegible] [illegible], તેનું [illegible] તો [illegible] [illegible] [illegible] રહે છે, [illegible] આયુષ્ય [illegible] [illegible] નથી.

એ સાચી સમજ અને શક્તિ ગણાય. પુસ્તકિયું કે અક્ષરજ્ઞાન ત્યાં કામ નથી આવતું, અનુભવજ્ઞાન જ એનો ઉકેલ લાવે છે. ઈશ્વરના વિયોગ અને અનિષ્ટના સંયોગ વખતે આસુરી સૈન્ય આર્ત્તધ્યાનનો સેનાની ગહેરી ખડું થાય છે અને મુમુક્ષુ-વર્ગને ક્ષોભિત કરી મૂકે છે. એવે સમયે સાવધ રહેવું. પ્રસન્નતા, શ્રદ્ધા, અડગતા જાળવી રાખવા પ્રભુની મદદ-સહારો લેવો એ એનો ઉપાય છે. બધાં પ્રકારની મૂંઝવણો, પ્રતિકૂળતાઓ, વિઘ્નો, નિરાશાઓ અને બેચેની વખતે પૂરણ ઉપયોગપૂર્વક ભગવાનનું શરણ-તેની પ્રાર્થના સર્વોત્તમ છે. એને સર્વભાવે સમર્પવામાં ઓર મઝા છે. પછી દુઃખો દુઃખ-રૂપે રહેતા નથી. વિઘ્નો સ્વયં અલોપ થાય છે. દૃષ્ટિમાં સુધારો થાય છે ત્યારે બધી ઉપાધિઓ શાંત થઈ જાય છે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૨૯૬)

મોરબી
તા. ૨૨-૭-૧૯૪૭

અજાગૃતિમાં મન જ આત્માનો કારભાર ચલાવે છે!

જ્યાં સુધી અંતરાત્મા જાગૃત થયો ન હોય ત્યાં સુધી બધો કારભાર મન પાસે છે. એ દ્વારા જ વહીવટ છે. સીધો આત્મિક-અંતરાત્મા સાથે સંબંધ નથી. મન ઊંચું-નીચું દિવ્ય-અદિવ્ય, નિમ્ન-ઉર્ધ્વગામી હોઈ શકે પણ એની જ માલિકીથી આત્માનું સામ્રાજ્ય ચાલે છે. એટલે તાપ કે ઠંડક એ મન જ અનુભવે છે. ઉપયોગ મનનો જ છે. અને આજે માણસનું બુદ્ધયાત્મક મન એ જ પોતે છે એમ માને છે.

બંધ મન દ્વારા થાય છે. ક્રોધાદિ કર્મોથી મન અશુદ્ધ બને છે. પછી શરીરને કાપવાથી માણસને દુઃખ થતું નથી. મનના પરિણામે જ બંધ કે મુક્ત થવાય છે એટલે તાપને રોકવામાં મનને જ કેળવવું જોઈએ. ઘડતર પણ મન દ્વારા જ થાય છે. હંમેશા ઉચ્ચ ભાવના ભાવવી, સમ્યક્ વિચાર કરવા એ જ એનો ઉપાય છે.

મનનો ઉચ્ચપ્રદેશ એ બુદ્ધિ છે. એ સત્વાચન-વિચારણા, સત્શ્રવણ, મનન દ્વારા જ નિર્મળ બને છે. પ્રેમભાવનાથી પ્રગટેલી અર્પણતા, પરમપદાર્થ પર ઢળે અને સ્થૂલ સ્વરૂપે પરિણમે એ સ્થૂલ અર્પણતા ગણાય. સાચી અર્પણતા પોતાનું ગણાતું સર્વ પ્રભુચરણે અર્પણ પછી પોતાનું કાંઈ રહે જ નહિ. તેનો યોગ્ય વ્યાજબી જરૂરિયાત ઉપયોગ કરે તે પણ પ્રભુના બનીને અને તેના અર્થે જ. પોતાના અર્થે નહિ. સ્પષ્ટ પાકું લક્ષ ન બંધાયું હોય ત્યાં સુધી ભાવનાભાવ ના અનેક સંકલ્પો-સ્વરૂપો બને અને તે સ્થૂલ વાણીવ્યાપારમાં પરિણમી જાય તે સત્ય છે. એ માટે [illegible] ધ્યેય ખૂબ વિચારપૂર્વક સ્પષ્ટ કરવાની અપેક્ષા રહે છે. [illegible] ઘણાં ઉત્પન્ન થતી ઊર્મિઓ, તરંગો [illegible] ઉપેક્ષા તથા વારંવાર શાંત કરવાં. [illegible] વ્યવસ્થિત કરવા [illegible] કરવો જ પડે. અને પાછા અભ્યાસે એ [illegible] રૂપે શાંત થાય છે. એ ભૂતવળ જેવી [illegible] પેઠી [illegible] છે, એટલે [illegible] થાય.

ઈશ્વરનુંની પ્રાપ્તિ થતાં પહેલાં [illegible] પણ તેમાં નિસ્વાર્થ ન રહ્યું. [illegible]

અકળામણ સુધી હોય કે પણ જેણે પણું પ્રભુને સમર્પિત કર્યું-અંગ સુધીનો સમર્પિત થાય છે ત્યારે અકળામણની ફિકર ને સ્વીકારનારને હોય કે તેનામાં ધૈર્ય, વિશ્વાસ અને જાગૃતિની ઘણી જરૂર છે.

ઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૨૯૭)

સુદામડા
તા. ૫-૧-૧૯૪૮

પ્રત્યેક પ્રસંગ બોધદાયક છે

સારા કે નરસા, નાના કે મોટા બધા પ્રસંગો કંઇ ને કંઇ બોધ આપતા જાય છે. પાત્ર પ્રમાણે, અધિકાર પ્રમાણે સંસ્કાર પડે છે. આશ્ચર્ય જેવું-અકસ્માત કે નવાઈ જેવું લાગે છે તે અજ્ઞાનનું કારણ છે. થવા યોગ્ય જ થાય છે, બનવા યોગ્ય જ બને છે. સમજુ એમાંથી નવું શિક્ષણ મેળવે છે. જીવન તરફ હંમેશા નિરીક્ષણ કરવું-અનુપ્રેક્ષાની ટેવ પાડવી. આત્મનિરીક્ષણ એ આલોચનાનો પ્રકાર છે. ભૂલનો પશ્ચાત્તાપ અને આર્ત્તધ્યાન એ જુદી વસ્તુ છે.

આર્ત્તધ્યાન બંધન કરે છે. પશ્ચાતાપ શુદ્ધિ કરે છે. આસક્તિ, ભય, ઉદાસીનતા અને ચિત્તની પ્રસન્નતા ભિન્ન વસ્તુ છે. ગમે તેવા પ્રસંગમાં પણ ચિત્તની પ્રસન્નતાને ટકાવી રાખવી. ખેદ-શોક-ઉદાસીનતા-અણગમો એ નીચી ભૂમિકામાં ઘસડી જનાર શત્રુઓ [illegible] ન્તિ [illegible]રતા-પ્રસન્નતા-પ્રેમ-આનંદ એ ઉર્ધ્વ[illegible] ભાવો છે.

જે કંઈ સમજવાનું, જાણ્યું. શ્રવણ મનન કર્યું તેનો જીવનમાં શક્તિ પ્રમાણે ઉપયોગ કરો. જીવમાત્રને લાયકાત પ્રમાણે મળ્યું છે, મળે છે ને મળશે. લાયકાત વધારવી. અધિકાર વધારવા પ્રયત્ન સેવવો. અન્યની ત્રુટિઓ, ભૂલો, ખામીઓ, અણસમજ અજ્ઞાન તરફ વિશેષ ધ્યાન ન આપવું પણ પોતાની ખામીઓ-નિર્બળતાઓ તરફ લક્ષ આપવું.

બોલવામાં, ધ્યાન કરવામાં, જોવામાં અને ભોજન વ્યવહારમાં ખૂબ ઉપયોગ રાખવો. દંભથી દૂર રહી આત્મદ્રષ્ટિ કાર્યમાં જાગૃતિ રાખવી. પ્રાર્થના લક્ષપૂર્વક દંભ રહિત કરવી. હવે કે આ મારી નથી તેનો અભ્યાસ વધારવો. ભગવાનના અનંત સારું જનાર, તેને બધું સમજનાર માને છે કે બધું ઈશ્વરનું છે, મારું કંઈ નથી ત્યારે અનન્ય નાંભ દશા પ્રગટે છે.

તું દેવમાસ શરણું પ્રપદ્ય,
તું દેવ દેવા હૃદયે નમાસ્તુ।

એ ઉચ્ચાર ભાવપૂર્વક કરવા ભાવિ ઉપાય કરો. દર્શન! ચિંતા ટળી જશે. અને ક્રમે ક્રમે દૃઢ ભાવના નિષ્ઠ બનશો. પ્રકૃતિ પર કાબૂ આવશે, મદા વાસ...

૬ ...

ૐ

પત્ર ક્રમાંક
(૨૯૮)

મેસાવરનગર
તા. ૨૮-૧૨-૧૯૬૮

પ્રતિજ્ઞા વિચાર્યાં વિના લેવી નહિ

તમારી પ્રતિજ્ઞાની અવધિ પૂરી થઈ હવે તમે તમારી અનુકુળતા પ્રમાણે મર્યાદા બાંધી શકો છો. મનુષ્ય માત્રે પોતાની શક્તિ, સંયોગો, મનોબળ, શ્રદ્ધા, દેશ, સમય જોઈ, તપાસીને પ્રતિજ્ઞા લેવી, વિચાર્યાં વિના લેવી નહિ અને લેવી તો બરાબર પાર ઉતારવી. પ્રતિજ્ઞા આપનાર કરતાં લેનારને વધુ ખ્યાલ હોય, તમારે તો તમારું સ્થાન અને શક્તિ જોઈ મર્યાદા બાંધવી.

બેન ! જેનાં દિલ ચોખ્ખાં, નિખાલસ, સરળ હોય છે તે જ જ્ઞાન, ભક્તિ અને ધર્મને યોગ્ય હોય છે. કાશી, મથુરા, ડાકોરની ક્યાં વાત કરો છો ? બધાં તીર્થો શુદ્ધ હૃદયમાં રહેલાં છે. જ્યાં શુદ્ધિ ત્યાં માયા, કપટ, છળ ન હોય. ત્યાં વિકારને સ્થાન ન હોય, ત્યાં અભિમાન, અહંવૃત્તિની પજવણી ન હોય, આવી શુદ્ધિ સદ્‌વિચારથી થાય છે. સદ્‌વિચાર, સત્સંગ કે સદ્‌વાંચનથી આવે છે અને તે બધુ પ્રભુકૃપાથી મળે છે.

પ્રભુકૃપા મેળવવી તે આપણા હાથમાં છે. આપણે તેના થઈએ તો તે આપણા થાય તે ટુંકી ને ટચ વાત છે. માટે તેને પોતાના બનાવવા માટે તમારું બધું તેને અર્પણ કરો. આપણાનો મોહ છોડો. એનું છે ને એને આપવું એમાં

થી વિયોગના ? પણ જીવનું અજ્ઞાન એમ કરતાં રોકે છે. જે મારું નથી તેને મારું માનીને માથું કૂટીએ છીએ, એ વાતનો ઊંડે વિચાર કરી તેના ચરણે બધું ધરી દઈ, તેના ચાકર થઈને, પગાર જેટલું ઉપયોગમાં લેવું જોઈએ, તો પછી બંધન નથી. અને તેની કૃપાના પાત્ર બનાય છે.

દઃ બિંદુ

ૐ

પત્ર ક્રમાંક (૨૯૬) સાયલા
તા. ૧૨ ૩-૧૯૪૯

શ્રેયાર્થીના લક્ષણો

જિજ્ઞાસાની માત્રા વધે, રુચિ અને ક્ષુધા પ્રગટે ત્યારે મન પ્રભુ તરફ વળે છે. નશ્વર વ્યવહારનો અણગમો અને તત્ત્વની અભિરુચિ, સંસારની અસારતા અને સત્સંગ-સદ્‌વાંચન પ્રત્યે રસવૃત્તિ જાગે એ શ્રેયાર્થીનાં લક્ષણો છે. જીવને સંસારના ભૌતિક ભોગોપભોગની અપેક્ષાઓમાંથી છૂટ [illegible] જોવાનો કે આત્મ-જાગૃતિ માટે વિચારવાનો સમય જ નથી મળ્યો. જ્યારે એ સદ્‌ભાગ્ય જાગે, [illegible] ત્યારે જ મુમુક્ષુવૃત્તિ પ્રગટે, મુક્તભાવની [illegible] માયાના બંધનો બંધનરૂપ જણાય [illegible] પોતાની ક્ષુદ્રતાનું ભાન થાય. અને [illegible] મુક્તભાવની મમતા જાગે.

મુક્તભાવ [illegible]

[illegible]

જાય છે. વાસ્તવિક બોધ થાય ત્યારે કોઈ પદાર્થને પોતાની માલિકીની ચીજ તરીકે માનતો નથી, તેમ ગ્રહણ કરતો નથી. પોતાના શરીરથી માંડી સર્વ વસ્તુઓ મારી નથી, ભગવાનની છે એમ માને છે. એનો થઈ ભોગવે છે. કશામાં લોભાતો નથી. કોઈની ઈર્ષ્યા કે દ્વેષ કરવો તેને પોષાતો નથી. જે કંઈ આવી મળે તેને આગ્રહ કે આસક્તિ વગર સ્વીકારે છે. અને જે કંઈ જાય છે તેનો ખેદ, શોક કે વિયોગનો ભાવ લાવ્યા વિના જવા દે છે. પ્રત્યાઘાતો અને વાસનાનાં દ્વંદ્વો એને પજવતાં નથી પ્રભુ પ્રત્યે અર્પણભાવની વૃદ્ધિ થતી જાય છે, નિખાલસતા ગમે છે. માયા કપટની દુગુંછા આવે છે, વિષયો પર ઘૃણા પ્રગટે છે અને સ્થૂલ ભૂમિકામાંથી સૂક્ષ્મ-માં જવાની, જાણવાની, અનુભવ લેવાની તાલાવેલી જાગે છે. એ માટેની અતૃપ્તિ રહ્યા જ કરે છે. શરીર એ આત્મા ઉપરનું વેષ્ટન અથવા તેને રહેવાનું મંદિર જેવું, વધુ વધુ જણાતું જાય છે. અભિમાનાદિ અંતરના શત્રુ તેને સાલ્યા કરે છે તે માટે તે સતત જાગૃત રહે છે. લોકો ઉપરના ફેરફારને, ઉપરની ક્રિયાઓને, બાહ્યતપ કે બાહ્ય અભ્યાસને જોઈ શકે છે, અને તે ઉપર સારા-નરસાં કે ઊંચા-નીચાની કલ્પના કરે છે પણ અંદરના ભાવને તો જ્ઞાનીઓ અને પોતાનો અંતરાત્મા જાણે છે.

જગતના લોકો શું કહે છે તેને સાધક બહુ મહત્વ નથી આપતા પણ ભગવાનને શું પસંદ છે એની આરાધના ઇચ્છે છે. એ માટે પોતાની અહંવૃત્તિનો ભોગ આપે છે. એ માટે અખૂટ શ્રદ્ધા, ધીરજ અતૂટ અને સતત પુરુષાર્થની અપેક્ષા રહે છે.

શાંત-સ્વચ્છ-સમત્વયુક્ત ધ્યાનના નિર્મળ મનના જ આગવી ભાનનું જ પ્રતિબિંબ પડે છે. તમારે એ પ્રતિબિંબ ઝીલવા, પ્રગટાવવા, અંદરના ઉપયોગને સ્થિર કરવાનો છે. નિરાકુળ સ્થિતિએ, નીરવ, સ્થિરભાવે શાંત થઈ, [illegible] અંતરાત્માને જગાડવા પ્રયત્ન કરવો [illegible] છે [illegible] થોડે પણ પ્રયાણ તે તરફ છે. ઉત્કંઠતા ને [illegible] સન્મુખતાનું વલણ દેખાય છે. દરરોજ સાંજના કામનું [illegible] જેવું હોય તેને મૂકતાં વિલંબ તો લાગે કે નહિ? એમ કરતાં આસક્તિમાં-સ્વવૃત્તિમાં કાંઈ ફેર છે કે નહિ? [illegible] –અતૃપ્તિ એ શાંતિને માટે છે. પ્રયત્ન એમાંથી તૃપ્તિ ને [illegible] શાંતિ હતી. વિચારજો, તમો [illegible] બંધનોમાં [illegible] તો શીઘ્ર વખતમાં છૂટશો. પણ અંદરનું બંધન વધુ [illegible] અને વધુ પ્રયત્ન માંગે છે. એ પણ [illegible].

[illegible]

ૐ

પત્ર ક્રમાંક (૩૦૦) — [illegible]

[illegible]

[illegible]

આપણી પ્રત્યેક ક્રિયા ભગવદ્ અર્થે થવી ઘટે. એક કલાક ભજન, પૂજા, પ્રાર્થના કરી પછી આપણા કાર્યમાં જોડાવાનું એમ તો ઘણાં કરે છે. એટલે જ્યાં સ્વાર્થ હોય તે કામ રસથી થાય છે. જ્યાં સ્વાર્થ ન હોય ત્યાં ગમતું નથી. માનેલા સ્વાર્થમાં વિઘ્ન આવતું દેખાય ત્યાં એ કાર્યમાં રસ ઊડી જાય અને વેઠ રૂપે કરાય. આનું કારણ આપણું અહં છે. પ્રભુની સેવા, પૂજા કે ધાર્મિક રૂઢિગત ક્રિયાને જ પ્રભુનો માર્ગ માન્યો છે અને તેથી કાયમનો ગોઠતે રહે છે. જ્યારે ખરા ભક્ત, ગૃહસ્થાશ્રમમાં રહ્યા છતાં અનાસક્ત ભાવે નાના મોટાં, ઊંચા-હલકાં કાર્યો પણ પ્રભુ અર્થે જ કરે છે અને માને છે. ઝાડુ કાઢતાં એ માને છે કે મારા પ્રભુનું આંગણું સાફ કરું છું, સેવા મારા પ્રભુની કરું છું. એ ભાવ ઘણાં જ ઉચ્ચ કોટીના છે પણ એ માર્ગ વિચારવા યોગ્ય છે.

કોઇ કાર્ય જ્ઞાનયોગનું તો કોઈ ભક્તિયોગનું તો કોઈ કર્મયોગનું. પણ એ દૃષ્ટિએ કરાય તો એ કામ આત્મશુદ્ધિ કરે છે. ઘણા કાળની અહંવૃત્તિએ પોતાનો વાડો વાળ્યો છે. એ છોડવો ગમતો નથી. કુદરત એ વાડો, એ મર્યાદા તોડી નાંખે કે ઝુંટવી લે છે ત્યારે તો જખ મારીને છોડી દે છે પણ મારાપણાની વાસના ભેગી લઈને જ અવતરે છે. એટલે જ્યાં જન્મ લે છે ત્યાં એ જ સંઘરેલી, મારાપણાની, વાસનાની ભૂતાવળ ફિલ્મના ફીંડલાની પેઠે ઉખળે છે અને જીવ પાછી રમત શરૂ કરે છે, એને એ વિચાર આવતો જ નથી કે મારું કશુંય હતુંયે નહિ ને છે પણ નહિ. બધું ભગવાનનું છે, ને મારી જરૂરિયાત પ્રમાણે ભોગવી રહ્યો છું, એમાં મારાપણાનું મમત્વ શાનું? મારું કાર્ય તો મારી શુદ્ધિ કરવાનું અને તે શુદ્ધિ તો મારાપણાની વૃત્તિ છોડી જેની કૃપાથી હું આ પામ્યો

તેની સેવા કરું છું. પ્રાણી, પદાર્થો બધા એના જ રૂપ છે મારે ફાળે જે કાર્ય આવ્યું અને મારી લાયકાત પ્રમાણે જ્યાં ગોઠવ્યો તે પ્રભુનું જ કાર્ય માની કર્યે જવું. એના રૂપ જ હૃદયની પરીક્ષા કષ્ટ આપીને કરે. મન ઢીલું પડી જાય. શ્રદ્ધા તુટિ જાય એવા પ્રસંગો કુદરત લાવીને ખડા કરે. એવે સમયે મક્કમ રહેવું બહુ મુશ્કેલી થાય છે

એવા સમયે આપણા આદર્શને વળગી કહેવું ' કેવા બનવું છે? ક્યાં જવું છે? ક્યા જઈ રહ્યો છુ? આવી મુશ્કેલી અનેક જ છે કે બીજાને પણ હશે? તો જવાબ [illegible] કે મારા કરતાં ઘણા, વધારે મુશ્કેલી ભોગવી રહ્યા [illegible] મારા ઉપર પ્રભુની કૃપા જ માનવી, [illegible] સામે રાખવો. એટલી ગભરાવું નહિ [illegible] ઈચ્છાથી પડી છે. તે રાખે ત્યાં [illegible] અને તે પણ પ્રસન્નતાથી, દાવપેચથી નહિ [illegible] ન બજાવવું. 'ચિત્ત પ્રસન્ને પૂજન ફળ કહ્યું' પૂજન [illegible] દીપ-ફૂલ નહિ. એવું જે રાખ્યું તે [illegible] રહે તો, એનના પત્રને અનુલક્ષીને [illegible] જે તને આપ્યા છે. છતાં [illegible] ઉદાસીનતા ન આવી જાય માટે [illegible]

[illegible]



ૐ

પત્ર ક્રમાંક
(૩૦૩)

શિયાલ
તા. ૧૪-૧૨-૧૯૫૬

સત્યની કસોટી આકરી હોય છે, તેનાથી ડરશો નહિ

પત્ર મળ્યો. વીગત જાણી. મહાસત્તાના નિયમને, એની અજબ શક્તિને, એનાં અલક્ષ્ય કાર્યો, એના ડહાપણને તમે સમજતાં થયા અને તેથી ધીરજ, શ્રદ્ધા, પ્રેમ અને પ્રસન્નતાના શસ્ત્ર તરફ ચલાવા પ્રયત્ન સેવી રહ્યા છો એ વાંચી મને ખૂબ હર્ષ થાય છે. એ સત્યની, એ સમયની કસોટી આકરી હોય છે. ભાગ્યવાન જ એની પરીક્ષામાંથી પાસ થઈ ઈનામ મેળવી શકે છે. ફરી ફરીને એ ભલામણ છે કે 'આકરી કસોટીથી પણ ન ડરશો'. 'એ' બધું સારૂં જ કરશે. ખરાબ દેખાતું હોય એમાં પણ કાંઇક સારું હોય છે.

તમારા સંયોગો ચિંતા ઉપજાવે તેવા છે પણ એ ચિંતાને ભગવાનનો ભક્ત ભગવાનને જ ભળાવી દે છે. એનું પરિણામ ધારવા કરતાં સારૂં આવે છે. સારૂં અને નરસું એ પણ સાપેક્ષ છે. માયાના પડદામાં જીવ આ સારૂં અને આ નરસું એમ કલ્પે છે. વાસ્તવિક રીતે તો જેમ હોવું જોઈએ એમ જ હોય છે. આપણી ભૂલોનાં પરિણામો આપણે ભોગવવાં જોઇએ. ઉદય વખતે હિમ્મત ન હારવી પણ નવો પાઠ શીખવો ઘટે. તમે ઠીક ઠીક પંથ કાપ્યો છે. હવે આંખ લખવાની ના પાડે છે.

દઃ ભિક્ષુ

શાસ્ત્રમાં કહ્યું છે કે, 'સુત્તા અમુણિણો સયા, મુણિણો સયા જાગરંતિ'' જાગે છે તે જ મુનિ, બાકીના મુનિના વેશમાં અમુનિ કહ્યા છે.

હવે તમારા પ્રશ્નનો જવાબ આપું. પથ્થરની મૂર્તિના ભગવાનનું આરોપણ-પ્રતિષ્ઠા કરીને તેમાં શ્રદ્ધા રાખનાર [illegible] ફળ મેળવે છે, અને તે ફળ મને ભગવાનની મૂર્તિ દ્વારા મળ્યું માને છે. જો જડ મૂર્તિ પરની શ્રદ્ધા, સફળ બનતી હોય તો ચેતનવાન શરીરમાં ગુરુબુદ્ધિ, પૂજ્યભાવ રાખનારને [illegible] કે પ્રકાશ, માર્ગદર્શન કે મનની શાંતિ કે હૃદયના [illegible] થાય. તે સંભવિત છે પણ એમાં મુખ્ય ભાગ ભજવનાર શ્રદ્ધા છે. તે જ પરમ દુર્લભ છે. પછી તે શ્રદ્ધા ભગવાનના ફોટા કે [illegible] મનનું સમાધાન થતું હોય તેવા ગુરુના ફોટા પણ [illegible] ફળ, શ્રદ્ધા જ આપે છે.

ગુરુ એમ ન માને કે મારાથી કૃપા થઈ કે મેં [illegible] ઉદ્ધાર કર્યો. મારાથી જ્ઞાન થયું એવું ન માને. [illegible] એની ક્ષમતા છે. રાગ પ્રશસ્ત તો ગૌતમ સ્વામી [illegible] માને તેનો નિષેધ નથી કર્યો પણ [illegible] ક્ષમ થતું ને કાળ વીત્યે છે છતાં [illegible] તેટલું ધ્યાન આપવું હોય તો પણ નિવૃત્તિમાં [illegible] ન બને. એવા ઉત્સાહી, ઉદ્યમી [illegible] આત્માને દૂર અને નિબિડ કર્મને શિથિલ કરે છે, તેમાં પણ [illegible] અધિકારી તું, [illegible], મહાસત્ત્વ [illegible] છે. તેવાને મારાં [illegible] છે.

[illegible]

ઉપસંહાર

પ્રથમ પત્ર પ્રકરણ સંતોની શુભેચ્છા થી શરૂ થઈને 'સમાપ્તિ' નું છત્રીસમું પ્રકરણ આ રીતે પૂરી એકવાક્યતા પૂર્વક શુભમંગલ રૂપે ગુરુકૃપા-નિસર્ગ-કૃપાથી પરિપૂર્ણતા પામે છે—

"સર્વથા સૌ સુખી થાઓ, સમતા સૌ સમાચરો;
સર્વત્ર દિવ્યતા વ્યાપો, સર્વત્ર શાન્તિ વિસ્તરો"




શુદ્ધિપત્રક

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૫	૧૫	[illegible]	[illegible]
૨૨	૧૩	[illegible]	[illegible]
૩૪	૧૯	[illegible]	[illegible]
૩૮	૫	[illegible]	[illegible]
૫૨	[illegible]	[illegible]	[illegible]
૫૬	૮	[illegible]	[illegible]
૫૯	૮	[illegible]	[illegible]
૬૦	૯	[illegible]	[illegible]
૬૭	૧૭	[illegible]	[illegible]
૭૬	૨૦	[illegible]	[illegible]
૭૭	૧	[illegible]	[illegible]
૮૩	૧	[illegible]	[illegible]
૮૬	૧૦	[illegible]	[illegible]
૮૯	૧૭	[illegible]	[illegible]
૯૬	૧૨	[illegible]	[illegible]
૯૩	૨	[illegible]	[illegible]
૯૭	[illegible]	[illegible]	[illegible]

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૧૧૪	૧૫	ચકડીમ	ચકડીમાં
૧૩૯	નીચેથી ૪ થી	વિચરશો	વિચારશો.
૧૪૧	છેલ્લી	સગોગો	સંગોગો
૧૫૪	૧૯	ઉગલે	ડગલે
૧૬૧	૯	ખુશીથી	ખુશીથી
૧૬૪	નીચેથી બીજી	પચવવાનો	પચાવવાનો
૧૬૫	૨	હાજર હાજુર	હાજરાહજુર
૧૬૭	૫	પ્રતાતિ	પ્રતીતિ
૧૭૪	છેલ્લી	માગે	માગેં
૧૭૫	૩	ગભરાવવું	ગભરાવું
૧૭૬	૧૩	માગે	માગેં
૧૮૭	૧૪	રથુલ	સ્થુલ
૧૯૧	૧૧	માડી	પાડી
૧૯૪	૭	આહાવાહન	આહ્વાહન
૧૯૯	૧૮	નિર્યાત	નિયતિ
૨૧૩	૨૧	અદરના	અંદરના
૨૧૫	૯	કુરરતી	કુદરતી
૨૧૯	૫	બધ	બંધ
૨૨૧	૧૦	અજન	અંજન
૨૨૮	૮	યર્થાર્થ	યથાર્થ
૨૨૮	૯	હેય	હોય

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૨૪૮	૪	આપવાની	[illegible]
૨૫૩	૩	[illegible]	[illegible]
૨૫૬	૫	[illegible]	[illegible]
૨૬૧	૧૧	[illegible]	[illegible]
૨૭૩	૧૮	[illegible]	[illegible]
૨૮૧	૧૫	[illegible]	[illegible]
૩૧૫	૧૩	[illegible]	[illegible]
૩૧૯	૧૪	[illegible]	[illegible]
૩૨૯	૪	[illegible]	[illegible]
૩૬૪	૧૪	[illegible]	[illegible]
૪૦૪	૧૨	[illegible]	[illegible]
૪૧૫	૮	[illegible]	[illegible]
૪૧૫	૧૧	[illegible]	[illegible]
૪૧૮	૧૮	[illegible]	[illegible]
૪૨૫	૧૪	[illegible]	[illegible]
૪૩૩	૩	[illegible]	[illegible]
૪૩૮	૪	[illegible]	[illegible]
૪૪૦	૧૩	[illegible]	[illegible]
૪૪૪	૧૫	[illegible]	[illegible]
૪૪૯	[illegible]	[illegible]	[illegible]

પાનું	લીટી	અશુદ્ધ	શુદ્ધ
૪૬૩	,, ચોથી	સતો	સંતો
૪૭૨	,, પાંચમી	[illegible]	[illegible]
૪૮૧	૨૦	[illegible]	પ્રાગંના
૪૮૧	૧	[illegible]	[illegible]
૫૧૪	૧૭	અદરથી	અંદરથી
૫૧૬	નીચેથી ત્રીજી	[illegible]	[illegible]
૫૧૭	,, ચોથી	[illegible]	[illegible]



નમ્ર વિનંતી

જે વ્યક્તિઓ પાસે પૂ. ગુરૂદેવ શ્રી નાનચંદ્રજી મહારાજ સાહેબના પત્રો હોય તેમને વિનંતી કે તેઓ એ મૂળ પત્રો નીચે જણાવેલ સરનામે મોકલવા કૃપા કરે. નકલ કરીને મૂળ પત્રો પાછા અપીશું.

શ્રી અંબાલાલભાઈ પટેલ
ઠે સ્થાનકવાસી જૈન સંઘ; વાયા જોરાવરનગર થઈને;
મું. સાયલા. (સૌરાષ્ટ્ર)

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ધર્મસ્થાનક
ઠે: લોકમાન્ય તિલક રોડ, ડાયમંડ સિનેમા સામે,
બોરીવલી (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૯૨.

સ્વ. પૂ. ગુરુદેવ, કવિવર્ય
પં. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ



....સ મ ર્પ ણ....

પરમ શ્રદ્ધેય, પ્રાતઃસ્મરણીય કવિવર્ય પં. મુનિશ્રી નાનચંદ્રજી મહારાજ સાહેબનાં આત્મીય-ભાવે જે અનુરાગી શ્રાવક, શ્રાવિકાઓ પરિચયમાં આવી, સાચી જીવનદૃષ્ટિ પ્રાપ્ત કરી સાચા રસ્તે વળી, યોગ્ય રાહ અપનાવી જીવન કૃતાર્થ કરી શકયા છે. અને આ પત્ર ત્રિશતક વાંચી જીવનની દિશા બદલી, માર્ગાનુસારીપણામાં આવી સમ્યક્ પ્રાપ્તિ કરી જીવન સફળ કરશે એવા સર્વે મુમુક્ષુ, જિજ્ઞાસુ અને માર્ગનાં ખપી સાધકોને.

'દ.'

કવિવર્ય પં. મુનિશ્રી નાનચંદ્રજી મ. સા.નાં પટ્ટધર શિષ્ય મધુરવકતા પં. મુનીવર્ય શ્રી ચુનીલાલજી મહારાજશ્રી (ચિત્તમુની)નાં શુભ આશીર્વાદ મળ્યા છે.

આ પુસ્તક પ્રકાશનમાં પ્રથમ આર્થિક સહાયની પહેલ શ્રી ચીંચપોકલી શ્રી સંઘ, વઢવાણવાળા સ્વ. શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ ચીનાઈ પરિવાર તથા પૂ. મ. શ્રીના અનુરાગી શ્રીમતી રતનબેનના પરિવાર અને સુશ્રાવિકા સ્વ. ચંચળબેનનાં પરિવાર તરફથી મળી રહેતાં આવું ૫૫૦ પાનાનું દળદાર પુસ્તક સસ્તી કિંમતે સમાજનાં કરકમળમાં અર્પણ કરતાં અમો હર્ષ અનુભવીએ છીએ.

આ પુસ્તક સમયસર સુંદર રીતે પ્રકાશન પામે તે માટે નિઃસ્વાર્થ અને લાગણીપૂર્વકની સેવા આપવા બદલ ભાઈશ્રી જયંતીલાલ તુરખીયાને ધન્યવાદ આપીએ છીએ. તદુપરાંત અમારા શ્રી સંઘનું ટ્રસ્ટીમંડળ, સ્થાનિક વ્યવસ્થાપક સમિતિનાં સભ્યો, અન્ય શ્રી સંઘો અને વ્યક્તિગત સભ્યોએ અગાઉથી પ્રતો નોંધાવી અમોને સાથ સહકાર આપ્યો છે તે બદલ તેમનો આભાર માનીએ છીએ. પુસ્તક વહેલી તકે સુંદર રીતે છાપી આપવા બદલ ન્યુ સ્વસ્તિક પ્રી. પ્રેસના માલિકોને ધન્યવાદ આપીએ છીએ.


પ્રુફ તપાસવામાં કાળજી રાખવા છતાં કયાંક મુદ્રણદોષ રહેવા પામ્યો હોય તો ક્ષમા ચાહિએ છીએ.

ચીંચપોકલી,
ચાતુર્માસ
સંવત ૨૦૩૩,

હરિલાલ શંભુલાલ શાહ
નગીનદાસ કલ્યાણજી શાહ
માનદ્ મંત્રીઓ
ત્રંબકલાલ પાનાચંદ વોરા
વસંતલાલ છોટાલાલ સંઘવી
અ. મા. મંત્રીઓ ટ્રસ્ટી મંડળ
રમણીકલાલ માણેકલાલ વોરા
મા. મંત્રી–સ્થાનિક વ્યવસ્થાપક કમિટી

શેઠશ્રી માણેકલાલ ચુનીલાલ નગીનદાસ ચિનાઈ

[વરસોડા]



જન્મ :
સંવત ૧૯૪૦
ભાદ્રપદ વદી ०))
તા. ૧૯-૯-૧૮૮૪

દેહ વિલય :
સંવત ૨૦૨૩
કારતક વદ ૨

પૂ. માતાજી શ્રીમતિ હીરાલક્ષ્મી ચિનાઈ



જન્મ :
સંવત ૧૯૫૮
જેઠ વદ ૫
તા. ૭-૬-૧૯૦૨

દેહ વિલય
સંવત ૨૦૩૩
વૈશાખ વદ ૯
બુધવાર તા. ૧૧-૫-૭૭

પૂ. માતાજી શ્રી હીરાલક્ષ્મી ચિનાઇની જીવન ઝરમર

સુસ્વભાવા સુવચના સુવૃત્તા સુખદર્શના,
અનન્યચિત્તા સુમુખી ભર્તુઃ સા ધર્મચારિણી.

મહાભારતમાં પોતાનો ધર્મ સમજીને વર્તનારી સ્ત્રીને ઉપરોક્ત વિશેષણોથી વિભૂષિત કરી છે–અને ધર્મચારિણી કહી બીરદાવી છે.

શ્રી માતાજી હીરાલક્ષ્મીબેન ચીનાઇ એવાં જ, પુરાતનકાળનાં સતી જેવાં ધર્મચારિણી નારી સ્વરૂપ હતાં.

એમનો જન્મ અમદાવાદમાં તા. ૭–૬–૧૯૦૨નાં રોજ ક્રિયાવાળા કોમના ધર્મિષ્ઠ વણિક કુટુંબમાં થયો હતો. પિતા મોતીલાલ હરિલાલ ભગત અને માતા ચંચળબેનની શીળી છાયામાં ફક્ત પણ પાંચ વર્ષના થયા ત્યાંજ વ્હાલસોયા માતાનું અવસાન થયું. તેમને ત્રણ ભાઇ અને એક બહેન હતાં. સૌને તેમનાં મોટાબા ચતુબેન, માસીબા વિજીબેન અને ફોઇબાની પુત્રી મણીબેને પાળમાં લીધા, ઉછેર્યા, ભણાવ્યા અને એમ મોટા થયા. તેમના ઘરીમાં પારિવારિક અત્યંત ધર્મનિષ્ઠ હતા એટલે ધાર્મિક સંસ્કાર નાની બાળપણીમાં જ પામ્યા હતા. કૃષ્ણભક્તિવાળું વૈષ્ણવ સંપ્રદાયી કુટુંબનાં પ્રેમભક્તિ અને સેવાનો નાનો વારસો મળ્યો હતો. મોટાભાઇ શ્યામલાલ ભક્તકવિ સમા હતા, ભજનો રચતાં અને મધુર

કંઠ ગાતા પણ ખરા. આમ ચાર ગુજરાતી ચોપડીનો અભ્યાસ છતાં હીરાલક્ષ્મીબેનની સ્મરણશક્તિ, ગ્રહણશક્તિ અને તિક્ષ્ણ બુદ્ધિ કુટુંબમાં વખણાતી. આમ વય વધતા તે જમાનાની રીત-રસમ અનુસાર તેમના લગ્ન ૧૩-૧૪ વર્ષની વયે શેઠ માણેકલાલ ચીનાઈ સાથે થયા. સાસુ વસંતબા અને સસરા ચુનીલાલ ચીનાઈ પરમ વૈષ્ણવ અને ધાર્મિક વૃત્તિનાં હતા. શ્રી ચુનીલાલ ચીનાઈ જ્ઞાતિમાં બાહોશ અને ન્યાતમાં અગ્રગણ્ય ગણાતા. સાધારણ સ્થિતિનાં ઘરમાંથી પોતે આવા વૈભવશાળી કુટુંબમાં આવ્યા છતાં તેમણે કદી લુબ્ધતા અનુભવી નથી. પિતૃગૃહે ત્રેવડ સાથે ભાઈ કરી જાણ્યો હતો એટલે પોતાની આગવી કુનેહથી આ વિશાળ કુટુંબનો કારોબાર ચલાવ્યો.

સુખની છોળોમાં જીવન વહેતુ હતું. યૌવનવય હતું, સુખ હતું, કુટુમ્બમાં અગ્રસ્થાન હતું. આ સમયનાં તેમના જીવનમાં કપડા, દાગીના, હીરા-ઝવેરાત અને મોતીના દાગીના વિ. નો સારો શોખ હતો. એમને એની પરખ પણ ઉત્તમ હતી. જાતે જ કપડા દાગીનાના શ્રેષ્ઠ ઘાટની ડીઝાઈનો બનાવી, તેવા શ્રેષ્ઠ ઘાટ બનાવરાવતાં.

આવું વૈભવશાળી જીવન છતાં મૂળ ધર્મસંસ્કાર જોર કરતાં રહેતાં અને ૨૦-૨૨ વર્ષની ઉંમરે શ્રી મોહનલાલ શાસ્ત્રી તેમને ગીતાજીનો અભ્યાસ કરાવવા ઘેર આવતા. સાથોસાથ અનેક ધર્મગ્રંથોનો પણ પરિચય કર્યો. વારંવાર તિર્થસ્થળોની યાત્રાઓ પણ કરી. સ્વસંપ્રદાય ધર્મ અનુસાર કૃષ્ણોત્સવો, ક્રિયાકાંડો, સત્સંગ, ભજન, કિર્તન, કથા આદિ કરતા-કરાવતા રહ્યા. સંસારમાં છતાં જાણે સંસારથી અલિપ્ત થઈ કોઈ 'અલખ'ની શોધ માટે આત્મા ઝંખતો હતો. આના અનુસંધાનમાં જ જાણે બદ્રી કેદાર, માનસરોવર, ગંગોત્રી-જમનોત્રીનાં હિમાલયનાં કઠીન, અતિ વિકટ એવા તિર્થધામોની યાત્રા પગે ચાલીને કરી.

અને એના પૂન્ય પરિપાક સ્વરૂપે જ જાણે કે ૧૯૩૬ માં એવો યોગ પ્રાપ્ત થયો કે એમની જીવન દિશાને જાણે કે ગદ્દજર સાંપડયો.

પૂજ્ય ગુરૂદેવ પં. મુનિ કવિવર્ય શ્રી નાનચંદજી મ. સા. વરસોવામાં શ્રી અમૃતલાલ ખોખાણીના બંગલે ૧૯૩૬ માં પધારેલા. ચિનાઈ શેઠના બંગલે તે અરસામાં મહુવાના ભગતશ્રી તારાચંદ શેઠના પરિવાર સાથે હતા. પૂજ્ય ગુરૂદેવનાં પ્રવચનોમાં તેઓ જતા અને સંતસમાગમ થતો રહેતો. તેમણે વાત કરી કે, ખોખાણીનાં બંગલે જૈન સાધુ પધાર્યા છે. બહુ જ સરસ પ્રવચન કરે છે. તેઓશ્રીનું વ્યાખ્યાન એકવાર તો જરૂર સાંભળવા જેવું છે તો સૌ એક વખત તો જરૂર આવો. ચિનાઈ શેઠ તો ગયા પરંતુ દીનબહેને કહ્યું 'જૈનના સાધુ છે, તેમનાં વ્યાખ્યાનમાં મારે જવાની ઈચ્છા નથી.' ભગતજીએ કહ્યું, 'તેઓ તો સર્વ ધર્મ સમન્વયવાદી છે. હિન્દુ ધર્મશાસ્ત્રોનો પણ ઘણો અભ્યાસ છે. વળી ગીતાજી ઉપર તો સુંદર સમજણ આપે છે એટલે આપ એકવાર તો જરૂર આવો અને સાંભળો તો નિર્ણય થાય!'

અને એમ દીનબેન છેવટ આવ્યા. તે સમયે પૂ. ગુરૂદેવ જીવરામ જીનપાળના ચરિત્ર ઉપર વ્યાખ્યાન આપતા હતા. પણ પહેલા જ પરિચયે એમને પોતાના જીવનના નવપ્રભાત ઉઘડતું ભાળ્યું. જેની ખોજ હતી તે જાણે આ ત્યાગી મુનિ પાસેથી પ્રાપ્ત થશે એવી પ્રતીતિ થઈ આવી. વૈરાગ્ય અંતરમાં ધોળાતો હતો તેને યોગ્ય દિશા સાંપડી અને ત્યારથી જ જીવનનો રાહ બદલાયો. મનખ્યા દેહ, માનવભવ, માનવ અવતાર કેને મારે પ્રાપ્ત થયો છે અને શું કર્તવ્ય છે તે હવે જાણે સ્પષ્ટ થયુ. સુખ-સાહ્યબી ધનની છોળો અને વૈભવ વિલાસ તુચ્છ લાગવા માંડયા-કાંતરા જેવા લાગ્યા. ભૌતિક સુખો, હીરા, મોતી, ઝવેરાત ઝાંખા પડયા ગજબાણીની સુખ સાહ્યબી સર્પ જેમ કાંચળી ત્યાગે તેમ પૌદ્ગલિક,

ગૃહોનો ત્યાગ કરી મનોમન સંન્યસ્ત ગ્રહણ કરી લીધું. પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ ધર્મની મરજાદ મનોમન સહજે સહજે જીવનમાં મર્યાદાની પાળ બાંધી બેઠી અને લૌકિક વ્યવહારો જેવા કે લગ્નાદિ અને મરણનાં પ્રસંગોમાં પણ માત્ર સાક્ષીભાવ રૂપ થઈ રહ્યો. પૂ. ગુરૂદેવ નાનચંદ્રજી મ. સા.નો પરિચય જેમ જેમ વધતો ગયો તેમ તેમ પૂ. ગુરૂદેવની માનવતાભરી દ્રષ્ટિનો મર્મ વધુ સમજતા થયા અને સ્વધર્મમાં પણ નવી દ્રષ્ટિ ખૂલતાં અનેકાનેક વ્યક્તિઓનાં ટેકારુપ બની રહ્યા. ઈ. સ. ૧૯૫૭નું ચાતુર્માસ પૂરૂં થયું. ચિનાઈ કુટુંબે પૂ. ગુરૂદેવને ભાવભરી વિનંતી કરી વરસોવામાં પધરામણી કરાવી. અત્રે પૂ. ગુરૂદેવની જન્મજયંતિ ખૂબ ભવ્યતા અને ભક્તિથી ઉજવી. તે વખતે મુંબઈનો માનવ મહેરામણ વરસોવા ઊમટયો હતો. એ એક ચિરસ્મરણીય પ્રસંગ બની રહ્યો. શતાબ્દિ ગ્રંથમાં ચિત્રપટ સંગ્રહાયેલું છે.

પૂ. ગુરૂદેવનાં સત્સંગ સમાગમે તેમના સાંસારિક વ્યવહારો લગભગ છૂટી ગયા. ભોગોપભોગ સંયમિત થયો. તદ્દન સાદા સફેદ વસ્ત્રો ધારણ કરતા થયા અને પછી તો કેસરી રંગની સાડી ધારણ કરી. ભગવી કંથામાં સાક્ષાત્ મીરાંબાઈ જાણે જોઈ લ્યો ! પ્રસંગોપાત પોતાને ત્યાં ભજનો, કથા, કિર્તન, વ્યાખ્યાન, પ્રવચનો ઉત્સાહથી કરાવતાં અને એમ વિદ્વાનો, આચાર્યો, શાસ્ત્રીજનો, ભજનિકો અને કિર્તનકારોનો સત્સંગ સમગ્ર કુટુંબને થયા કરે જેથી ઘરમાં–બાળકોમાં–સર્વમાં ધાર્મિક ભાવના અને ભક્તિ પરત્વે અનુરાગ–અભિરૂચી વધે તેમ પ્રયત્નશીલ રહ્યાં.

વૈષ્નવ ધર્મસંસ્કાર અનુસાર શ્રાવણ માસમાં મૌન રાખતા. ઉપવાસ કરતાં. જપ–નામસ્મરણની સાધના કરતાં. એમનું મનોબળ અજબ મજબૂત અને દ્રઢ હતું. એક વખત શ્રાવણ મહિનામાં સમુદ્રસ્નાન અર્થે ગયેલા, એમાં પાણીનાં સર્પે દંશ દિધો. પગે વીંટળાઈ ગયો પણ પછી છુટી તો ગયો અને એમ

ઘેર આવ્યા. પોતાને તો મૌન હતું એટલે માત્ર ઇશારતથી સર્પ કરડયાનું સમજાવ્યું. ડૉક્ટર આવ્યા, યોગ્ય ઉપચાર થયો. સૌ સારું થયું પણ એટલી શ્રદ્ધા અને મનોબળ રાખ્યું કે મૌન તો ન જ છોડયું. એમનાં અંતરબળનું અને આત્મશ્રદ્ધાનું બીજું પણ એક દ્રષ્ટાંત છે. એક વખત તેમણે બદ્રીનારાયણની યાત્રાએ જવાનો સંકલ્પ કર્યો. નીકળવાનાં બે દિવસ પહેલા તેમની નાની પુત્રીને ટાયફોઇડ થયાનું નિદાન થયું. પણ યાત્રાનો નિર્ણય લેવાઇ ગયેલો એટલે માત્ર ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખી, દિકરીને પ્રભુને ખોળે મુકી પોતે તો નીકળી ગયાં-પાછળથી પુત્રીની તબીયત બગડી. બદ્રીનાથનાં મંદિરમાં દીવાળીબેનને જાણે પ્રત્યક્ષ અનુભવ થયો કે પુત્રી મૃત્યુ સમીપ પહોંચી છે. એમણે તો ઇષ્ટદેવ સન્મુખ પ્રભુ સ્મરણમાં ચિત્ત લીન કરી જાપ કર્યા કર્યા અને જાણે કે પ્રભુએ લાજ રાખી. એમનો આવો ઉત્કટ વૈરાગ્યભાવ અને ભક્તિ અનુરાગ કુટુમ્બીજનોમાં વિક્ષેપ ઉભો કરે તેવું થોડુ થયેલું પરંતુ પૂ. ગુરુદેવનાં સત્ સમાગમે સમસ્ત કુટુમ્બને સત્સંગનો મહિમા સમજાયો

અમદાવાદનો ચીનાઇ બાગ એમના સત્સંગ સમાગમનો આશ્રમ બની રહ્યો એમ કહેવામા અતિશયોક્તિ નથી. ત્યા ભજન, કિર્તન, ભાગવત પારાયણ, ક્રિયાકાંડાદિ થયા કરતાં. ભક્તમંડળ વિસ્તાર પામતું ગયું અને નાતજાતના ભેદ વગર અનેક કોમનાં બ્હેનો-ભાઇઓ કે અજાણ બહોળી સંખ્યામાં આવતા થયા. પૂ ગુરુદેવની ચિનાઇ બાગમા પધરામણી કરાવી અને ત્યાં જન્મ જયંતિ ઉજવી લાભ લીધો.

છેલ્લાં ૨૦ વર્ષથી એમને પ્રેમલક્ષણા ભક્તિનો રંગ ચડયો હતો. કૃષ્ણ જન્મોત્સવ, રાસલીલા અને એવાં જ ભક્તિપ્રધાન કાર્યક્રમોમા એવા તો તન્મય બની જતાં કે દેહભાન વિસરાઇ જાય. શ્રીકૃષ્ણ સાથે ઓતપ્રોત બની જતાં, દેહ જુદાં પણ આત્મભાવે

એક બની જતાં. મીરાં અને રાધાની જેમ મુક્તપણે નાચી ઉઠતાં. પૂ. ગુરૂદેવ પણ એમની ભક્તિનાં સાક્ષી થયા છે. સાયલા મુકામે એક ગુરૂ પૂર્ણિમાએ હીરાબહેને ગોપ-ગોપીઓ સહિત પોતે કૃષ્ણ બની ગુરૂદેવ સમક્ષ ભક્તિરસની ઝાંખી કરાવેલી. તે દિન તો જ્ઞાન અને ભક્તિનો જાણે સમન્વય થયો હોય તેવું લાગેલું. સ્વરૂપ ઝંખનાની એવી તો લય લાગેલી કે અહિસંગનદીના કિનારે ઝુંપડી બાંધી બે મહિના એકાંતવાસ સ્વીકારેલો. વળી એક વખત ચિનાઈ બાગની બાજુમાં ભમરીઓ કુવો છે તેની અંદર વચ્ચે રૂમ છે ત્યાં પણ સાધના માટે તેઓ રહેલા.

વૈરાગ્ય રંગે એવાં તો રંગાયા કે પછી અમુક વર્ષો સુધી માત્ર દૂધ અને રોટલી ખોરાકમાં લેતા. આમ બેજ વસ્તુ લઈને સદા સાધનામાં મસ્ત રહેતા.

આમ છતાં આદર્શ ગૃહસ્થાશ્રમ નિભાવ્યો. વ્યવહાર કાર્યોમાં ઔદાસિન્ય વૃત્તિ રાખી યોગ્ય માર્ગદર્શન અને સુચનો આપતાં રહેતાં. પોતે અમીરી-ગરીબી બન્નેનો અનુભવ કરેલો હતો એટલે સમભાવ, સમદ્રષ્ટિ અને સમ્યકાચાર કેળવી શકેલા.

હીરાબેન હવે સામાન્ય નારી મટી સૌના આદરપાત્ર માતાજીનું બિરૂદ પામ્યા હતા. એમનો વિલક્ષણ ત્યાગ અને ભક્તિ સૌને આકર્ષી શકતા. દેહ ત્યાગનાં એક મહિના પહેલાં વરસોવા દરિયા મહાલમાં સર્વ કુટુંબીજનો સાથે રહેલાં. આ અરસામાં પૂ. સંતબાલજી ગુરૂદેવની શતાબ્દિ અંગે મુંબઈ પધારેલા અને ચીંચણી તરફ વિહારની તૈયારીમાં બોરીવલી બીરાજતા હતા. હીરાબેન તેમના દર્શનાર્થે ગયેલા. પૂ. દમયંતીબાઈ આ. ઠા. ત્યાં બિરાજતા. સૌને વંદના કરી સુખશાતા પૂછી વરસોવા પધારવા આગ્રહ કર્યો. કહે, આ છેલ્લો મેળાપ છે. અડવાડીયું પધારો અને લાભ આપો પૂ. ગુરૂદેવનાં ભક્તશ્રાવિકા ચંચળબેન પણ હતા તેમને કહે, હવે

આપણાં બંનેનો સમય થયા આવ્યો છે આપણે ઉપર જવાનું છે ત્યાં અહીંની જેમ સાથે રહીશું અને ગુરુભક્તિ કરીશું અને એમની અગમ્યવાણી જાણે સાચી ઠરી સંતો સાધ્વીઓ વચ્ચેથી પહેલાં ને પહેલાં જીવનદીપ બુઝાઈ ગયો. જીવનની જેને કોઈ અભિલાષા બાકી નહોતી રહી એવા અનાસક્ત જીવે પ્રભુ સ્મરણ, ગુરુ સ્મરણમાં ઈશ્વર સાન્નિધ્ય અનુભવતા ક્ષણભંગુર દેહ ત્યાગ્યો પરમાર્થનું ભાનુ તો બાંધી ચૂક્યા હતા કશી વળગણ પણ નહોતી કબીરના પદમાં તન્મય બની ગાતા તેમ 'જ્યોં કી ત્યોં ધર દીની ચદરીયા'—અને એમ અનેક ભક્તજનોના હૃદયમાં, કુટુંબીજનોમાં અને પરિચિત વ્યક્તિઓનાં હૈયામાં—અંતરમાં ભક્તિરસની સુવાસ અને પ્રેમલક્ષણાભરી ગુરુભક્તિનો રંગ ચટાવી કસ્તુરી જેવા મહેક મૂકી ગયા—ૐ શાન્તિ !!!



....શ્રદ્ધાંજલિ....

વાત્સલ્યમૂર્તિ મા!

અબોધ અવસ્થા–કિશોર વયનો કાળ હતો ત્યારે સાંભળેલું ગીત અને તેની મધુર લીટીઓ આજે યાદ આવે છે, આત્મસાત થઈ છે 'જનનીની જોડ સખી નહિં મળે રે લોલ.' તારા પ્રેમાળ હૃદયમાંથી વહેતી તારી અમૃતમયી, વહાલસોઈ, પરમ પુનિત લાગણી અને પ્રેમને વ્યક્ત કરવા અમે સર્વથા અસમર્થ છીએ.

મા, તારા વાત્સલ્યભાવ અને નિર્મળ પ્રેમની જે અમિવર્ષા થઈ છે અને તેનું સુમધુર સંવેદન અમે જે અનુભવ્યું છે તે ઋણ કોઈપણ પ્રકારે યત્કિંચિત્ પણ અમે વાળી શકીએ તેમ નથી. તારી સ્મિતભરી–સુહાસી મુખમુદ્રા ક્ષણભર પણ અમ અંતરથી દૂર થતી નથી. કવિ બોટાદકરે એટલે જ ગાયું છે ને કે—

'ગંગાના નીર તો વધે ઘટે રે લોલ,
(પણ) સરખો તારા પ્રેમનો પ્રવાહ જો,
જનનીની જોડ સખી નહિં મળે રે લોલ.'

મા, તેં તારા પોતાનામાં વિકસાવેલા દયા, પ્રેમ, સેવા, ક્ષમા, સરળતા, ઔદાર્ય, વૈરાગ્ય અને આત્મદર્શનની મસ્તીભરી ઝંખનાસહ સદ્‌ગુણોથી વિભુષીત રહી કો' દિવ્યધામ નિવાસી બની છો પણ વારસો અમારા જીવનમાં દાખલ કર્યો છે તે જ મહદ્ ઉપકાર છે.

પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય કવિવર્ય સદ્ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મ. સા. ના સત્સંગ સમાગમના પ્રભાવે તો તારી કાયાપલટ કરી જેમ ભગવાન નેમનાથની એક જ દેશના ગજસુકુમાર, થાવરચ્ચા પુત્ર અને ભગવાન મહાવીર દેવની પણ એક જ દેશનાથી મેઘકુમાર જેવા અનગાર સુબાહુકુમાર પ્રતિબોધ પામ્યા એવી જ રીતે તેં પણ ચિનાઈ કુટુંબમાં એક આદર્શ પ્રસ્થાપિત કર્યો

સ્નેહમયી મા, તારું જીવન તો ખરેખર જ ધન્ય હતુ, પણ તેના કરતાંય તારું મૃત્યુ (?) મન્વંતર બની ગયું એ અંતિમ પાવનકારી પળોની યાદ આવે છે ત્યારે અમારૂં અંતઃકરણ ભક્તિગ્રે રડી ઉઠે છે. તારો વિયોગ અસહ્ય છતાં અમોને તો એમ જ લાગે છે—અરે! અંતરાત્મા સાક્ષી પુરે છે કે તું ક્યાંય ગઈ જ નથી તું આજે પણ અમારી આસપાસ જ છે. તારા અદૃશ્ય આશિર્વાદથી અમારૂં સદા શ્રેય જ થયા કરશે

ખરેખર, તારા જેવી રત્નકુક્ષીએ જન્મ પામી અમે ગૌરવ અનુભવીએ છીએ અને અમારૂં સૌભાગ્ય ગણીએ છીએ પરમ દેવના માતાજી! સંતો પ્રત્યેની તારી મહાભક્તિ, દીનદુઃખીજનો તરફ તારી કરુણાશીલતા, પરમાત્મ દેવ પ્રતિની તારી અખંડ શ્રદ્ધા ઉપાસના અને કુટુંબ પરત્વેનો તારો નિર્મળો પ્રેમભાવ, ચિનાઈ કુટુંબમાં પ્રસારી અમોને અમૂલો વારસો આપ્યો તેના કેટલા ગુણ ગાન કરીએ? અમારી સીમિત શક્તિ જોઈ સહજ ઉદ્ગાર નીકળે છે કે, 'લિખિત' યદિ ગ્રહીત્વા શારદા સર્વ કાલ, તદપિ તવ ગુણસ્ય પારં ન યાતિ.'

આજે તારી પુણ્યસ્મૃતિ નિમિત્તે આપણા પરમ શ્રદ્ધેય, પરમોપકારી, પરમ કૃપાળુ પૂ. ગુરુદેવ શ્રી નાનચંદ્રજી મ. સા. નું આ પ્રકાશન 'અંતિમ પત્રસુધા' પ્રગટ કરવામાં યત્કિંચિત્ ફાળો

આપી કૃતકૃત્ય બનીએ છે, તેને પ્રેમાદરભરી અંજલિને સ
કૃતાર્થ કરજે.

સં. ૨૦૩૩, પ્ર. શ્રાવણી પૂર્ણિમા, ઇ. સ. ૧૯૭૭
દરિયા મહાલ, વરસોવા.
મુંબઈ.

લી.
નિરંતર સ્મરણાગ્રત
પ્રેમપ્રણામ કરતાં તારા પરિવ
વંદન, શતકોટી પ્રણામ



ચિનાઈ પરિવાર

સ્વ. શેઠ માણેકલાલ ચિનાઈ પૂ. હીરાલક્ષ્મીબા ચિન

(પુત્રો, પુત્રવધૂઓ)

નટવરભાઈ	સ્વ. બાબુભાઈ અશ્રુમતિબેન	કનૈયાલાલ અ. સૌ. જ્યોત્સનાબેન	બુદ્ધિસાગર અ. સૌ. બાળાબેન	સારાભાઈ અ. સૌ. તસ્વિના	મહેન્દ્રભાઈ અ. સૌ. નંદિની

(પુત્રીઓ)

અ. સૌ. સરલાબેન	અ. સૌ. શકુન્તલાબેન	અ. સૌ. અરુણિકાબેન

(પૌત્ર–અપૂર્વભાઈ — પૌત્રવધુ–હેમા)

ધર્મપ્રેમી સ્વ. શ્રી દેવજી મોણસી



જન્મ :
સંવત ૧૯૬૧

દેહાવસાન :
સંવત ૨૦૩૨
ચૈત્ર વદ ૧
તા. ૧૫-૪-૧૯૭૬





ધર્માનુરાગી ગં. સ્વ. શ્રીમતિ રતનબહેન દેવજી માણસી

સ્વ. શ્રી દેવજી મોણશીનો જીવન પરિચય

સંવત ૧૯૬૧ની સાલમાં કચ્છ ગામશ્રી સમાઘોઘાના શા મોણશી વરજાંગની ધર્મપત્ની જમોબાઈની કુક્ષીએ જન્મ થયેલો.

સ્થાનિક શાળામાં પાંચ જ ચોપડીનું ભણતર ભણ્યા હતા પણ બુદ્ધિ ખૂબ જ તેજ હોઈ ગણતર-કુશળપણું વધુ હતું.

૧૨ વર્ષની નાની વયમાં તેઓશ્રી મુંબઈ આવ્યા અને પિતાશ્રીની દુકાનમાં બીજા ત્રણ ભાઈઓની સાથે ધંધો શીખવા લાગ્યા. આ અરસામાં પિતાશ્રીનું છત્ર ખોયું પણ બુદ્ધિની તિવ્રતા હોઈ ધંધામાં આગેસર રહ્યા.

૨૧ વર્ષની વયે સં. ૧૯૮૨ની સાલમાં તેઓશ્રી ગામના વાડાના શા દેવરાજ ભોજુ ચોથરીઆની સુપુત્રી રતનબાઈ સાથે લગ્નગ્રંથીથી જોડાયા. લાંબો કાળ સંયુક્ત કુટુંબ નીભાવ્યું પણ પછી તેઓશ્રીએ પોતાની અલગ દુકાન કરી અને ખૂબ જ ખંત અને પ્રમાણિકતાથી જમાવી. તેઓશ્રી કોઈપણ ધાર્મિક કાર્ય હોય તો હમેશા આગળ પડતો ભાગ લેતા, તેના પૂરા ખંતથી દાન-ધર્મ કરી ઊંચી નામના પામ્યા

પૂર્વ પ્રારબ્ધનાં ઉદયે ૪૭ વર્ષની વયે તેઓશ્રીને કેન્સર જેવી ભયંકર બિમારી લાગુ પડી પરન્તુ ધર્મશ્રદ્ધા રાખી તેનો સામનો કર્યો. જેમ ફૂલ હમેશાં ખીલીને પોતાની સુગંધ ચોમેર પ્રસરાવીને બીજાનું મન પ્રફુલ્લિત કરે છે, તેમ તેઓશ્રીએ બધાં દુઃખો સહન કરી અન્યને ઉપયોગી થવા યત્ન કર્યો તેમજ ધર્મ આરાધનામાં સમય પસાર કર્યો.

તેઓશ્રીએ સં ૨૦૨૧ના [illegible] વદ ૧૦ને ગુરુવાર તા. ૨૫-૮-૬૫ના મંગલ દિને અમના બહેન શ્રી દેવુબાઈના હાથોના

ગુણીના શ્રી કસ્તુરબાઈને કાનજી હેમરાજ (લીંબડીના મોટા પક્ષમાં વિચરતા બા. બ્ર. કોકિલાબાઈ સ્વામી)ની દિક્ષા સમારંભના મુકામે કરાવી પોતાના ધાર્મિક કાર્યોમાં યશકલગી પૂરી.

વેદનીય કર્મનાં ઉદયે કમનસીબે ૬૫ મા વર્ષે તેમની આંખની જ્યોતી વિલાઈ ગઈ. છતાં પુત્રના સહારે ધર્મસ્થાનકે જતા અને દાન-પુણ્ય કરતાં. આ પાંચ વર્ષ દરમ્યાન એમના વિનયી, મમતાળુ, ધર્મપત્ની રતનબાઈએ રાતદિવસ જોયા વિના ખૂબ જ કાળજીથી એમની સેવા કરી. તેમણે કદીએ થાક કે કંટાળો અનુભવ્યો નહી.

આ દંપતિને સંતાનમાં એક પુત્ર શ્રી શામજીભાઈ ઉર્ફે જખુભાઈ અને એક પુત્રી લક્ષ્મીબાઈ છે. શ્રી શામજીભાઈ પણ એમના પિતાશ્રીનો વારસો સંભાળી પિતાશ્રીના પગલે પુનિત કાર્યોમાં સાથ પુરાવે છે અને વારસામાં મળેલા ઉમદા ગુણો આજે એમનામાં તરી આવે છે.

દેવજીભાઈએ ચીંચપોકલી ઉપાશ્રયમાં ખૂબ ધર્મકરણી કરેલી છે અને શુભ ખાતામાં રકમો પણ વાપરી છે. અંતે ૭૦ વર્ષની વયે સં. ૨૦૩૨ના ચૈત્ર વદ ૧ને ગુરૂવાર તા. ૧૫-૪-૧૯૭૬ના દિને એઓશ્રીએ પ્રત્યાખાન કરી, ધર્માનુરાગમાં મન પરોવી, શ્રી વીતરાગનાં નામસ્મરણ સર્વેને ખમાવી આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કરી અમર પંથે વિદાય કર્યો.

પૂ. ગુરૂશ્રી નાનચંદજી મ. સા. ના તથા તેમના સુશિષ્યાઓ દમયંતીબાઈ મહાસતીજી આ. મ. નાં સંસર્ગમાં દંપતિ આવેલા ત્યારથી જ જીવનમાં પરિવર્તન આવેલું અને ધર્મરંગ દ્રઢ થયેલો.

આજે આ પત્રસુધાનાં પ્રકાશનમાં યતકિંચિત્ પુષ્પાંજલિ અર્પી ગુરૂઋણ અદા કરવા પ્રયત્ન કર્યો છે તે તક આપવા બદલ શ્રી અરિહંતનાં ઋણી છીએ.

લી. ગુણાનુરાગી,

ગં. સ્વ. **રતનબેન** તથા **શામજીભાઈ**-(જખુભાઈ)

ૐ મૈયા

બે વાત

(૧) દીક્ષા પહેલાં મોરબી (કાઠીયાવાડ) માં શ્રીમદ્ રાજચંદ્રની મુલાકાત થવી અને (૨) દીક્ષા લીધા બાદ ગાંધીજી જેવી વિશ્વવંદ્ય વિભૂતિને તે કાળે જ ઓળખી જગતમાં અહિંસક માનવ સમાજની રચના માટે સહયોગ આપવો, એ બે ઘટનાઓ જ એવી છે કે પ. પૂ. ગુરુદેવ કવિવર્ય પં. નાનચંદજી મહારાજ શ્રી સ્થાનકવાસી સમાજના ક્રાન્તિપ્રિય એવા 'વિશ્વસંત'નું બિરુદ કદીને (જ) જાણે કાં ન આવ્યા હોય! એની પ્રતીતિ પૂરે છે

એ પ્રતીતિને સારી પેઠે મહોર લગાવનું હોય તેવું આ એમના ત્રણ્યે ત્રણ પત્રોના સંચયનું પુસ્તક, પોતાના નામને— 'સંતશિષ્ય પત્રસુધા'—નામને ચરિતાર્થ કરી મૂકે છે

સદ્ગત ગુરુદેવનાં દૃઢ અનુરાગવાળા, બોરીવલી સ્થાનકમાં આ પત્રો સારી પેઠે વંચાયા. મુંબઈની વિહાર યાત્રા દરમિયાન સાધીજનો સાથે એમાંના વિવિધ વિષયોને અનુરૂપ પ્રકરણો પાડવાં, ઉપોદ્ઘાત અને ઉપસંહાર અને સાર સૂચવતા શ્લોકો આપવા એમ પણ વિચારાયું. પરન્તુ મહાવીર નગર ચીંચણીમાં બહેન પ્રભા, બહેન દેના અને પં. સૌભાગ્યચંદ્ર તુરખીયાએ, બધા મળીને જો દસ-બાર દિવસ પુરેપુરો સમય લઈ સહયોગ ન આપ્યો હોત તો ભાગ્યે જ આ બધું આટલું જલદી તૈયાર થઈ શકત!

ભાઈશ્રી બલવંતરાય ખરેડિયાની તત્ત્વજિજ્ઞાસુ વૃત્તિ અને ઉત્સાહનો પણ જેમ આ સંકલનમાં ફાળો છે; તેમ તેમના પરમ

મિત્ર શ્રી ઉદયસિંહજી જાડેજા (બી. એ. એલ. એલ. બી.) એડવોકેટ મૂળ વાંકાનેરનાં-હાલ અમદાવાદ-આ દિવસો દરમ્યાન ચિંચણી સહેજે આવેલા અને એમનો સુદ્ધાં આમાં અચાનક સુયોગ ભળ્યો. તેમને પોતાને જે ઊંડો રસ પડ્યો તે તેમનો ઉદ્દાત્ત અભિપ્રાય સ્વયં કહી આપશે.

જૈન સમાજનાં નોંધપાત્ર અગ્રેસર અને વિચારક એવા સુશ્રાવક શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું આમુખ સુવર્ણમાં સુગંધ ભળવાની કહેવત બરાબર સાર્થક કરી મુકે છે.

આ મહાન પુસ્તક અમારા વડીલ ગુરૂ બન્ધુ પૂજ્ય ચુનીલાલજી (ચિત્તમુની) મહારાજશ્રીના આશીર્વાદ સાથે સરલ સ્વભાવી અને ગુરૂમય બનેલાં સાધ્વી કલાબાઈ પરની વહેતી ગુરૂ કૃપાને પરિણામે અને વિદુષી સાધ્વી દમયન્તીબાઈ વિ. પાંચેય સાધ્વીઓનાં મહાપરિશ્રમે જ વાચકોના હાથમાં આવતુ હોઈ વાચક માત્ર ઉપર જે મહોપકાર થશે તેનાં મૂખ્ય પુણ્યાધિકારી તેઓ જ બધાં સહેજે સહેજે બની જશે.

શ્રી ચીંચપોકલી સંઘને આ ચાતુર્માસમાં સાધ્વીજીઓનાં દર્શન, સત્સંગ અને હૃદયસ્પર્શી વાણીનો લાભ તો મળ્યો જ. ઉપરાંત આ મહત્વનો ગ્રંથ પણ ત્યાંથી જ પ્રકાશિત થાય છે, એ મારા મતે એક વિરલ યોગ જ ગણાય ! શ્રી ચિનાઇ શેઠનાં ઉદાર પરિવારને તો કેમ વિસરાય ? શ્રી સંઘનાં હોદ્દેદારો ઉપરાંત ભાઈશ્રી જયંતિલાલ તુરખિયાની અખંડ જહેમત પણ મારા ખ્યાલમાં સહેજે આવી ચડે છે.

જે ભાવાતિશયથી આ પ્રકાશન સમયસર બહાર પડે છે તેનો તેવો જ લાભ વાચકો ઉઠાવી શકશે એવો મારી શુભેચ્છાનો અહીં હું સૂર પુરાવું છું.

– સંતબાલ

આમુખ

પૂજ્ય કવિ શ્રી નાનચંદજી મહારાજ સાહેબની જન્મ
ાબ્દિ થોડા મહિના પહેલાં ઉજવી ત્યારે તેમના પ્રવચનોનો
મહ-માનવતાનું મીઠું જગત્ બે ગ્રંથ (ચાર ભાગ)મા પ્રગટ
ાં. શતાબ્દિ સ્મારક ગ્રંથમા પૂ. મુનિશ્રી ચુનીલાલજી (ચિત્તમુનિ)
કવિશ્રીના વિચાર દોહન રૂપે તત્વદર્શન લખ્યું છે અને મુનિશ્રી
સ્બાલજીએ જીવન ચરિત્ર લખ્યું છે. તે સમયે નિર્ણય કર્યો
ા કે પૂ. ગુરૂદેવનાં પત્રોના સંગ્રહ પ્રગટ કરવો, જે હવે પ્રગટ
ર છે

કવિશ્રીનો પત્ર વ્યવહાર વિપુલ છે, અને સદ્ભાગ્યે મોટી
ખ્યામાં પત્રો સચવાયા છે, અને પ્રાપ્ત થયા છે. પત્રોનું
કલન મુનિશ્રી સંતબાલજીએ વિષયવાર વિભાગ કરી ૨૬ વિભા-
મા વ્હેંચી નાખ્યા છે, દરેક પત્રને મથાળુ આપ્યું છે. દરેક
ભાગની શરૂઆતમાં વિષય પ્રવેશ રૂપે ઉપોદ્ઘાત અને અંતે
સંહાર સંતબાલજીએ લખી આપ્યા છે જે વાચકને ઘણા
ર્ગદર્શક થશે મહાસતીજી દમયંતીબાઈએ અથાક પરિશ્રમ લઈ
પત્ર સંગ્રહ તૈયાર કર્યો છે અને પ્રગટ કરવામાં દેખરેખ
ી છે.

પત્ર વ્યવહાર અંગત વસ્તુ છે. લેખ કેટલેક દરજ્જે નિર-
ાથી લખી શકાય છે. પત્ર લેખનમાં નિકટ સંબંધ છે તેમાં
નું ક પ્રાસંગિક હોય અને તે સાથે ચીરંતત્વ હોય.

બધા ધર્મોમાં અને ખાસ કરી જૈનધર્મમાં, ગુરનો અનીમ

મહિમા બતાવ્યો છે. ગુરૂ વિના જ્ઞાન નહિ. સાચું આધ્યાત્મિક જ્ઞાન, બુદ્ધિ કે તર્ક નહિ, પણ અનુભૂતિનો વિષય છે, અને એ માત્ર વાંચન કે શ્રવણથી નહિ પણ પ્રત્યક્ષ સદ્‌ગુરૂ પાસેથી જ પ્રાપ્ત થઈ શકે. શ્રીમદ્ રાજચંદ્રે 'આત્મ સિદ્ધિ'માં આ વાત સરસ રીતે જણાવી છે.

સેવે સદ્‌ગુરૂ ચરણને, ત્યાગી દઈ નિજ પક્ષ.
પામે તે પરમાર્થને, નિજ પદનો લે લક્ષ.

પ્રત્યંક્ષ સદ્‌ગુરૂ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર,
એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મ વિચાર.

સદ્‌ગુરૂનાં ઉપદેશ વિણ, સમજાય ન જિન રૂપ,
સમજ્યા વિણ ઉપકાર શો, સમજ્યે જીન સ્વરૂપ.

પ્રત્યક્ષ સદ્‌ગુરૂ યોગથી, સ્વચ્છંદ તે રોકાય,
અન્ય ઉપાય કર્યા થકી, પ્રાયે બમણો થાય.

સ્વચ્છંદ, મત, આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરૂ લક્ષ,
સમકિત તેને ભાખિયું, કારણ ગણી પ્રત્યક્ષ.

માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય,
જાતા સદ્‌ગુરૂ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.

પણ સાચા સદ્‌ગુરૂ હોય તો જ આ સ્થિતિ પ્રાપ્ત થાય છે. સાચા સદ્‌ગુરૂનાં લક્ષણ પણ શ્રીમદ્‌જીએ કહ્યા છે,

આત્મજ્ઞાન સમદર્શિતા, વિચરે ઉદય પ્રયોગ,
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્‌ગુરૂ લક્ષણ યોગ્ય.

આવા સદ્‌ગુરૂ મળવા જીવનનું પરમ સૌભાગ્ય છે. પણ આપણે સંસારી જીવને સદ્‌ગુરૂની ઓળખ નથી. આપણે તો શ્રીમદે કહ્યું છે તેમ,

પ્રત્યક્ષ સદ્ગુરુ યોગમાં, વર્તે દૃષ્ટિ વિમુખ,
અસદ્ગુરુને દૃઢ કરે, નિજ માનાર્થે મુખ્ય.

બાહ્ય ત્યાગ પણ જ્ઞાન નહિ, તે માને ગુરુ સત્ય,
અથવા નિજકુળ ધર્મનાં, તે ગુરુમાં જ મમત્વ

અસદ્ગુરુને સદ્ગુરુ માની બેસીએ અને અસદ્ગુરુ એવા વિનયનો લાભ લે તો ગુરુશિષ્ય બન્ને

"મહા મોહનીય કર્મથી બૂડે ભવજળ માંહિ"

કવિશ્રી નાનચંદ્રજી મહારાજશ્રી પ્રભાવશાળી વ્યક્તિ હતા, સાધક હતા, ઉદારચરિત અને સરલ સ્વભાવી હતા. મોટી સંખ્યાના ભાઈ બ્હેનોને પ્રેરણા રૂપ હતા. પ્રત્યક્ષ પ્રેરણા અને ઉપદેશ ઉપરાંત. મુમુક્ષુ અથવા જીજ્ઞાસુ ભાઈ બ્હેનોને પત્ર વ્યવહારથી માર્ગદર્શક બનતા

આ પત્રવ્યવહાર જે પ્રકટ થાય છે તે ઉપરથી જણાશે કે વિવિધ સ્વરૂપે તેમણે આવું માર્ગદર્શન આપ્યું છે. કવિશ્રીની એક વિશેષતા હતી—ગૃહસ્થને ગૃહસ્થ-ધર્મનો ઉપદેશ જ હોય, મુનિધર્મનો નહિ. ગૃહસ્થી આદર્શ શ્રાવક કે શ્રાવિકા બને તે લક્ષ હોવું જોઈએ. ટુંકમાં નિશ્ચય અને વ્યવહાર દૃષ્ટિનો બરાબર સમન્વય-સાધના.

વ્યક્તિગત માર્ગદર્શન આપવું હોય ત્યારે, સામી વ્યક્તિની પાત્રતા, ક્ષમતા વિ. લક્ષમાં લેવા જોઈએ. દરેક સરખી કોટીનાં નથી હોતા. ગુરુની ખૂબી જ એ છે કે શિષ્યની લાયકાત પ્રમાણે જ્ઞાન આપે, ન ઓછું, ન વધુ.

આ પત્રવ્યવહારથી એ પણ જણાશે કે આધ્યાત્મના પંથે વિચરતાં, વિટંબણાઓ અને મુશીબતો હોય ત્યાં કેટલી ધીરજથી

કામ લેવાનું રહે છે. કોઈને જપનો, કોઈને ધ્યાનનો, કોઈને યોગ
તો કોઈને માત્ર નામસ્મરણ કે કષાય મંદતાનો માર્ગ બતાવ્યો
પણ અંતિમ લક્ષ ચિત્તશુદ્ધિ, વ્યવહાર શુદ્ધિ અને છેવટ
સ્વરૂપનું ભાન કે આત્મજ્ઞાન એ જ રહ્યું છે.

વ્યવહારિક પ્રસંગોની મુશીબતોમાં સાંત્વન અને દિ
આપ્યા છે. યોગ્ય સમયે, યોગ્ય વ્યક્તિ તરફથી, યોગ્ય ર
સાચું માર્ગદર્શન મળે તો માણસ બચી જાય છે. અંતે
સ્વપુરૂષાર્થ જ કામ લાગે છે, પણ તે ચેતના જાગૃત કરવા ક
નિમિત્ત બને, એક જ ચીનગારી મળી જાય અને અંતરમાં પ્રક
પડે તેથી જીવનની દિશા બદલાઈ જાય છે.

મુમુક્ષુ અને જીજ્ઞાસુઓને આ પત્રવ્યવહાર દીવાદાંડી સમ
ભોમિયો બનશે.

મુનિશ્રી સંતબાલજીની ગુરૂભક્તિ અવિચલ રહી છે. મહાર
દમયંતીબાઇની ગુરૂભક્તિ અનન્ય છે. બન્નેએ આ જન્મશતા
પ્રસંગે ગુરૂઋણ અદા કર્યું છે. તે માટે તેમને ધન્યવાદ ઘટે

શ્રી દામજી લક્ષ્મીચંદ જૈન ધર્મસ્થાનક ટ્રસ્ટને આ પુસ
પ્રકટ કરવાની તક મળે છે તે અમારૂં સદ્ભાગ્ય છે.

પર્યૂપણ દરમ્યાન આ પુસ્તક પ્રકટ કરવાની ભાવના હોવ
ઝડપથી પ્રેસમાં કામ લેવાનું રહ્યું. તેમાં ભાઈ જયન્તિલાલ તુર
યાએ સારી મહેનત લીધી છે, તે માટે તેમનો આભાર માનું

અંતમાં આ બે શબ્દો લખવાની મને તક આપી તે
મહાસતી દમયંતીબાઇનો આભાર માનું છું.

મુંબઈ
૧-૮-૧૯૭૭

ચીમનલાલ ચકુભાઇ શાહ, પ્ર
શ્રી દામજી લક્ષ્મીચંદ જૈન ધર્મસ્થાનક

....સંપાદકીય....

પૂ. ગુરુદેવ કવિવર્ય શ્રી નાનચંદ્રજી મહારાજ સાહેબ સૌરાષ્ટ્રના કે ભારતના જ નહિ પણ વિશ્વસંતોની કોટિમાં સ્થાન પામે એવા વિશ્વસંત હતા. ગત વર્ષે જ તા. ૨૧ નવેમ્બર ૧૯૭૬માં તેમનો જન્મ શતાબ્દિ મહોત્સવ ભવ્ય રીતે વિશાળ હાજરીમાં મુંબઈના ચોપાટીના સાગર કિનારે ઉજવવામાં આવ્યો. તે વખતે પૂ. ગુરુદેવને તેમના અનુયાયિઓ, ભક્તો તથા પ્રેમીઓ તરફથી ભવ્ય અંજલિઓ આપવામાં આવી. તેમની સ્મૃતિમાં સ્થા. સમાજને ઉપયોગી કર આગમનો સાર સમાવિષ્ટ કરતો, અનેક પ્રવચનો, લેખો, કાવ્યો અને સંસ્મરણોથી સમૃદ્ધ એક દળદાર ભવ્ય અને વિશાળકાય સ્મૃતિગ્રંથ પણ પ્રગટ કરવામાં આવ્યો હતો. તે સાથે તેઓશ્રીના મધુર પ્રવચનો જે 'માનવતાનું મીઠું જગત' ના નામે ચાર ભાગમાં પૂર્વે પ્રકાશિત થયેલા પણ અનુપલબ્ધ હોવાથી તેની પુનરાવૃત્તિરૂપે ચાર ભાગમાં–એ પુસ્તકો પ્રગટ કરવામાં આવ્યા હતા.

એ પૂ. ગુરુદેવની જન્મ શતાબ્દિના સાહિત્યિક કાર્યક્રમના ભાગરૂપે, પૂ. ગુરુદેવે તેમના અનુયાયી વર્ગને તેમ જ જિજ્ઞાસુ, મુમુક્ષુ જૈન–જૈનેતરોને માર્ગદર્શક રૂપે જે પત્રો લખેલા તેમાંથી ઉપલબ્ધ પત્રોને ખૂબ પ્રયત્નપૂર્વક સંગ્રહ કરી આ પુસ્તક પ્રગટ કરવામાં આવે છે, તેથી હર્ષ અને આનંદ થાય છે

આ પત્રો વાચતાં જણાશે કે આ સામાન્ય પત્રો નથી પરંતુ જેણે જેણે, જ્યારે જ્યારે વ્યાવહારિક કે કૌટુંબિક

અથવા સાધના સંબંધી મુશ્કેલીઓ જણાવી અને તે અંગે ઉપાય, સલાહ, સૂચનો અને આશીર્વાદ માંગ્યા ત્યારે ત્યારે તેમણે ત્વરિત, સચોટ ખુલાસા અને માર્ગદર્શન આ પત્રો દ્વારા આપ્યા છે. એટલે આ પત્રો જિજ્ઞાસુઓ અને મુમુક્ષુ સાધકોને આજે પણ તેટલા જ ઉપયોગી છે જેટલા તે વખતે હતા.

સંપ્રદાયના કોઈ પણ જાતના વ્યામોહ વિના, નાતજાત, દેશ, વેશ કે ધર્મનો ભેદભાવ રાખ્યા વગર ગમે તે વ્યક્તિએ જ્યારે પણ માંગ્યું ત્યારે તેને વ્યક્તિગત સ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે. આ પત્રો દ્વારા કોઈ સદ્‌ગૃહસ્થ પોતાની કૌટુંબિક ફરજ ચૂકતો હોય કે કોઈને અંદરોઅંદર ક્લેશ–વિખવાદ થયો હોય ત્યારે તેની ફરજનું ભાન માર્મિક શબ્દોમાં કરાવી તેને સન્માર્ગે લગાડયો છે. જ્યારે કોઈ સાધક પોતાની સાધના કરતાં કરતાં ક્યાંક અટવાઈ ગયો હોય, અધવચ્ચે અટકીને મુંઝાતો હોય ત્યારે તેને એક સાચા ગુરુ તરીકે સંકેતો આપી, મુંઝવણોથી બહાર કાઢી, સાધનાની દિશામાં દૃઢ બનાવી આગેકૂચ કરાવી છે. વસ્તુતઃ ગુરુદેવે આ પત્રો દ્વારા માર્ગાનુસારીથી માંડીને આત્મસાક્ષાત્કાર (સમ્યક્ત્વ પ્રાપ્તિ) સુધીની ભૂમિકાનું માર્ગદર્શન આપ્યું છે એ હકીકત છે. એટલે પ્રત્યેક પત્ર સાધકને, જિજ્ઞાસુને, મુમુક્ષુને, સંસારીને અને સાધુ, સાધ્વી–સંન્યાસીને ખૂબ જ ઉપયોગી થઇ પડે તેવા છે. આ પત્રોરૂપી ગાગરમાં ગુરુદેવે અધ્યાત્મ સાગરને સમાવી દીધો છે.

પૂ. ગુરુદેવના પ્રવચનો વિશેષતઃ માનવતાલક્ષી થતા હતા. માનવદેહ મળ્યા પછી પણ પાશવિક વૃત્તિઓને કારણે માનવ, પશુ અને દાનવની કોટિમાં જીવે છે. તે વૃત્તિઓ કેમ દૂર થાય અને માનવતા કેમ પ્રગટે તે વિષે જ મુખ્યતાએ સચોટ દૃષ્ટાંત અને દલીલોથી ભરપૂર તેમના પ્રવચનો થતા અને જનસમુદાયમાં તે ખૂબ લોકપ્રિય અને આકર્ષણને પામતા. પરંતુ તે સાર્વજનિક હિતનું કારણ હોવાથી કેટલાક વ્યક્તિગત પ્રશ્નોના ખુલાસા રહી

જવા પામે તે સ્વાભાવિક છે એટલે પ્રવચનો કરતા પણ આ પત્રોની વિશિષ્ટતા અને મહત્તા એ છે કે આમાંથી જનતાને વ્યક્તિગત પોતાની મુશ્કેલીઓમાંથી નીકળવાના ઉપાયો અને શંકાઓના સમાધાન મળતા હતા જે સર્વોપયોગી પણ છે

જે સાચી શાંતિ માટે કે આત્મ કલ્યાણ માટે ઝંખતા તેમને તેઓ જણાવતા કે—

'શાંતિ તો તમારી અંદર જ છે પરંતુ બહિર્દષ્ટિ અને વ્યવહારિક વાતોમાં અટવાયેલા મનને લીધે ખરી શાંતિના દર્શન થતા નથી. અંતઃકરણમાંથી જ આનંદ પ્રગટે છે કે જે દુનિયાની કોઈ પણ વસ્તુમાંથી મળી શકે નહિ માટે પોતાની સાચી સમજણ કેળવો, આત્મજ્ઞાન પ્રગટાવો, ધનવૈભવની લાલસા, અને મોટાઈના ખ્યાલોને દૂર કરો. ખોટી જરૂરીયાતો ઘટાડો તો ખર્ચ ઘટશે અને થોડે પૈસે ઉપાધિરહિત જીવન ગાળી શકાશે જીવનશુદ્ધિ કરવામાં મગ્ન રહેવું અને આત્મબળથી જ બધા કાર્યો કરવા જેથી આસક્તિ ઘટે અને કર્મબંધન થાય નહિ આપણે કેટલા આગળ વધ્યા તેનું સદા આત્મનિરીક્ષણ કરવું સદા ભાવ પ્રતિક્રમણ કરતા રહેવું બીજાને બોધ આપતા પહેલા પોતાની ત્રુટિઓ દૂર કરવી, અહંવૃત્તિ પરનિંદા, સ્વપ્રશસ્તિ, બીજાના દોષ જોવાની ટેવ છોડવા સદા જાગૃતિ રાખવી

આમ તેઓશ્રીએ પત્રે પત્રે આત્મજ્ઞાન અને આત્મજાગૃતિ પૂર્વક આત્મરમણતા ઉપર ખૂબ ભાર આપ્યો છે તેઓશ્રી જે કંઈ લખતા તે પોતાના અનુભવના નિચોડરૂપે લખતા ને જેટલું ઉપકારી હોય તેટલું જ લખતા તેઓશ્રીની એક જ ભાવના રહી કે સંસારના અનંત જીવોની દુઃખનિવૃત્તિ અને સુખ પ્રાપ્તિ કેમ થાય અને આ કાર્યમાં જ મારા દેહ, મન, બુદ્ધિ, ઇન્દ્રિય અને પ્રાણોનો નિરંતર ઉપયોગ થતો રહે—આવા નિઃસ્વાર્થ, નિષ્કામ

વિશ્વપ્રેમનો, જનકલ્યાણકારી કરુણાનો, તેમના હૃદયમાં અવિરત સ્રોત વહેતો રહેતો.

અહીં આ ગૂઢ રહસ્યનો ઉલ્લેખ કરવો જરૂરી છે કે, ગુરુદેવના પત્રો, પ્રવચનો, કાવ્યો વાંચતાં સહેજે પ્રતીત થાય છે કે તેઓ આત્મજ્ઞાની–આપ્ત પુરુષ હતા. જો કે લોકોને આ વાતની ત્યારે ખબર ન પડી કારણ કે તેઓ પોતાને સાધક અને અપૂર્ણ તરીકે ઓળખાવતાં પણ ખરા. આત્મજ્ઞાનીઓ પોતાની જાતને આ જ રીતે ઓળખાવે છે એટલે લોકો સમજી ન શકે તેમાં આશ્ચર્ય નથી. તેઓ ઉપલબ્ધ પુરુષ હતા. તેની ખાત્રી તેમના આ સ્વરચિત અનુભવપૂર્ણ કાવ્યથી અંતર્ધ્યાને જરૂર થઈ આવે છે. તેઓ જણાવે છે કે

ચાંદની બહુ ખીલી રે અંતરચોકમાં,
ઠંડકની જ્યાં લાગી રહી છે કોર જો;
ઝરમર ઝરમર ઝરણાં અમૃતનાં ઝરે,
તે સ્થળે વસતાં આનંદ પ્રગટે ઘોર જો.

અંતમાં તેઓશ્રી કહે છે–

અનુભવશું અંતરના ઉજ્જવલ ચોકને,
'સંતશિષ્ય' જો એહ સ્વરૂપ સમજાયજો. ચાંદની.

આવા આપ્ત અને અંતર્દ્રષ્ટા પુરુષના પત્રો અંતર્મુખ કરનારા બને એમાં સંશયને સ્થાન નથી.

આ રત્નકણિકા સમાન આધ્યાત્મિક પત્રોનો મોટો ભાગ તો પૂ. ગુરુદેવનાં અનન્ય ઉપાસિકા ચોટીલા નિવાસી શ્રી હીરાચંદ ઠાકરશીનાં ધર્મપત્ની ગં. સ્વ. ચંચળબા તરફથી પ્રાપ્ત થયો. પૂ. ગુરુદેવનાં ચોટીલાનાં ચાતુર્માસમાં–જે 'કેશવકુંજ'માં તેઓએ કરાવેલું–ત્યારે એક સુશ્રાવિકાના વિનય અને ભક્તિભાવ સહ

તેમણે ગુરુસેવાનો અનન્ય લાભ લીધો અને તાત્ત્વિક પ્રશ્નોની ઊંડી છણાવટ કરેલી. તદુપરાંત પૂ. જ્ઞાતમુનિ હેમકુંવરબાઈ મહાસતીજી ઉપરના અને અમારા પોતાના ઉપરના પણ ઘણા પત્રો જે મુખ્યત્વે સાધનાલક્ષી હતા તેનો આ સંકલનમાં સમાવેશ થાય છે. વળી સેવાપ્રિય ટી. સૂચક, અનન્ય ગુરુભક્ત ભાઈશ્રી ચીમનલાલ મણીલાલ મહેતા, તત્ત્વજ્ઞાનાનુ ઉદ્યોગપતિ ભાઈશ્રી ગુણવંતલાલ ટી કામદાર, સ્વ. વનમાળીદાસ ગુલાબચંદ તુરખીયા પાસેથી પણ પત્રો ઉપલબ્ધ થયા. પુષ્પાબેન, હેમલતાબેન ગુડગર, મણીબેન સંઘવી જયંતીભાઈ દફતરી, શ્રી બચુભાઈ ગોસલીયા, નાનજીભાઈ વીરજી, ગની-ભાઈ પ્રેકટર વિ. સૌએ પત્રો અર્પણ કર્યા તે માટે તેઓને ધન્યવાદ ઘટે છે

આ પત્રોનાં સંપાદનના ખરા યશાધિકારી તો પરમ પૂજ્ય અમે જેમને નાના ગુરુદેવ કહીએ છીએ તે પૂ. ચુનીલાલજી મ. સ. (ચિત્તમુનિ) છે. પૂ. ગુરુદેવની અંતીમ સમય-છેલ્લા શ્વાસ સુધી તેમણે જે અનુપમેય નિર્મળ સેવા કરી અને ગુરુસેવાનો અપૂર્વ લાભ લીધો છે તે અનન્ય છે. ગુરુકૃપાએ તેઓ આજે આધ્યાત્મિક સાધનાનો આનંદ માણી રહ્યા છે તેમના ઔદાર્યથી અમે પત્ર સંગ્રહ કર્યો. જેમ જેમ પત્રો આવતા ગયા તેમ તેમ નોંધ થતી ગઈ નોટબુકોના પ્રેસકોપી તૈયાર થઈ અને વ્યવસ્થિત થયા પછી તા. ૨૪-૪-૭૭નાં પૂ. ગુરુદેવના વિદ્વાન શિષ્ય મુનિશ્રી સંતબાલજી આશીર્વાદના અર્થે સાહિત્ય લેઈ ગયા. તેઓએ ચીંચણી પહોંચ્યા પછી માત્ર ૧૦-૧૨ દિવસના જ અથાગ પરિશ્રમ લઈ આ પત્રોના ૧૨ વિભાગો પાડયા અને દરેક વિભાગનું લાક્ષણિક દર્શન કરાવનાર ઉપોદ્ઘાત અને ઉપસંહાર લખી આ "પત્રસુધા"માં અમૃતત્વની સુજમાવટ કરી. પૂ. ગુરુદેવની માનવતાની દૃષ્ટિ અને સિદ્ધાંતને તેઓએ પચાવી છે અને આજે તેઓ સમાજને, દેશને અને વિશ્વને વાત્સલ્યથી અનોખું માર્ગદર્શન આપી રહ્યા છે. આભારશબ્દો તો તેમના માટે ઓછા ગણાય એટલે બીજું તો શું લખું ? પણ આ લીધેલા શ્રમ માટે અમારું હૃદય ગૌરવ

અને સદ્ભાવથી નમે છે. તેમની પોતાની નમ્રતાનો તો પાર જ નથી.

ભાઈશ્રી સૌભાગ્યચંદ ગોરધનભાઈ તુરખીયાએ શરૂઆતથી જ બધાં જ પત્રો પૂ. સંતબાલજીના નિશ્રામા સંકલિત કરી, યોગ્ય શિર્ષક આપી પ્રેસ કોપી કરી આપવામાં ઊંડો રસ લીધો તે ઉલ્લેખનીય છે.

બધું જ મઠારી સુધારી તૈયાર થયા પછી ચીંચપોકલી શ્રી સંઘે અમારા ચાતુર્માસ દરમિયાન આ આત્મોપકારી પ્રકાશનની જવાબદારી સહર્ષ સ્વીકારી અને કવિવર્ય ગુરુદેવનાં અત્યંત અનુરાગી વરસોવાવાળા ચિનાઈ કુટુંબે સત્ પ્રકાશન તરફે શ્રી સંઘને સહાયક બની અપૂર્વ લાભ લીધો તે બદલ ધન્યવાદ!

પૂ. ગુરુદેવ પ્રતિ જેમને અનન્ય ભક્તિભાવ છે તેવા જૈન સમાજનાં પ્રખર તત્વચિંતક અને સૌમ્ય-મૃદુભાષી આગેવાન શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ જેઓ આ શ્રી સંઘનાં પ્રમુખ પણ છે, તેમણે આમુખ લખી આપી આ પુસ્તકની અમૂલ્યતામાં વૃદ્ધિ કરી છે તે માટે તેમને શતશઃ ધન્યવાદ!

શ્રી ચીંચપોકલી સંઘનાં મંત્રી ભાઈ ચંબકલાલ પાનાચંદ વોરા, શ્રી રમણીકલાલ માણેકલાલ વોરા, શ્રી વસંતભાઈ સંઘવી, શ્રી મનુભાઈ નેણસી પારેખ અને તેમના સહકાર્યકરોનો સહીયારો પ્રયાસ પણ પ્રશંસનીય છે.

સવિશેષ તો નાનપણથી જ પૂ. ગુરુવર્ય પ્રતિ અસીમ ભક્તિ રાખનાર તત્વ જીજ્ઞાસુ ભાઈ જયંતિલાલ સુખલાલ તુરખીયાએ પ્રકાશન વ્યવસ્થા અંગેની સઘળી જવાબદારી સ્વીકારી અને પુસ્તકોનાં સુશોભન માટે કાળજી લઈ શ્રમપૂર્વક, નિષ્ઠાથી કાર્ય પરિપૂર્ણ કરવા ઉમંગ અને ઉત્સાહ બતાવ્યો તે બદલ ધન્યવાદ

અને આદિ...નામી અનેક સર્વ ભાઈઓએ જે જે સેવા આપી છે તેઓના અત્યંત માટે મારા અંતરના, હૃદયના, પરમ સદ્ભાવ પ્રગટ્યો છે. મુદ્રણ કરીને અને ત્વરિતપણે ઉમદા કાર્ય કરી આપવા માટે નવું અશ્વિન પ્રેસવાળા શ્રી શાંતિભાઈ જોબાલીયાને અભિનંદન એક ઉલ્લેખ કરવો આવશ્યક ગણું છું કે આ પત્રો મેં ચિત્રભાનુ મુ સંતબાલજી પાસે ગયેલા ત્યારે તેમના દર્શનાર્થે એક જિલ્લાનું એડવોકેટ ભાઈ શ્રી ઉમેદસિંહજી જાડેજા જેઓ આમ તો જૈનેતર છે તેઓ ગયેલા ત્યાં આ પત્રો સહજ કુતૂહલ અને જિજ્ઞાસાથી તેમણે જોયા વાંચ્યા અને એમના માનસપટ પર તેમજ અંતરના-હૃદયના જે ભાવ ઉભર્યા જે અસર પડી, જે તત્કાલીન થયું તે અંગે પ્રતિભાવ દર્શાવતો અભિપ્રાય તેમણે પૂ. મુનિના સંતબાલજીને પછી લખેલો તે ઉપયોગી લાગવાથી અહીં સમાવિષ્ટ કર્યો છે

અંતમાં એટલું જ કહેવાનું કે આ પત્રોનું વાચન મનન અધ્યયન અને ચિંતન એક પણ આત્માને ભાવ ઉત્કૃષ્ટ આત્મ જાગૃતિનું નિમિત્ત બનશે તો મારું આ સંપાદનનો પ્રયત્ન સાર્થક થયો ગણાશે. સર્વનું કલ્યાણ થાઓ !!! ૐ

સંત ચરણોપાસિકા
સાધ્વી દમયંતી

સહજ અભિપ્રાય

ચિચણ તા. [illegible]

બપોરના [illegible]

ॐ

પૂ. મહારાજ સાહેબ

ભાઈશ્રી બલવંતભાઈએ ગઈ રાત્રે કહ્યું કે મારે આપના પૂ. ગુરુદેવ કવિવર્ય પં. નાનચંદ્રજી મહારાજ સાહેબના જે પત્રો મેં વાંચ્યા તે વિષે મારો અભિપ્રાય આપને જણાવવો તેવી આપશ્રીની આજ્ઞા છે.

ખરી વાત એ છે કે હું તો અત્રે આવ્યો પ્રથમવાર, બે ત્રણ દિવસનું ધારીને આપના દર્શન માટે. અને 'સંત પરમ હિતકારી' એ ન્યાયે આપના સાન્નિધ્યે પદાર્પણ કરતાં જ મને તો અનાયાસે આ પત્રોમાં હિરા અને રત્નોની ખાણો જ મળી ગઈ. અને હું તો એમાં ખોવાઈ ગયો છું એવો કે અભિપ્રાય લખનારને શોધતાંય મને હાથ લાગતો નથી.

આ પત્રો દિવ્ય કાવ્યની પુનિત પ્રસાદી સમાન છે. અનેક પ્રવચનો સાંભળતાં, ગ્રંથો વાંચતાં જે કદાચ ન મળે તેની અહીં છૂટે હાથે લહાણ થઈ રહી છે. એક મહાન, પ્રેમાળ, ઉદાર [illegible]ને સન્મુખ થઈ પ્રત્યક્ષ મળ્યાનો જાણે આ પત્રો વાંચતાં જ

લાભ મળે છે. મારા દુર્ભાગ્ય, હું તેઓશ્રીના સદેહે દર્શન કરી શકેલો નથી પણ હવે તો મને ખોટ સાલતી નહિ. એવું આજ લાગે છે. આ પત્રોમાં જે વાતો છે તે સનાતન સત્યો સમાન છે, કોઈ પણ દેશ અને કોઈ પણ કાળમાં હરેક મનુષ્યને માટે તે અનિવાર્ય અને નક્કર ઉપયોગી છે! સામાન્યતઃ પત્રો અંગત અને સંબંધકર્તા વ્યક્તિ માટે જ અર્થયુક્ત હોય છે અને સમયાધીન તેનું મહત્ત્વ રહેતું હોય છે; પણ આ પત્રોમાં તેવું નથી. આ પત્રો વાચનાં તેના લખનાર કોઈ એક ધર્મ કે સંપ્રદાયની પરંપરાગત ચીલાચાલુ પરિભાષા કે વિચારસરણીનું તથાનુકથિત પોપટીયું પુનરાવર્તન કરતા નથી; પણ પોતાના વિષે વિશ્વના પરમ સત્યોનો સાક્ષાત્કાર કરેલ મહાત્માની એવી વિશ્વ માનવ વિશ્વના સમગ્ર આત્માર્થી-મુમુક્ષુ સાધકોને ઉત્કંઠા આનંદ દિલથી દિલ લગાવી અંગત સંબોધન કરતો ચેતવણી આપતો, જાગૃત કરતો માર્ગદર્શન દેતો મહામાનવ છે. તેવું જણાયા વગર રહેતું નથી. આ દૃષ્ટિએ આ પત્રોનું વિશ્વ સમગ્રના આધ્યાત્મિક માર્ગના પ્રવાસીઓ માટે શાશ્વત સ્થાન અણમોલ રહેતું છે અને જાણે કે વાચનારને પોતાને જ ઉદ્દેશીને કોઈ અવાજ દેતું હોય! તેવી તેના સીધી ચોટ લગાડી દે તેવી તેની ક્ષમતા છે.

આ પત્રોનું સૌથી વિશેષ મહત્ત્વ તો એમાં રહેલું છે કે સાધકને સાધનાપથ ઉપર (આગળ) પ્રભુ આગળ વધવા તેમાંથી અજબ પ્રેરણા અને બળ મળે છે!-પૂ મહારાજ સાહેબે પોતે જ તા. ૩૦-૧૦-૫૮ના પત્રમાં (પત્ર-૮૯) લખ્યું છે તેમ, પોતે તેઓશ્રીના પત્રને જ લાગુ પડે કે તેઓશ્રી લખે છે .—'મહાપુરુષોનાં વચનો હોયાદાંડી જેવાં છે જે ભોગ તેને વાળીને, દેહને ઓગાળીને, હૃદયમાં ઉતારવા માટે.

વારંવાર સૌથી વિશેષ જોર આ પત્રોમાં બે વાત ઉપર મૂક્યું છે (૧) આત્મસન્મુખતા, આત્મદર્શન, આત્મશુદ્ધિ-ને પ્રાપ્ત

કરવાનો ઉપાય (૬) શ્રી ભગવાન [illegible]. [illegible]
પ્રાર્થના, અંતરાવલોકન (ભાવ પ્રતિક્રમણ) અને [illegible]
[illegible]ના વિષે પણ પૂ. મહારાજ સાહેબની દ્રષ્ટિ [illegible]
છે. પ્રારબ્ધ, પુરુષાર્થ, વહેવાર અને [illegible] પણ [illegible]
એમાં ઉપયોગી અને અણમોલ વિચારો છે.

મારા માટે આ પત્રોનું વાંચન અને [illegible] એક
અનુપમ સ્વાધ્યાય બની ગયું છે એ સાથે આપની કૃપાનું
સમજું છું. હું જાણું છું કે આ પત્રો વિષે વિશેષ કંઈ
મારો અધિકાર નથી; છતાં આપની આજ્ઞા શિરોધાર્ય માની
એમાં કંઈ ક્ષતિ રહી હોય તે બદલ ક્ષમા માગું છું. [illegible]
સમુદ્રમાં ચંચુપાત કરવા સમાન મારો પ્રયત્ન છે.

[illegible] આજ્ઞાંકિત
ઉમેદસિંહના સાદર પ્ર[illegible]



આધ્યાત્માનુરાગી સુશ્રાવિકા ચંચળબહેન હીરાચંદ શાહ



જન્મ :
સંવત ૧૯૬૦
કારતક સુદ ૨, ગુરૂવાર
તા. ૨૨-૧૦-૧૯૦૩

દેહાવસાન
સંવત ૨૦૩૩
ચૈત્ર સુદ ૧ ગુરૂવાર
તા. ૧૯-

સ્મરણાંજલિ....

વાત્સલ્યમૂર્તિ, વ્હાલા વડીલ,

શાં શાં સ્મરણ કરાએ આપના? પૂજ્ય ગુરૂવર્ય નાનચંદ્રજી મહારાજ સાહેબનાં સમકિતલક્ષી માર્ગદર્શન પામી આપશ્રીએ તો દેહકષ્ટ ગૌણ કરી આત્મદર્શનનો જ ઝંખના સેવી અને માનવધર્મ-માનવસેવાનાં બીજ અમારામાં રોપી અમો અલ્પમતિઓને માનવધર્માભિમુખ બનાવ્યા તે તમારો અનંત ઉપકાર કેમ ભૂલાય?

ચંદન કે અગરબત્તી જેમ પોતાની જાતનું વિલોપન કરી સુવાસ પ્રસરાવે છે તેમ આપની કુટુમ્બ વત્સલતા સદાય અમોને પ્રેરણા આપતી રહેશે

અમારા જીવનમાં પણ જીવનધર્મોની ઉદ્દાત ભાવના અને માનવ સેવાની સહજવૃત્તિ સદાય જાગ્રત રહો એવા તમારા આશિર્વાદ અમો ઉપર અમીવર્ષા કરતા રહો એ જ અભ્યર્થના.......

લી. આપના ગુણાનુરાગી
કુટુંબીજનો અને પરિવાર
અમૃતલાલ, કેશવલાલ, ચંપકલાલ,
ધીરજલાલ, બકુલચંદ્ર, નટ્વરલાલ,
અને વસંતલાલ નાં સદ્દગુરુ સ્મરણ
વંદન.

સંક્ષિપ્ત પરિચય

પરમ પંથના પિપાસુ, અત્યંત જીજ્ઞાસુ અને સમ્યક ચેતનાના સદા તત્પર એવા શ્રીમતિ ચંચળબેને પૂ. ગુરૂદેવ શ્રી ...દ્ર મહારાજ સાહેબના સત્સંગનો અપૂર્વ લાભ લીધો હતો.

સાંસારિક કર્તવ્યના કારણે એમને બહોળા પરિવારમાં ...તું થયેલું હતા કુટુંબમાં રહીને પણ એમણે જ્ઞાન અને ક્રિયા...ના સમન્વય સાધ્યો અને વિશાળ કુટુંબમાં એમણે પ્રેમ અને ...યનાં ઝરણાં વહાવ્યાં.

જીજ્ઞાસુભાવ રહેતા હોઈ તત્વજ્ઞાનભર્યાં પુસ્તકોનું વાચન ...તાને વર્યું અને પૂ. ગુરૂદેવ સાથે તે અંગેનું માર્ગદર્શન ...વહાર દ્વારા મેળવતા રહ્યા. પરિણામે પૂ. જ્ઞાનગુરૂદેવની આગવી ...ન્ટ દ્રષ્ટિ ઝીલી શકયા હતા આ પત્રસુધા સંગ્રહમાં એમના ...ાં પૂ. ગુરૂદેવના સૌથી વધારે પત્રો સમાવિષ્ટ પામ્યા છે ...ની વિશાળતાને કારણે એમની બુદ્ધિ પૂર્વગ્રહથી મુક્ત બની રહી ...ચિંતન મનન દ્વારા આત્મચિંતનમાં લીન રહેતા.

આત્મનિર્મળતાના પાયા સ્વરૂપ સમકિતના લક્ષણો સમ..., નિર્વેદ, અનુકંપા અને આસ્થા તેમને અતિ પ્રિય હતા ...ને ગુણોને આત્મસાત કરવા પૂ. ગુરૂદેવના નિર્દેશન પ્રમાણે ..., ધ્યાન અને યોગના પ્રવૃત થતા

સાધકવર્ગને પૂર્વ સંકેત પ્રાપ્ત થાય છે તેમ એમને પણ ...ી અંતિમ ઘડીનો જાણે કે ખ્યાલ આવી ગયો હતો. ...ર પ્રયાણે ઉપડવા તૈયારી કરે તેમ તેમણે પોતાની ગૃહકર્તવ્યની ... તૈયારી પૂર્ણ કરી, મુક્ત બની, સમ્યકત્વની ઝંખનાસહ, તેઓ ...૯-૫-૧૯૭૭નાં પુણ્ય દિને સમાધિસહ આ ક્ષણભંગુર દેહ ...યા

"સંતશિષ્ય પત્રસુધા"

અગાઉથી થયેલ ગ્રાહકોની નામાવલી

પુસ્તકોની સંખ્યા	શુભ નામ
૨૫૧	શ્રી હરીલાલ જેચંદ દોશી
૨૫૧	પત્રોની પ્રેસકોપી (કાચી પ્રત) વાંચી જેમનો અંતરાત્મા જાગૃત થઈ ભાવવિભોર થયો એવા, પૂ. ગુરુદેવનાં અનુરાગી (મુંબઈ)
૨૫૦	શ્રી આકાશ અશોકભાઈ હા. ડૉ. સુચક (મલાડ)
૧૨૫	શ્રી રસીકલાલ તથા હીંમતલાલ ન્યાલચંદ દોશી
૧૨૫	શ્રી પુરૂશોતમદાસ નાનજી લાડીઆ હા. શિવુભાઈ લાડીયા
૧૦૧	શ્રી હીરબાઈ મુલજી દેવશી (પૂ. દમયંતીબાઈ મ. સ. ના સંસાર પક્ષે માતુશ્રી)
૧૦૧	શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રા. સંઘ (કાંદીવલી)
૧૦૧	શ્રી થાનગઢ સંઘ (થાન સૌરાષ્ટ્ર)
૧૦૧	શ્રી મગનલાલ કાનજીભાઈ (કચ્છ ગામ રતાડીયા)
૧૦૧	શ્રી કરમશી પાંચારીયાની કું. (ભાતબજાર)
૭૫	શ્રી રવિચંદ સુખલાલ શાહ (દાદર)
૫૧	શ્રી અશોકભાઈ (દાદર) (પૂ. સંતબાલજીના સંસાર પક્ષે ભાણેજ)
૫૦	સ્વ. શેઠ અમુલખ અમીચંદ હા. સમતાબેન
૫૦	અ. સૌ. અલકબેન અશોકભાઈ મહેતા (કાંદીવલી)
૨૫	શેઠ રાયચંદ એન્ડ સન્સ હા. રાયચંદ નાગરદાસ ગાંધી
૨૫	ડૉ. ભોગીલાલ જે. કામાણી (ચીંચપોકલી)
૨૫	સ્વ. નાગરદાસ ત્રિભોવનદાસ શાહ હા. નવીનભાઈ
૨૫	શ્રીમતિ પોનબાઈ ધારસી (કચ્છ ગામ કુંદરોડી)
૨૫	શ્રી શાંતીલાલ હેમચંદ સંઘવી (માટુંગા)
૨૫	શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ (દાદર)

પુસ્તકોની સંખ્યા	શુભ નામ
૨૫	શ્રી ધનજીભાઈ ત્રિભોવનદાસ હા. માણેકલાલભાઈ
૨૫	શ્રી કેશરીભાઈ હીરજીભાઈ શાહ (શાહ બુક ડીપોવાળા)
૨૫	શ્રી જયંતિલાલ સુખલાલ દુરખિયા (ચીંચપોકલી)
૨૫	શ્રી શાન્તીલાલ મગનલાલ (બોમ્બે નોવેલ્ટીવાળા)
૨૫	શ્રી જસવંતલાલ ડાહ્યાલાલ દફતરી (સ્વ. માતુશ્રી જયાલક્ષ્મીના સ્મરણાર્થે)
૨૫	શ્રી નીલાબેન વિનયચંદ્ર દેસાઈ (ચીંચપોકલી)
૨૫	શ્રી રમણલાલ ઉજમશી
૨૫	શ્રી કરસનભાઈ લખુભાઈ નીસર (દાદર)
૨૫	શ્રી સુરેન્દ્રનગર સ્થા. જૈન શ્રાવક સંઘ
૨૫	શ્રી પ્રેમચંદ ઉજમશી શાહ
૨૫	શ્રી સ્થા. જૈન સંઘ વાંકાનેર
૨૧	શ્રી કરમશીભાઈ વરજાંગ (ચીંચપોકલી)
૨૧	શ્રી વેલજી માંડણ (સમાધિયાવાળા)
૧૫	શ્રી હસમુખરાય ભાઈશંકર મેના
૧૧	શ્રી કાન્તીલાલ ડાહ્યાભાઈ કોઠારી
૧૧	શ્રી અનીચંદ વલ્લભદાસ (ચીંચપોકલી)
૧૧	શ્રી લલીતચંદ્ર રતીલાલ સંઘવી (ચીંચપોકલી)
૧૧	શ્રી ત્રંબકલાલ પાનાચંદ વોરા (ચીંચપોકલી)
૧૧	શ્રી રમણીકલાલ માણેકલાલ વોરા (ચીંચપોકલી)
૧૧	શ્રી વસંતલાલ છોટાલાલ સંઘવી (ચીંચપોકલી)
૧૧	શ્રી મનુભાઈ નેણસીભાઈ પારેખ (ચીંચપોકલી)
૧૧	શ્રી હીમતલાલ ભાઈચંદ શાહ (ચીંચપોકલી)
૧૧	શ્રી ઓભાયા નપુ (સમાધિયાવાળા) હા. પ્રેમજીભાઈ
૧૧	શ્રી કુંવરબાઈ વિરજી ગોસર
૧૧	શ્રી કાનજીભાઈ શામજીભાઈ કોન્ટ્રેકટર
૧૧	શ્રી આશારીયા મુળજી સંગોઈ

અ…નુ…ક્ર…મ…ણિ…કા



સંતશિષ્ય પત્રસુધા

નૂતન વર્ષની શુભેચ્છાઓ

શિખરિણી

શુભેચ્છા સંતોની જગહિત કરી મંગલમયી,
જતાં મુક્તિપંથે ભવિક નરનારી ઝીલી લઇ;
નીતિન્યાયે ચાલે ગૃહિ ફરજ સંપૂર્ણ કરીને,
પછી ધર્મક્રાંતિ મહીં મુસાધુનું અંગ બનીને.

અનુષ્ટુપ

વ્યક્તિ સમાજ બન્નેની બને સર્વાંગી સાધના,
તો જ એવાં અનુષ્ઠાનોથી સંત-આશિષ સાર્થકા.

સંતશિષ્ય પત્રસુધા

જરા કર્ણો કરી ખુલ્લાં, અમારી વાતને સુણશો,
ઘણા જરૂરી તણા સમયે, સુતેલા ક્યાંસુધી રહેશો ?

વખત છે અલ્પ ને ઊંચો, ઘણાં છે કામ કરવાનાં;
સંતનો શિષ્ય કહે હજીએ સુતેલા ક્યાંસુધી રહેશો ?

સમય સરખા નથી સહુના, સદા તડકા અને છાયા;
વખત આવ્યે જરૂર વા'લા, ભલા થઇને ભલું કરજો.

ભલા છો તો ભલા રહેજો, બુરૂં થાવા નહિ દેજો;
તમારા દુશ્મનોનું પણ, ભલા થઇને ભલું કરજો.




ઉપોદ્ઘાત

દિવાળીમાં મળતી પરમસંતની શુભેચ્છા એ મહાભાગ્યની નિશાની છે. કારણ કે પરમસંતનાં દિવાળી પર્વ નિમિત્તે અનાયાસે સાંપડેલી શુભેચ્છાઓ અથવા આશીર્વાદ સ્વપરશ્રેય (ઉભય) કારક હોવાથી સહેજે સાર્થક બની જાય છે. અલબત્ત એવી આશિષ ઝીલનાર નરનારીમાં પણ યોગ્યતા તો જોઈએ જ. જૈન આગમોમાં જેને ભવ્યત્વ કહે છે અને સામાન્ય શબ્દોમાં જેને માનવતા કહી શકાય તે મનુષ્ય જન્મ મળ્યા પછી પાયામાં જોઈએ. આ કારણે જ પૂજ્ય કવિવર્ય પં. નાનચંદ્રજી મહારાજશ્રી માનતા "માનવનો જન્મ મળવો એ શુભ કર્મો (પુણ્ય) નું પરિણામ ખરૂં પણ એ પુણ્યસંચય ધર્માનુબંધિ તો ત્યારેજ બને કે જ્યારે માનવતા પ્રાપ્ત થાય." આમાં સાચા સંત પ્રબળ નિમિત્ત જરૂર થઈ શકે છે; પરંતુ ઉપાદાનરૂપે પોતે પણ સુપ્રયત્ન કરવો જ જોઈએ.

દિવાળી એ જેમ વિક્રમ વર્ષનો આગલો દિવસ છે, તેમ ભગવાન મહાવીરનો પવિત્ર નિર્વાણ દિવસ પણ છે જ. નીતિન્યાયને રસ્તે ચાલી સર્વ પ્રથમ માનવી માનવધર્મ અજવાળે અને ન્યાયસંપન્ન આજીવિકા મેળવી સમાજમાંનાં અનિષ્ટ અન્યાયો હટાવી સાચા અથવા પરમસંતનાં ધર્મ-ક્રાન્તિ કાર્યમાં હાથ પગ રૂપ અંગ બને તો વ્યક્તિગત સાધના અને સમાજગત સાધનાની સમતુલા બરાબર સચવાય અને સાચો ધર્મ સુપ્રવાહિત વહ્યાં કરે.

સંતશિષ્ય પત્રસુધા

મહાવીરનો માર્ગ વીરનો અને જીવનમાં ક્રાંતિ લાવનાર માર્ગ છે. તેથી એક બાજુ ધર્મક્રાંતિકાર પરમસંતના અંગ બની અન્યાયો – અનિષ્ટોનો પ્રતિકાર સક્રિય રીતે કરવાનો છે અને બીજી બાજુ પોતે નીતિન્યાયને રસ્તે વિવેકપૂર્વક આગળ જવાનું છે. જેથી દિવે દિવો પ્રગટે તેમ તેના સાચા જીવનનો ચેપ બીજાં એમનાં વિશેષ સંપર્કમાં આવતાં લોહીનાં અને વિચારનાં સ્વજનોને પણ લાગવા માંડે પછી તેઓ પણ પ્રેયને ગૌણ બનાવી શ્રેયમાર્ગમાં આગળ ધપતાં થાય.



ૐ

પત્ર ક્રમાંક
(૧)

વાંકાનેર,
તા. ૩-૧૧-૧૯૫૩

પ્રતિકૂળ સંયોગોમાં પણ ન ગભરાવું તે વિકાસ છે.

તમારો પત્ર.......બહેનના પત્ર સાથે મળ્યો છે. તેઓ સંસ્કારી અને ઉત્તમ ભાવના ધરાવનાર પવિત્ર બ્હેન છે શ્રીજી સાથેનો યોગ તેમને કુદરતે કરાવ્યો છે. શ્રીજી દિવાળીને દિવસ અહીં ચાર માણસ એમના અનુયાયીઓ સાથે આવશે. અનાસક્તિ લાંબા અભ્યાસે અને ઉપયોગ રાખવાથી સાધ્ય થાય છે એ તમારૂં માનવું સાચું છે. તમોને અનુભવ થયો છે અને હજી પણ થવાનો. તમે સર્વત્ર આનંદ મેળવી શકો છો એ તમારા વિકાસનું ફળ છે. માણસના વિકાસની નિશાની એ છે કે પ્રતિકૂળ સંયોગોમાં પણ ગભરાઈ ન જાય પરંતુ એની પાછળ કંઈક રહસ્ય છે, તેમા મારા વિકાસનો કોઈક સંકેત છે એમ જાણી ખૂબ સહનશીલ થાય, સમભાવને કેળવે અને એ રીતે પ્રભુની વધુ નજીક જાય.

જેમ ચંદનબાળાને પ્રતિકૂળ સંયોગોમાં, મહાકષ્ટમા પણ કંઈક કુદરતના સંકેતનું દર્શન થતું. વિકાસમાં વિઘ્ન પ્રતિકૂળતા આવીને ખડાંજ હોય છે. એ બધી કસોટીઓ છે. તમે ઠીક ઠીક પ્રોગ્રેસ કર્યો છે. વિયોગ પણ સહેતુક હોય છે. અમારા સાન્નિધ્યમાં શ્રવણ-વાંચનનો લાભ મેળવતા તે કરતાં દૂર રહ્યાં રહ્યાં વિચારણા-ચિંતન-મનન અને વર્તનમાં શક્તિ અનુસાર મુકાયું એ ઓછો લાભ નથી.

ૐ

પત્ર ક્રમાંક
(૩)

સાયલા
તા. ૧૩-૧૧-૧૯૬૧

નૂતન વર્ષ દ્રવ્ય અને ભાવે મંગલમય બનો

પ્રિય જિજ્ઞાસુ વર્ગ,

નૂતન વર્ષાભિનંદન. નૂતન વર્ષ દ્રવ્યથી ને ભાવથી મંગળમય બનો. સહકુટુંબ શારીરિક-માનસિક આરોગ્ય-અનુભવો. જીવન ધર્મપરાયણ અને વિજયવંત બનો. પ્રતિદિન આત્મવિકાસના માર્ગે પ્રયાણ થાઓ. તમારા હસ્તથી અનેક શ્રેયના કાર્યો બનો. એ અમારા હૃદયના આશીર્વાદ છે. તમારી ભક્તિ, સેવા, પ્રેમ ભુલાય તેમ નથી. હંમેશા પ્રભુ તમોને એવાજ પ્રેમાળ રાખે! એજ અભ્યર્થના.

દઃ ભિક્ષુ

卐卐

ૐ

પત્ર ક્રમાંક
(૪)

સાયલા
તા. ૧૭-૧૦-૧૯૬૩

દીપાવલી અને નૂતન વર્ષના અભિનંદન

નૂતન વર્ષમાં સહકુટુંબમાં આરોગ્ય, સંપ, સુલેહ, શાંતિ પ્રસરો.

તમારા આરોગ્ય અર્પવાના મિશનમાં તમો વિજયવંતા બનો.

અનેક વ્યાધિગ્રસ્ત જીવોને તમારા હાથેથી આરોગ્યને શાંતિ મળો.

આત્મશ્રેયના માર્ગમાં પ્રગતિશીલ બનો.

તમારા શુભ મનોરથો શ્રેયના અર્થે સફળ બનો.

આ અમારા અંતઃકરણના આશીર્વાદ રૂપે શુભેચ્છા છે. હંમેશા પ્રાર્થના, સ્મરણ, ચિંતન કરતા રહેશો. ઉપાધિ ઓછી કરશો

ૐ દઃ ભિક્ષુ

卐卐

ૐ

પત્ર ક્રમાંક (૫) સાયલા તા. ૨૨-૧૦-૧૯૬૩

અંતરની શુભેચ્છારૂપ આશીર્વાદ

તમારો લાગણીભર્યો ભક્તિ દર્શાવતો પત્ર મળ્યો નૂતન વર્ષાભિનંદન.

આખું વર્ષ આરોગ્યમય, પરસ્પર પ્રેમ, સેવા, સંપ, સલાહ અને શાંતિથી પસાર થાઓ !

તમારા હાથથી સેવાનાં, પરોપકારનાં કાર્યો નિઃસ્પૃહ ભાવે થાઓ !

આરોગ્ય આપવાનો તમારો બીઝનેસ આગળ વધીને આત્મ આરોગ્ય પ્રાપ્ત કરવા વિજયવંત બનો!

આત્મશ્રેયપથમાં પ્રકાશ પ્રગટો!

આ અમારા અંતરની શુભેચ્છારૂપ આશીર્વાદ છે. પ્રાર્થના, સ્મરણ, ચિંતન, સદ્વાંચન વિ. કરતા રહેશો.

દઃ ભિક્ષુ

卐卐

ૐ

પત્ર ક્રમાંક (૬)

સાયલા
તા. ૮-૧૧-૧૯૬૪

હાર્દિક આશીર્વાદ

દર્શનાભિલાષી આર્યાજી,

નૂતન વર્ષના અભિનંદન........તમારા સાતે ઠાણાનો સંયમ માર્ગે પ્રતિદિન ઉત્કર્ષ થાઓ. સાચા જ્ઞાન, ધ્યાન, તપની અભિવૃધ્ધિ થાઓ. અને બધાં ય ઠાણા આરોગ્યતાપૂર્વક સ્વપરનું શ્રેય કરો એ અમારા હૃદયના આશીર્વાદ છે. આજે હાથ ધ્રૂજે છે તેથી વિશેષ લખાય તેમ નથી.

દઃ ભિક્ષુ



પત્ર ક્રમાંક (૭)

સાયલા
તા. ૮-૧૧-૧૯૬૪

નૂતન વર્ષાભિનંદન

(૧) નૂતન વર્ષમાં સર્વકુટુંબમાં આરોગ્યતા, સુખશાંતિ અને પરસ્પર સ્નેહવૃદ્ધિ થાઓ !

(૨) તમારી શુભનિષ્ઠા, શુભવૃત્તિ તમોને શ્રેયના માર્ગે દોરી તમારૂં શ્રેય સધાવે !

(૩) તમારા તન, મન, ધન અને શકિત દ્વારા આત્મશ્રેયનાં કાર્યો થાઓ !

(૪) જીવન નિર્મળ, નિષ્કલંક, ઉજ્જવળ, શ્રેયસ્કર બનો !

(૫) જીવન પ્રભુ પરાયણ અને કલ્યાણપથગામી બનો !

એવા અમારા આશીર્વાદ છે. હંમેશ મુજબ વાંચન, મનન, ચિંતન, સ્મરણ, પ્રાર્થના કરતા હશે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક
(૮)

બહારની જેમ અંદર પણ દીવાળી ઉજવો

દિવાળીના મંગળમય દિવસો મંગળ વાતાવરણમાં મંગળરૂપ પસાર થયા હશે. બહારની પેઠે અંદર પણ કંઇક વિચાર દીપકો પ્રગટાવ્યા હશે. તે દીવાઓ બહારના દીવાની જેમ ઓલવાઇ ન જાય તેની કાળજી રાખશો. અન્યના દીવામાં પણ તેલ પૂરતાં રહેશો. થઇ રહે તો સદ્વાંચન દ્વારા પૂરૂં કરતાં રહેશો. પવન ન આવે એવા ગૂઢ પ્રદેશમાં રાખશો. તે પ્રકાશમાં હૃદયના ભાવો નીરખતાં રહેશો અને પ્રતિદિન સુધારો કરતાં રહેશો.

દઃ ભિક્ષુ

卐卐

ઉપસંહાર

માનવી દેવ, ગુરૂ, ધર્મમાં બિન સાંપ્રદાયિક રીતે સુપ્રયત્ન કરી નથી શકતો ત્યાં લગી એના સુપ્રયત્નમાં અજાગૃતિની મોટામાં મોટી આડખીલી પડેલી છે. ઘણીવાર અહંવૃત્તિ કે સ્વચ્છંદ ગાઢ ન યે હોય, હૃદય સરળ પણ હોય છતાં સમય નકામો વેડફવો, શુદ્ધ વ્યવહારને નામે અશુદ્ધ વ્યવહારમાં ઘણો ઉદ્યમ કરવો વિ. ભૂલો 'અજાગૃતિ' ને લીધે થઇ જતી હોય છે. તેથી અજાગૃતિ વિષે વધુ ઉંડાણથી વિચારવું અહીં જરૂરી બને છે. ગુરૂદેવના પત્રોના હવેના પ્રકરણમાં 'અજાગૃતિ' આ દ્રષ્ટિએ બીજાં સ્થાન પામે છે.

(૨) અજાગૃતિ નિવારણ

શિખરિણી

નકામી ચિંતાઓ કુદરતતણી શ્રધ્ધા અવગણી,
વધારી જંજાળો ધન નજરને મુખ્ય કરવી;
અજાગૃતિનાં ને અસુરપ્રકૃતિનાં જ સઘળાં,
બહિર્દષ્ટિવાળાં મનુજગણને સર્વ તજવાં. (૧)

અનુષ્ટુપ

રાખી નિસર્ગનિષ્ઠાને કુલગુરૂ બધાય જો,
દોરે સ્વ અનુયાયીને સંપ્રદાયે રહ્યાં રહ્યાં. (૨)
સંખ્યામોહ ઝનૂનો સૌ અસાંપ્રદાયિકત્વમાં,
ઓગાળી સૌ તરે તારે 'વધારે' તો સુધર્મતા. (૩)

ૐ

પત્ર ક્રમાંક (૯)

મોરબી
તા. ૧૮-૮-૧૯૨૧

જીવનને રસમય, મધુર, શાંતિમય બનાવો.

ધર્મપ્રેમી ભાઇ !

અનેક ખોટી ઉપાધીઓથી પ્રભુચિંતનમાં ચિત્ત ચોંટતું નહિં હોય! પણ ખરી રીતે તો આવા સમયેજ ચિત્તને લગાડવું જોઇએ. સર્વ પ્રકારનાં દુઃખ અને આપત્તિના સમયે સંભાળનાર તો તે જ છે.

મને પ્રતિદિન એ અનુભવ થતો જાય છે કે, આત્મ-કલ્યાણનાં માર્ગોમાં પરમાત્માની અનન્ય ભક્તિ એ સર્વોત્તમ અને સરળ માર્ગ છે તેમાં માત્ર અપૂર્વ શ્રધ્ધાની જરૂર છે. બસ! વિશ્વાસ પાકો આવ્યો એટલે તે માર્ગ સરળ બની જાય છે. તે ભક્તિજ હૃદયશુદ્ધિ કરે છે અને અંતઃકરણમાંથી આનંદ પ્રગટે છે કે જે દુનિયામાં બીજી કોઈ વસ્તુ પ્રગટાવી શકતી નથી.

આ વાત તમને જો સત્ય લાગતી હોય તો નકામી તાલાવેલી, પહોંચી ન શકીએ તેવી ચિંતા, ભાગ્ય વિનાની આશા અને તૃષ્ણાના પૂરમાં શા માટે તણાઇ મરવું જોઇએ ? ચેતાવવા માટે આવેલા બે ત્રણ વખતના અસાધ્ય, માંદગીના હુમલા હજી શું પૂરા નથી ? એ સમયના વિચારો શું વિલુપ્ત થઇ ગયાં ? પાળીપોષીને વધારેલી માયા અને આસુરી પ્રકૃતિ-ઓને ઓળખો ભાઇલા ! ઓળખો તમને ભુલાવનાર તેજ છે.

તમારી પાસે દલીલોના સેંકડો દાવાઓ રજુ કરે છે તેમાં તમે પોતે ભળી જાઓ છો માટે હવે તો આંખો ખોલો. અને જીવનને રસમય, મધુર, શાંતિમય અને પ્રભુભક્તિવાળું બનાવો.

બાપલા ! કોની રાહ જુઓ છો? પ્રભુ તો તમારી ગરજ જોઈ રહ્યા છે અને તમને તે પૂરમાંથી પાછો વાળવા બોલાવી રહ્યા છે પણ તમે તેનો અંતરનાદ માયાના આવરણો ને લીધે સાંભળી શકતા નથી હવે તો જાગૃત થાઓ અને પુનઃ પુનઃ વિચારણા કરી જીવન સુધારો !

દઃ ભિક્ષુ

卐卐

ॐ

પત્ર ક્રમાંક (૧૦) — મોરબી, તા ૧૩-૧-૧૯૪૨

ગમે તેટલા વિલાપથી માત્ર કર્મબંધન થાય છે

પતિદેવના વિયોગદુ:ખના શોકસાગરમાં પડેલ ગંગા સ્વરૂપ બહેન! આશ્વાસનરૂપે મેં એક પત્ર અમદાવાદ ને એક પત્ર મુંબઈ વરસોવા લખેલ. તે પત્ર તમારા વાંચવામાં આવ્યો હશે વિલાપની અતિમાત્રાથી બહેન! તમારું મગજ અસ્વસ્થ બનવાના સમાચાર વાંચવાથી મને દુઃખ થાય છે. હું ઘણો દૂર છું નહિ તો રૂબરૂ આવી તમોને આશ્વાસન આપત પણ તે અશક્ય છે એટલે પત્ર લખું છું.

'હું જાણું છું, મને બધી ખબર છે પણ હમણાં સમય નથી.' બસ આમ કહેતાં, વિચારતાં કિંમતી સમય હાથથી ચાલ્યો જાય છે. જીવે આત્મવિચારણા, આત્મચિંતન તરફ પ્રવૃત્તિના પૂરજોશમાં લક્ષ્યજ આપ્યું નથી. જીવને જાગૃત કરવા કુદરત અનેકવાર તક આપે છે, પ્રસંગો ખડા કરે છે અને છેવટે ભલા અર્થે આઘાત કરાવે છે છતાં નહીં જાગનાર પાછળથી બહુ પસ્તાય છે. ભારે ખેદની વાત તો એ છે કે તરવા માટે મળેલાં બધાં અમૂલાં સાધનો અને સમયનો ઉપયોગ આ અબુધ જીવ બૂડવા માટે કરે છે.'

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક
(૧૨)

સાયલા
તા. ૧૦-૨-૧૯૫૨

તપશ્ચર્યા કે ક્રિયાઓનું ફળ દ્રષ્ટિ પલટાવવી તે છે

વિવેક સાધનાનું દ્રષ્ટિ બિન્દુ આપણી વર્તમાન ધર્મ પ્રણાલી કરતાં જુદું છે. તેને ઝીલનારા અને પચાવનારા પણ થોડા છે. તે પુસ્તકના* પૃષ્ઠ ૧૨૧ થી ૧૩૦ સુધીમાં ત્રણ ભ્રમનો વિષય છે. ૧) દિવ્ય સામર્થ્યનો ભ્રમ. ૨) શુદ્ધ વેદાન્તનો ભ્રમ. ૩) નીર્વિકારનો ભ્રમ. એ ત્રણ ભ્રમ ઉપર વિચાર પ્રેરક નિરૂપણ કરવામાં આવેલ છે તે વાંચશો.

માણસ માત્ર પોતાનો વિકાસ ત્યારે જ સાધી શકે છે કે જ્યારે પૂર્વગ્રહની પકડ કે પોતાના જાણપણાનું અભિમાન

ન હોય અને નગ્ન સત્ય જોઇ શકે એટલી દૃષ્ટિ વિશાળ હોય. વિકાસ દૃષ્ટિનો થયો ઘટે. અભ્યાસનું કે તપશ્ચર્યાનું કે ક્રિયાઓનું ફળ દૃષ્ટિ પલટાવવી એ છે એ બાતના લક્ષપૂર્વક સતત પ્રયત્ન કરનારા એ ફળ મેળવી શકે છે. પોતાની શક્તિ એ કાર્ય માટે જ કેન્દ્રિત કરી અને તે માટે ફના થનાર એ વસ્તુ મેળવી શકે છે બહારથી થોડી જ મેળવવાની હોય છે? પણ સ્વાર્થનું, ક્ષુદ્રતાનું, ભ્રમણાનું–પૂર્વગ્રહનું આવરણ મોટી અંતરાયરૂપ છે.

એ આવરણ છે એમ પ્રથમ તો લાગે જ નહી. એ તો હોવુ જ જોઇએ. એ ન હોય તો જીવાય જ નહિ. એનાથી જ હું નભું છું. એમ રહ્યા જ કરે છે. અને કશું જ પ્રાપ્ત કરવા યોગ્ય કયું નહી-છતાં ઘણું પ્રાપ્ત કર્યું છે. હું હવે બરાબર સમજ્યો છું એ ભૂત તો હંમેશાં સવાર થઇને રહેલ હોય છે. પારકી ભૂલો સ્પષ્ટ અને નાની છતા મોટા આકારમાં દેખાયા જ કરે અને પોતાની ડુંગર જેવડી ભૂલ નાનકડી અને અસ્પષ્ટ દેખાય એજ આવરણની અજબતા અને વિચિત્રતા છે. !!!

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૩) ઘાનગઢ
તા. ૩૦-૧૧-૧૯૫૩

પેરૂં અંધારૂં તો દર્શન મોહનુ છે

હવે કયાંય જવાના ભાવ થતાં નથી. હવે નકાનો વ્યવહાર કંટાળો આપે છે. જ્યાં ત્યાં જવાની વૃત્તિ ધર્મી જ

---

૦ વિરક અને સાધના

તમારા પોતાના ગુરૂ કે ઉપદેશક તમે જાતે ન બનો ત્યાં સુધી કોટિ કલ્પાંતે પણ તમારી અતૃપ્તિ છીપાવનાર સંતોષામૃતનો તમે ઉપયોગ ન જ કરી શકો.

સારામાં સારા ઉપદેશકોનાં ઉપદેશામૃતનું પાન તમે અનેકવાર કર્યું છે. હવે તો માત્ર તેવા પરિણામવાળા તમારાજ વિચારયંત્રથી ચિંતન મનન રૂપી રસાયણનીજ આવશ્યકતા છે! બાકી મફતનાં રોદણાં રોવાથી કશું વળતું નથી. અમૂલ્ય સમય પાણીના પૂરની પેઠે ચાલ્યો જાય છે. તમારા સિંદરાનું સરૂં ચાલતી પધ્ધતિએ નહિ આવે. કુદરતે બબ્બે વાર માંદગી રૂપે કૃપા કરી ચેતવણી આપી છતાં હજી મૃગજળ પાછળ અશ્વને દોડાવ્યેજ જવું એનું ફળ અફસોસ સિવાયનું શું હોઇ શકે?

આત્મબંધુ! આ બધું કોના સારૂ? ક્યાં સુધી? એકાંત સ્વાર્થ માટે કે બીજું કંઇ છે? તત્વજ્ઞાનનાં પુસ્તકો વાંચનાર! જરા તમારા જિગરને તો પૂછી જુઓ કે આ વાંચન અને શ્રવણમાંથી તમે માખણ શું તાર્વ્યું? આવા અસ્થિર મન વડે તમે શું હિત સાધી શકવાના છો?

જગતને બતાવવાનું તો ઠીક શીખ્યા! પરંતુ પ્રભુને બતાવવાનું રૂડામાં રૂડું કંઇક શીખો બાપુ! તમારા હૃદયને પૂછો તમને નવું-કહેવા જેવું હું શું કહું! હવે તો તમે ટેવાઇ ગયા એટલે અમારૂં કહેવું કે લખવું અર્થવિનાનું છે. તમો તમારા તરફ દ્રષ્ટિ કરો તો હજી કંઇ બગડી નથી ગયું? તમારા હૃદયની દરિદ્રતા પ્રભુ મટાડે! એજ પ્રાર્થના.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૬)

અમદાવાદ
તા. ૨૩-૭-૧૯૫૬

જગત અનિત્ય છે. ક્ષણેક્ષણ પલટાવાના સ્વભાવવાળું છે.

મારા માટે તમે લખો છો તે કેવળ રાગદ્રષ્ટિ છે. મારામાં એવું કાંઇ નથી એ હું ખાત્રીપૂર્વક લખું છું છતાં તમોને ન માનવામાં આવે તો તમારી મરજી હું વિશેષ શું લખું ? સૂક્ષ્મ દ્રષ્ટિથી સત્ય સમજાય. સ્થૂળથી તો સ્થૂળ વસ્તુ દેખાય કે જે નાશવંત અને અનિત્ય છે. નિત્ય, અવિનાશી ચીજ ને જ જાણવા સમજવા અને મેળવવા આપણે મથીએ છીએ. "એ એક ને જાણ્યું તેણે સર્વને જાણ્યું. એને ઓળખ્યા એટલે બધાને ઓળખ્યા."

એ અમૂલ્ય વસ્તુ મારા ને તમારા ઘટઘટમાં વ્યાપક છે. એ જ આપણો અંતનો વિસામો છે. એને મેળવવા સૂક્ષ્મ દ્રષ્ટિ નથી તે બરાબર છે. પણ તમે ઘણું વાંચ્યું, સાંભળ્યું, પ્રયત્ન કરો છો પણ અધૂરો છે. જરૂર એ દ્રષ્ટિ પ્રગટશે, જરા વધુ પ્રયત્નશીલ બનો.' શ્રધ્ધા અને ધીરજથી એ તરફ દ્રષ્ટિ રાખી પુરુષાર્થ થાય, તે કરો· નામ સ્મરણ જરૂર મદદ કરશે. પ્રાણ એ પૂરશે ને તમારા હૃદયમાં આનંદની હેલી ઊભરાશે તમે જે રસ્તે છો તે સાચો છે. વિશેષ શું લખુ ?

જીવનમાં, વર્તનમાં, વિચારમાં અગાઉ કરતાં સુધારો દેખાય છે એ પ્રતીતિ છે. તમારી હકીકત જાણી. બહારની ઉથલપાથલ જમે તેટલી દેખાતી હોય, આભ તૂટ્યા જેવું લાગતું હોય; ધરતીકમ્પ, હોનારતો, તોફાનો, વિખવાદ, રાષ્ટ્ર

લડાઇઓ, એ બધું ક્ષણિક કાળે ભૂંસાઈ જવાનું. એમાંનું સ્થાયી કશુંએ રહેવાનું નથી. રહેવાનાં માત્ર અંતર પ્રવાહો, સૂક્ષ્મ સૃષ્ટિનાં ચિત્રો. નિત્યાનિત્યનો વિચાર કરનાર નિત્ય તરફ જ દૃષ્ટિ કરે. અનિત્યની ઉપેક્ષા કરે. જે ક્ષણ ક્ષણ પલટવાના સ્વભાવવાળું છે તેનો હર્ષ શોક શો ? એની ચિંતા અને ઉપાધિ એ નીચે ઘસડી જનારા પ્રસંગો છે. માટે જ્યારે વખત મળે, અનુકૂળતા લાગે ત્યારે આંખો મીચી, હૃદય ઊઘાડી અંતર્દ્રષ્ટિ કરો.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક
(૧૭)

અમદાવાદ
તા. ૯–૮–૧૯૫૬

અજાગૃત માણસ સાધનોને બંધનરૂપ બનાવે છે

તમારી ભાવના વાંચી સંતોષ થયો છે. અજાગ્રત માણસ પોતે પોતાનું ઈષ્ટ કરવાના સમયમાં ઇષ્ટ સાધનો વડે અનિષ્ટ કરતો હોય છે, અને હું મારૂં ઇષ્ટ કરૂં છું એમ અજ્ઞાનતાથી માનતો હોય છે. સાધનોને બંધનરૂપ બનાવતો હોય છે કારણ માત્ર અજ્ઞાન હોય છે.

સાંપ્રદાયિકતા ભારે વિષમવાદને વેરે છે. ધર્મના નામે ઝગડા, કલેશ, નિંદા કરી ઈર્ષ્યાની આગને પેટાવતો હોય છે.

એ જરા સાચી દ્રષ્ટિ પ્રગટે તો આ અનિષ્ટ પંથને છોડી દીએ તે નિઃસંદેહ છે. આજે નિઃસ્વાર્થ ભાવે સાચો રાહ બતાવનારના તોટા છે વીતરાગના માર્ગમાં આવી પરિસ્થિતિ એ ભારે દુઃખની બીના છે. લોકો તો માત્ર ઉપરના વેશને આચારને જોનાર છે. તમે ભાગ્યવાન છો કે તમારામાં ગુણ–ગ્રાહક દ્રષ્ટિ છે, સત્યશોધક વૃત્તિ છે. તમે હંમેશા સત્યાનુપ્રેમી, સત્યશોધક રહેશો અને ગુણગ્રાહક બનશો. સદ્‌વાંચન રાખશો, પ્રાર્થના, આત્મચિંતન અને તત્ત્વવિચારણા કરતા રહેશો.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક (૧૮)

સાયલા
તા. ૧૬–૯–૧૯૬૧

પ્રતિમા નહિ પણ શ્રદ્ધા ફળ આપે છે.

તમારો પત્ર મળ્યો. ધર્મ અને ભગવાન સંબંધીની આજ સુધીની તમારી માન્યતા–શ્રધ્ધા–વિષે લખ્યું તે જાણ્યું. તમે ૐકાર ૐ ને તો માનો છો ને? તો ૐકારની સુંદર આકૃતિ તૈયાર કરીને તેના પર મનનું એકાગ્રપણું–ત્રાટક કરવું. ૐ માં બધા દેવો આવી જાય છે. હું ૐ હ્રીં અર્હં નો જાપ કરું છું. તમે ૐનો કરશો તો પણ સુંદર છે. આ વિષે વધારે વિવેચન રૂબરૂ મળીશું ત્યારે કરીશું.

રામ કે કૃષ્ણ કે શંકરની મૂર્તિના ધ્યાનથી એ મૂર્તિ ફળ નથી આપતી પણ તેના પ્રત્યેની શ્રદ્ધા ફળ આપે છે. લોકોને લાગે કે આ મૂર્તિથી અમને ફાયદો થયો એટલે જ મેં લખેલ કે તમોને જેમાં શ્રદ્ધા હોય તેને સન્મુખ રાખી ધ્યાન કરશો, તો જરૂર ફાયદો થશે.

અહીં હમણાં પર્યુષણની ધમાલ ચાલે છે. સમજદાર માણસને સદાય પર્યુષણ છે. જીવનની અમૂલ્ય ક્ષણો આત્મ-શ્રેય માટે જ છે. માનવી માનવભવનું મૂલ્ય સમજ્યો નથી. પૈસા જેવા જડનું મૂલ્ય સમજ્યો છે. અનંત શકિતમાન આત્માનું મૂલ્ય જાણ્યું નથી એટલે પરમાત્માને પણ સમજી શકતો નથી.

દ: ભિક્ષુ

卐卐

ॐ

પત્ર ક્રમાંક (૧૯) સાયલા

તા. ૪–૮–૧૯૬૨

અજ્ઞાનદશામાં જીવે કચરાપટ્ટીમાંજ અમૂલ્ય સમય અને સાધનોનો વ્યય કર્યો છે.

.......બેન ગુરુપૂર્ણિમાએ આવેલાં, ભક્તિ રસ રેલાવી ગયાં. ધૂન, ભજન આદિથી આનંદનું વાતાવરણ જગાવી ગયાં.

જેનું હૃદય જાગૃત છે અને રેચક, પૂરક, કુંભકના વાસ્તવિક અર્થને જાણનાર હંમેશા પ્રત્યાહાર ધારણા, ધ્યાનમાં

સહેજે જોડાય. એ લગનીવાળાને સંસારના કચરાપટ્ટીમાં રસ નથી આવતો. એ મહાસત્તાના નિયમો, વિશ્વના બંધારણોનો જાણનાર, માયાની જાળ અને માયાના પાસલાને પિછાણી સમીપમાં હોય છતાં તેને સ્પર્શતો નથી. એ સમજણની બલિહારી છે. છતાં પ્રારબ્ધયોગ આવી પડે તો અનાસક્ત ભાવે કરી છૂટે છે.

બંધનનો આધાર પરિણામના અધ્યવસાય ઉપર છે. એ સાચી સમજ છે. બહિર ભાવના ફેંકી દેવી. જેથી વસ્તુ વિચારનો રેચક કરે અને ઉપયોગી કલ્યાણ સહાયકનો પૂરક કરી એને ટકાવી રાખવાની પ્રેકટીસ કરે. અજ્ઞાનદશામાં જીવે કચરાપટ્ટીમાં જ અમૂલ્ય સમય અને સાધનોનો વ્યય કર્યો છે, અને કરે છે. પણ જાગ્યા તે કહેવાય કે જેની દ્રષ્ટિ બદલાણી. માર્ગ બદલ્યો, વિચાર બદલ્યો અને પરમાત્માની આજ્ઞાએ પગભરે અને આજ્ઞાને આરાધે. જ્ઞાન-દર્શનના આરાધ્યે સ્વરૂપ સમજાય. પોતાના વીર્યને સ્ફુરાવનાર કઠણને પણ નરમ કરે છે. મુશ્કેલી તો છે પણ તે આપણી ઉપજાવેલી છે. આપણે આમંત્રેલી છે અને આવી છે. હવે આપણે જ. સહેવું રહ્યું.

મહાપુરૂષોના પદે પદનો વિચાર, ચિંતન, મનન કરનાર પ્રકાશ મેળવે છે. જ્યાં અંતર્દ્રષ્ટિ કરે છે ત્યાં અંદર સંઘરેલા મોટા અજગરો, પશુધન, પાશવવૃત્તિનો ખ્યાલ આવે છે. એ જ્યાં સુધી દેખાય નહિ ત્યાં લગી એને તજવાનો, છોડવાનો પ્રયત્ન થાય જ નહિં. બેન! તમે ઠીક ઠીક પંથ કાપ્યો છે. જો કે પંથ છે લાંબો; પણ એ પંથે વળનારને વિશ્વાસ રાખવાનો છે કે લાંબા મોટા પંથ કાપીશું અને ઇપ્સિત ધ્યેયને પહોંચીશું. એજ. ૐ શાંતિ.

દ: ભિક્ષુ

જાય છે. સત્ય જ કહ્યું છે કે "સુતા અમુણિણો સયા, મુણિણો સયાજાગરંતિ." જાગે છે તે ધન્ય છે. જાગે તે જગાડે, તરે તે જ તારે. એ સર્વ સંમત વાત છે. નથી થતું એ માટે પશ્ચાતાપ થાય, ખેદ થાય, એ માટે તાલાવેલી જાગે તો પણ સારું છે. જીવે કરણી તો ઘણી કરી પરંતુ 'અહું' ના માનના અજગરે બધું ફોક કર્યું. સમજ્યાનું સમજાયું નથી. જીવે વસ્તુરૂપે વસ્તુને ઓળખી નથી એટલે રખડપટ્ટી થઈ છે. હજૂ સમય હાથમાં છે. પુરૂષાર્થ કરી સવળી દિશાએ પ્રગતિ કરે તો મનુષ્ય જન્મ સફળ થાય.

દઃ ભિક્ષુના પ્રભુ સ્મરણ.



ઉપસંહાર

અજાગૃતિમાં જેમ ખોટી ચિંતા, ખોટી જંજાળ, ધન વધારવાની ખોટી લાલચ, સાંપ્રદાયિક ઝનૂન કે ધર્મપ્રેમને નામે સંખ્યા વધારવાનો મોહ વગેરે ઘણીવાર જેમ અજાગૃતિને લીધે થાય છે, તેમ બહિર્દષ્ટિમાંથી અંતર્દષ્ટિ તરફ વળવામાં કે સંકલ્પ વિકલ્પના ખોટા રસ્તામાંથી પાછા વળવામાં સ્વચ્છંદ કે અહંવૃત્તિ આદિ પણ કામ કરી શકે છે. એટલે અહંવૃત્તિ અથવા સ્વચ્છંદ કાઢવાનો સરળ માર્ગ પણ વિચારી શકાય તેવું ત્રીજું પ્રકરણ અહંવૃત્તિ (સ્વચ્છંદ) કાઢવાના સરળ માર્ગનું આ ગુરૂદેવના આધ્યાત્મિક પત્રોમાંથી તારવવું જરૂરી થઈ પડે છે.

(૩) અહંવૃત્તિ (સ્વચ્છંદ) કાઢવાનો સરળ માર્ગ

શિખરિણી

અહંતા સ્વચ્છંદો અદકી મમતા સ્વાર્થ, મૂઢતા
અહો હૈયે રાખ્યા વધુ પડતી મોટાઇ ગમતાં;
થયો આત્મા છેટો વધી ગઇ બહિરાત્મમયતા,
બધું છોડી યાચો અનુગ્રહ હવે માત્ર પ્રભુના.

અનુષ્ટુપ

કરી ક્ષેત્રવિશુદ્ધિ ત્યાં ઉપયોગ વધારવો,
ધર્મની ઘેલછા છાંડી ઝંખના પ્રભુની કરો.
અંતર્દષ્ટિ થશે તેથી આવશ્યકતા ઘટી જશે,
ને સુયત્નો પ્રભુની ત્યાં કૃપાથી કાર્ય સિદ્ધિ છે.

ૐ

પત્ર ક્રમાંક
(૨૨)

સાયલા
વૈ. સુ. ૩. ૧૯૪૯

અશાંતિના અનુભવ વિના શાંતિની મીઠાશ ન હોય.

તાપ વગર વરસાદ ન હોય અશાંતિના અનુભવ વિના શાંતિની મીઠાશ ન હોય. વિઘ્નો અને અડચણો ઓળંગનાર જ નિરાકુળતા. નિરવ અક્ષુબ્ધતાના શાંત વાતાવરણના પ્રદેશમાં પગ મૂકી શકે છે! યત્કિંચિત પ્રાપ્ત છે, તે પુરૂષાર્થ અને ભગવાનના અનુગ્રહે જ. હજી અનુગ્રહ મેળવવા અને પુરૂષાર્થ માટે જાગૃત રહો.

જરા નીચેના લોકો તરફ દ્રષ્ટિ કરશો તો તમારાથી અનેકગણા અસહાય, અનેકવિધ દુઃખી, પરાધીન. છતાં સંસારના ગંદા કાદવમાં ખૂંચેલા દેખાશે. એ અપેક્ષાએ તમે કેટલા સ્વાધીન, વિષયોથી નિર્લેપ, શ્રદ્ધાયુક્ત ભગવતી માર્ગે ચરણ મૂકનાર ભલે થોડા પણ એ તરફ મીટ માંડનાર છો, ભાગ્યવાન છો, તમે એ જ માર્ગે છો, શ્રદ્ધા રાખો ને સાથે ધીરજ પણ રાખો. સીધા 'આત્મધર્મ' માર્ગે નથી ચડી ગયા એટલા વધુ ભાગ્યવાન છો. તમારી જાતને ઢંઢોળતા રહેશો. જેવા બનવા માગતા હો તે લક્ષ તરફ વારંવાર ઉપયોગ આપો. એ જાતની જ પ્રાર્થના કરો. બધો બોજો ભગવાનને ચરણે મૂકી હળવા બનો. અહંવૃત્તિ કાઢવા પ્રયત્ન અને જાગૃતિ રાખો તાપ બહાર છે. અંદરનો મેઘ વરસ્યા જ કરે છે. માત્ર એ તરફ લક્ષ નથી એટલો જ ફેર છે.

મારાપણાનો બોજો સંભાળી શકે એવા સમર્થને સમર્પી નિરાકુળ બનો. મહાતેજપુંજ ભગવાન તમારી સમીપમાં જ છે. જરા અંતર્દ્રષ્ટિ કરો. વધુ પ્રયત્ન કરો. હિંમત રાખો, ઘરર ન થાઓ. મુઝાવ ત્યારે સાદ કરો મુખથી નહિ, હૃદયથી. સાચા પોકારનો જવાબ મળે છે. પંથ પ્રકાશમય બનશે. અંધકાર જશે. સમય થોડો લાગશે તેથી અધીરા ન થશો. માલિક સહુ જોઇને જ બેઠો છે. નજર આપણા સામેજ છે. માત્ર આપણી નજર તેમના તરફ નથી એ ચોક્કસ વાત છે. નજરે નજર મળે એટલે બેડો પાર.

અપૂર્ણતા દેખાય તે સકારણ છે. હવે કશી માગણી ન કરો. આ જોઇએ ને તે જોઇએ. આમ હોય તો ઠીક એવો વિચાર પણ ન કરો. વગર માગ્યે જરૂર લાગશે તે આપશે. અને નહિ લાગે તો લઇ લેશે. અપંગભાવનો આનંદ ઓર હોય છે. દ્રષ્ટા બનવા પ્રયત્ન સેવો છો એમાં પ્રસન્ન રહો. જરા નજર કરો, હતાં તે કરતાં વધુ ઠીક છો. વૃત્તિ ભાવનામાં ફેર પડતો આવે છે. ફરી ફરી બહારના તાપને સહન કરો એટલે પ્રભુની કૃપાનો વરસાદ આવી પહોંચશે

દઃ ભિક્ષુ

卐卐

ॐ

પત્ર ક્રમાંક (૨૩)

સાયલા
તા. ૩-૭-૧૯૪૮

"બહિર્ભાવં તજી અંતર કરીએ પ્રવેશાએ."

તમારે અંતરપ્રદેશમાં વહેતા અખૂટ ઝરણાંને પ્રાપ્ત કરવા સતત પ્રયત્ન કરવો ઘટે. એ રસના તમે સ્વતંત્ર માલિક

છો. એ તમારે સ્વાધીન છે. એ મેળવ્યા પછી બહારના વરસાદની જરૂર નહિ પડે.

દ્રશ્ય પ્રપંચો પરથી લક્ષ તજી દઇ,
બહિરભાવ તજી અંતર કરીએ પ્રવેશ જો;
કારાગ્રહથી મુકત બની મહાલીએ,
સદ્‌ગુરૂનો સખી એ સુણીએ ઉપદેશજો.

આ આખું પદ વિચારજો. બહિરૂભાવ એટલે અહંતા ભર્યું જીવન. જ્યારે ત્યારે એ અહંતાનો પડદો ચીર્યે જ છુટકો છે, આરો છે. અહંતાની ઊંડી ખાઇ ઓળંગ્યા પછીજ અનંત વિસ્તૃત પ્રદેશમાં જવાય છે. અહંતાનો લોપ એ જ મોક્ષનો દરવાજો છે. અહંતા હોય ત્યાં સુધી પ્રકાશ – શાંતિ – સમાધિ નથી મળતી. કેમકે અહંતાના ક્ષેત્ર ઉપર જ નીચેની આસુરી પ્રકૃતિનો પ્રવાહ વહ્યા કરે છે અને જીવનને વિકૃત – બેચેન – અસમાધિવાળું કરી મૂકે છે. આ અહંતાના પ્રદેશમાંથી બહાર નીકળવા સમત્વનો અભ્યાસ કરવાથી ધીરે ધીરે અહંભાવ મોળો પડતો જાય છે. અને પછીજ અહંનું સ્થાન ચૈત્યપુરુષ–અંતરાત્મા લે છે.

ત્યારબાદ અંતરાત્મા પોતે જ સાચી સાધના કરી શકે છે. સત્યને પિછાણી શકે છે. પ્રકૃતિઓનું નિયંત્રણ કરી શકે. એ જ વસ્તુને વસ્તુસ્વરૂપે ઓળખે. સાચો વિકાસ–પ્રગતિ સાધી શકે. ભગવાનનો ભેટો તે કરી શકે. વાસ્તવિક શ્રુતને સાંભળી શકે અને ત્યારે તેના આંતરચક્ષુ ખુલી જાય છે. નવી દિશા સૂઝે છે. બધું નવારૂપે દેખાય છે. સંબંધોના અર્થશાસ્ત્રના રહસ્યો–જીવનની કિંમત ત્યારે જ જણાય છે. ટૂંકમાં જૂનું જગત નવા રૂપે–ખરા અર્થમાં

પ્રતીત થાય છે. એ અહંતાનો નાશ કરવામાં પ્રથમ ખૂબ તાલાવેલી, અખૂટ ધીરજ અને જાગૃતિની અપેક્ષા રહે છે.

ઓઘ દ્રષ્ટિના ગાઢ તિમિરમાંથી નીકળી મિત્રા, તારા, બલા અને દીપ્રા એ ચાર દ્રષ્ટિને ઓળંગ્યા પછી સ્થિરામાં સમત્વનો અનુભવ થાય છે. તમે ઠીક ઠીક પંથ કાપ્યો છે. આ બધાં વ્યવહારો–સંબંધો–પરિગ્રહો–મારા માનેલા પ્રાણી–પદાર્થોની કિંમત અધિક આંકી છે એટલે જ આત્માના ભોગે પરના માટે સમય, સમજ અને શક્તિ ખર્ચે છે. દ્રષ્ટિ પલટાય એટલી જ વાર લાગે છે. શરૂઆત મિત્રાથી જ થાય છે. જેમ જેમ સદ્વિચાર–સદ્ધ્યાનના બળે દ્રષ્ટિ બદલાય તેમ જગત બદલાતું જશે અને ત્યારે જીવનનું મૂલ્ય, સાધનોનું મૂલ્ય, સમયની કિંમત સમજાશે. અને પર પદાર્થોનો મોહ ઓછો થશે.

આ પ્રમાણે આસક્તિ ઘટશે. માની લીધેલા સુખ-દુ:ખની મૂંઝવણ મટશે. પછી પર પદાર્થના જવા-આવવાથી, લાભ-અલાભથી તેનુ ચોંકાવે એવું મહત્વ નહિ રહે. પછી બનવા જોગ બને છે. ભાવી મિથ્યા થતું નથી. એ માત્ર બોલવારૂપ નહિ રહે પણ વર્તનરૂપ થશે. એ સ્થિતિ પ્રાપ્ત કરતાં પહેલાં ઘણી મુશ્કેલી-મૂંઝવણ-બેચેની રહેશે. પણ એથી જરાય ગભરાવું નહિ. શ્રદ્ધામાં પર્વત સમાન અડગ નિશ્ચય સાથે ખૂબ ધીરજ રાખવી. સમભાવને સાથે સાથે કેળવતા રહેવું. ગમે તેવી કસોટીમાં ક્ષોભ કે કષાયને સ્થાન ન આપવું. તમારી કસોટી કરવા વારંવાર એવા પ્રસંગો આવી ખડા થશે પણ તમારે એ ચોરોથી સજાગ-સતેજ રહેવું. એજ ધ્યાન-એજ ચિંતન, એજ ઉપયોગ-એજ

પવિત્ર કરે છે. સમર્પનાર ભક્ત 'મને આ જોઈએ, તે જોઈએ આ મને નથી ગમતું,'' એમ ફરીયાદ કરતો નથી. ભગવાન આપે તે વધાવી લે છે. નીશ્ચિંત રહો, તમારા સાથે જ તમારો ઈષ્ટદેવ છે. તમારી રક્ષા એના વરદ હસ્તે થાય છે.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક (૨૯)

ભાવનગર
તા. ૩-૧૧-૧૯૫૧

જ્યાંથી હૃદયની લાગણી જન્મે છે ત્યાંજ પ્રેરણાનું સ્થાન છે.

તમારા પ્રશ્નનો જવાબ સીધો છે. હૃદયની સાચી લાગણીઓ અને આકર્ષણ હોય તો અંતરની પ્રેરણા જુદી ન હોય. જો પ્રેરણા ભિન્ન હોય તો પ્રેરણા ભૂલ ભરેલી મનાય કેમ કે જ્યાંથી હૃદયની લાગણી ઊઠે છે ત્યાંજ પ્રેરણાનું સ્થાન છે. એટલે કાં તો હૃદયની લાગણી સાચી ન હોય અને કાં તો પ્રેરણામાં ભ્રમણા હોય !

જેનો અંતરાત્મા જાગૃત ન થયો હોય તેને પણ હૃદયની લાગણી ને આકર્ષણ હોય છે. અને જેટલે અંશે નિઃસ્વાર્થભાવ હોય તેટલા પ્રમાણમાં શુદ્ધ હૃદયની લાગણી હોય છે. એવા હૃદયમાંથી લાગણી પ્રગટે એને પ્રેરણા પણ શુદ્ધ હૃદયના લાગણીવાળા સ્થાનમાંથી ઊઠનારી હોય છે.

લાગણીથી આવવામાં અંતરાત્મા ના પાડતો હોય તો કાં તો લાગણી ખોટી ને કાં પ્રેરણા ઠગારી હોવી જોઈએ! અંતરાત્મા જાગ્રત થયાંના લક્ષણો જુદા હોય છે.

જે કાંઈ પરમાત્મા સાથે અનુસંધાનની વાત કરી તે વધુ પડતી વાત છે એને એવું લાગ્યું હોય તો તેની ભ્રમણા ગણાય. પરમાત્મા સાથે અનુસંધાનવાળામાં આવી રમતજ ન હોય. ગુરુદેવને અર્પણ થનારના લક્ષણમાં આજ્ઞાનું આરાધકપણું પ્રથમ હોય, જેની પાસેથી થોડો પણ બોધ મેળવ્યો હોય, જેણે થોડો પણ ઉપકાર કર્યો હોય, જે વ્યક્તિ પ્રેમથી ચાહના કરતી હોય તેના પ્રત્યે સામાન્ય માણસ ખેંચાય, ઉપકાર ન ભૂલે. તો જેનો અંતરાત્મા જાગ્યો હોય તેનું તો પૂછવું જ શું? સરળ અને સુવિનીત માનેલામાં આટલો ઘમંડ હશે એવી સ્વપ્ને પણ આશા રાખી ન હતી. જે ભાવિ હોય તે બન્યા કરે છે એ માટે ખેદ નકામો છે.

દઃ ભિક્ષુ

卐卐

ૐ

પત્ર ક્રમાંક (૩૦)

વાંકાનેર
તા. ૧-૮-૧૯૫૩

દુઃખનું કારણ મારાપણાથી જ ઉત્પન્ન થાય છે.

તમે જે મૂંઝવણ મને લખતાં અચકાઓ છો અને મનનાંજ રાખી દુઃખ વેદો છો એ દુઃખો મારી કલ્પના પ્રમાણે

તમારા માની લીધેલા સંતાનોના નિમિત્તના હોવાં જોઈએ. સિવાય તો તમને દુઃખનું કારણ નથી માટે વિચાર કરશો તો સમજાશે કે ભાવિ મિથ્યા થનાર નથી. પ્રારબ્ધમાં હશે તો કોઈ ઝૂંટવી લેનાર નથી. નહિ હોય તો ભાગ્યમાં આવ્યા છતાં નથી રહેવાનું એટલે એ ચિંતા હોય તો નકામી છે. ચાર પુત્રોમાં "મારા અને નહિ મારા" નો વિકલ્પ ઘણીવાર પીડા કરાવે છે. રાગ-દ્વેષના તરંગો મનુષ્ય માત્રને આવા નિમિત્તમાંથી ઉદ્‌ભવે છે. એ પણ વૃથા છે.

આમ થવાનું કારણ પ્રભુને ભજવા છતાં તેના ચરણમાં બધું સમર્પણ કર્યું નથી. મારા એ હજુ મારાજ માન્યા છે. જો પ્રભુના ચરણમાં સમર્પવા જેટલી ઉદાર આવડત થાય તો ઉપાધિ પણ એજ વેંઢારે અને બધું સરખું પણ એજ કરે. આપણને ચિંતા માત્ર ન રહે. ગીતામાં પણ કહ્યું છે—

સર્વધર્માન્ પરિત્યજ્ય મામેકં શરણં વ્રજ
અહં ત્વાં સર્વપાપેભ્યો મોક્ષયિષ્યામિ મા શુચઃ ॥

"બધા વિકલ્પો, મમત્વો માની લીધેલા કર્તવ્યધર્મને છોડીને મારે શરણે આવ હું તારાં બધા-બંધનોથી, પાપ દોષોથી તને મુક્ત કરીશ. ખેદ ન કર તારા યોગ-ક્ષેમનું હું વહન પાલન-સંભાળ રાખીશ. પણ તું તારું મમત્વ મારાપણાનાં બંધનો પૂર્વગ્રહોને છોડ. "તારા કરતાં હું બધુ સારું કરીશ" એમ કહે છે. પણ જીવને વિશ્વાસ નથી આવતો. એટલેજ દુઃખ વેઠ્યા કરે છે. માથે ભાર ઉપાડીને ખાલી મરે છે. આપણું રાખ્યું રહેતું નથી. સમજાવ્યા સમજે તેમ નથી. આપણી દયા કે મહેર કોઈને આવે તેમ નથી. સર્વ સ્વાર્થની

બાજથી ઘેરાયેલ છે. છતાં જાણે હું આમ કરું તેમ કરું એટલે સરખાઇ આવશે. તેમ તેમ વધુ ગૂંચવાય છે. દુઃખ માત્ર માની લીધેલું છે. દુઃખનું કારણ અંદર અવ્યક્ત પડ્યું છે. એને કાઢતાં નથી ને ઉપર ઠાકઠીક કરે છે પણ કારણ અંદર છે.

નથી મારાં તેને મારાં માની મમત્વ સેવી રહ્યો છે, 'આમ છે તે આમ થાય ને તેમ થાય' એ કલ્પના અને આશાને સેવી બેઠો છે. એમ ધારવા પ્રમાણે ન બને એટલે પછવાર દુઃખ-ત્યારે ધારવું જ શા માટે? થવું હોય તેમ થાય. સંયોગ વિયોગનાં અસંખ્યવાર અપાર દુઃખ ભોગવ્યા છે. હવે તો વિરામ લ્યો, ગમે તેવા સંયોગમાં આનંદથી રહો. પ્રસન્નચિત્ત રાખતાં શીખો. દુઃખનાં નિમિત્તોમાંથી સુખ અનુભવવાની ટેવ પાડો. દુઃખ છે જ નહિ. માત્ર તમારી કલ્પના જ. એવા વિચારોને સ્થાન, માન કે આવકાર ન આપો

જેના હૃદયમાં હરિ છે, હરિનો જાપ છે તેને લાભ જ છે અને જય તેનો જ છે. તેને પરાજય કેવો? મંગળ સ્વરૂપ ભગવાન તમારામાં બિરાજે છે. બસ. આનંદ અનુભવો. મોજ કરો. ખેદ અફસોસનો ઇન્કાર કરો હૃદયમાંથી કચરો કાઢીને નાથની પધરામણી કરો. વિચારો નબળા પાતળાં જે ભય ઉપજાવે એવા ખરાબને તરત વિદાય કરવા અને જાપ શરૂ કરવો. એક પણ નબળા વિચારને સ્થાન ન આપવું. ખોટાં વિકલ્પો તરફ ઉપેક્ષા કરવી. આનો ઉપાય,

"તમેવ આપ્તં શરણં પ્રપદ્યે સ દેવ દેવો હૃદયે મમાસ્તામ્!"

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક
(૩૧)

લીંબડી
તા. ૨૫-૧૧-૧૯૫૪

હાજતોની લાલસા અને મોટાઇની ખુજલી એટલી વધારી છે કે ધારેલું નિશાન દૂર ને દૂર રહે છે.

પ્રિય ભાઇશ્રી,

તમારૂં હૃદય શાંતિના અર્થે તલસી રહ્યું છે. તેથી તે ભાવના વારંવાર ઉદ્‌ભવે છે. પરંતુ અવર્ણનીય માયાનું આવરણ પ્રલોભન દ્વારા તમોને અશાંતિના વાતાવરણમાં ઢસડી લાવે છે. અર્થાત શાંતિની આશાએ અધિક અશાંતિને સ્થાન મળે છે.

તમારી વ્યથાનું કારણ લક્ષ્મી વૈભવની અપૂર્ણતા નથી. તે તો માત્ર નિમિત્ત છે. ભ્રાંતિથી તે મૂળ કારણ રૂપ જણાય છે. તમોને જોઇએ તેવાં સુખ શાંતિના સાધનો કુદરતે અર્પ્યાં છે છતાં પણ તમો જરૂરિયાતોની (હાજતો) યશની લાલસાને, મોટાઈની ખુજલીને એટલી બધી વધારી છે કે એ પૂરી કરતાં તનતોડ મહેનત કરો છો છતાં પણ ધારેલું નિશાન દૂર ને દૂર રહે છે. એટલું જ નહિ ઊલટું વધારે અન્તર પડે છે. અને તેથી જ તમારા દુઃખમાં વધારો તમે અનુભવો છો.

વસ્તુતઃ દુઃખ જેવું કશું નથી. દુઃખ તમારૂં માનેલું છે. પણ માન્યતા વજ્ર જેવી, ન છુટે તેવી છે. તમારૂં વાંચેલું, સાંભળેલું અને અનુભવેલું સર્વ કાંઇ તમારા નિખંળ

સંકલ્પના મહા વ્યાધિ પાસે નકામું થઈ જાય છે! મારું લખાણ કે ઉપદેશ તમારા માટે અર્થ શૂન્ય છે, તો પણ સ્નેહભાવે લખાઈ જાય છે. બીજા વૈદ્ય પણ તમારું એ જ નિદાન કરશે. ઔષધ માત્ર મનને સાફ, ઓછી જરૂરીયાત-વાળું બનાવવું. પટેલાઈનો ટાઈટલ છોડી દેવો.

તમારી ખોટી જરૂરિયાત ઘટશે તો ખર્ચ ઘટશે અને ખર્ચ ઘટશે તો થોડે પૈસે ઉપાધિ રહિત જીવન ગાળી શકાશે પણ એ બનવું શક્ય નથી. તમારી ધારણા મુજબ અવેજ થયા પહેલાં મનમાં તૃપ્તિ જાળવવી અસંભવિત છે. છતાં સમજાય તેટલું સમજો વીરમાય તેટલું વિરમો. વિશેષ શું લખું? એક નિયમ તો અવશ્ય કરો કે 'એક કલાક હંમેશા સુંદર વાંચન રાખવું.' અને ન મળે ટાઇમ તો છેવટે અર્ધો કલાક વાંચવું અને અર્ધો કલાક વિચારવું. આટલું બને તો પણ તે સ્થળ માટે બસ છે.

દઃ ભિક્ષુ

卐卐

ॐ

પત્ર ક્રમાંક (૩૨) — સાયલા, તા. ૩-૭-૧૯૪૮

અધ્યાત્મમાર્ગે જતાં પહેલા 'અહંભાવ' ની હૃદયવિશુદ્ધિ કરવી જરૂરી છે.

વાચન, વિચારણા, આત્મનિરીક્ષણ અને ગદ્ ગદ્ કંઠની પ્રાર્થના જેવી આત્મશુધ્ધિની ક્રિયા માટે કુદરતે તમને સુંદર

સાધનો કુદરતે પૂરાં પાડ્યાં છે. વિકાસ સાધવો કે ફેરા ફરવાં તે જીવની પોતાની ઇચ્છાની વાત છે.

શરીરાદિ બધાનો વહીવટ બહિરાત્મા માલિક થઇ કરે છે અને પોતાની જાતને પ્રતિદિન દૃઢ કર્યે જાય છે અને સાથે અંતરાત્માનું ભાન જ ન થાય એ પ્રવૃત્તિ જેતરપિંડી ચલાવ્યે જ જાય છે. અંતરઆત્મા સુપ્ત અવસ્થામાં છે એ બધી સ્થિતિ જાણવા છતાં જાણતો નથી. જે અહંવૃત્તિ કાઢવા માટેની ધાર્મિક ક્રિયાઓ કરવાની હોય છે તેને બદલે સમજના અભાવે ભલભલો વિદ્વાન ગણાતો વર્ગ પણ અહંવૃત્તિ પોષવાની જ ક્રિયા કરતો હોય છે! એ વિચારવા જેવું છે.

બીજું ટચલી આંગળીની ટોચ જેમ આખા શરીરનો અવિભાજ્ય અંગ છે તેમ વિરાટ મહાસત્તાના આપણે અવિભાજ્ય અંગ છીએ. તેમાં એક સૂક્ષ્મ જંતુ પણ બાકાત નથી. આપણે કોણ છીએ? તેનું યથાર્થ ભાન આપણને કેટલો આનંદ આપે છે? હું મહારાજાના મહારાજાનો પુત્ર છું એવું ભિખારીને ભાન થાય ત્યારે કેટલો નાચે? એક જ ક્ષણમાં પામરતા પલટી જાય છે.

આપણને એ ભાન થાય એવો પ્રયત્ન–એવી વિચાર ધારા પ્રગટાવવાની જરૂર છે. એકઠાં કરેલાં દ્વંદ્વો, દ્રશ્યો, પ્રસંગો એ બધું ક્ષણિક, ક્ષણભંગુર છે એમાં હર્ષ–શોક કરવા જેવું નથી. નગદવાત, નક્કર વસ્તુ, આપણું મૂળ સ્વરૂપ અથવા તેનો મૂળ માલિક પરમાત્મા જેનું આપણે ઓઘદ્રષ્ટિએ સ્મરણ કરીએ છીએ એમાં પ્રતિદિન સુધારો કરવો.

પગની મુક્તિ છઠે, સાતમે થશે–સારું! પગની મુક્તિ માટે પ્રયત્ન કર્યો એવો જીવનમુક્તિ માટે થાય તો જીવન

સફળ થઈ જાય! એ પ્રારબ્ધના કબજામાં નથી પણ આપણા હાથની વાત છે. જો જાગૃતિ સારા પ્રમાણમાં થાય તો સફળતા પ્રાપ્ત થાય!

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક
(૩૪)

સાયલા
તા. ૧૨-૨-૧૯૬૨

જે પ્રારબ્ધ નથી ફરવાનું તેને ફેરવવા લોકો મથે છે.

આઠ મહિનાની શાંતિ ઉપાયો ગામેગામ ઘણાં ગોઠવાયા, અને એ વાદળ વિખરાઈ ગયું. લોકોનો ભય નીકળી ગયો. લોકો પોતાની દ્રષ્ટિ પ્રમાણે દેખે છે અને એ પ્રમાણે દોડી રહ્યા છે. જે પ્રારબ્ધ નથી ફરવાનું તેને ફેરવવા મથી રહ્યા છે અને જે પુરુષાર્થથી બની શકે તેમ છે તે તરફ નજર પણ કરતાં નથી. ઘણાં લોકોને સત્ય સાંભળવાની કે વાંચવાની નવરાશ પણ નથી કે રુચિ નથી. જેને નવરાશ કે રુચિ છે તેને જોઈએ તે મળતું નથી. મળે છે તેઓ લીધા પછી વિચારતા નથી, કદાચ વિચારે તો આચરી શકતા નથી નહિં તો બોધ પામવાનાં સાધનો, નિમિત્તો, દ્રવ્યો કુદરતે ઢગલે ને પગલે મૂક્યાં છે પણ પરિપાક થયો નથી એટલે જ કહ્યુ છે કે—


"જિનકી જબ સ્થિતિ પક ગઈ હૈ ઉનકો હૈ ઉપદેશ"

તમે હંમેશા વાંચન, વિચારણા, પ્રાર્થના, નામસ્મરણ કર્યા કરો છો, તમોને એવી સાનુકૂળતા પણ છે. વળી આશ્રમ

મદદ મળે ત્યારે રાગ–દ્વેષનાં દ્વંદ્વો ઢીલાં પડે અને પશ્ચાત્તાપની આગ પ્રજળે અને પછી સ્વયં આપો આપ દૃષ્ટિ પથ નિર્મળ થતો આવે છે.

નિરાશ થવાનું કોઈ કારણ નથી. અરવિંદ જેવાને વર્ષો સુધી સાધનામાં ગાળવા પડયાં છે. સહજમાં નથી બન્યું. માટે ધીરજ અને શ્રદ્ધાથી પંથને કાપ્યે જાઓ. જેના હૃદયમાં પ્રભુનું સ્મરણ ચિંતન છે, પાપ ભીરુ છે, આગળ જવાની ઝંખના છે, તેનો અંતે વિજય જ છે.

દઃ શ્રેય ઇચ્છનાર ભિક્ષુ



ઉપસંહાર

આ ત્રણ પ્રકરણના પત્રોના ઊંડા સદ્‌વાંચન પછી અને એ અંગે ધારણા દ્રઢ બનાવ્યા પછી આત્મદર્શનની ઝંખના એટલી બધી વધી જાય છે કે એના સાક્ષાત્કાર વિના ક્યાંય ચેન જ પડતું નથી. આનંદઘન યોગી અને ભકત મહાસતી મીરાની આ જ દશા હતી. એક અનુભવીએ સાચે સાચ કહ્યું છે કે—

"જો મઝા ઇન્તેજારી મેં હે વહ મઝા વસ્લ મેં કહાં"
જે મજા વિરહવ્યથાની ખુમારીમાં છે તે તેની પ્રાપ્તિ પછી નથી જ.

(૪) આત્મદર્શનની ઝંખના

અનુષ્ટુપ

કર્મબંધથી મુક્તિ ક્યે ? આત્માને વિણ ઓળખ્યે !
માટે મનુષ્ય સૌ પહેલાં, આત્માને ઓળખવા ચહે ! (૧)
બહિરાત્મદશા આડે ઊંચે તેનાથી ઊઠીને,
અંતરાત્મદશા માંહે, અર્પે સ્થિર થવું ઘટે. (૨)

હરિગીત

આળસ તજી ઉદ્યમ સજી પરમાત્મલક્ષ્ય ન ચૂકવું,
જેમ જહાજ વાળા ધ્રુવ સામે સતત જોઈ રહે જવું;
તોયે ખરે વચમાર્ગમાં તરશે કે ડૂબશે (એ)શંકાય,
આત્મા ન સ્થિરતાપામતો ત્યાં લગી ઘટતી ત્યમ ઝંખના (૩)



ૐ

પત્ર ક્રમાંક (૩૬) | લીંબડી તા. ૧૮-૯-૧૯૦૮

અનુપમ બોધદાયક વચનામૃતો

સમજવા છતાં મનુષ્યો શુભપંથ તજી દઇ અશુભપંથે કેમ વળે છે? તે વિષે વચનામૃતો-નીચેના વાકયો કોમળ હૃદયમાં કોતરી રાખવા ભલામણ છે.

(૧) માણસને જ્યાં સુધી આત્મિક સુંદરતાનું અવલોકન અને અપૂર્વ વસ્તુનો અનુભવ ન હોય ત્યાં સુધી પુદ્ગળ પરથી મનોવૃત્તિને પાછી વાળવી દુર્ઘટ છે. કારણ કે જે સમજાય છે તે સામાન્ય અને પરોક્ષ છે. અને લલચાવનારી બાહ્ય સુંદરતા ઊંડા પ્રદેશમાં અદ્રશ્ય છે. પથ્થરને છોડી પારસમણિને સૌ કોઇ સ્વીકારે એ સ્વાભાવીક છે. પરંતુ પારસમણિ અત્યન્ત અદ્રશ્ય છે. માત્ર એની કથની દ્રશ્યમાન હોય એમ અનુભવાય છે તો પણ એ આનંદનો ઝરો પ્રગટ કરવાનાં સાધનો પરિપૂર્ણ આપણી પાસે છે. અખૂટ ખજાનાનો માલિક છતાં દટાયેલ દોલત વડે બનેલ ભિખારીને શ્રીમંત થતાં શું મુશ્કેલ છે?

(૨) આપણા સ્વાધીન રહેલ અપરિમિત શક્તિ માત્ર જ્ઞાનના જ અભાવે પરસ્વાધીનતા ભોગવે છે.

(૩) સૂર્ય જેવો પ્રકાશિત પદાર્થ આજે અંધકારમાં ખપે છે.

(૪) અખૂટ ખજાનો ખોલવાની ચાવી તમારી પાસે તેને લગાવતાં શીખો.

(૫) પંથ ઘણો કાપવાનો છે. મુસાફરી મોટી છે. સૂવાનું કે બેસી રહેવાનું આ સ્થળ નથી. યાદ રાખવું કે 'સાથે ઘણું જોખમ છે.' રસ્તો ઘણો વિકટ છે અને તેમાં લુંટારાઓ બહુ ઘુમે છે. જે સાધનો વડે ધારેલ સ્થળે પહોંચવું છે તે જો લુંટાઇ ગયા તો આથમ્યા પછી ઓરતો અને ખુટ્યા પછી ખેદને તૂટ્યા પછી તાણવા જેવું થાશે

(૬) આળસ એ જ અહિતનુ અને દુઃખનુ બીજ છે.

(૭) નંગ જડેલા સોનાના દાગીનાની લાલચે જીંદગીને કેપલા જેવી કરવી તે કરતા સાદાઈ હજારગણી સારી છે.

(૮ બનાવટી અત્તર કરતાં આત્માને અત્તર જેવો ખુશબોદાર અને ઉત્તમ પ્રકારના ગુણરૂપ, ભૂષણવાળો બનાવવો એ આનંદ દાયક છે.

ફૂરસદ વખતે ઉપરનાં વાકયો વિચારશો, લક્ષ્યપૂર્વક વાંચશો, વાંચ્યા પછી મનન અને નિદિધ્યાસન કરશો.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક — જામનગર

(૩૭) — તા. ૧૫-૧૨-૧૯૪૧

વહાણવાળા જેમ ધ્રુવ તરફ નજર ચૂકતા નથી તેમ
પ્રભુ સ્મરણનું લક્ષ ન ભૂલવું ઘટે.

પરમ સ્નેહી આત્મબંધુ !

ત્યાંની ગળાબૂડ પ્રવૃત્તિ તેમાં પણ જે મોટા આગેવાન, કાર્યદક્ષ એમને વળગનારાં ઘણાં અને મીઠાં માણસ તેથી ના પણ ન કહેવાય.

તેમાં જ રહેવાનું થયું. માણસની ધારણા ઘણી અપૂર્ણ છે જ્યારે કુદરત કે પરમાત્માની યોજના સર્વાંગસુંદર અને પરિપૂર્ણ હોય છે.

દઃ ભિક્ષુ

卐卐

ॐ

પત્ર ક્રમાંક (૩૯)

વાંકાનેર
તા. ૨૫-૯-૧૯૫૫

જો મઝા ઇન્તેજારીમેં હૈ વો વસ્લમેં નહીં હૈ

જ્યાં સાક્ષાત ગુરૂદેવ બીરાજતા હોય ત્યાં કોને અને કેવી રીતે હું સંતોષ આપી શકવાનો હતો. મારી પાસે ઉત્કૃષ્ટ કોટિનો ભકિતભાવ પણ કયાં છે? તમે ભકિતમૈયાના સજાતીય રહ્યા એટલે વિરહનું વેદન અનુભવો એ સ્વાભાવિક છે. પરંતુ અનુભવીઓ તો કહે છે કે 'જો મઝા ઇન્તેજારી મેં હૈ વો વસ્લમેં નહીં હૈ' એટલે કે જે આનંદ-સુખ-વિરહ-વિયોગમાં છે તે સંયોગમાં નથી. આનો અર્થ હું એમ ઘટાવું છું કે પ્રેમી-સ્વજન-ભગવાનના વિયોગ વખતે ભકતજનોના મન-બુધ્ધિ-પ્રાણ બધાંય એક લક્ષપૂર્વક પોતાના ઇષ્ટને સતત સંભાર્યા કરે છે. તે જ એનો દિવ્ય સંયોગ છે. એ માનસિક મિલનની મીઠાશ સ્થૂલદર્શનમાં વિરમી જાય છે. સાક્ષાત્ મિલન પછી તો એક જાતની તૃપ્તિ અનુભવાય છે ત્યારે તો શારીરિક અને વ્યવહારિક અનેક તત્વો એ સ્થિતિમાં બાધકરૂપ નીવડે છે. અનુભવીઓના અનુભવની શી વાત કરવી?

ૐ

પત્ર ક્રમાંક (૪૦) — વાંકાનેર, તા. ૧૬-૧૦-૧૯૪૫

મૂંઝવણથી ગભરાવું નહિ, ધીરજ તેનો ઉપાય છે.

સમય અલ્પ છે. લાભ લેવાની ભાવનાવાળાને લાભ મળે છે. દર્શનની, સેવાની, જાણવાની પિપાસા એ જાગૃતિનાં લક્ષણ છે. એ માર્ગે જ આગળ વધાય છે. એ માર્ગે ચડ્યા પછી મૂંઝવણ વધે છે. ચેન પડતું નથી કારણ કે નીચેની ભૂમિકા છૂટી ગઈ હોય છે અને ઉપર હજુ પહોંચાયું નથી. વચલી સ્થિતિ કફોડી હોય છે. જેને કશું કરવું નથી, આગળ વધવાની તાલાવેલી નથી એને નિરાત હોય છે અને જે માગુલ વસ્તુને પામેલ હોય છે તેવા આગળ ગયેલાઓને નિરાત અને શાન્તિ હોય છે. વચગાળામાં રહેલા મનુષ્ય માત્રને કઈ મૂંઝવણ - ખેંચની રહેલી છે. માટે ગભરાવું નહિ. ધૈર્ય-ક્ષમા અને ખંતને છોડવા નહિ.

ૈ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૪૧) — મોરબી, તા. ૧૮-૭-૧૯૪૭

સુખ દુઃખનું કારણ મન જ છે.

ઠંડક અને તાપનો આધાર મોટે ભાગે મન ઉપર છે. માટે મન અને હૃદયનું એવું ઘડતર કરવું કે સત્વસંગ

આટલી પ્રતીતિ હોય તેને આગળ માર્ગ મળવાનો, પ્રયત્નને અન્તે પ્રકાશના પ્રદેશમાં જવાના, આમાં જરાય સંશય ન રાખશો.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક (૪૩)

જોરાવરનગર
તા. ૨૬-૧૦-૧૯૪૯

મુમુક્ષુના હૃદયમાં ચૌદસ ન હોય સદા દિવાળી હોય

અત્રેથી સીધા સાયલા જવાની ઇચ્છા છે. પછી તો હરિ ઇચ્છા બળવાન. દૂર રહેવાની ઓર મઝા છે. વિરહ વ્યથામાં પણ એક જાતનો લાભ જ છે. જે થયું તે યોગ્ય જ થયું છે અને જે થશે તે પણ યોગ્ય થશે. ઇચ્છા પ્રમાણે ન થાય તો ઇચ્છનારને કષ્ટ થાય તેથી જ પ્રભુની મરજી પર છોડવું. બોજાથી હળવા થાવું એમાં આનંદ છે.

દીપકનાં સાધનો તો હૃદય ગુફામાં જ છે. ફટાકડા તો હંમેશાં મુમુક્ષુ ફોડયે જ રાખે છે. તેને તો હંમેશા દિવાળી છે. મુમુક્ષુના હૃદયમાં ચૌદસ ન હોય, અંતદ્રષ્ટિ કરો, જરા સ્થિર થાઓ. બહારના બધાં પ્રવાહો અટકાવી દ્યો. શાંત થઈને અંદર ડૂબકી મારો. ત્યાં હૃદયનાથ સાચા ગુરૂ બેઠેલ છે. માર્ગ બતાવનાર, દોરનાર, પ્રકૃતિના સ્વામી અંદર દેખાશે. માત્ર અહંવૃત્તિના ખોખાને—બુરખાને બળ અને

સમજપૂર્વક છોડવો પડશે. ત્યાં ખૂબ નવરાશ છે. વાહ— કેવી મઝા ? કેટલા સ્વતંત્ર ભાગ્યવાન છો ? જે કામે ત્યાં ગયા છો તે પતી ગયું હશે.

દ: બિંદુ

卐卐

ॐ

પત્ર ક્રમાંક (૪૪)

આંબલા
તા. ૮-૧-૧૯૫૦

આત્મ સાધના માટે એકાંત સ્થળ જોઈએ

અહીં સાધના મારી શક્તિ અનુસાર ચાલે છે. સ્થળ તદ્દન શાંતિનું છે. ત્યાં લોકો લાભની આશા રાખે અને તમારા જેવા સેવાની આશા રાખે, એ દ્રષ્ટિએ લાભ ગણાય પરંતુ હું જે સાધના માટે અહીં રહ્યો છું તે આત્મસાધના માટે એકાંત શાંતિ, નિવૃત્તિ ત્યાં ન મળે. તે પ્રવૃત્તિનુ ધામ જ છે તથાપિ એક વર્ષ તો અત્રે જ રહેવાના ભાવ છે. ત્યાના સર્વે પ્રેમીવર્ગને તથા તમારા સર્વ કુટુંબને પ્રભુ સ્મરણનું કહેશો.

દ બિંદુ

卐

ૐ

પત્ર ક્રમાંક
(૪૫)

સાયલા
તા. ૧૦-૨-૧૯૫૦

ભક્તોની શુદ્ધિ વિરહની જ્વાળા જ કરે છે.

જીવે સત્ વસ્તુ માટે તાલાવેલી કરી નથી. લક્ષ્મી આદિ ઈષ્ટ માનેલ પદાર્થો મેળવવા મનુષ્ય ભવનો કિંમતી સમય બહુ જ ગુમાવ્યો છે. લોહીનાં પાણી કર્યાં છે. વહાલાં સાથે વેર વિરોધની આગ જલાવી છે. પણ દેવ-ગુરૂ-ધર્મ અને આત્મધન મેળવવા આંખ પણ ઊંચી નથી કરી. હવે જો તમારી આંખ ઉઘડી છે, પિપાસા પ્રગટી છે અને એ માટે તલસી રહ્યા છો તો તે ભાવ જ ઉત્તમ છે. વિરહથી ભાવની વૃદ્ધિ થાય છે. જે વિરહમાં મજા છે તે મિલનમાં નથી.

વિરહની થોડીક ક્ષણો પૂરણ શેઠને વધુ મળી હોત તો કેવળ પ્રગટત. વિરહના અનુતાપથી જ ચંદનબાળાની હૃદય-શુદ્ધિ થઈ. વિરહની વ્યથાથી જ રાજુલ પરમ પંથના અધિકારી બન્યાં. ભક્તોની શુદ્ધિ વિરહની જવાળા જ કરે છે. એમાં બુદ્ધિના તર્કોની જરૂર નથી. તમારી ભાવસ્થિતિ સુધાનું વર્ણન એ જ ભાવનું પ્રતિપાદન કરે છે. તમે એજ માર્ગે ગમન કરી રહ્યા છો, મને સંતોષ થાય છે. હીરાબેન પછીનો નંબર તમારો આવે છે. મારાં ભક્તો મને માનનાર, પૂજ્ય-ભાવે જોનાર ઘણાં છે. પણ વર્તનમાં ભાગ્યે જ પાંચ દશ ટકા માર્ક મેળવે. એમાં એમના કરતાં મારી ખામી વધારે જોઉં છું.

દ: ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૪૬)

કૃષ્ણકુંજ, બોરીવલી
તા. ૧૭-૫-૧૯૫૯

જાણે છે તેને જીવનમાં ઉતારવું ઘણું કઠણ છે

વજ્રેશ્વરી ન રહેવાયું તે સારા માટે. તબિયતના નિમિત્તે અત્રે અમારું આવવું થયું. એમાં કુદરતનો સંકેત માનું છું. તમારા સંયોગો પણ ચિંતાજનક છે. એમાં પણ કુદરતનો સંકેત માનવો; એ શ્રદ્ધા ન છોડશો. તમોને તેની આખરે પ્રતીતિ થશે. આર્થિક સંયોગો ઉપર ધોરણ ન બાંધવું. એ તો ઉપરનું દૃશ્ય છે. ભીતરમાં તો જે થવાનું હોય તે થયા જ કરતું હોય છે.

મનુષ્ય ભગવાનને શરણે જઈ શકતો નથી. બોલે છે પણ આચરી શકતો નથી અને સમર્પણ કરવું એમાં વિશ્વાસ-શ્રધ્ધા રાખી બોજો હળવો કરવાની હિંમત ચાલતી નથી. એટલે જ ચિંતા, મુશ્કેલીઓ આપત્તિઓ વેઠ્યા કરે છે સહન કરે છે. એ જાતની શ્રદ્ધા પરમ દુર્લભ છે.

બીજાને બોધ કરવો, પંડિત બનવું. તપસ્વી થવું, લેખક-વક્તા થવું એવું-બધું સહેલું છે. પણ જે જાણે છે, સમજે છે, અનુભવે છે એ બધાને જીવનમાં ઉતારવું જાગૃતિ અખંડ ઉપયોગ એ પરમશ્રેયના પંથમાં જીવન વિતાવવું-બહુ કઠણ છે. તમે એટલાં ભાગ્યવાન છો કે એ દિશામાં નજર માંડી છે. સંયોગ અને શક્તિ પ્રમાણે ગતિમાન છો. ભગવાનમાં પૂર્ણ શ્રધ્ધા રાખનાર છેવટે શાંતિ અનુભવે છે. ભક્તોને કસોટી, કઠો મુશ્કેલીઓનાં વાદળો દેખાય પણ એ

બધાં તેમના જીવનની કસોટી માટે જ હોય છે. બીજા અનેક લોકોની અપેક્ષાએ તમો સુખી છો. તે સ્મરણમાં રાખશો. મારી તબિયત સારી છે. પત્રની પ્રવૃત્તિ લગભગ બંધ છે. એકાંતમાં રહેવાની, બધા બહારના વ્યવહારોથી મુક્ત થવાની વૃત્તિ જોર કરી રહી છે. સાયલામાં સ્થિરવાસ રહેવાનું નક્કી કર્યા પછી રહી ન શક્યો.

તમે જે વલણ કલકત્તામાં લીધું તે ઠીક ઉત્તમ કર્યું છે. ત્યાગભાવ, ઈશ્વર ઇચ્છા, પ્રેમની ભાવના એ જ શાંતિકર છે. ગમે તેવા સંયોગોમાં પ્રસન્નતા જાળવી રાખવી એ સાચી સમજણનું ફળ છે. સમજણ છતાં ટેવને લીધે પ્રકૃતિની પરાધીનતાથી મન કાબૂને ગુમાવી બેસે છે. છતાં સાચી સમજણવાળો પાછો કાબૂ મેળવી શકે છે. 'ચિંતન અને દર્શન ભાગ ૧–૨ પંડિત સુખલાલજીનું પુસ્તક જરૂર એકવાર તમારે વાંચવા જેવું છે.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક
(૪૭)

સાયલા
તા. ૯–૯—૧૯૬૨

ઉર્ધ્વગતિ તરફ વધનારને પ્રાપ્તિને અભાવે વેદના રહે છે

અધ્યાત્મરસમાં નિમગ્ન આર્યાજી !

તમારા પત્રમાં અંતઃકરણના ભાવો વાંચી આનંદ. નિખાલસ હૃદય જ આત્મ વિકાસની સાક્ષી આપે છે. કલ્યાણની

ઝંખના, પિપાસા અને અભીપ્સા જ એ માર્ગે લઈ જશે નીચેથી ઉપર ચડનારની અંતસ્થિતિ સ્થિતિ એવી જ હોય છે. ઉપર ચડાયું ન હોય અને નીચે જવાય તેમ ન હોય તેવી વચલી ભૂમિકામાં રોકાઈ રહેલાને તમોને અત્યારે થાય છે તેવું દુઃખ, વેદન, ખેદ, થયા કરે છે. એવું વેદન નીચલી ભૂમિકાવાળાને થતું જ નથી. એ તો નીચે રહી મોજ કરતાં હોય છે. અને પૌદ્‌ગલિક પદાર્થો, માન, પાન, કીર્તિશ્લાઘાના ધુમ્મસમાં અટવાતાં હોવા છતાં મોજ કરે છે. જ્યારે ઊર્ધ્વ-ગતિ તરફ પ્રયાણ કરનારને વસ્તુની પ્રાપ્તિના અભાવે વેદના રહે છે.

અને તમે જેમ લખો છો કે વારંવાર તેજી મંદી થયા કરે છે, ધારવા પ્રમાણે થતું નથી આસુરી ભાવો નીચે ધસડયા કરે છે. એ સંભવિત છે માટે નિરાશ ન થાશો. પુરુષાર્થ ચાલુ રાખશો. તમે રસ્તા પર છો, વિલંબ થાય એ સંભવ છે, પણ અવળે માર્ગે નથી તેની ખાત્રી રાખશો.

પ્રસન્ન ચિત્તે સદા વિચરવું. આત્મવિચારણા, સ્મરણ, ચિંતન, સ્વાધ્યાય, ધ્યાનાદિ પ્રવૃતિ વડે આત્મશુધ્ધિ કરવામાં પ્રમાદ ન કરવો. ખૂબ શાન્તિથી સાધના ચાલુ રાખવી. તબિયતને ખૂબ સાચવીને શ્રમ લેશો. સમયનો સદુપયોગ વાંચન, વિચારણા, આત્મચિંતન, ભજન, પ્રાર્થના જેવા આત્મ શુધ્ધિનાં કાર્યો કરવાં એ જ હિતવાહ છે.

દ ભિક્ષુ

卐

ૐ

પત્ર ક્રમાંક (૪૮) સાયલા તા. ૧૩-૭-૧૯૬૩

હર્ષ-શોકના પ્રસંગે ઉપયોગ રાખનાર સમભાવ કેળવી શકે છે.

ત્યાંની પરિસ્થિતિ જાણી. કુદરત જીવને અનુભવ દ્વારા વિકાસ કરાવે છે એ જીવ સમજતો નથી. જીવ માત્ર સુખ-દુઃખ, શાતા-અશાતા, અનુકૂળતા પ્રતિકૂળતા તરફ લક્ષ રાખે છે. એના સંકેતને સમજનાર વિરલા હોય છે. ખેલ કરનારને મઝા હોતી નથી. જોનારને મઝા હોય છે. તેમ જગત અને તેના વિધ વિધ પ્રસંગોને, પ્રાણી-પદાર્થોને દ્રષ્ટા તરીકે જોનારને વગર બંધેજ મઝા પડે છે. એ તમે જાણો છો. એને આચરવાના પ્રયાસ કરતા રહેવું.

હર્ષ-શોકના પ્રસંગે ઉપયોગ રાખનાર સમભાવને કેળવી શકે છે. જીવનનો ઉદ્દેશ સમભાવ (સમત્વ) પ્રાપ્ત કરવાનો છે. એ મુક્ત થવાનું પ્રવેશદ્વાર છે. ઉદય આવે તેને સમભાવે ભોગવવાનો અભ્યાસ ગમે તે સ્થળે રહીને થઈ શકે છે. ઘડીકમાં અંધારું અને ઘડીકમાં ઉજાશ થાય એ ભૂમિકા ઉપર તમે છો.

સમજ વગરની ક્રિયા નીરસ લાગે, પણ સમજદારને નીરસ ન લાગે. ક્રિયા વિના ચાલે જ નહિ. જીવનનો સ્વભાવ જ ક્રિયાશીલ છે. કુદરત અભ્યાસ સાથે જ પરીક્ષા લેતી હોય છે. જાગૃત આત્મા એ જાણે છે. જીવને અભ્યાસ અર્થે જ પ્રતિકૂળ સંયોગોમાં કુદરત મૂકે છે. સાક્ષી કે

દૃષ્ટાને મૂંઝવણ થતી નથી. માંડ પડનારને મૂંઝવણ થાય છે કેમ? બરાબર છે કે નહિ?

કુદરત જ્યાં યોજના કરે ત્યાં યોજાવું એની યોજનામાં આપણે હર્ષ-શોક ન કરવો ઘટે. જો આપણે તેને અને તેની યોજનાને માનતા હોઈએ તો અમારા વિચારો-અમારી પ્રતિકૃતિ સાથે છે. તો અમે સાથે જ છીએ. એક દૃષ્ટિએ બધું કલ્પનામય છે. સત્-ચિત્ આનંદ વિના બધું કાલ્પનિક જ છે માટે ઉત્તમ પ્રકારની કલ્પનાના વિકાસથી આનંદ મેળવશો.

સમાગમથી મળેલ વિચારોને વાગોળવા, પચાવવા, કણ પણ નકામી ન જાય તેની કાળજી રાખવી. શુષ્ક વાતાવરણને બીજું રસયુક્ત સાચી સમજવાળા કરી શકે છે. 'ચિત્તે પ્રસન્ને" એમાં પારકી ગરજ જોગવવી પડતી નથી. એમાં આપણે સ્વતંત્ર છીએ માત્ર આવડતની જરૂર છે. આત્મભાવે સેવામાં જોડાવું, કુદરત રૂઠે ત્યારે માણસ નિરૂપાય બને છે. રૂઢિચુસ્ત વર્ગનું પણ એક દયા જનક દૃશ્ય છે

તમારી કલ્પના સાચી છે. વાચનમાં અમે વિવેક પર્વત ઉપર આવ્યા છીએ. ભવચક્રના કૌતુકો આગળ વધે છે. સાત લક્ષ્મીનું વર્ણન-સાત્વિક પુર, અપ્રમત્ત શિખર, જૈન પુરીનો વિસ્તાર હવે આવશે. સાંભળનાર અધિકારીની ખામી છે. મનોમય રીતે પોતે પોતાની જાતને તન્મયપણું હોય છે. 'અધ્યાત્મ વાર્તાલાપ' પૂરો થયો છે.

જેને આત્મતત્ત્વનો અનુભવ થયો હોય છે એવા મહાપુરુષ પોતાના અનુભવને વ્યક્ત કરવા ચોક્કસ પ્રકારની પરિ

ભાષા નક્કી કરીને ભાષામાં તેની ગૂંથણી કરતા હોય છે જિજ્ઞાસુએ કેવળ જિજ્ઞાસુવૃત્તિથી એના ભાવને ઉકેલવા જોઈએ. જો એવી વિવેક શક્તિ ન હોય તો સાધક કેટલીક વાર ગુંચવાઈ પણ જાય. વિવિધ પુસ્તકોનું વાંચન કરતી વખતે જો દ્રષ્ટિ સંપન્ન પુરુષોની સાનિધ્યમાં વાંચન થાય તો જ અપૂર્વ લાભ મળે. અથવા સાધક પોતે તૈયાર હોય તો સ્વતંત્ર વાંચનથી લાભ ઊઠાવે! નહી તો પછી 'ભૌતાચાર્યના શિષ્ય' જેવું થાય. આ તો સ્હેજે સ્ફૂર્યું" તે લખ્યું છે. એજ.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક (૪૯)

સાયલા
તા. ૧૯-૮-૧૯૬૩

કષ્ટ દુઃખ એ તો માણસને જાગૃત રાખવા કુદરતની રમત છે

શ્રેયના માર્ગે જવાના અભિલાષી ભાઇ તથા પવિત્રાત્માબેન!

તમોને ભાગ્યવાન એટલા માટે માનું છું કે તમારા ઘરમાં સંપ છે. એક રાગ છે. ધર્મની ભાવના છે. આજીવિકાનં સૂખ છે. સંતતિ સુપાત્ર છે અને પ્રભુ પ્રત્યે શ્રદ્ધા છે.

લક્ષ્મી ગમે તેટલી ઘરમાં હોય પણ ઘરમાં સુપાત્ર વ્યક્તિની ખામી હોય, ધર્મ કરતાં ધનની લાલસા વધુ હોય તો તે નિર્ભાગી મનાય છે. આરોગ્યની તમારામાં થોડી ખામી છે. એ તો તમોને જાગૃત રાખવા કુદરતની રમત છે. થોડું દુ:ખ પણ જીવને કસોટી અર્થે હોય છે. એમાં જેટલો સમભાવ તેટલી કર્મની નિર્જરા થાય.

તમારા કરતાં ઘણાં દર્દી ભયંકર રોગવાળા, આર્થિક મૂંઝવણવાળા, પરસ્પર કુસંપની જ્વાળામાં બળતા અનેક માણસોનો તમને અનુભવ છે તે દ્રષ્ટિએ તો તમે ઘણા સુખી ને પુણ્યવાન છો. હવે તમે અત્યારે ધારો એટલું આત્મધન-આત્મશુધ્ધિ કરી શકો એટલી અનુકૂળતા છે. તમોને સાચી સમજ છે. જેટલું વર્તનમાં મુકાય તેટલું વાંચન સફળ થયું ગણાય.

દ: ભિક્ષુ

卐卐

ॐ

પત્ર ક્રમાંક (૫૦)

ચાયલા
તા. ૨૭-૧૦-૧૯૬૩

આપણી બેદરકારીનો ભાર કુદરત ઉપર નાંખવો ન ઘટે

દુ:ખ દર્દ ભર્યો પત્ર મળ્યો. વાંચ્યો, ધાર્યા કરતાં વધારે સમય પીડા અને પરવશતાના ગયા. છતાં હજી મુક્ત થયા નથી એ માટે ખેદ થાય તે સ્વાભાવિક છે. પણ

તાત્વિક દ્રષ્ટિએ વિચાર કરો તો એમ કેમ ન માનીએ કે આના કરતાં વધુ સજાના નિર્માણમાંથી, કુદરતે બચાવીને નામનીજ સજા કરી છે! કુદરતને પગને ખેડવી ન નાંખ્યો આપણા થોડા પ્રમાદથી થોડી ઈજા થઇ તેમાં આપણી બેદરકારીનો ભાર કર્મ કે કુદરત ઉપર નાંખવો ન ઘટે.

લોકો કહ્યા કરે છે કે 'આમ થવું ન જોઇએ'. બીચારી, પરણીને તરત રાંડી, વિધવા થઈ, છોકરો ના'વા ગયો હતો ને બુડી ગયો. પ્રાયમસની ઝાળ લાગીને બળીને મરી ગઈ. ટ્રેન અકસ્માતમાં એંશીનું મૃત્યુ, હોડી ઊંધી વળીને પંદર જણ બૂડી મુવા, પ્લેન તૂટયુંને આટલાં માણસો મરી ગયાં. આ બધું આપણી દ્રષ્ટિથી અઘટિત લાગે છે પણ પડદા પાછળનું નિર્માણ પ્રારબ્ધ કોઇ જોતું જ નથી!

બેન! વિચારવું એ જોઈએ કે બીજાઓની અપેક્ષાએ મને ઘણું સારૂં છે. મારી ભૂલોનું પરિણામ મારે પ્રસન્નતા પૂર્વક સહેવું જ જોઇએ એમાં જ સાચી સમજ છે. અહીં આવી ન શકયાં પણ ત્યાં રહ્યાં તમે ઘણું મેળવ્યું છે. મેળવવું ને ખોવું એનો આધાર મનની સમતુલા પર છે. સોજા માલીસથી અને બ્લડપ્રેસર દવાને આરામથી કાલ મટી જશે. મનને ખૂબ પ્રસન્નતામાં રાખો. તમારાથી હજારગણી વેદનાથી હજારો માણસો રિબાય છે. પરાધીનતામાં સ્ત્રીઓ દુઃખના લીધે અગ્નિસ્નાન કરે છે. એવાં અનેક સ્ત્રીપુરુષ કરતાં તમે ઘણાં સુખી છો, એ પરમાત્માની કૃપા માનો.

એ કૃપા સાગરના ગુણગાન, સ્મરણ, ભજન, કીર્તન વધુ કરો. એને જ અર્પી શકાય તો બધું સમર્પી બોજાથી ં બનો! એ જરૂરનું છે. એકલો જ્ઞાનયોગનો માર્ગ

માણસને શુષ્ક બનાવે છે. લાગે રમણિક, કેમકે એમાં માત્ર તત્ત્વની વાતો જ કરવાનું હોય છે! લાભમાં અભિમાનની વૃદ્ધિ થાય છે. તે કરતાં સમજપૂર્વકનો ભક્તિયોગ શ્રેષ્ઠ છે. એ માર્ગે અનેક ભક્તજનોએ પોતાનું જીવન પ્રભુ ચરણે અર્પીને લાભ મેળવ્યો છે. માટે ખૂબ વિચાર પૂર્વક ભક્તિ માર્ગે જેમાં નમ્રતા, સેવા, કરૂણા, નિર્દંભતા અને અનાસક્ત ભાવ કેળવાય!

હંમેશા જીવનચર્યા તરફ દ્રષ્ટિ રાખવી કે જેથી આસક્તિ, દંભ, અભિમાન, ઈર્ષ્યા, દ્વેષ જેવી ઝેરી પાપવૃત્તિઓ ન પેસી જાય એટલા સજાગ રહેવું એ માટે ચૈતન્ય પ્રભુ, એકનાથ, જ્ઞાનદેવ, સંત સુરદાસ જેવાનાં ચરિત્રો વાંચવા, વારંવાર વિચારવા અને અનુપ્રેક્ષા કરતાં રહેવું એ ધ્યેયપંથ છે.

શરીર હવે સારૂં કામ આપતું નથી. પરાધીન જેવુ છે પણ ઉદયાધીન આવી આલમ છે તો આપણે પ્રભુ રાખે તેમ રહેવું. તમે અત્યારે અશાતા વેદનીયના ઉદયમાં વર્તો છો. શાતા વેદનીય કરતા અશાતા વેદનીય એક દ્રષ્ટિએ ઉપકારક છે, જો જીવે મધ્યસ્થભાવ કેળવ્યો હોય તો, નહિ તો આવા પ્રસંગે જીવ વધુ વ્યાકુળતા વેદે છે અને પરિણામે આત્મા તેજ ગુમાવે છે.

સદ્ભાગ્યે તમે ઉચ્ચદશાનાં અધિકારી છો એટલે નીચેનો શ્લોક વિચારી, મનન કરી પ્રસન્ન રહેશો. "અધિકપ પરયતઃ કસ્ય" વિશેષ શું લખું? અમૃત પીરસ્યું છે, જેનુ મન સમભાવ-ભાવિત છે જ્યાં જાય ત્યાં શાંતિ છે. શાંતિ-આનંદ-મોજ એ બધા આધાર સ્થાન પરત્વે નથી, આધાર

મન ઉપર છે. ઘડવાનું મનને છે. પછી વાંચનથી ઘડો, તપથી ઘડો કે સત્સંગથી ઘડો, મન અસ્થિર હોય તેને કયાંય શાંતિ નથી.

ઉપસંહાર

આત્મ દર્શનની ઝંખનાને લીધે ઉદાસીનતા જરૂર આવે. ઉદાસીનતાનો રહસ્યાર્થ 'ઊંચે બેસવું' તે છે. ઊંચે જે બેસે છે તે પોતાનો બધો ભાર કુદરત પર નાખતો જાય છે. અહીં ઘણી દૃઢ શ્રદ્ધાની જરૂર પડે છે પણ શ્રદ્ધામાંય બેદરકારી નહિ પણ ખબરદારી રાખવીજ જોઈશે. આ રીતે અંધશ્રધ્ધા અને અશ્રધ્ધા એ બન્નેની પેલે પાર જઇ સુશ્રધ્ધા અથવા જ્ઞાનમય શ્રધ્ધા અનિવાર્ય આવશ્યક થઇ જાય છે.



ૐ

પત્ર ક્રમાંક (૫૨) સાયલા
તા. ૪-૬-૧૯૫૨

દુઃખમાં વિકાસ થાય છે સુખમાં અટકે છે

તમે હાલ જે મૂંઝવણ અનુભવી રહ્યા છો, આવવાની ઈચ્છા છતાં સંયોગોએ આવવા ન દીધા. મનુષ્ય ધારે છે તેમ નથી બનતુ. એનો તો તમને અનુભવ છે. તો પછી ખેદ શા માટે? 'પ્રાપ્તવ્યો નિયતિ બલાત્' એ વાક્ય તો ઘણીવાર સાંભળ્યું છે. મહાપુરૂષો કહે છે–પ્રતિકૂળ સંયોગો માંજ સમ્યગ્દૃષ્ટિ (સમદૃષ્ટિ) વિકાસ સાધે છે. દુઃખમાં જ વિકાસ થાય છે સુખમાં વિકાસ અટકે છે એટલે જ સ્વર્ગના દેવો વિકાસ નથી કરી શકતા તમારા કરતાં અનેકગણી વિટંબણાઓ, મૂંઝવણો, કષ્ટો જગતના અસંખ્ય જીવો વેઠી રહ્યાં છે, એ અપેક્ષાએ તમારી મૂંઝવણ અલ્પ છે

સાધક બન્નેને સાધનારને સુખદુઃખ બન્નેનો સ્વાદ લેવો પડે છે. ત્યારે તરફના અનુતાપ વચ્ચે પણ અંતરની ઊંડી, સાચી સમજ શીતળતા આપે છે. ઊંડી સમજણ બહુ મૂલ્યવાન વસ્તુ છે. આ બધા વાદળાં વિખરાઈ જવાના. વિશ્વાસ રાખો કે જે થાય તે સારાને માટે'. ખૂબ શ્રદ્ધા રાખો 'લાભસ્તેષાં, જયસ્તેષા, કુતઃ તેષાં પરાજયઃ!

સમદૃષ્ટિને [illegible] બધું એકાત્મ થવાની રમત જેવું લાગે છે! દુઃખ [illegible] એ સાચી સમજણનો અભાવ છે. બધું બધું [illegible] ાંત થઈ જવાનું. પુરુષાર્થના વચનો [illegible] પ્રધાન [illegible] રહે છે. અનુભવ કેવળ છે એ

પણ શિક્ષણ જ છે. ખૂબ શાંત રહો, બધું સારૂં થશે. સાધનામાં અનેક વિઘ્નો આવે છે.

દઃ ભિક્ષુ





પત્ર ક્રમાંક (૫૩)

સાયલા
તા. ૧૮-૧૧-૧૯૫૨

અશાંતિમાં મનને પ્રભુ સ્મરણમાં જોડવું

આજે જયંતિના દિન તરીકે લોકોએ પ્રવૃતિ કરી છે. તમારૂં કલકત્તા જવાનું હાલ મુલતવી રહ્યું તે જાણ્યું અને મનની અશાંતિ પણ જાણી. અશાંતિના પ્રસંગમાં વાંચન ન કરવું પણ જાપ કરવો. જે નામનો તમે જાપ કરતા હો એ જાપ સતત કરવો. બીજા વિષયમાંથી મનને ખેંચી લઈને પ્રભુ સ્મરણમાં જોડવું એ સર્વોત્તમ ઉપાય છે.

આવી પડતી આપત્તિઓ વિપત્તિઓ થોડો વખત તો માણસને ગભરાવી મૂકે અને પ્રકૃતિઓ મનનો કબજો લઈલે પણ આ બધી કસોટીઓ છે અને કસોટી આ માર્ગમાં ચાલનારને થાય છે. એમાં જરાય નવાઈ નથી. જેમ જેમ પંથ કાપશો તેમ તેમ વધુ કસોટીના પ્રસંગો આવે પણ તેથી જરા પણ ગભરાવું નહિ. વિચલિત ન થવું. એ બધા પ્રસંગો માયાવી દ્રશ્ય છે. ક્ષણિક છે પણ જાણે હવે શું થાશે એમ બ્હીવડાવનારા હોય છે. આવા પ્રસંગે પણ ખૂબ શાંતિ, ખૂબ ...ાવ, અખૂટ ધીરજ અને શ્રદ્ધા રાખવાં. શક્તિ અને ...યોગ કરવો.

એ બધું પ્રભુના ચરણે ધરી દઈ તેનો જાપ કરવો એટલે એ વાદળાં વિખરાઈ જશે. અને તાજગી અનુભવશો. આવા પ્રસંગો જ વૈરાગ્ય પ્રાપ્તિના અને ભજનવૃધ્ધિ કરવાના નિમિત્ત બને છે.

વાંચન તો તમે ઠીક ઠીક કર્યું છે હવે તો બધાં વાદળાં વિખરાઈને હૃદયાકાશ સ્વચ્છ ન થાય ત્યાં સુધી જપ પણ શરુ રાખશો. નવરાશ મળે તેટલો વખત જપ જ કરશો. ચિંતાના, ઉપાધિના, વ્યાકુળતાના બધા પ્રસંગોને પ્રભુના ચરણારવિંદમાં મૂકી ભાર ઓછો કરશો. એને સોંપવા જેટલી શ્રધ્ધાને ધીરજ પ્રગટાવશો.

જપ કે ભજન બન્ને સાથે ન થાય; ચિંતા કરવાથી ચિંતા મટતી નથી પણ બમણી પજવે છે માટે જેમ પ્રભુની મરજી હોય તેમ થાય એમ સમર્પણ કરીને ૐ હ્રીં અર્હં નો જાપ કરશો. કોઈ વિરુધ્ધ થાય તેથી શું થયું ? આખી દુનિયા વિરુધ્ધ હોય તો પણ એક સાચો નાથ પક્ષના હોય તો કશી અડચણ નથી! માટે જરા પણ ભય કે શોકને ટકવા ન દેશો. એ બધી ભૂતાવળને આપણે જ નોતરેલ છે

આ પ્રસંગો તો નિમિત્ત માત્ર છે પજવનારા અંદર છે. અને તે પણ તમે સારંગ બદલ્યો એટલે તમોને પક્ષ બાંધવા, પક્ષ પલટી લાવવાના પેંતરા છે કુટુંબ કોઈક ગુંચવેલ તમોને બતાવે છે કે પક્ષ બદલ! નહિ તો પરના કલહ દાવાનળ બની ભરખી ખાશે. એ બતાડનાર વિચાર અંદરની પ્રકૃતિ દ્વારા થાય છે પણ હવે પક્ષ બદલવાનું ન હોય! આવા વખતે કોઈના ઉપર રોષ કે ક્રોધ કે દ્વેષ જેવું જરાપણ ન થાય. શાંત શાંતિપૂર્વક સબુર બનીને જ વાંચનનું

છે. લડવાનું અંદર છે. દુશ્મનો અંદર છે, બહાર કોઈ દુશ્મન નથી એ તમારી સમજણને જાગૃત રાખશો. રખે ભૂલતા. જાણો છો તેને વર્તનમાં મૂકવાનો સમય આવી પહોંચ્યો છે!

દ: ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક (૫૪)

સાયલા
તા. ૧૫-૯-૧૯૫૫

સત્ સમજાય નહિ ત્યાં સુધી જીવન પલટો થાય નહિ

અનાદિકાળથી રાગદ્વેષવશાત્ જીવને સ્થૂલ પદાર્થો પ્રત્યે મમતા રહ્યા જ કરે છે. સત્-સમજયા સિવાય કદાચ પર્યાયનું પરિવર્તન થઇ શકે પણ દ્રવ્યનું નહિ. એના માટે સાચી સમજણ અને દિવ્યદ્રષ્ટિ જોઇએ એટલે જ મહાપુરૂષોએ શ્રધ્ધાસહિત જ્ઞાન પછી ચારિત્ર કહ્યું છે. અખંડ અવિનાશી, ધ્રુવ અને અચળ આત્મતત્વની સાચી જિજ્ઞાસા જાગે ત્યારે તેના વિરોધી દરેક પદાર્થનો મુકાબલો કરી અચળ શ્રધ્ધા પ્રગટાવવી જોઇએ. ત્યાર પછી જ અરુપી આત્માના સૂક્ષ્મભાવોનું નિરીક્ષણ કરવાની ચાવી મળે છે. ખાલી વાંચનથી તો નહિ. આ જ્ઞાનને દરેક અનુભવીઓ અનુભવવાણી દ્વારા પ્રગટ કરી ગયા છે.

વર્તમાનકાળે પણ ઘણાં વિરલ આત્માઓ જગાડી રહ્યા છે પણ અધિકારી અને પાત્ર જીવોની તૈયારી હોય તેટલું

જ આચરી શકે અને શ્રેય અગર તો જગતની નવીન વાતો જાણવાના જગતના છાપાએ હાજ એ બધી વાતો જાણવાથી કદાચ બુધ્ધિનો વિકાસ થઈ શકે, નવું જાણવાનુ મળે પણ આત્માના અનુભવનો પડછાયો પણ ન મળી શકે! આત્મવિકાસની ગંધ પણ નહોય એવાના નકામો સમય શા માટે ગાળીએ?

દેશ પરદેશના નવીન સમાચારો કરતાં અંતરના પ્રદેશમા ઊંડ ઉતરીએ તો ત્યાં ગહી ગુફાઓ અને અનેક દેશો એવા તરત છે કે જેથી વીતરાગ, શાંતિ, આનંદની લહેરો અને અનુભવ સમૃધ્ધિ છે કે જે આ જડ ભાષાનાં પુદ્ગળોથી વર્ણન કરી શકાય તેમ નથી, મહાપુરૂષો પણ આ અનુભવને વાણી દ્વારા કહી શક્યા નથી તો પછી અલ્પજ્ઞ મનુષ્યોનું તો શું ગજું!

વીતરાગ પંથે ચાલી નિષ્કલંકી અનંત કલ્યાણ સાધ્ય અનન્ય ભાવે ભક્તિ કરવી એ પ્રેમપંથ પાવક છે તેમ તરણ છે. જ્ઞાન માર્ગે ટેકરા આવે! કર્મયોગ કાંટાળો માર્ગ છે. એ બંને પંથથી નિરાળો આ માર્ગ છે! છતા ભક્તિ જોઈએ એટલે કે જ્ઞાન પૂર્વકની ભક્તિ જોઈએ. પ્રશસ્ત રાગ અમુક ભૂમિકા સુધી સૌને રહે જ છે. ભક્તિ અને પ્રેમ તો સુખકરજ છે પણ તેમાં રહેલી મમતા જ દુખકર છે પ્રેમનો પ્રવાહ ગંગાના નીર જેવો નિર્મળ અને પવિત્ર હોય પણ જ્યારે એ પ્રેમ સ્વરૂપની નિત્યતા છોડી અનિત્ય પદાર્થો પર ઢળે છે ત્યારે તે રાગથી મલિન બને છે અને પરિણામે હર્ષ, ખેદ, ભય, શોક, ગ્લાનિ, સંયોગ, વિયોગ એ બધા પરિવર્તનોના સુખ દુખ અનુભવે છે.

આપણે એ દેહની પેલી પાર વસતા આત્માને ઓળખતા થઈ જઈએ તો પછી આ તાત્વિક સુખની જરૂર

મંદ હોય છે અને તેથી શુભાશુભ નિમિત્તોની અસર પણ બહુ જ અલ્પ હોય છે. અનંત શક્તિશાળી આત્મા લાખો ગાઉ દૂર વસનાર વ્યક્તિના અંતર સુધી પહોંચી શકે છે. આત્મભાવે આત્મામાં મળી જઇએ તો નજીક દૂરના ભેદભાવો ટળી જાય છે અભેદ ભાવે એકતા સાધો, ખૂબ આનંદ આવશે. ભક્તિભાવ દ્વારા સાક્ષાત અરિહંતને પણ માનસિક કલ્પનાથી ચિત્ર ખડું કરી એ મય બની જવાની અધિકારી ભવ્ય આત્મા-ઓની શકિત છે તો પછી પ્રત્યક્ષ ગુરૂદેવને સમીપમાં જ પ્રતિ-ક્ષણ નીરખવા અને ચિરકાળ ટકી શકે એવી સાચી શાંતિની શોધમાં અંતર્ગુફામાં ઉતરી પડવું એના જેવો બીજો કયો આનંદ હોઇ શકે? જે ઇચ્છશો તે બધું ત્યાંથી જ મળશે. અંતરાવલોકન કરશો.

દઃ ભિક્ષુ

卐卐

ૐ

પત્ર ક્રમાંક (૫૫) — સાયલા, તા. ૨૯ ૧૨ ૧૯૫૫

હૃદયમાં સત્યનો દીપક ન બુઝાય તેની કાળજી રાખવી

જે વ્યકિત તમોગુણ કે રજોગુણના પ્રદેશમાં વિચરતા હોય તેની પાસે સત્ત્વગુણની આશા ન રખાય. દયા ખાવા જેવા માણસ પ્રત્યે તો પ્રેમભાવે વર્તવું. જેવા મગજમાં જે માલ ભર્યો હોય તે એજ પ્રમાણે વિચારે અને આચરે સત્ત્વ-ગુણના અભ્યાસીએ પોતાના સ્થાનથી વિચલિત થવું ન ઘટે ...રીભાવો નવા નવા રૂપે આવીને સત્ય જેવુ અસત્યને રજૂ

કરે તેથી દૈવી ભાવને ગ્રંખનારા અસત્ય વિકારો ભાવનો
કરતા નથી. કસોટી એવીજ હોય છે.

આખા જગતને મિત્ર બનાવવાની ભાવનાવાળા
વિરોધીને ઘણું સહન કરવું પડે નિનિશ્ચ સિવાય આગળ ન
જ્યારે કાળ પાકશે ત્યારે વેરઝેર ધરી રાખનારા પણ નમ
ને પસ્તાશે પણ કાળના પરિપાક વિના ઉતાવળ કરવાથી
ફાયદો નથી. આપણે તો આપણા નિયત કરેલ માર્ગમાં
રહી 'પરમાત્મા સર્વને સદ્બુદ્ધિ આપે!' એમ ઇચ્છવું હૃદય
પરમાત્માના સ્મરણને સત્યનો દીપક ન બુઝાય તેની કાળજી
રાખવી. બાકી તો જેના જેવા ઉદય કાળ સ્થિતિ
વિના તીર્થંકર પણ સુધારી શકતા નથી

તબિયત પ્રતિકૂળ હોવાથી આવવાની ઉતાવળ ન કરવી
ત્યાં પણ તમો સમજ્યા છો એટલું કરી શકાય યથાશક્તિ
પ્રયત્ન થાય તો ઘણું છે. બાકી તો જેના હૃદય મળેલા છે
તે દૂર છતા સમીપ જ છે. જ્યાં દિલ નથી મળ્યા ત્યાં
સમીપે છતાં દૂર છે. ગીતાનો છેલ્લો અધ્યાય ચાલે છે
તમારા આંતરજીવનનો ખોરાક, વાચન, વિચારણા, સ્મરણ,
પ્રાર્થના એ જ જીવન શુદ્ધિ, જીવન પોષક તત્વો છે, બાકી
તો વ્યવહાર ચલાવવા પૂરતું છે અને પ્રારબ્ધ અનુસાર કરવું
જ પડે.

એ બધું પ્રેમ નીરખે' અનાજ ... ...
ધ્યાન વગર પ્રસન્નતાથી કરી છૂટવું. તમારી ભક્તિને ...
ખાને હું માનું છું. તમારા જેવા ચિંતન, ચિંતન અને
બીજા મળ્યા નથી. આપણે કરવું ... ...
હાલ લોકો ઉપરથી વાચન વિચારણા, સ્મરણ, ચિંતન

પ્રાર્થના, ભજન વિ. નિરાકુળતાથી થતાં હશે. તમારી લાઇન દોરી બંધાઇ ગઇ છે. લક્ષ્ય, ધ્યેય, નિર્ણિત થયા પછી પુરુષાર્થની જ જરૂર રહે છે, વિઘ્નો તો આવે જ ને કસોટીરૂપ હોય છે. ઉપયોગને સ્થિર કરવામાં જ સાચી સમજ આવે છે.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક (૫૬) મોરબી તા ૧૩-૧-૧૯૫૬

વિષમ સંયોગોમાં પણ પ્રસન્ન રહેવાની ટેવ પાડો

તમે દક્ષિણા માટેના જે પ્રશ્નો પુછાવ્યા તે તમે રૂબરૂમાં આવશો ત્યારે ચર્ચીશું પત્રથી સંતોષ થશે નહિ...... બ્હેને તમને પત્ર લખી તેડાવ્યા છે. જો આવી શકાય એવા સંજોગો હોય તો આવશો. તમારી પરિસ્થિતિ વિષમ છે. એ હું જાણું છું પણ એમાં મારા પ્રભુનો સંકેત હશે! તમારી કસોટીનો અવસર છે, તમારે મનને વિષમ સંયોગોમાં પણ પ્રસન્નતા રાખવાની ટેવ પાડવી પડશે. બધા સંયોગો ક્ષણિક છે. ચાલ્યા જવાના છે. ખૂબ શ્રધ્ધા રાખો.

તમારાથી હાલ વાંચનમાં સારો રસ લેવાય છે અને એથીજ પ્રશ્નોની પરંપરા, શંકા તર્કો ઉદ્દભવે છે. એ સ્તુત્ય છે. બધો ભાર ભગવાનના ચરણે નથી ધરી શકાતો એટલેજ મુશ્કેલીઓનાં દર્શન અને ચિંતાઓ રહે છે. જીવે કોઇ વખત

એ માર્ગ લીધો નથી. એટલે વિશ્વાસ આવ્યો નથી. એ ભૂમિકા ઊંચી છે પણ તમે એ ઊંચાણે ચડી રહ્યા છો એમ મને લાગે છે.

દઃ બિંદુ

卐卐

ૐ

પત્ર ક્રમાંક (૫૭) — આયલા, તા. ૧૯–૫-૧૯૫૭

ઓજસ્વીના અચળ ઉરને કોઈ રોકી શકે ના

તમારા માટે વલ્લભ કવિનું લખેલ 'આધ્યાત્મિક પત્રો' એ પુસ્તક મોકલાવેલ છે. તમારું વાંચન ઉચ્ચ કક્ષાનું છે. એટલે કદાચ આ પુસ્તકનો વિષય તમોને સામાન્ય લાગશે પરંતુ તમારો વાચન શોખ ખૂબ છે. એટલે એકવાર તો તમે જરૂર વાંચી જશો. લેખકના હૃદયબળનો, સંસ્કારિતાનો અને આધ્યાત્મિકતાનો ઠીક પરિચય થશે. સામાજિક ઘટનાઓ, પ્રસંગો લગભગ બહુમુખી હોય છે. એ વિષય કરતા તો કંઈક નક્કર વાચન, મનન અને સાધનામાં જ સમય પસાર થાય એ વધુ ઈચ્છવા યોગ્ય છે.

'જીવન સંશોધન' થી મોટાનું વાચ્યું. સાધક જીવાત્માને માટે એમાંથી ખૂબ તારવી અને ધ્યેય લક્ષી પ્રેરણા મળી શકે એવું એ વાચન છે. એની જીવનદ્રષ્ટિ એક જ વાક્યમાં વણ બાંધવી હોય તો એમ કહી શકાય કે "સતત આત્મલક્ષ અદ્ભુત જુની સંબંધના આધાર લેક જીવનની સાથે આત્મસાત્

કેળવવા, પોતાની જાતને તટસ્થ, સમતાયુક્ત અને પ્રસન્ન રાખવી." આ એક જ ધ્યેયને સમજાવવા તેમણે ઉત્તમ પ્રકારનો જીવનયોગ સાધ્યો છે. જેઓને આ જાતનું લક્ષ્ય નથી હોતું અથવા જેઓ સાચી સાધનાને માર્ગે વળ્યા નથી તેઓને આ પુસ્તકમાં રસ ન આવે એ દેખીતી વાત છે.

સંસારની તમામ રચનામાં સુંદર અને અસુંદર એમ બન્ને તત્ત્વો તાણાવાણાની જેમ ગોઠવાયેલ હોય છે. કોઇ વખતે અને કોઇ સંયોગોમાં સુંદરતા બહાર ઉપસી આવે છે. તો કોઇ પ્રસંગે અસુંદરતા બહાર આવે. એ બધા પ્રકારમાં સાધુ પુરૂષો સમભાવ. શાંતિ અને સ્વસ્થ દશામાં નિજાનંદની મોજ માણતા હોય છે. એ જ એના જીવનની બલિહારી છે. જો એ દોર ચુકી જવાય તો એ જીવન પણ સંસારનું એક ભૂંડું સ્વરૂપ ખડું કરે છે.

તમે આધ્યાત્મિક સિંચનની અપેક્ષા રાખો છો એ તો તમારા ભક્તિમય અંતઃકરણની ભૂખ છે. પરંતુ આખરે તો સ્વાશ્રય અને સ્વાવલંબનથી એ ભૂખને શાંત કર્યે જ ખરી કૃતાર્થતા અનુભવાશે. એના માટે સ્વસ્થભાવે સતત ચિંતન સતત જાગૃતિ રાખવાનો પુરૂષાર્થ કરતા રહો તો એ વધુ ઉપકારક બનશે. એનો અર્થ એવો ન કરવો કે "પોતાના પરમ ઇષ્ટ પુરુષનું અવલંબન છોડી દેવું" એ તો બને જ કેમ ? પરંતુ ધ્યેયમૂર્તિને જીવનના તમામ ક્ષેત્રમાં એવા વ્યાપક રૂપે અનુભવવા પ્રયત્ન કરવો કે જેથી આપણા અંતઃકરણમાં મન. બુદ્ધિ, ચિત્ત અને અહંકારમાં સ્વયં એનાં આંદોલનો ઊઠ્યા કરે. જુદાપણું લાગે જ નહિ. હું છું કે આ પ્રયોગ જરૂર અઘરો છે અને ખાસ

કરીને જેવું દિલ માત્ર ભક્તિ પ્રધાન હોય તેને માટે તો
ખૂબ જ આકરો પ્રયોગ છે એમ છતા નિષ્ઠા કેળવવામાં આવે
તો અસાધ્ય નથી !

સંતશિષ્ય પત્રગુ

ફ્ફ

દઃ બિંદુ

પત્ર ક્રમાંક
(૫૮)

ૐ

વૈરાગ્ય અને અભ્યાસથી મન સ્થિર કરી શકાય છે.

સાયલા
તા. ૪-૮-૧૯૬૧

ગુરુપૂર્ણિમા નિમિત્તે આશીર્વાદ માગતો તમારો પત્ર
મળ્યો. વાંચી તમારા સદ્‌ભાવ માટે સંતોષ. શ્રદ્ધા અને
વિશ્વાસ પૂર્વક અનુષ્ઠાન ચાલુ રાખશો જરૂર તેથી લાભ થશે

બીજું વ્યવહારમાં ગુંચાયેલા માનવું મન અસ્થિર રહે
એ સ્વાભાવિક છે. ગીતામાં અર્જુને એજ પ્રશ્ન પૂછેલ છે,
...ધ્યાનના શ્રીકૃષ્ણે કહ્યુ કે વૈરાગ્ય અને અભ્યાસથી મન સ્થિર
...ય. અભ્યાસ તો માણસ કરે છે પણ વૈરાગ્ય નથી. આસક્તિને
...તેં મન હંમેશ સંસારમાં વિખરાયેલું રહે છે. ભૌતિક પદાર્થોમાં
પ્રેમ, આસક્તિ છે, તેવો પ્રેમ પ્રભુ પ્રત્યે નથી. જ્યાં
છે, જરૂરિયાત છે ત્યાં મન સ્થિર થાય છે તથાપિ મનને
...ર એકાગ્ર કરવા માટે નીચેનો પ્રયોગ કરજો.

તમે જે દેવને ઇષ્ટ માનતા હો, જેના પર શ્રદ્ધા ને પ્રેમ
...તે દેવની સુંદર પ્રતિકૃતિ સન્મુખ રાખીને તેના પર નજર

સ્થિર કરવી આંખ [illegible] ન [illegible]. [illegible] ધીમી મટ[illegible] મારાં [illegible] એક [illegible] ફેરવીને તે પ્રતિકૃતિ જોયા કરો, જ્યાં સુધી પાર અનિમેષ જોઈ શકો, ત્યાં સુધી; એ[illegible] નામ ત્રાટક કહેવાય. આ પ્રમાણે રોજ બે-ચાર મિનિ[illegible] વધારતા જવું. કંટાળો ન આવે તેટલો સમય ત્રાટકનો સમય વધારતા મન શાંત અને એકાગ્ર થશે. પૂરેપૂરું એકાગ્ર થતાં પ્રતિકૃતિ ફરતો સફેદ પ્રકાશ દેખાશે.

આ પ્રયોગ પ્રથમ બહારનું ત્રાટક પછી તમે આંખો બંધ કરશો ત્યારે પણ એ પ્રતિકૃતિ દેખાશે. રાત્રે આંખ બંધ કર્યા પછી પણ અભ્યાસને લીધે દેખાશે. આ પ્રયોગ શ્રદ્ધા અને ધીરજથી નિયમિત સતત કરનારને ખૂબ શાંતિ રહે છે.

યાદ રાખો કે તમારાં ભાગ્ય પ્રમાણે તમારા વગર માગ્યે તમને મળી જવાનું જ છે. તમારો પ્રયત્ન નિમિત્ત માત્ર છે. તમારો આ વૈભવ, અનુકૂળતા, સ્મરણ, ચિંતન, અનુષ્ઠાન એ વૃદ્ધિ કરનાર છે. શ્રદ્ધાથી બધું ઠીક થશે.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક
(૫૯)

સાયલા
તા. ૪–૫ ૧૯૬૨

આસક્તિનું બંધન શિથિલ થાય તો બહારનાં બંધનો બંધનરૂપે રહેતાં નથી-

પત્રનો પ્રત્યુત્તર આપવાની પરસ્પર ભાવનાનું ક્રોસિંગ થાય છે, એ કુદરતી છે. તમે બંધન માટે લખ્યું તે બરોબર

છે. બહારનાં બધાં દેખાતાં બંધનો અંદરના બંધનોને આભારી છે. અંદરનું–આસક્તિનું બંધન શિથિલ થાય તો બહારના બંધનો બંધનરૂપ ન રહે.

મોહ માટે પણ તમે ઠીક વિવેચન કર્યું છે અને તેનું સમાધાન પણ કર્યું છે તે યોગ્ય છે. મોહ, કષાયો, વિષયો બધા પ્રકૃતિની વિકૃતિ છે. વિકૃતિ ન હોય તો સંસારની રમત જ ન હોય. આ વિકૃતિ છે, એવું ભાન થવું તે જ્ઞાન વસ્તુને વસ્તુરૂપે યથાર્થ ઓળખાય ત્યાં આ બાજીગરની બધી બાજી સમાઈ જાય. એ દ્રષ્ટિ, એ સમજ, એ અનુભવ થવાને માટે જ જ્ઞાન, ભક્તિ અને ક્રિયાઓ છે. સત્સંગ-શ્રવણ વિગેરે છે. સમજણના અભાવે પગની પીડા મટાડવા પખાળીને ગ્રહ આપવા જેવું કરે છે

પ્રકૃતિની વિકૃતિ અજ્ઞાનને આભારી છે. દુશ્મન અંદર છે અને લડાઈ બહારના પ્રાણી અને પદાર્થ સાથે થાય છે એનો ઉપાય મહાપુરુષે સમ્યગ્‌વિચાર કહ્યો છે. નિજ સ્વરૂપને જાણવાનું તથા નિજપરના ભેદ પારખવાનો ઉપાય સદ્‌વિચાર જ છે એ ઉપાય સત્સંગથી તથા સદ્‌વાચનથી, ચિંતન, મનન અને નિદિધ્યાસનથી પ્રગટે છે.

જે વાત તમે અનેકવાર સાંભળી છે, વાંચી છે, તેને ક્રિયામાં મૂકવાનો પ્રયત્ન તમે શક્તિ અને સંજોગ પ્રમાણે કરી રહ્યા છો તે સારી વાત છે. પ્રયત્ન અને પુરુષાર્થની માત્રા જેમ વધતી જશે તેમ તેમ ફળ પ્રાપ્તિ થતી દેખાશે. કેવળ પ્રયત્નની જ જરૂર છે. બહારના પ્રાણી પદાર્થો તો ઉદ્દીપક બને એટલું જ. એ માત્ર પુરુષાર્થથી અંદરનો આવરણ ખસે,

જેને શાસ્ત્રમાં ભવસ્થિતિ કહે છે. પણ એ સમજપૂર્વકના પુરુષાર્થથી જ બને છે. પુરુષાર્થમાં પણ શ્રદ્ધાની અપેક્ષા રહે છે.

દ: ભિક્ષુ

卐卐

ॐ

પત્ર ક્રમાંક (૬૦) — સાયલા, તા. ૪-૧૨-૧૯૬૨

વિક્ષેપોને રોકવા તે સંયમ અને સમજપૂર્વક ખસેડવા, પરિવર્તન લાવવું તે તપ કહેવાય.

શ્રેયપથગામિની આર્યાજી,

આ બધા ક્ષણિક તરંગો છે. એ બધા સમાઈ જવાને, અલોપ થવાને સર્જાયેલા છે. આપણે આપણા તરફ વધુ લક્ષ્ય આપીએ તો પૂર્વના સાચવી રાખેલા, જરૂર વિનાના નડતર રૂપ સંસ્કારોના જથ્થા જણાશે અને તે જ પગલે પગલે વિક્ષેપ કરી રહ્યા છે. એમને રોકવા એ સંયમ છે. અને તેને ખૂબ સદ્‌વિચારપૂર્વક અને સમજપૂર્વક ખસેડવા કે પરિવર્તન કરવું એ તપ કહેવાય છે. તે માટેનો મંદ પુરુષાર્થ પણ કાળના પરિપાકથી તીવ્ર થશે.

પાંચ સમવાયમાં કાળ એક સમવાય છે. એમ ન હોત તો કેવળ જ્ઞાનીના બોધથી સર્વ કોઈ બોધ પામી તરી જાત. પણ એમ થતું નથી. એમાં જેની (આત્મજ્ઞાન-આત્મભાનની) જરૂર છે, તેની ખામીને લીધે પૂર્વોનાં પૂર્વો

બળનારાં પણ છૂટી શક્યા નથી. એ આટી, એ ગૂંચ, એ ચીલો-એ રૂઢ સાચીને અભાવે એમ ને એમ જ રહ્યો છે. છતાં જેના હૃદયમાં શ્રેયની ઇચ્છા છે, ન થતી હોય તેનો અફસોસ છે. આવક જાવકનો ખ્યાલ છે, કાળજી છે એ શુભ ચિન્હ છે એ આત્મ વિકાસમાં ઊંચે ચડે છે. માટે નિરાશ ન થવું. એ ચાવી મળશે, એ દ્વાર ઊઘડશે.

શ્રધ્ધા રાખો, બહારથી લેવા જવું પડે તેમ નથી. માત્ર એ ખૂતના તરફ દ્રષ્ટિ પાડવી જોઈએ. એ બધું સમય આવ્યે થશે. બને તેટલી જાગૃતિ રાખવી, બને તેટલો ઉપયોગ રાખવો. ગૌતમ જેવા મહાન આત્માને પણ ભગવાન સમીપે ઓરતા થયેલ તો આપણા જેવાને થાય તેમાં નવાઈ નથી પણ ઉપાય શ્રધ્ધા અને સતત આત્મજાગૃતિ છે.

દ. ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક સાયલા
(૬૧) તા. ૪-૭-૧૯૬૩

જેણે મધ્યાનો દોર પકડ્યો, ધૈર્ય અને હિંમતની મદદ લીધી તે પ્રત્યેક કાર્યમાં સફળતા મેળવે છે.

સ્નેહ પિપાસિત આત્મજી!

તમારા હૃદયના ભાવો ભરેલા બધા પત્રો મળ્યા છે. તુષાવો અને મુરલીભાઈ પણ વાંચી ગુરુદેવીને, મુંબઈનું

એ વિકાસનાં સોપાનો છે. એવી કસોટીમાંથી ઉત્તીર્ણ થનારજ વિકાસ પ્રાપ્ત કરી શકે છે. જેણે શ્રદ્ધાનો દોર પકડયો, ધૈર્ય અને હિંમતની સહાય લીધી તે પ્રત્યેક કાર્યમાં સફળતા મેળવે છે.

કષ્ટો માણસને વધુ જાગૃત કરવા આવે છે અને તેને ઘડે છે. માટે જરાય ગભરાશો નહિ. એ બધા વંટોળ ક્ષણિક હોય છે. તમારી શ્રદ્ધાનું બળ તેનો સામનો કરી એ આસુરી બળો અને મુશ્કેલીઓને હઠાવશે. બન્ને માટે દવાનો પ્રયોગ કરશો. જરૂર આરામ આવી જશે. ચિંતા ન કરશો.

તેના માટેની વિષમ પરિસ્થિતિ જાણી પણ એ બધું સંસ્મરણથી, સંયમ અને તપના પ્રતાપે શાંત થઇ જશે. માટે નિરુત્સાહી ન થશો. આપણે તો સૌ ઉપર પ્રેમજ વરસાવવો. કડવાશ મનમાં પણ ન આવવા દેવી. સમદ્રષ્ટિએ તો સમભાવ જ કેળવવો રહ્યો.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક (૬૨) — સાયલા, તા. ૨૧-૮-૧૯૬૩

સાંવત્સરિક ક્ષમાપના

દિલાવરદિલ સુજ્ઞભાઈ !

પર્યુષણ પર્વ ચાલે છે. તે અંગે પ્રવચનો આપવાની પ્રવૃત્તિ ચાલે છે. તબિયત સારી છે.

તમે પણ મહાપ્રવૃત્તિશીલ છો. સાથે ઉગ્ર વિહારી પણ છો. નિવૃત્તિ માટે કાંઇ વિચાર કર્યો કે પ્રવૃત્તિમાં જ નિવૃત્તિ મેળવો છો? તમારી ધર્મશ્રધ્ધા માટે મને માન છે. વાંચન, વિચારણા, સ્મરણ, ચિંતન, પૂજાપાઠ, ધ્યાન જેવી પ્રવૃત્તિ તો કરતાં જ હશો. વિશેષ કરવા સૂચના છે. તમારા કુટુંબમાં સૌને પ્રભુ સ્મરણનું કહેશો.

પર્યુષણ પર્વ પ્રસંગે આજ પર્યંતના તમારી સાથેના કોઇ વ્યવહારમાં મારા તરફથી તમારું દિલ દુભાયું હોય તો ક્ષમાપના કરું છું, તે સ્વીકારશો.

દ. મુનિ નાનચંદજી



ૐ

પત્ર ક્રમાંક (૬૩) નાપડા
તા. ૨૦-૧૧-૧૯૬૩

પ્રભુનું અનન્ય ભાવથી સ્મરણ કરજો

આપ..........તેના પ્રત્યે અનન્ય ભાવથી રટણ રાખશો તેને જ સર્વ સુપ્રત કરશો. તેનું સર્વ છે તેના હાથમાં આપણે બધાં છીએ. તેને ગમે તેમ કરવા આપણે મોકળા થઈ જવું પડે છે. એ આપણા જીવનનું રહસ્ય છે એ રહસ્યને માટે બધાં શાસ્ત્રો છે.

કષ્ટમાં પણ હિંમત રાખવી. ભય, શોક, ચિંતા તજી દેવી. તેના ખોળામાં જ મસ્તક મૂક્યા પછી ચિંતા કેવી? તારાં કામમાં આગ્રહ ન કરશો. બધાં કામમાં પ્રભુને વચ્ચે

રાખશો. એને પ્રસન્ન રાખવા તેને ગમતા ભોગ ધરજો. અર્પવાનું અર્પશો, તજવાનું તજશો અને ગ્રહવાનું ગ્રહણ કરશો.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક
(૬૪)

સાયલા
તા. ૩૧-૭-૧૯૬૪

પ્રત્યેક કસોટીમાં કુદરતનો કંઇ ને કંઈ સંકેત હોય છે

શ્રેયપથગામિની આર્યાજી !

તમારો પત્ર મળ્યો બીના જાણી, આવી નબળી તબિયતમાં પણ હિંમત ચાલવાની કરી અને ચાતુર્માસ પહોંચી ગયા એ તેની શ્રધ્ધા અને મનોબળ ગણાય. એવી જ શ્રધ્ધા ઉદયના બળને હઠાવશે. કસોટી ખૂબ થઇ ને થાય છે તેમાં પણ કુદરતનો કોઇને કોઇ સંકેત હોય છે! તમારી અને તેની પરીક્ષાઓ (જીવનની) થઈ રહી છે. એની ગહન થિયરીને કોઇ વિરલાજ જાણે છે.

ઉદય પ્રાપ્તને સમભાવે વેદવું અને સમભાવ રાખવા સતત ઉપયોગ રાખવો. સમતાભાવે કર્મો ભોગવી લેવાથી પ્રસન્નભાવે સહેવાથી નિર્જરા થાય અને નવો બંધ ન પડે તેનું

લક્ષ રાખવું. બીજાના ઉપદેશના સમયે ઉપદેશ દેવાય પણ પોતાને તો પ્રત્યેક પળે ઉપદેશ આપી જગાડવાની આદત પાડવી.

'કલા! તું જપ, સ્મરણ, ચિંતન, આત્મસાધનામાં મશગૂલ હશે!' કલાને એ કલા હસ્તગત છે. પણ સતત ઉપયોગ પૂર્વક થાતુ રહેવા જોઈએ. તમે તમારા કાર્યમાં, સેવામાં, મશગુલ હશો. સર્વે ઘણાં શાંતિ, આનંદ અને પ્રસન્નતામા રહો!

દઃ બિંદુ





પત્ર ક્રમાંક (૬૨) | સાયલા
તા ૨૫-૪-૧૯૬૫

આત્મવિકાસ મુશ્કેલીઓમાં જ થાય છે

માણસ માત્ર માંદગી કે આફત આવે ત્યારે નરમ પડે છે. પ્રભુના તરફ જોવા પ્રયત્ન કરે પણ તે આફત કે માંદગી પુરતું. જ્યારે જાગૃતઆત્માઓ વગર માંદગી કે વગર આફતે પણ પોતાની જાતને, સમયને, શક્તિને, કર્તવ્યને જાણતા જ હોય છે. અને તેથી તેઓ જીવનનું ઘડતર કરવાનું ચૂકતા નથી. સંસારના વિઘ્નો તો હોય જ, પરંતુ પ્રભુની બધી અનુકૂળતા હોય જ ક્યાંથી! આત્મવિકાસ તો વિઘ્ન, દુ:ખો, વિપત્તિઓ અને મુશ્કેલીઓ વચ્ચે જ થાય છે. સુખ શાંતિ, સગવડતા, અનુકૂળતાનાં ભેટે આવે પ્રમાદ, આળસ, મંદતા જ પ્રગટે છે. ધીમે ભક્તિપૂર્વક પરમાત્માને સોંપ

ઉપોદ્ઘાત

જેમ વીતરાગ પ્રત્યે દેવભાવે, નિર્ગ્રંથ સાધુ પ્રત્યે ગુરુભાવે અને તરણ તારણ એવા સત્ય ધર્મ સુશ્રદ્ધા સાધનાના માર્ગે આગળ ધપાવે છે, તેમ જે અનુભવી પુરુષો હોય છે તેમની વાણીરૂપ શાસ્ત્ર અથવા પ્રત્યક્ષ કે પરોક્ષ મળતો સાચા સંતનો સંગ પણ જીવને આગળ ધપાવવામાં ઘણું મોટું નિમિત્ત પૂરું પાડે છે. આવી જેમના પર અહૈતુકી કૃપા વરસી જાય તે થોડા પ્રયત્ને પણ ઘણો આગળ વધી શકે છે; કારણ કે સુસમજ અને સુવિચાર એવા મનુષ્યમાં જલદી પ્રવેશ પામી શુદ્ધ ભૂમિમાં પડેલા વટવૃક્ષના બી ની જેમ ચો તરફ હૃદયમાં અને બુદ્ધિમાં એનાં મૂળિયાં બરાબર જમાવી દે છે.

એની બુદ્ધિ પણ તર્ક વિતર્કમાં ન પડતાં કર્મના મહાનિયમને સમજીને તરત સમતાને પંથે આગેકૂચ કરવા માંડે છે. ભગવદ્ નામ એને ઝટપટ સ્મૃતિએ ચઢે છે, મીઠું મીઠું લાગે છે.

જે જીવ પર મોહનીય કર્મનું ગાઢ આવરણ હોય, તે જીવ અહીં ગોથાં ખાવા માંડે છે. જ્યારે પ્રારબ્ધવશ કે વર્તમાન ભૂલોને કારણે અથવા જગતની પરિસ્થિતિને કારણે આવતાં દર્દો, દુઃખો વગેરે કર્મોમાં જેને સત્સંગનો રંગ લાગ્યો છે તેવો જીવ સમતા ભાવે દૃષ્ટા તરીકેના ભાન સાથે જોવા લાગે છે અને ખેલરૂપ ગણી એ બધાને હર્ષભેર વધાવીને કર્મનું દેવું ફેડતો રહે છે. ગળાડૂબ ગૃહસ્થાશ્રમમાં રહ્યો હોય ત્યાં તેના પર સંતોની કૃપા વરસવાને કારણે તે મસ્ત રહે છે. કારણ કે એના મનનો વેગ આત્મતત્ત્વ તરફ વધુ ઢળે છે. આવા વિચાર-

શીલ વિવેકી જનો એકે એક ક્રિયાથી હંમેશા જીવનને ઉજ્જ્વળ બનાવે છે. બાકી સંસાર રસિયાના તો ગમે તેવાં શુભ કામો હોય, તો યે આધ્યાત્મિક દૃષ્ટિએ એનું કશું મૂલ્ય નથી.

આથી જ ભલે ઓછું વંચાય પણ મુદ્દાનું વંચાય. સત્સંગ ભલે ક્વચિત્ થાય પણ એનો રંગ બરાબર લાગી જાય તેવી નિખાલસતા અને નમ્રતા જરૂરી છે. જેથી અંતરની સાચી શાન્તિ પ્રાપ્ત થાય અને સત્સંગની દિશા પાકી બની જાય!



ૐ

પત્ર ક્રમાંક (૬૬) જોરાવરનગર તા. 3-૧૦-૧૯૪૯

ચિત્તની પ્રસન્નતા દર્દને ઓછું કરે છે

તમારૂં શરીર કાંટા પર નથી આવ્યું લાગતું, તેમાં મનની અશાંતિ પણ કારણભૂત હશે. ચિત્તની પ્રસન્નતા અને મનની શાંતિ દર્દને ઓછું કરી નાંખે છે. સંયોગ પ્રમાણે મનનો કાંટો ઠરડાયેલો રહે એ નબળાઈ છે. મનને શાંતિ-પ્રસન્ન જ રાખવાની ચિવટ હોય તે વ્યકિત સંયોગને પોતે સજે છે. તે સંયોગોને આધીન રહે નહિ.

ભકતજનોનો સિદ્ધાન્ત છે કે "રાખે તેમ રહેવું અને દોરે તેમ દોરાવું" યોજે ત્યાં યોજાવું. માગણી વિના આજ્ઞાને આધીન થવું એમાં ઓર મઝા છે. જેણે પ્રભુને ચરણે સર્વસ્વ ધરી દઇ હળવા ફૂલ થવાનું વિચાર્યું હોય તે સદા નિશ્ચિંત રહે. આપણું ધાર્યું થોડું જ થાય છે. છોડતાં ન છૂટે તો વેઠવું પડે, એટલે તે રસ્તે ગયે જ છૂટકો છે. પ્રશસ્ત રાગ સારો પણ બંધનરૂપ ત્યારે બને કે જ્યારે તેમાં ક્ષુદ્ર સ્વાર્થની ગંધ હોય. ધર્મધ્યાનમાં અને આર્તધ્યાનમાં એ જ ફેર છે. મીરાં જેવા ભકત પ્રભુ માટે ઝૂરે, તેને મળવા તલસે એ આર્ત નહિ પણ ધર્મ છે. જે જગતની માયિક વસ્તુ અર્થે ઝૂરે અથવા એ તરફ ધ્યાન આપે તે આર્તધ્યાન છે. કુટુંબ સ્નેહ કે વ્યવહાર આસકિત વિનાનો લૂખો લાગવો જોઈએ પણ આપણી લુખાશથી સામાના દિલ દુભાવા ન જોઈએ. ધાવમાતાથી બાળક નારાજ થાય એવો એક પણ વ્યવહાર ધાવમાતા ન કરે કે ન રાખે. એ તો સમજવાં

છતાં બાળકને પ્રેમથી જ રમાડે. પુત્રપક્ષ કે પિયરપક્ષ તમારી સાથે પ્રેમથી વર્તે, પ્રેમ બતાવે તેના પ્રમાણમાં તમારે તેની કિંમત જાણવી ઘટે, નહિ તો ઉભયપક્ષને દુઃખનું કારણ થાય.

પૂર્વનું ચિત્ર નીરસતામાં વધારો કરે છે. એ નીરસતા વૈરાગ્યપોષક બનવી જોઈએ. આર્તપોષક ન બનવી જોઈએ. તે માટે તમે સાવધાન છો. સ્મૃતિ બહારના, પૂર્વજન્મના અનેક પ્રસંગો સુખદુઃખના રાગદ્વેષના, વ્હાલા-દવલાં, ગત કર્યો આજે અદ્રશ્ય છે પણ ભૂંસાયા નથી. એ જાતિસ્મરણથી ખ્યાલ થાય છે. સત્સંગની ખામી પુરવા સારા ઉપદેશક, યોગ્યતાવર્ધક પુસ્તકોનો પરિચય રાખવો. સમુદ્રમાં વેગ ચડે ત્યારે સર્વત્ર નાના મોટા લોઢ-હિલોળા દેખાય છે તેમ સમજી મનને સ્થિર-શાંત કરશો. હંમેશા પ્રાર્થના કરો છો તે ઉત્તમ વાત છે. સમય નદીના વહેતા પ્રવાહની પેરે ચાલ્યો જાય છે.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક (૬૭) — લીંબડી, તા. ૮-૧-૧૯૫૩

ગમે તેવી સ્થિતિમાં સમભાવ રાખવો

આલોચનો સૂક્ષ્મ રીતે, સૂક્ષ્મ બુદ્ધિએ પ્રશ્ન કર્યો કરે છે. એ સિદ્ધાંત શંકા વિનાના નિશ્ચય પર્યંત છે અને તદાત્મ-

દુર્જનો દુર્જનની રીતે જ કામ કરવાના. આપણે તો આપણી સજ્જનતાના ટકા વધારતા જવું જોઈએ. એ દ્રષ્ટિએ અંતર્મૂંખ થઈએ તો ઊંડે ઊંડે આપણામાં પણ ક્યાંઈક દુર્જનતા છુપાઈને બેઠી હોય એવું દેખાશે. એ દુર્જનતાને સમૂળગી ફેંકી દેવાશે ત્યારેજ ખરા વિજયનો આનંદ અનુભવાશે ત્યાંસુધી જાગ્રત ચોકીદાર તરીકે જીવન જીવવું જોઈએ.

તમે વાંચન અને વિચારણા કરતાં રહેશો. કૃષ્ણમૂર્તિનું લખાણ એટલું ઉચ્ચ કક્ષાનું છે કે વ્યવહારમાં કામ ન આવે, એ ભૂમિકાનાં માણસો જવલ્લેજ મળે. બાકી ગાંધીજી, કેદારનાથ, વિચાર રત્નરાશિ, શ્રી અરવિંદ, મશરૂવાળા, વિનોબા ભાવે. કાકા કાલેલકરના વિચારો, જીવન વિકાસમાં સહાયક, પ્રેરક અને માર્ગદર્શક છે. જેટલું સમજાયું હોય તેને જીવનમાં ઉતારવા જાગૃતિપૂર્વક ઉપયોગસહ તત્પર રહેવું. શારીરિક દર્દો કસોટીરૂપ હોય છે. મોટા મહર્ષિઓ પણ એથી મુક્ત નથી. શ્રીમદ્ રાજચંદ્ર, મસ્તરામ, અરવિંદ, રમણ મહર્ષિ જેવા પણ દર્દોથી મુકત ન હતા. માટે હિંમત, શ્રદ્ધા, શાંતિ અને પ્રસન્નતાથી સામનો કરવો. આનંદમાં રહેશો.

તમે તો ઘણા અનુભવો કર્યા છે. નામ સ્મરણ સુધા છે. ઉપયોગ ચાવી છે. સદવાંચન ખોરાક છે. કૃષ્ણમૂર્તિ માટે તમારો અભિપ્રાય બરાબર છે. લખે છે તે નિશ્ચયની અપેક્ષાએ સત્ય છે. એનું જીવન દંભી નથી. ખૂબ અભ્યાસી છે. પણ ઉચ્ચ કક્ષાવાળાને તે ફીટ થાય તેવું છે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૯૮)

મુદ્રમણ
તા. ૧૮-૧-૧૯૫૭

સદા સાક્ષી રૂપે રહેવું, કામ કરતે રહો નામ જપતે રહો

હું તો નિમિત્તમાત્ર છું. ખરી તો તમારી પાત્રતા, પૂર્વોપાર્જિત ઉત્તમ સંસ્કારનો પ્રભાવ છે. એથી તમે કસોટીના પ્રસંગના પણ અડગ રહી શકો છો. તમે જાણી ચુક્યા છે કે ઉપસ્થિત થતો ઝંઝાવાત ક્ષણિક અને દેખાવ માત્રનો છે. આ બધું કાળે કરી સમાઇ જવાનું, માત્ર સ્મૃતિ રહેવાની જેને અસલ સત્ય લાધ્યું તેને સંસારના સ્વાર્થજન્ય પ્રસંગો ધ્રુજાવી શકતા નથી. એ બધું કૃષ્ણે નારદને બતાવેલ માયા જેવું છે.

યોગવાશિષ્ટમાં કહ્યું છે આ બધું માયા જેવું ક્ષણિક છે. એમાં મૂંઝાવા જેવું કશુંય નથી. છતાં મૂંઝાવા જેવા પ્રસંગો આવે તો નામ-સ્મરણનો ઉપાય અમોઘ છે. શ્રદ્ધાથી વિચલિત ન થવાય એટલી સૂચના છે! બધું પતી જશે. પ્રભુ પાર પાડશે. તમારે તો 'સાક્ષી રૂપે રહેવું'. 'કામ કરતે રહો, નામ જપતે રહો'. નામ સ્મરણ ખુબ રાખશો. વાચન માટે પુછાવ્યું તો વિચાર રત્નરાશિ તથા યોગિની વડોદરા મળે છે. મને અને તમને આધાર પ્રભુનો છે. ભગવાન [illegible] બાજી બગડવા દેતા નથી. વચન-અરવિંદનું ફરી ફરીને વાંચશો. યોગના પાયા, રીતિઓ, શ્રીમદનો [illegible] જેવા છે.

ૐ

વજ્રેશ્વરી
તા. ૮-૪-૧૯૫૮

પત્ર ક્રમાંક
(૬૯)

મોહનીયના જોરથી સુખ દુઃખના પ્રસંગો સાચા લાગે છે.

આ સ્થળ તો અચાનક કલ્પનામાં નહોતું ત્યાં રોકાણ થયું. સ્થળ સાધના માટે સારું છે. મહાસત્તાની યોજના, તેની અલૌકિકતા એનું અફર નિયંત્રણ, અતૂટ નિયમો તરફ-તમારું લક્ષ્ય દોરાયું છે, તો હવે આપણે પણ એના સૂર (સ્વર)ને બની શકે તેટલા પ્રયત્ને અનુસરવું અને અનુભવવું, એમાં જ ધર્મ, એમાં જ શાંતિ, એમાં જ મજા છે.

મોહનીયના જોરથી બનાવટી સુખ દુઃખના પ્રસંગો સાચા લાગે છે અને મન ચલિત થાય છે. જે વસ્તુ અસ્થિર, ક્ષણિક, ક્ષણભંગુર છે તેને અજ્ઞાન વશ સ્થિર, કાયમ રાખવા મન પ્રયત્ન સેવે છે. અને ધાર્યું ન થાય ત્યારે દુઃખ વેદે છે. રોગ, અસમાધિ, વ્યાકૂળતા, આ બધી આપણી બેદરકારી, ભ્રમભરી માન્યતા–જૂઠી લાલસા, ધાર્યું કરવાની મમતા, આસક્તિને લીધે થાય છે. એ બધાને–સુવિચારથી નિવારી શકાય છે.

સત્સંગ, સદ્‌વાંચન એ સદ્‌વિચાર ઉત્પન્ન કરવાના નિમિત્તો છે. વાંચનનું ફળ એ છે કે જ્યારે અટપટો, મૂંઝવનારો, અકળાવી નાંખનારો પ્રસંગ આવે ત્યારે જરા શાંત થઈ ઊંડા ઉતરી, પ્રભુ સન્મુખ થઈ વિચાર કરવો. જરાય ગભરાવું નહિ. સમભાવ, સમતા, નિર્મળતા, નિર્દોષતાનો આશ્રય લેવે

તે પવિત્ર ભાવમાં ઘણા સમય ટકાવું પછી જ સાચો રસ્તો, નિર્ણય મળી આવશે.

એમ માનવું શ્રદ્ધવું કે 'પ્રભુ મારી પાસે જ છે' એ તમારા નિર્ણય તરફ લઈ જ રહ્યા છે કે કઈ તરફ વૃત્તિ ઢળી રહી છે. રમત ખરી, પણ બાળક જેવી નહિ અનંત કળા કારીગરના મોંઘા ખરા પણ જડ નહિ રમકડા બનવા યોગ્ય, ચેતનવાળા રમકડાં છે, એ ન ભૂલવું. જાગૃત આત્માને જીવન આખું પરીક્ષા જેવું હોય છે. દુઃખમાં, મુશ્કેલીમાં જ વધુ જાગૃતિ રાખવાની, વિકાસ કષ્ટમાં જ થાય છે સુખ શાન્તિમાં તો પ્રમાદ જ ઘેરી વળે એમાં વિદ્વાન વિરલા જ ન્યાપિ છે. વ્યવહારિક ડહાપણ કે આવડતથી કે પ્રપંચાદિકથી કોઈ સારી કે સાચી અસર ઉપજાવી શકતું નથી.

જે પ્રેમથી, મોટા મનથી, ખરી ભાવનાથી, જતુ કરવાથી અસર થાય છે તે સ્થાયી અને સુખદ છે. આત્માને માનવ હોય તે પોતાની લાલસા કે મમત્વ નજર કરે સમજાવીને સદંતર શાન્તિ છે. વિપક્ષને વશ કરવાની સાચી પ્રેમ છે. મનમાં પણ વેર-ઝેર વૈમનસ્યનો ભાવ ન રહે તો ભારે અસર થાય છે કુદરતનો એ નિયમ છે, સત્યનો એ માર્ગ છે પણ આદર્શ ખરો છે. તેથી જીવ સત્યનો માર્ગ મૂકી કેવળ માર્ગે વળે છે બધો આધાર મન ઉપર છે, એનો જ બધો ખેલ ચાલે છે.

એ મનના બે રૂપ છે. દિવ્ય અને આસુરી. દિવ્ય મન એ આસુરી છે એના જનક કંસરાજા છે. આસુરી દિવ્ય મનને ટેકો આપવા ચાહે. દિવ્ય પ્રકૃતિવાળા પણ ગમ્ય કરી પોતાને વશ કરવા ચાહે. ત્યાં ખરી ભાગ્યોદયની જરૂર છે.

જેને આપણે 'ઉપયોગ' કહીએ છીએ.

અમારા બીજા ભક્તો કરતાં તમે ઠીક-ઠીક પંથ કાપ્યો છે. અને સાચું સમજાયું છે હજુ વધુ પુરુષાર્થની જરૂર છે. 'વિચાર રત્ન રાશિ' વાંચીને ખૂબ વિચારજો તો સારો ફાયદો થશે. શારીરિક વેદન ચેન પડવા ન દે, મન ત્યાંજ રોકાયેલું રહે માટે યોગ્ય ઉપચાર કરવાથી ફાયદો થશે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૭૦)

સાયલા
તા. ૩૦-૯-૧૯૬૦

સમજુ માણસ દ્રષ્ટા બની પ્રારબ્ધના ખેલને સમભાવે જુએ છે.

તમારો ૐ ગુરુની ઉદ્‌ઘોષણાવાળો પત્ર મળ્યો. સત્સંગની અપેક્ષા તો મુમુક્ષુ માત્રને રહે છે. છતાં સત્સંગને અભાવે સદ્‌વાંચન ઘણું ઉપયોગી બને છે. વાંચન પછી એનું ચર્વણ થાય, વિચારણા થાય તોજ રજોગુણનું સ્થાન સત્ત્વગુણ લે અને વાતાવરણ શુદ્ધ બને છે.

પ્રાણી માત્ર ઉદયાધીન છે છતાં જાગૃત માણસને પુરુષાર્થનો અવકાશ છે. ભલભલાં પ્રકૃતિના વેગમાં તણાય છે એ અજાગૃત હોય છે. જાગૃત વેગમાં તણાતાં છતાં પોતાની જાતને સંભાળી લે છે. પ્રારબ્ધ એ પુરુષાર્થ પછીનું પરિણામ છે. પ્રારબ્ધ એ આપણી રચેલી બાજી છે. સમજદાર માણસ ... ી એ પ્રારબ્ધના ખેલને સમભાવે જુએ છે. સમજ

વિનાનો જીવ પરાધીન બની રહ્યા કરે છે. બલિહારી સમજણની છે.

જેમ આપણામાં પ્રકૃતિઓ ખેલે છે, તેમ આખા વિશ્વમાં સમષ્ટિરૂપે તેનો ખેલ ચાલુ જ હોય છે. દ્દષ્ટિ બદલાય એટલે દ્દશ્ય બદલાય છે. "દ્દષ્ટિ એવી સૃષ્ટિ". જેના અંતરમાં અજ્ઞાનરૂપ અંધકાર છે, તેને જગત દુઃખરૂપ લાગે છે પણ જેને વાસ્તવિક જ્ઞાન છે તેને એવું કશું દેખાતું નથી.

મન, પ્રાણ, બુદ્ધિ, વૃત્તિ આ બધા પ્રારબ્ધનાં ઓજારો છે, પણ પોતે (જીવ-ચૈતન્ય) તેમાં ભળીને ઓતપ્રોત થઈ ગયેલ છે એટલે એનો ખેલ જોવાની મજા માણી શકતો નથી; પણ ખેદ અનુભવે છે.

જ્ઞાની તો તેને કહેવાય કે જે પોતાની શક્તિ અને આધિક પરશક્તિને (જે) ઓળખે છે અને તેથી જ તે પ્રકૃતિનાં યુદ્ધમાં વિજયી બન્યા છે. સ્થુલિભદ્રે મહાયુદ્ધના વિજય મેળવ્યો. પ્રલોભનના પ્રચંડ વેગમાં પણ જંબુકુમાર અડગ રહી શક્યા. વિજય શેઠ અને વિજયા શેઠાણી અખંડ અડોલ રહી શક્યા. આમ અનેક દ્દષ્ટાન્તો આપણને બોધ દે છે કે 'એકવાર જાગૃત થાઓ.'

તમે તમોને પિછાણો તો મન તમને ગુલામ નહિ બનાવી શકે. આ બધા ધમપછાડ મનના છે, પણ એને જ વશ કરવાના સાધનો ક્રિયા દ્વારા જ્ઞાનીઓએ બતાવ્યા છે. સમજપૂર્વકના પુરુષાર્થથી મન પોતાની દિવ્યતા પ્રગટાવે છે. એ દિવ્ય મન બધા કાજ સંભાળે છે. જેમ જેટલો વિકાસ તે પ્રમાણે મન કામ કરે છે.

આત્મા એક છતાં અપેક્ષાએ જુદા જુદા ગણાવ્યા છે. આત્મા કર્તા અને ભોકતા છે. તે (કર્મથી) બંધાયેલ આત્મા જેને કષાયાદિ આત્મા કહે છે, બીજા જેને જીવાત્મા કહે છે. જન્મ-મરણ જીવાત્માને છે. આત્મા તો શુદ્ધ સ્વભાવે છે છતાં વ્યવહાર દૃષ્ટિએ તેને કર્માવરણ કહીએ છીએ. અરૂપી આત્મસ્વરૂપને કર્મબંધન ન ઘટે. બંધાય છે સૂક્ષ્મ શરીરયુક્ત જીવાત્મા. બંધનવાળા આત્માનાં મન-પ્રાણ-શરીર કાર્ય કરે છે, અને ચેતનાયુક્ત જીવાત્મા જ વહીવટ કરે છે.

જ્યારે જીવાત્મા પોતાના ભાનમાં આવે છે ત્યારે અંતરાત્મા જાગૃત થાય છે. એવા જાગૃત આત્માને મહાત્મા કહેવાય છે એજ શુદ્ધાત્મા સ્વરૂપે અનુભવાય છે આવી વાતો વાણીમાં ન આવે ત્યારે લખવામાં તો શી રીતે આવી શકે? એ તો અનુભવનો વિષય છે. એ અનુભવ અગાઉ અનેકને થયો છે. વર્તમાનમાં ભવ્ય મુમુક્ષુ જીવોને થવા યોગ્ય છે. નિરાશાવાદી ન થવું. આવાં વિચારોનું મંથન થાય છે; એ પણ એ જાતના વાંચન, મનન, પુરુષાર્થનું પરિણામ છે. અધ વચ્ચેની ભૂમિકા એવી જ કષ્ટરૂપ હોય છે, મારા બીજા અનુયાયીઓની અપેક્ષાએ તમે માર્ગ ઉપર છો, સાચુ સમજાયું છે, બની શકે તેટલો પ્રયત્ન કરી આનંદ, ઉત્સાહ, શ્રદ્ધા રાખો. ભગવાન તમારી સન્મુખ મીટ માંડી રહ્યા છે અને આપણા મન વચન કાયાની પ્રવૃત્તિ નિરખી રહ્યા છે.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક ચાયલા

(૭૧) તા. ૧૧-૧-૧૯૬૧

જ્ઞાન ક્રિયાભ્યામ્ મોક્ષઃ

ભક્તિ પરાયણા બહેન !

તમારો પત્ર મળ્યો. તમે જેમ અમારા સત્સંગને યાદ કરો છો તેમ તમારી હૃદયપૂર્વકની ભક્તિ અમને યાદ આવે એ સ્વાભાવિક છે

તમે હંમેશા પ્રાર્થના, ભજન, સ્મરણ ચિંતન, સદ્ વાંચન, વિચારણા, કરતાં જ હશો. એ બધા આત્મશુદ્ધિના અમૂલ્ય ઔષધો છે.

ભાવ પ્રતિક્રમણ એટલે સૂતાં પહેલાં આખા દિવસના આચરણ તરફ નજર ફેરવવાની ક્રિયા તે હંમેશા કરતા હશો. એ જીવનશુદ્ધિની ચાવી છે. જેમ આપણે આંગણું, ઘર વસ્ત્રો શરીરાદિ બધું સાફ રાખીએ છીએ તે પ્રમાણે આંતર જીવનને સાફ રાખવાની વધારે આવશ્યકતા છે એ માટે પ્રમાદ ન કરવો. દરેક માનસિક ભૂલોનો પશ્ચાત્તાપ અને સારા કાર્યો થયા હોય તો આહ્લાદ મેળવતા અનુભવવી એમ ભાવ પ્રતિક્રમણ માટે મેં ભલામણ કરેલ તે યાદ કરો

વાચન એવું વાચવું કે આપણામાં વસ્તુ વિચાર, ઉચ્ચ ભાવના, સમતા, પ્રેમ, સેવા વગેરેની પ્રેરણા જાગે. આપણને હંમેશા જીવન વિકાસનો અનુભવ થાય. વર્ધમાન દશાની જે કહી ગયા છે તેમ ટીકાકે અને કેટલુંએ કહ્યું છે. તે બધાએ

સદ્‌વર્તન, સદ્‌વિચાર અને સદાચાર માટે જ બોધ આપેલ છે. બધાં શાસ્ત્રો એની શાખ પૂરે છે.

દઃ ભિક્ષુ

ૐ

સાયલા

પત્ર ક્રમાંક

(૭૨)

તા. ૧૯-૩-૧૯૬૧

જે વિવેક માણસને સભાન બનાવે તેજ ખરો વિવેક છે.

તમારો પત્ર મળ્યો. વાંચી તમારી પ્રેમ ભકિત માટે સંતોષ થયો. તમારી સદ્‌ભાવના અને શ્રદ્ધા જ તમોને આગળને આગળ લઈ જશે. જરૂર છે માત્ર આત્મ-લક્ષી વિવેકની.

જે વિવેક માણસને ડાહ્યો-ડમરો બનાવે છે એવા વિવેકની હું વાત નથી કરતો. પરંતુ જે વિવેક માણસને સભાનપણે બધી બાબતમાં જાગૃત રાખે છે અને પોતાની જાતને સંભાળી લે છે તે વિવેકની તમારા જીવનમાં ખૂબ જરૂર છે. અને તે સત્સંગના પરિબળથી બરાબર બની આવશે એની મને ખાતરી છે. એ વસ્તુની ખામીને લીધે જ ઉદારતાનો અતિરેક થઈ જાય છે.

માળા, સ્મરણ પ્રાર્થના વિ. કરતાં હશો. તમે જે નિર્ણયો કર્યા છે તેનો અમલ વિવેકપૂર્વક-સમજપૂર્વક કરશો. વાંચન ચાલુ રાખવું. વાંચેલું નવરાશે વિચારી જવું અને અમલમાં મૂકાય તેવું હોય તેને અમલમાં મૂકવું.

દઃ ભિક્ષુ

ન આવે એવું ઊંચું વાંચન કે વાતોથી શું? જાણું છું એ ખબ-
બર છે! પણ તેનો થોડો પણ અંશે સ્પર્શ થવા દેજો.

દ: ભિક્ષુ

ૐ

સાયલા

પત્ર ક્રમાંક
(૭૫)

તા. ૨૬-૬-૧૯૬૨

ઊર્ધ્વગામી સદ્વાંચન એ ખરા સત્સંગની ગરજ સારે છે.

તમારો પત્ર મળ્યો. તમારી સાધના પણ ચાલુ હશે. આ બધાં અનુષ્ઠાનો ત્યારે સિદ્ધ થાય છે કે જ્યારે આપણા દિલમાં સકામવૃત્તિ ન હોય! એટલું જ નહિ, પણ આપણું જીવન જગતને માટે છે એવી સમર્પણ બુદ્ધિ હોય. આમાં જેટલી ખામી તેટલું અનુષ્ઠાનોનું બળ પણ નબળું રહે છે.

લક્ષપૂર્વક જીવનને ઊર્ધ્વગામી બનાવે તેવું સદ્વાંચન ચાલુ રાખશો. આજના યુગમાં એ જ ખરા સત્સંગની ગરજ સારે છે. નામસ્મરણ ચાલુ રાખશો. સ્મરણમાં ધૈર્ય અને શ્રદ્ધા બન્નેની જરૂર છે. એમાં જેટલી ચિત્તની એકાગ્રતા તેટલા પ્રમાણમાં સફળતા મળે છે. બાકી બધુ ભાગ્યાધીન છે. તમે ક્રમે ક્રમે આટલે ઊંચે આવ્યા તે પણ ભાગ્યની વાત છે. વળી તમને અનુરૂપ સુપાત્રનો યોગ થયો એ પણ ભાગ્ય તેમાં વળી સન્માર્ગે જવાની સદ્બુદ્ધિ, સદ્વિચાર, સત્સંગના ભાવો એ પણ સદ્ભાગ્ય વિના બનતું નથી. સહુને પ્રભુસ્મરણ કહેશો.

દ: ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૭૬)

સાયલા
તા ૮-૬ ૧૯૬૨

સંસારનાં ગમે તેવા સ્વાર્થભર્યાં કાર્યોની બહુ કિંમત નથી

તમારો પત્ર મળ્યો સદ્‌વાચન, પ્રાર્થના, આત્મવિચારણા, પ્રભુસ્મરણ જેવા આત્મશુદ્ધિના કાર્યો તમે બધા કરતા જ હશો એજ ખરું કાર્ય છે.

પરમાત્માનુ સ્મરણ એની લગની એ અમૃત પીવા જેવુ છે. સંસારના ગમે તેવા સ્વાર્થ ભર્યા કાર્યોની બહુ કિંમત નથી આપણી છુટવા એ ભૌતિક પ્રપંચોના સાચી રહ્યા છે તેનાથી છુટકારો, પરંતુ સંસ્કારી આત્માઓ છૂટી શકે છે તમારું કુટુંબ સંસ્કારી છે એટલે કંઈક આશા રાખીને જ આટલુ લખુ છું એ લક્ષમાં રાખશો.

પ્રાર્થના તો તમે રોજ કરો છો પણ તેના રસ ને સ્વાદ એ કાર્યને ધન્ય માનજો. હંમેશ રાત્રે ભાવ નિરીક્ષણ કરવું. જીવન તરફ દ્રષ્ટિ ફેરવવી અને ભૂલ જણાય ત્યાં સુધારો કરતા રહેવું.

મિત્રાપીયૂષ, ચિત્તવિનોદ, મનોમંથન, [illegible] વાંચન, માનવતાનું મીઠું જતન, [illegible] પુસ્તકોનું વારંવાર વાંચન લક્ષપૂર્વક કરવું, [illegible] મનન કરવું. [illegible] ફેરફાર [illegible] છે. [illegible] છે. [illegible] કરે છે

સમાજનાં બંધનો અને ઘરના મોહને મૂકી આવવા ઇચ્છો છો એજ પ્રતીતિ છે. પ્રાર્થના, સદ્‌વિચાર, સત્સંગ, સદ્‌ભાવ એ અમૃત છે. તેનું પાન કરતાં રહેશો.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક
(૭૯)

ઘણું વાંચવું તેના કરતાં થોડું મુદ્દાનું વાંચવું સારું

ભાઈશ્રી !

તમે અરવિંદનું કોઈ વાંચવા જેવું પુસ્તક મંગાવ્યું. પણ તેનું બધું લખાણ યોગને લગતું જ હોય છે, કે જે તમને બહુ ઉપયોગી નહિં ! તેની ભાષા ભાવનાનો અનુભવી હોય અને તે માર્ગનો જે શોખીન હોય, તેને તે અનુકૂળ પડે તેવું તે લખાણ છે. તેના કરતાં રામકૃષ્ણ કથામૃત, રામકૃષ્ણનું જીવનચરિત્ર અને તેના ઉપદેશ, સેવાકૂંજ, પ્રેમકુસુમ, સ્વામી રામતીર્થના ભાગો, મુસ્લિમ મહાત્માઓના પુસ્તકો તેમ જ હમણાં છપાયેલ ચૈતન્યદેવનું પુસ્તક એ બધાં વાંચ્યા હોય તો ફરી ફરીને વાંચવાં અને વાંચ્યા પછી તેના ખૂબ વિચાર, ચિંતન, મનન કરવા અને જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરવો. ત્યારેજ વાંચ્યાનું ફળ મળે !

ઘણું વાંચવું તેના કરતાં મુદ્દાનું વાંચી તેનું મનન કરવું. વાંચવાથી એકે સ્થિર અને સ્થાયી વિચાર ન ઘડાય. એક [illegible] 'સરો અથડાવાથી એક પણ વિચાર સ્થાયીરૂપ પામે

માટે. તમારે તો ખાન કરીને અભિનવ [illegible] વાચવા
અરવિંદ ઘોષની પણ એક ભાવના છે [illegible]
ત્યારી અને મનન પર તેની કૌશી છે [illegible]
તો વારંવાર ન વાચવું ? એમ ન કહેવું.

વાચનનો [illegible] છેડો નથી [illegible]
ચિંતન મનન કરી પોતાને માટે નિશ્ચય [illegible]
ઉદય ત્યાં સુધી નવા પ્રહોને ન અડવું. [illegible]
એની અસર આપણામાં ઘર કરી રહેલી [illegible]
માન્યતાઓ, વાસનાઓ અને [illegible] સુધી [illegible]
આપણામાં વિજ્ઞાનનો પ્રકાશ પડે અને શાંતિ [illegible]
બાકી હૃદય [illegible] શાંતિ એ બધી [illegible]
તેને બુદ્ધ બતાવે છે તેથી [illegible]

[illegible]



દીપમાળ

[illegible]

(૭) પુરુષાર્થ પર જોર

દ્રુત વિલંબિત

લઘુવયે કરી લાડ જુવાની આ,
વહી વૃથા વળી ભોગવિલાસમાં;
શિથિલ અંગ-ઉપાંગ બધાં થયાં,
ઘડપણે પ્રભુભકિત થશે કિહાં ? (૧)

વસંતતિલકા

શી છે ઉતાવળ હજૂ જલ્દી કર્યાની ?
આ થાય ને થઈ જશે ! એમ વાયદાથી;
વીત્યા અનંત સમયો તાહ્રી આવ્યું મૃત્યુ,
ચાલી ગયું સુકૃતને કરવાનું ટાણું. (૨)

અનુષ્ટુપ

માટેજ સત્યશાસ્ત્રોમાં, સદ્યત્ને જોર આપિયું;
ક્ષણે ય વ્યર્થ ના ખોશો, જ્ઞાનીઓનેય એ કહ્યું. (૩)



ઉપોદ્ઘાત

મુક્તિની સાધના માટે ફળ અનન્તવાર જોયા પછી પણ જીવ વાતોમા ને વાતોમા કરવાનું રહી જાય છે. એથી જ જ્ઞાની અને મહાન પુરુષોને 'કામ કરવાનું આજે કરો અને આજે કરવાનું તે અબ ઘડી કરો' એમ વીતરાગી પુરુષોએ વારવાર કહ્યુ છે આથી જ એકે એક શાસ્ત્રમા પુરુષાર્થ પર વધુમા વધુ જોર અપાયુ છે

આમ તો જૈન આગમોમા અને પ્રકારાન્તરે ગીતામા પણ પાંચ સમવાયે (જગત્ કારણો) મૂકયા છે, પરંતુ ફરી ફરીને જોર તો પુરુષાર્થ પર જ આપ્યું છે

પુરુષનો એક અર્થ શરીરરૂપી પુર (એટલે નગર) અને એટલે તેમા રહેનારો પુરુષ (એટલે આત્મા) એ માટે જ પ્રયત્ન કરવાનો છે અને તેવો સદ્યત્ન પળે પળે કરવાનો છે. એમાં જરાય આળસ અથવા પ્રમાદ કરવાનો નથી. જ્યાં પ્રમાદ આવ્યો કે ત્યા તરત હિંસા પણ આવી જ અને મૃત્યુ પણ આવ્યું જ સમજવું. ખરી રીતે તો અપ્રમત્તપણાનો યત્ન તે અમૃત અને પ્રમત્તપણાનું જોર તે જ મૃત્યુ સમજવું. જ્યાં આળસુપણું આવ્યું કે તરત આત્મભાન ભૂલાયું અને આનંદનો નાશ થયો જ સમજવો.

સાંતાવસ્થાનમા જતા પણ પ્રમાદ ન થયો માટે જ પળે પળે યાદ રાખવા પડે જ છે. તેવા જ આ ઉપદેશ સરળ બની જાય છે

ૐ

પત્ર ક્રમાંક
(૮૧)

પાટણવાવ
તા. ૧૯-૬-૧૯૬૬

સાચી સમજણ વિના ભવમુક્તિ સંભવે નહિ

એ ખેંચાણને શાન્ત કર્યે છૂટકો. મનમાં જરાય ક્લેશ રાખવો નહિ. ઉદયભાવને પરમ ઉદાસીન વૃત્તિથી વેદી લેવામાં જ સાચો પુરુષાર્થ રહેલો છે અને એમ કરવાથી જ અંતરની આત્મશક્તિનો અનુભવ થાય છે. તમે હવે જેમ બને તેમ વધુ ને વધુ અંતર્મુખ બની આત્મવિકાસમાં આગળ વધો એજ અમારી અંતરની અભિલાષા છે.

અંતરની ઉચ્ચ અભિપ્સાઓ જ મનુષ્યને આત્મવિકાસમાં મદદ કરે છે. મુક્તિના પથમાં ભાવના જ સહાયક નીવડે છે. ભાવના વિનાની ક્રિયા માત્ર પુણ્ય સિવાય શુદ્ધિ માટે નિષ્ફળ છે. સમજ વિનાની આંધળી અંધપરંપરાની ક્રિયાઓ જીવે ખૂબ કરી પણ સમજણને અભાવે ભાવ-રસ-પિપાસા-આહ્‌લાદ ન પ્રગટ્યો અને તેથી જ જીવની રખડપટ્ટી ન મટી તે ન જ મટી. સમજે છે કે આ ક્રિયાઓથી વાસ્તવિક સફળતા કશી દેખાતી નથી છતાં ટેવ અને પરંપરાને આધીન જીવ કરતો હોય તે કર્યા વિના સોરી (ચેન) વળતી નથી.

જ્યારે પ્રભુની કૃપા થાય છે, આવરણ થોડાં શિથિલ થાય છે, ત્યારે થોભે છે અને વિચાર કરે છે કે હવે શું કરવું? ક્યાં જવું? કોનો આશ્રય લેવો? કોના શરણે જવું? ... શ્રેય માટેનું ખરું ઔષધ શું હશે? એવો વિચાર

પ્રગટે છે. એ વિચાર જ કલ્યાણ પથમાં ધાએ પણ પ્રકાશ રેલાવે છે, અને તે પ્રકાશમાં પોતાની થતી ભૂલો, ત્રુટીઓ, પ્રકૃતિની અવળી રમતો, કષાયભરી વૃત્તિઓના વેગો આસક્તિ. શાન્ત દેખાતી પણ નીચે નરકની ક્ષતિઓ, આ બધું ક્રમે ક્રમે જોઈ શકે છે અને આ બધું મારાથી ભિન્ન છતાં એકરૂપ દેખાય છે. એનો પણ અનુભવ હળવે હળવે થાય છે. સાક્ષી. દ્રષ્ટા, નિયંતા અને પછી બની સ્વામી–ગુણીની ભૂમિકાએ પ્રભુની કૃપાથી જાય છે અને જીવનની સફળતા અનુભવે છે

તમારો અંતરાત્મા એ વસ્તુ માટે જ ચમકાર કરે છે અને પ્રકૃતિના ધમપછાડા બેચેની આ નથી ગમતું એ ભાવ નાનો અનુભવ થાય છે બધું સારું થશે એ બધી પરિસ્થિતિ થવા યોગ્ય છે મૂંઝાવું નહિ, નિરંતર ભગવાનનું સ્મરણ. એનું જ અવલંબન, એનું જ શરણ, એના જ નામનો ઉપયોગપૂર્વક ઉચ્ચાર કર્યે જવો એટલે બધું સુંદર થશે

દ. ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૯૨)

ઈડરથી
તા ૧૬-૨-૧૯૫૩

પ્રારબ્ધની બાજીમાં હર્ષ શોકને અવકાશ નથી

તમોને ત્યાં અવકાશ અનુકૂળતા છે તો રહો છો તેમ ક.ભ રહેવું. જે થાય તે થવા દેવું. પ્રારબ્ધની બાજી અનુકૂળ હોવી ઘટે છે નથી એટલે ત્યાં હર્ષ શોકને અવકાશ નથી. હર્ષ શોકના પ્રસંગોમાં, એવા પ્રસંગોમાં સાવ સમતા રાખી રહેવું એવી

નારાજી ન થોવાય.' પરમાત્મા પાસેની માંગણી બરાબર
છે કે શક્તિ અને સમજણ આપે. પણ જેટલી આપી છે
તેનો ઉપયોગ તો બરાબર કરી બતાવવો જોઈએ ને!

સત્સંગ કાયમ હોય ત્યાંથી તો ચિનગારી મળે. વાંચન
વિચારણા અને વર્તન તો સમજ પ્રમાણે કરવાનાં હોય છે
બુદ્ધિનું યંત્ર પુણ્યથી મળે. તેનો વિકાસ (નિર્મળતા, દ્રઢત
વિ. ક્ષયોપશમ જન્ય છે ક્ષયોપશમ પુરુષાર્થના પ્રમાણમ
થાય છે.

કષાય એ પ્રકૃતિના રંગ છે. પ્રકૃતિનાં અનેક રૂપો છે
તેમાં કષાય સોળ અને નવ નોકષાય એ મોહની પ્રકૃતિન
ભેદો છે. એ ક્ષયોપશમની તારતમ્યતા પ્રમાણે રંગ પકડે
મનના પ્રદેશમાં પ્રગટ થાય છે. પ્રાર્થના મંદિરની બૂક
મોકલાશે. શ્રીજીના પુસ્તક માટે તમને મળશે તેવો પ્રયત્
કરીશ. મહિલા માટે ઉદ્યોગ મંદિર અત્રે ખોલાયું છે.

દ: ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક
(૮૪)

વાંકાને
તા. ૨૦-૮-૧૯૫

જીવને પોતાના સિવાય બીજો કોઇ આશરો નથી.

પરમાત્માના કૃપાપાત્ર બનવું એ તમારા હાથનો વિષ
છે. માત્ર પ્રેકટીસ–અભ્યાસ–શક્તિ કેળવવી પડે છે. નાન
મોટાનો ભેદ રહેવાનો જ કેમકે તમે એ ભૂમિકા પર છો અ
તેથી ખેંચાણ પણ રહે એ અસ્વાભાવિક નથી અને તે

તમોને પરાશ્રયી લાગે, વાસ્તવિક તો સૌ સૌને આધારે જ છે. કેમકે સર્વેના બાહ્ય ભિન્ન–ભિન્ન છે. કર્મ અને પ્રારબ્ધ એ સર્વના જુદાં જુદાં છે. કોઈ કોઈના પ્રારબ્ધને ફેરવી શકતુ નથી. પણ માતૃહૃદય પોતાના સંતાન પ્રત્યે જરૂર એ ઇચ્છાય અને સ્વાશ્રયી–સશક્ત બનાવવા ઝંખે જ એ પણ સૃષ્ટિ જ છે

સર્વાંગે–સમર્પણ તો થાયું કહ્યુ છે. પણ એ જાતના મહાવરો–પ્રયત્ન–વલણ રાખવું. એ માર્ગે પ્રયાણ કરનાર પ્રયત્ન સેવનારને પ્રકૃતિ વધુ પજવે. મનની વ્યાકુળતા વધારી મૂકે એ નિમ્ન પ્રકૃતિનું કાર્ય છે. એની સાથે જ યુદ્ધ કરવાનું છે, મોરચો એની સામે જ માંડવાનો હોય છે, પણ કાર્યમાં સફળતા ન મળે તો પણ ગભરાવાનું કે મૂંઝાવાનું કારણ નથી. નિષ્ફળતા એ સફળતાનું પ્રાથમિક અંગ જ છે. તમારા વર્તનનું વિરોધી વલણ તમને મૂંઝવે છે પણ તે તરફ બહુ લક્ષ ન આપવું, લક્ષ આપવાથી તમારે પરાજય અને એનો વિજય થાય છે. માટે એ તરફ દુર્લક્ષ કરવું. નાનને ભણાવીને બોલે તો પણ તમારે લક્ષ ન આપવું એ એનના સ્વભાવ–સમજણ પ્રમાણે બોલવાનો, વર્તવાનો તેમને હક છે. દરેક કાર્ય મીઠાશથી કરવું, બળાત્કારની જરૂર નથી. માર્ગ તો કાઢનારા જ કાઢશે તમને ખબર પણ નહિ પડે એમ માર્ગ થઈ જશે. ભરોસો રાખો. આ બધામાં કુદરતના શુભ સંકેત હોય છે.

એ સહજ થાય તો કરવું. અને પ્રસંગો એ [illegible] યાદ કરવા. તમે [illegible] કરી [illegible] મૌન [illegible] કે [illegible] રાખવી તોડફોડ ન કરવી. જેમ [illegible] આવે થાય છે, એમ [illegible] કરે છે. [illegible] વર્તમાન [illegible] છે અને [illegible]

હવે જેવું હશે તેવું જોવાશે એમ કરજો. જરા પણ ખેદ ન કરો. તમારા પાછળ એક જબરદસ્ત મહાન અધિષ્ઠાન-સત્તા કામ કરી રહી છે. માણસને તેનો ખ્યાલ નથી તેથી 'આ મારાથી થયું ને આ ન થયું" એમ લાગે છે ને બોલે છે પણ પ્રકૃતિથી બંધાયેલ માણસ સ્વાધીન નથી પણ પરાધીન છે.

તમે લખો છો કે 'મારો રાહ સાચો હશે તો મને પરમાત્મા માર્ગ કરી આપશે.' એ વિચારને વળગી રહેશો. નબળાઈ તમારામાં છે, એવી સહુ કોઈમાં છે. કોઈ વિરલમાં નહિ હોય! લોક લાજ પ્રશસ્ત અને અપ્રશસ્ત બન્ને છે. પ્રશસ્ત અમુક હદ સુધી જરૂરની છે અને તે પણ શક્તિ, સમજ અને સમય આવ્યે નીકળી જશે, ઉતાવળ કરવાની જરૂર નથી!

જે પ્રેમ હતો નહિ તેને તમે માની બેઠા હતા એટલે ખટકે છે. નહિ તો ખટકે શા માટે? તમારી ભ્રમણા હતી. કોઈની પ્રકૃતિ કોઈ ફેરવી શકતું નથી, માત્ર અમુક સંયોગો આવે છે ત્યારે વલણ બદલાય છે. અત્યારે જે વલણ છે તે અમુક સંયોગ ઉપસ્થિત થયે બદલાવાનું. તમારે તો ધીરજ, ક્ષમા અને પ્રેમ જ વહાવવો. કોઈની ભૂલો કે દોષો જોવાની જરૂર નથી. વિરુદ્ધ વર્તનાર પ્રત્યે પણ પ્રેમ રાખવાની ટેવ પાડો. એ સાચો માર્ગ છે. પ્રેમથી કામ લેનારને ગુમાવવાનું કાંઈ નથી પણ લાભ જ છે. પ્રેમની અજબ અસર છે. રેહ ખાનારનો વિજય છે. માટે માધ્યસ્થવૃત્તિ કેળવવી.

ગરીબાઈ અને શ્રીમંતાઈ લાવી આવતી નથી. એ પણ પ્રારબ્ધને આધીન છે. આ સંયોગો વિકાસ નથી અટકાવતા. આ સંયોગો તો વિકાસને વેગ આપવા માટેના છે, આવા સમયે જે વ્યાકૂળતા, ખેદ, અફસોષ, દોષદૃષ્ટિ થાય છે, એ

વિકાસને રૂંધનાર છે. આવા સમયે પ્રેમ, શાંતિ, સંયમ, વિશાળતા, સમભાવ રાખવા યોગ્ય છે. આપણે ધારીએ એવા સીધા યોગો, અનુકૂળતામાં બળ ફોરવવાનું ક્યાંથી બને? વીર્ય સ્ફુરાવવાનું તો આવા યોગોમાં જ હોય! બીજાના દોષોમાંથી પણ ગુણોને વીણી કાઢીને પ્રમોદ અનુભવવો. ન બનાય તેનું કાંઈ નહિ. કામ તો વધુ એવા સ્થળમાં કરવાનું છે. અનુકૂળતા કરતાં પ્રતિકૂળતામાં વિકાસ વધુ સધાય છે ભક્ત માત્રનાં ચિત્ર જોઈ લ્યો. નરસિંહ મહેતા કે મીરાં કે જ્ઞાનદેવ કે અન્ય કોઈ ભક્તો દુઃખમાંથી, અપમાનમાંથી, નામ ભાવ વેઠીને આગળ આવ્યાં છે. માટે પ્રસન્નતા અનુભવો પ્રસન્ન રહો. તમારા સાથે જ હરિ છે, તમારી કનાટી એજ કરે છે. એમાં તમે ગભરાવ નહિ તમારા બે ને બે ચારે પુંઠા તરફ સમાન દૃષ્ટિ રાખો હરિના એ સંકેત છે એને બાંધો. ઓળખો પ્રતિકૂળતાની બારે મૂંઝવાનું, બારે વેદના પછી જ જન્મના દર્શન થાય છે

દ બિન્દુ

ૐ

પત્ર ક્રમાંક (૮૫)

વાવડી
૨૧-૧-૧૯૫૦

બહારની અસર મન પર થવા ન દે તે ભગવાન

માણસ પોતાના વિકાસના તબક્કે અનુભવેલા સત્ય ઉકેલી શકે છે. એક જ બનાવના જુદી દૃષ્ટિ જુદાં જુદાં ભિન્ન કરે છે. ઘણા બનાવો સામાન્ય હોય તે અસાધારણ મહાન લાગે અને મહાન હોય તે સામાન્ય લાગે. બધું સાપે- અર્થપૂર્ણ હોય છે.

આખું વિશ્વ નાટકગૃહ, નિયમિત છે. માત્ર માનવ નમાલો બની ગયો છે. સાક્ષીભાવ ખૂબ કેળવવા જેવો અને વિચારવા જેવો છે. બહારની અસર મન પર થવા ન દે તે બળવાન અને સ્વસ્થ. ભાવિને માનવા છતાં પુરુષાર્થમાં ક્ષતિ નહિ લાવનાર સમજદાર ગણાય. થવા યોગ્ય થયું છે ને થશે, એમાં વિશ્વાસ રાખનારને અફસોસ થતો નથી અને પ્રસન્નતા ગુમાવતો નથી,

પ્રસન્નતા–આનંદ એ તો આપણી પોતાની ચીજ છે. તેને છોડીને પરની ગંધારી ચીજને શા માટે અડકવું? આ માટે ઉપયોગ રાખવો એજ અમોઘ ઉપાય છે. જેમ બને તેમ અમૃતસાગરની નજદીક જવું, મથવું, હરઘડી હરિનું સ્મરણ ચિંતન, મનન કરવું. નામ સ્મરણ ન ભૂલવું, વિઘ્નો તો આવવાનાંજ, એજ કસોટી છે, સંસારનાં કાર્યોમાં એટલા વિઘ્નો નહિ આવે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક લીંબડી

(૮૬) તા. ૫–૧૧–૧૯૫૪

વ્યવહારિક વાતોમાં અટવાયેલા મનને લીધે ખરી શાંતિ મળતી નથી

સુજ્ઞ ભાઇશ્રી,

તમે નિવૃત્તિ અને શાંતિ માટે તડપી રહ્યા છો. બંધુ! વ્યવહારિક વિષયોમાં ગોથાં મારતું મન જ્યાં

સુધી ઇચ્છિત વસ્તુઓથી અતૃપ્ત રહે ત્યાં સુધી ખરી શાન્તિ, તૃપ્તિ કે નિવૃત્તિ અનુભવી શકાતી નથી.

શાંતિ તો અંદર છે. સમીપમાં જ છે. ઘણા કાળના ટેવનો અભ્યાસ (ટેવ) માત્ર વાંચનથી જ કે શ્રવણથી જતો નથી તેના માટે તો સતત વિચારની જરૂર છે. પણ તે સતતનો વિચાર ધારવા પ્રમાણે કરાતો નથી કોઈ નિબિડ કર્મના ઉદયને લીધે શાન્ત ઉપશમભાવને પામતા નથી. ત્યાં સુધી મનવિક્ષેપને લીધે ખરી સમજશક્તિ (મતિજ્ઞાન) ને આવરણરૂપ થઇ રહે છે, તેથી યથાતથ્ય વિચાર થતો નથી અને કદાચ થાય તો સંકલ્પ થાય નહિ. ભાગ્યયોગે સંકલ્પ થાય તો પણ ટકે નહિ. આમ વારંવાર નિશ્ચયો તૂટવાથી તે પ્રકારે વૃત્તિઓ પોતાનું કામ ચલાવ્યે જાય છે. તેનો ઉપાય તો સત્સંગ, સદ્વાચન, સદ્વિચાર અને ઉપયોગપૂર્વક અનુસરવાનું જ છે. તેથી આવરણો ઘસાય છે અને આપણને અનર્થ ન પડે તેમ આપણામાં સુધારો થતો જાય છે. તેનો કોઈક સમયે આપણને અનુભવ થાય છે.

તમારું ચિત્ત સ્થિર નથી રાખવા છૂટતી નથી અને ધ્યાનની ભાવના તમારામાં જોઈએ તેટલી નથી છતાં પણ [illegible] હૃદયના શુદ્ધ ભાવના પ્રગટાવવાની ઇચ્છા થતી હોય [illegible] આ [illegible] પ્રત્યે [illegible] તો પણ તે ઇષ્ટ પરિણામરૂપ છે. માટે નિરાશ થવાનું કારણ નથી પણ [illegible] કરવો. વિશેષ શું? [illegible] પુરુષાર્થ કરવો.

.......ભાઈના પત્ર હતો, તેમનો પત્ર વાંચતા ઘણો જ હર્ષ સાથે સંતોષ થાય છે. તેમના પૂર્વ સંસ્કારનું જ પરિણામ છે. જેનો પ્રગતિનો ઉદય હોય તેના આચાર વિચાર પણ પ્રગતિના જ હોય છે. પૂર્વના આંતરિક દુશ્મનો અડચણો કર્યા કરે, આપણને રોકવા પ્રયત્ન કરે, અનેક પ્રકારનાં તોફાન કરે પણ જેનામાં કંઇક પણ જાગૃતિ આવી હોય તે આત્મા અટકતો નથી. તે તો આગળ ને આગળ ધપ્યે જ જાય છે.

જ્યાં સુધી ભાનમાં ન અવાય ત્યાં સુધી અંતરાત્મા જંપ વાળીને બેસવા દે નહિ. કોઇ પદાર્થમાંથી ઇન્દ્રિયો વિષયરૂપે રસ ન ચૂસે પણ તેને પ્રારબ્ધ અનુસાર ભોગવે અને તેમાંથી કંઇ ને કંઇ બોધ મેળવે, આવી સ્થિતિ મુમુક્ષુઓની હોય છે.

પોતાનો ઉપયોગ–બાધક સમય ક્યાં અને શેમાં રોકાય છે તે લક્ષમાં રાખવું.

દઃ ભિક્ષુ

ૐ

સાયલા

પત્ર ક્રમાંક

(૮૭)

તા. ૨૯–૩–૧૯૫૬

કસોટી સોનાની થાય અને સાચાં મોતી જ વિંધાય

તમારી માનસિક અવ્યવસ્થિતતા જાણી. સાધક માત્રને એવી ગડમથલ, અથડામણ, મૂંઝવણના માર્ગેથીજ પસાર થવાનું હોય છે. પણ એ કાયમ ન રહેવી ઘટે. અલ્પજ્ઞ અવસ્થામાં એ બધું સંભવિત છે, છતાં નિશ્ચિન્ત રહેશો કે એ બધું જવાનું જ છે. કાયમનું નથી.

સમુદ્રના તરંગોની માફક પ્રસંગો હૃદયમાં તરંગો પ્રગટાવે છે. જાણે કે હવે શું કરવું? હવે શું થશે? એમ ભાસે પણ એ બધા માની લીધેલા, નકામા, ગભરાવનારા દ્રશ્યો છે. એવા પ્રસંગે અંતરમાં ઊતરી નામસ્મરણ કરવું એ અમોઘ ઉપાય છે. ભાવિ–મિથ્યા ન થાય પણ સ્મરણથી જરૂર શાંતિ થાય. સાધકને અણધાર્યા વિરોધો લાગે પણ વિરોધી તમને જણાવીને ન આવે! એ વિરોધ નથી પણ કસોટીઓ છે અને જરૂરના છે ને આવે છે. તેથી નાહિંમત થવાનું નથી. કસોટી સોનાની થાય! ફૂલ સુગંધવાળાં જ ચૂંટાય. આવળનાં નહિ. સાચા મોતીજ વિંધાય. ભક્તોને જ વિઘ્નો કષ્ટો, મૂંઝવણના પ્રસંગો આવે એ સનાતન નિયમ છે

તમે ટકી રહ્યા છો એમ વધુ મજબૂત બનો. ખડક જેવા બનો. શારીરિક, માનસિક કે કૌટુંબિક અણગમતા પ્રસંગો આવે ત્યારે ખૂબ ધૈર્ય, અકમ્પ બનો. એ બધા સાચા સ્થાયી નથી. પણ તમોને ભ્રમણાથી જ એ વિચાર મૂંઝવનારા દેખાય છે. પણ જ્યારે સત્ય સમજાય છે અને તે અનુભવે જ સમજાય ત્યારે જ પરિપકવતા આવે, એ જ માર્ગ છે. લૌકિક વ્યવહારમાં જીવને જેટલો હર્ષ-આનંદ છે એટલો લોકોત્તરમાં નથી આવતો.

લોકોત્તર માર્ગે અંતર ચક્ષુ ખુલ્યા પછી જ પગલું ભરવાનું મન થાય છે અને લૌકિક માર્ગે મુસીબતો વેઠીને કષ્ટનો સામનો કરીને, જીવનને હોડમાં મૂકીને પણ વગર ઉપદેશે જાય છે કેમકે એ માર્ગે જોયેલો, જાણેલો, અનુભવેલો છે. પણ લોકોત્તર તરફનો જીવે અનુભવ જ નથી કર્યો એના આનંદનું સ્વપ્ન પણ નથી આવ્યું. તેથી જવાનું મન ન થાય. તેમ એ તરફ લક્ષ પણ ન આવે એ સંભવિત છે.

એટલા માટે જ જ્ઞાનીઓએ (અંતઃ) ચક્ષુ-દ્રષ્ટિ-ઉપર પ્રથમ વધુ ભાર મૂક્યો છે. ક્રિયાઓ પણ એ માટે છે. 'બિના નયન પાવે નહિ બિના નયન કી બાત' 'સેવે સદ્‌ગુરુ કે ચરણ સો-પાવે સાક્ષાત્' 'શ્રીમદ્' વાંચવાનો મહાવરો રાખશો. એજ પ્રભુસ્મરણ.

દઃ ભિક્ષુ

ૐ

ઓરીવલી

પત્ર ક્રમાંક (૮૮)

તા. ૧૭-૮-૧૯૫૮

તેજ અભ્યાસ સાચો કે જે જીવન વિકાસ કરે

પવિત્ર સંયમ પંથના વિહારી !

મોતિયો ઉતર્યો છે તે આંખની મદદથી આ પત્ર લખી રહ્યો છું. વડિયાના શાસ્ત્રીજી આવી ગયા. ત્યાં આવવાનું કહેતા હતા. શાસ્ત્રીજીની પદવીને લાયક વિશાળ દ્રષ્ટિના છે. એક રાત્રિ રોકાણા. ઠીક ઠીક ચર્ચા વિચારણા થઈ. તેમને તમારી ઘણી સુંદર છાપ પડી છે. હાલ તમે ત્યાં હિન્દીનો અભ્યાસ કરો છો તે સંતોષની વાત છે.

હિન્દીનો અભ્યાસ ત્રણે ઠાણાં કરો છો તે ઠીક છે. પણ જે અભ્યાસ જીવન વિકાસના માર્ગે પરમ શાંતિના પંથ તરફ જ વાળે એ રુચિ હાલ મંદ જણાય છે. ઈચ્છા હશે પણ પ્રયત્ન એ તરફના નથી લાગતા, નહિ તો...... અંતરના દર્દો જરૂર ઓછા થાય એ નિઃસંશય છે.

જ્યાં પ્રબળ પુરુષાર્થની જરૂર હોય ત્યાં થોડા પ્રયત્નથી ન ચાલે. બહારની વિદ્યા, અભ્યાસ, જરૂરના છે પણ વધુ

જરૂરનું એ છે કે 'પોતાના હૃદયની શુદ્ધિ થાય; સમજાયું હોય તે જીવનમાં ઊતારવા સતત પ્રયત્ન સેવવો ઘટે. અંગુલિમાલ જેવા, રોહિણીય ચોર જેવા, ચિલાતી અને દ્રઢ પ્રહારી જેવા સુધરી ગયા તો આપણે જો એના જેવી શુધ્ધ નિષ્ઠાપૂર્વક પુરુષાર્થ કરવાથી કેમ ન સુધરીએ ?

……બેનને દીક્ષા આપવાની ઇચ્છા છે અને એમાં અમારા હાથે અપાય એવી તમારી અપેક્ષા છે તે જાણ્યું. પણ મુંબઈ છોડયા બાદ તે તરફ આવવાનું અચોક્કસ છે. કોઈ સ્થળે શાંતિ લેવાની મુરાદ છે બધા સાધુ આર્યાઓ દીક્ષિત બનાવવામાં હરીફાઈનું કામ કરે છે. પણ દીક્ષાની જવાબદારી, એના ગૌરવ તરફ કોઈ જોતું જ નથી સંયમનું રહસ્ય આજે ભૂલાઈ ગયું હોય એમ દેખાય છે

ઇતર અભ્યાસ ભલે કરો પણ હંમેશા કલાક, અર્ધો-કલાક આત્મશુદ્ધિ અર્થે, નિયમિત ધ્યાન, ચિંતન કે નિજ વિચારણા કરવી કે જેથી આપણને હંમેશા ભાન રહ્યા જ કરે કે આપણે કોણ છીએ? શા માટે ત્યાગ કર્યો છે? વાચજો, વિચારજો અને અમારી હિતશિક્ષા ધ્યાનમાં રાખશો. આધ્યાત્મિક ચર્ચા-વિચારણા, વાંચન થતું હશે. વિચાર રત્ન-રાશિનું વાંચન પૂરું થયું હશે. પં. સુખલાલજીનાં ત્રણે પુસ્તકો પણ વંચાયા હશે. સાથેસાથ જીવન પોથીનાં પાના પણ ફેરવતા રહેશો. શાંતિ અને આત્મ સાધનામાં લીન રહો. એજ અભિલાષા.

દ. ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક (૮૯)

બોરીવલી
તા. ૩૦-૧૦-૧૯૫૮

બાહ્ય પ્રદેશ અતૃપ્તિનો છે તેમાં ભરતી-ઓટ આવે છે

પ્રાણીમાત્ર સાથે એક સરખી આત્મીયતા વીતરાગદશા પ્રાપ્ત થયા સિવાય ન રહી શકે. પ્રશ્ન ઉઠવાની ભૂમિકાએ પ્રશ્ન ઉઠે જ. જેમ જેમ હૃદય વધુ નિર્મળ બને તેમ તેનો વધુ ઉકેલ થાય.

લૌકિક જિજ્ઞાસા પ્રકૃતિના પ્રદેશમાંથી ઊઠે છે અને અલૌકિક જિજ્ઞાસા અન્તરતમના પ્રદેશમાંથી ઊઠે એમ લાગે છે. બાહ્યપ્રદેશ અતૃપ્તિનો છે. એમાં ભરતી ઓટને અવકાશ છે, યોગ્યતાનો અભાવ નથી. પણ જાગૃતિનો અભાવ છે. પુરુષાર્થની મંદતા એટલે પ્રગતિની મંદતા, બીજા મનુષ્યોની અપેક્ષાએ તમોને સમય, સંયોગ, સાધન અને સમજણની સામગ્રી વિશેષ પ્રમાણમાં છે. માત્ર જે ચોટ લાગવી જોઈએ તે નથી લાગી.

શારીરિક દર્દો તો મોટા ગણાતા માણસોને કસોટીરૂપ થાય છે. રામકૃષ્ણ પરમહંસ, શ્રીમદ રાજચંદ્ર, મસ્ત રામજી, રમણ મહર્ષિ જેવાને મહાન વ્યાધિઓ થયેલ અને તેમણે સમભાવપૂર્વક તેમનો સામનો કરેલ. માણસને વ્યાધિ વધારે જાગૃત રાખે છે. જો સમજાય તો ડગલે ને પગલે રાગદ્વેષનાં દ્વન્દ્વો અનાદિના છે. એના પાશલાઓ સ્થૂલદૃષ્ટિએ ન દેખાય તેવા છે. અંતર્દૃષ્ટિથી જોનારને દેખાય છે અને સજાગ રહે છે. વાંચન વિચારણા અને સત્સંગનું એ જ ફળ છે.

અનેક મહાપુરુષોનાં વચનો દીવાદાંડી જેવાં છે. માત્ર તેને વાંચીને-રસને ઓગાળીને હૃદયમાં ઉતારવો ઘટે. મહા-સત્તા તો પ્રાણીમાત્રના હિત, શ્રેય, શાંતિ માટે સતત પ્રયત્ન-શીલ છે. જીવોનું એ તરફ લક્ષ્ય જ નથી. સદ્‌ગુરુ હંમેશાં સાથે નથી હોતા પણ ગુરુના ગુરુ-દેવાધિદેવ તો તમારી સાથે જ છે. એ શ્રદ્ધાને જગાડો.

તમારો સંદેશ-ભાવના તો પહોંચે છે; તમારા મનનો વનમનાટ જોઈ શકાય છે, પણ અમારો સંદેશ તમે મંદગતિએ ઝીલો છો. મહાપ્રભુ તમારા સમીપમાં જ છે. શ્રદ્ધો, એકાગ્ર બની તેના નામનો પોકાર કરો. સ્મરો, રટો, જેટલું વાંચ્યું વિચાર્યું તેનું ચર્વણ કરો જરાપણ નાહિમ્મત, નિરાશા ન વેદો. ઉત્સાહ, ઉલ્લાસ, પ્રેમ, આનંદનેજ આમંત્રો. નવી દુનિયા તમારી રાહ જોઇ રહેલ છે. જરા ઊંડી નજર કરો. 'જરા ઉઘડે આંખલડી તો સન્મુખ તેહ સદા.' પ્રારબ્ધ કરતાં પુરૂષાર્થને જ્ઞાનીઓએ વધુ મહત્ત્વ આપ્યું છે. મનને મજબૂત, નિશ્ચિંત વીર્યવાન. સંકલ્પના બળવાળું રાખશો. પ્રારબ્ધ ભલે તેનું કામ કરે, પણ આપણે આપણું કામ કરવામાં પ્રમાદ ન સેવવો.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૯૦)

સાયલા
તા. ૩-૬-૧૯૬૩

અનાસક્ત ભાવે કર્તવ્ય બજાવવામાં આનંદ છે

શારીરિક, માનસિક, પરિસ્થિતિ માટે લખ્યું તે જાણ્યું. હવે તદ્દન આરામ હશે. વ્યવહારના બોજાથી, બંધનથી

કંટાળો આવે છે અને મુક્ત થવાની વૃત્તિ ઊઠે છે પણ એ બધી અપરિપકવ દશા છે. અર્જુનના વિષાદ જેવી દશા છે, છતાં મનમાં એ ભાવ પડ્યા છે, તો ક્યારેક પરિપાક થશે ત્યારે કામ લાગશે હાલ તો બને તેટલા અનાસક્તભાવે કર્તવ્ય બજાવ્યે જવા સિવાય રસ્તો નથી. ગૃહસ્થાશ્રમ ગાડીનાં બે પૈડાંથી તમારૂં ગાડું ચાલે છે. બન્નેનો યોગ પરસ્પર સહાયરૂપ છે. બોજો વધાર્યો છે એટલે વખત મળતો નહિ હોય? છતાં પ્રભુસ્મરણ ન ભૂલશો.

દ: ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૯૧)

સાયલા
તા. ૮-૯-૧૯૬૪

અપૂર્ણતાને પૂર્ણમાં પરિવર્તિત કરો

ભકિતપૂર્ણ સમાચાર લખનાર આર્યાજી!

તમારો પત્ર હમણાં વાંચ્યો. તમારા હૃદયના બધા-ભાવો, વિચારો, ઉદ્ગારો, નમ્રતા અને વિનયભર્યા બધાં વાકયો વાંચ્યા તેથી સંતોષ થયો મારી તબિયત રાબેતા મુજબ ચાર વખત દિવસમાં પ્રવચન આપતાં છતાં પણ ઠીક રહી છે. હવે તો પર્યુષણ પૂરા થવા આવ્યાં.

મારો બોધ, મારું માર્ગદર્શન તમોએ સ્વીકાર્યું છે. તમને રુચ્યું છે અને આદરવાની પણ પહેલ કરી છે. તેથી મારી ઘણા વખતની ભાવના સફળ થઇ માની હું પ્રસન્ન થાઉં છું. તમારી અપૂર્ણતા તમે જોઇ શકો છો એટલાં તમે

ભાગ્યશાળી છો. હવે અપૂર્ણતાને પૂર્ણતા કરવા મનથી, હૃદયથી, અધ્યવસાયથી બનતો પ્રયત્ન કરવો એ જ ખરી સાધના છે. તમારો શ્રેય ઇચ્છનાર.

દ. ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૯૨) — સાયલા, તા. ૬-૧૦-૧૯૬૪

પ્રજ્ઞાજનો વર્તમાનમાં વર્તવામાં જ શ્રેય માને છે

શ્રેયપથગામી આર્યાજી ! આત્મશ્રેય સાધો.

માણસ માત્ર વિચારથી કાર્યક્રમના માળખાં ગોઠવે પણ માણસના ધારવા પ્રમાણે હંમેશા થતું નથી. માટે પ્રજ્ઞાજનો વર્તમાનમાં વર્તવા યોગ્ય વર્તન વર્તવામાં જ શ્રેય માને છે. જાગવાનો ઉત્તમ સમય સફળ કરે છે. વર્તમાન જ ભવિષ્યને ઘડે છે. સમજદાર માણસ, નથી મળ્યાનો ખેદ કે વિચાર કરતાં નથી; પણ મળ્યાનું મહત્વ જાણીને તેમાં સંતોષ માની, તેનો પૂરો સદુપયોગ કરે છે. બીજાની અપેક્ષાએ ઘણાં સાધન, સગવડો, સાનુકૂળતા અને સમજ મળી છે, એ વાત હંમેશાં સ્મરણમાં રાખવી. પ્રતિક્ષણ જાગતાં રહેવું, જીવનનું ધ્યેય નકકી કરવું અને તેને લક્ષમાં રાખી વર્તન કરવું. પડિકમણામાં બન્ને વખત મહાવ્રતો, સમિતિ અને ગુપ્તિ બોલાય છે તેનું રહસ્ય વિચારવું.

દઃ ભિક્ષુ

(૮) પુરુષાર્થનું મધ્યબિન્દુ પ્રભુ

વસંતતિલકા

જેણે ન લીધી સત્સંગ દિશા યથાર્થ,
તે વીતરાગી ગુરુમાંથી ય કૈં ન પામે;
કિંતુ દિશા ગ્રહીજ સત્સંગ કેરી જેણે,
છદ્મસ્થ છો કુળગુરુ તદપિ ય પામે. (૧)

અનુષ્ટુપ

મુખ્ય પ્રયત્નનું ક્ષેત્ર, આથી પ્રભુ-ગુરુકૃપા;
જેથી સત્સંગની દિશા, આપોઆપ મળે યથા. (૨)



ઉપોદ્ઘાત

બહિરાત્મદશાથી સાધક-સાધિકા, જરાક ઉપર ઉઠયાં કે તેનું ધ્યાન અંતરના અતલ ઊંડાણ ભણી ગયા વિના રહેતું નથી એમાથીજ આત્મા-પરમાત્મા યાદ આવવા માડે છે. સદ્-વાંચન અને સદ્વિચારથી ઉપયોગમય બનતા, પ્રયત્નો કરતા કરતાં, તે હવે વિચાર-વિવેક કરવા ચોભે છે. આથીજ કહેવાનું છે— "વિચારશક્તિ અને વિવેકશક્તિ એ બે સાચી જિજ્ઞાસાના પાયાઓ છે." આમાથી સાચું સંબંધ ભાન પણ થાય છે. કેટલાંય ઉચ્ચકક્ષાનાં સજ્જનોને પોતાનું મૃત્યુ આવે તો ભગવાનનું નામ લઈ ખુશીથી મૃત્યુને વરમાળા પહેરાવવી સહેલી થઇ પડે છે પરંતુ પોતાના લેખાતાંનું મૃત્યુ કેટલીકવાર હરણ કરાવી નીચે પાડી દે છે. સંબંધભાન થાય, તેઓ તો ઋણાનુબંધે મળ્યાં અને ઋણાનુબંધ પૂરાં થયે છૂટાં પડયાં ! એમ નાની સાચું હૈયાનું આશ્વાસન પામી જાય છે. ખરેખર તો લોહીના સંબંધો કરતા વિચારના સંબંધો જ સાચા સંબંધો છે.

જૈનધર્મે સહધર્મી વાત્સલ્ય અને સહધર્મી પ્રભાવના ઉપર ખાસું વજન આપ્યું છે. તીર્થંકર જેવા મહાનપદનું પણ બીજ એમાં કહ્યું છે, તે વારંવાર વિચારવા જેવું છે. એક અર્થમાં આ પણ 'સત્સંગ'ની પરિપક્વ દિશા જ ગણાય!

પ્રભુકૃપા-ગુરૂકૃપાનું સાચું રહસ્ય પણ અહીં જ સમજાય છે અને જ્યારે કસોટી આવે ત્યારે આવાં મહાનુભાવો અંતરસ્થદેવ કે અંતરસ્થ ગુરુનો- આદેશ ઝીલવા તત્પર બને છે. આમ આદેશ ઝીલી કર્તવ્ય આચરવાથી હૃદયમાં યથાર્થ શાન્તિનો સંચાર થાય છે અને મન પ્રસન્ન બને છે.

પોતાનો આત્મા જ્યાં પોતામાં દેખાયો અને પ્રત્યેક કાર્ય પ્રભુ પ્રીતિ અર્થે થવા માંડ્યું, ત્યાં જગતના પ્રાણિમાત્ર સાથે આત્મીયતા થઈને વધવા માંડે જ. પ્રથમ જે સંવેગ-વૈરાગ્ય ચેષ્ટિત હતાં તે હવે નિજ અનુભવે સહજ-સહજ સંવેગ વૈરાગ્યનું નક્કર રૂપ ધારણ કરે છે. સુશ્રદ્ધા એટલી બધી દૃઢ બની જાય છે કે પછી કષ્ટો કષ્ટ તરીકે રહેતાં નથી. અને પ્રલોભનોમાં પૂરી નિર્લેપતા આવવા માંડે છે.

હા, જ્યાં લગી પૂરેપૂરી-અખંડ જાગૃતિ ન આવે ત્યાં લગી મનને નવરું પડવા દેવું ન જોઈએ. મન ધમપછાડ છેલ્લા પણ અહીં ખૂબ ખૂબ મારે છે! ઘણીવાર ભગવાન સ્વયંમાં હાજરા હજૂર એને દેખાય! અને તેમાંય ભૂલ્યે ચૂક્યે નબળાં વિચારો મનને લીધે હૃદયમાં દાખલ થવા પ્રયત્ન કરે ત્યારે તો એનો અંતર્યામી કે અંતરાત્મા પાપ કરવા દેજ નહિ! સહન-શીલતાનું પ્રમાણ પણ ઘણું જ વધી જાય! અહીં રસ, માધુર્ય અને વિશ્વનાં પ્રાણિમાત્ર તરફ વિશુદ્ધપ્રેમ અખૂટપણે ઉછળવા માંડે જ છે.



પત્ર ક્રમાંક વાંકાનેર
(૯૪) તા. ૧-૨-૧૯૪૨

પરમાત્મા સાથે યોગ-મિલન થયું નથી

તમારો પત્ર મળ્યો. વાંચી ખૂબ સંતોષ થયો છે. તમારાં મામુનો તમારા પ્રત્યે ભારે લાગણી સ્નેહ દર્શાવતો પત્ર મળેલ. તેમાં તમારી સ્થિતિનું વર્ણન જણાવેલ હતું. મામીજીના સહવાસથી તમોને બોધ થયો છે એમ તમારું લખાણ બતાવે છે! પુત્ર કે પતિદેવનો વિયોગ થયો પણ એ અમર તો છે જ અને એમ કરવું 'એને' યોગ્ય લાગ્યું. એમાં ધોખો કેમ કરાય? જેણે આપ્યા તેણે ખેંચી લીધા. એ જે કરે તે પ્રાણીમાત્રને હિતાર્થે જ કરે એમ શ્રદ્ધા છે, તો પછી આટલા બધાં કલ્પાંત, ઝૂરણાં, આક્રંદ શા અર્થે? બહેન! આવા માયાવી સંબંધો અનેક જીવો સાથે અનેકવાર અનેક પ્રકારે કર્યા છે. અનેકવાર સંયોગ અને વિયોગ થયો છે. સુખ, દુ:ખ, રાગ, દ્વેષ, ઇષ્ટ, અનિષ્ટ ભાવે મળ્યા અને છૂટા પડ્યા એમાં કયા સંબંધ સત્ય અને કયા અસત્ય?

માટે કોને રડવું? કોના માટે ઝૂરવું? કોને પોતાના ગણવા, અને કોને પર ગણવા? બ્હેન! સંયોગ તથા મરણ એ પ્રભુનો સંકેત, કાયદો કે બંધારણ છે. એ ફેરવ્યું કેમ ફરે? જગતના પ્રાણીમાત્ર સાથે યોગ થયા, મળ્યા પણ પરમાત્મા સાથે યોગ કે મિલન થયું નથી. એના મિલનમાં વિયોગને સ્થાન નથી.

તમારા ઉપર પ્રભુનો કોપ છે એમ ન સમજવું, પણ તમોને મોહથી મુક્ત કરાવવા, પરમ પંથમાં વાળવા, માયાની

જાળમાંથી અલગ કરવા પ્રભુએ તમારા ઉપર કૃપા વરસાવી છે. એ કૃપાળુ કૃપા જ કરનાર છે. એ બૂરૂં ન જ કરે એમ સમજી વિલાપો કરવા ન ઘટે. તમોને ત્યાંનું વાતાવરણ મૂંઝવતું હશે પણ થોડો વખત ધીરજ રાખી શ્રદ્ધાપૂર્વક શાંતિથી રહેવું. તમારા હૃદયને, તમારા ભાવને, તમારી રુચિને જાણનાર તમારા વાતાવરણમાં વિરલ હોય એટલું જ નહિ પણ જ્યાં જાઓ ત્યાં વિરલ હોય !

તમારા માટે હવે પ્રભુસ્મરણ, ચિંતન, ભજન અને એના કીર્તનમાં જીવન ગાળવું એજ શ્રેયસ્કર છે. રડવું, કકળવું યોગ્ય નથી. પ્રભુ ચરણે સર્વસ્વ સમર્પણ કરી તેનું જ વાંચન, તેનું જ ધ્યાન. તેનું જ સ્મરણ કર્યા કરવું. બધી ચિંતા તેના ચરણે મૂકી દો. તે જ તમારૂં યોગ ક્ષેમ વહન કરશે.

દઃ ભિક્ષુ

ૐ

સરા

પત્ર ક્રમાંક
(૯૫)

તા. ૨૯–૧૧–૧૯૪૪

અંતરના દેવને ઓળખી તેનો આદેશ ઝીલો

મુમુક્ષુ........

અમારી ભાવનાને ઝીલવાની તમારી આટલી આતુરતા અધિકાર માટે ખૂબ સંતોષ થાય છે. જે કાંઈ હોય તેને પચવવાનો અણમોલ અવસર સાંપ પ્રત્યેક પ્રસંગને વિચારવાની તપાસવાની ટેવ

પાડતા રહેશો. અન્તરસ્થ દેવ–અન્તર્યામિ મહાપ્રભુ સૌના અંત-કરણમાં હાજર હાજર બિરાજે છે. તેનો આદેશ ઝીલવા હંમેશા તત્પર બનશો. એ અંતરના ઉંડાણમાંથી જે કાંઇ સૂચના કરે તેને ત્રણ કરણ અને ત્રણ યોગથી વળગી રહેવામા તમે જેટલા સફળ થશો તેટલી આધ્યાત્મિક શાન્તિ જરૂર અનુભવાશે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક | મોરબી
(૯૬) | તા. ૪–૧૨–૧૯૪૫

માંદગી એ પ્રભુની બંદગી કરવાનો અણમોલ અવસર છે

આટલા સમાગમ પછી પણ માંદગી તમોને ભયજનક લાગી તેથી આશ્ચર્ય થાય છે. ખરેખર જડની સત્તા ભારે વિચિત્ર છે. તત્વદષ્ટિએ જોતાં માંદગી એ તો પરમાત્માની સુરક્ષિત ગોદ છે. જેમ બાળક માતાની ગોદમાં નિર્ભય હોય છે તેમ ભક્ત કોટિના જીવો, પરમ શ્રદ્ધાળુ આત્માઓ માંદગીને પરમાત્માની ગોદ સમજી, વધુ સ્વસ્થ અને શાંત બને છે. પરમાત્માનો જ્યારે વિશેષ અને અપાર અનુગ્રહ વરસે છે, ત્યારે એવા ભક્ત કોટિના જીવને માંદગીના રૂપે સતત એકાન્ત આપે છે. શારીરિક ક્રિયા શાન્ત બને ત્યારે જ મન-પ્રાણ ભગવાનની સાથે એકરૂપ બની શકે અને એવી તક માંદગીમાં સહજ બને છે. પરંતુ આવી સ્થિતિ તો અનન્ય ભક્તિ પરાયણ જીવને જ પ્રાપ્ત થાય છે. પરંતુ જેનું જીવન પરમાત્મા સાથે જોડાયું નથી હોતું તે તો માંદ-

ગીને ભયંકર શ્રાપરૂપે માની ભારે વ્યગ્રતા અનુભવતા હોય છે. ખરેખર એ પામર દશા જ ગણાય. આ ઉપરથી એમ નથી સમજવાનું કે માણસે માંદા પડવું એ સારી વસ્તુ છે.

માંદા પડવું અને માંદગી આવવી એ બેમાં ઘણો ફેર છે. એક માણસ અજ્ઞાનતાથી, મૂર્ખતાથી કોઈ શારીરિક ભૂલો કરે તો તેની શિક્ષારૂપે જરૂર એ માંદો પડે છે. લગભગ નવાણું ટકા માંદગી એવા જ રૂપની હોય છે. એટલે એવી સ્થિતિમાં તો ધીરજ પૂર્વક બાહ્ય ઉપચારો કરી શરીરને સમસ્થિતિમા લાવવાનું સમજુ માણસે પ્રયત્ન કરવો જોઇએ. એમાં જ ખરી સમજણ અને જ્ઞાનનો ખરો ઉપયોગ છે. કોઇપણ સ્થિતિમાં સમભાવ ન ગુમાવવો એમાં જ ખરી મહત્તા છે. ટુંકમાં મને પાકી શ્રધ્ધા છે કે હવે તમો તદ્દન સ્વસ્થ હશો. તમારૂં શરીર સારૂં ન હતું તમે થીગડા મારીને આરોગ્ય રાખતા હતા તેથી વારંવાર તાવના દર્શન થતાં. ભકિતને બળે આવ્યા અને રોકાયા પણ શરીર માંદગી (આરામ) માંગતુ હતુ. તમે ઠેલતા હતાં, અંતે તેણે તેનો ભાવ ભજવ્યો. તમે દેણું ચુકાવ્યું. મન દ્વારા પ્રભુસ્મરણ ચિંતન કર્યે જશો. દુઃખમાં ભજન વધુ થાય તેથી પ્રભુ વધુ ઢુંકડા રહે છે.

દઃ ભિક્ષુ



ॐ

પત્ર ક્રમાંક
(૬૭)

સાયલા
તા ૧૯-૧-૧૯૫૧

હૃદયની શાંતિનો પડઘો આચરણમાં પડે છે

...તમારા હૃદયની શાંતિનો પડઘો પત્રમા પડે છે. આ વખતે તમે ઠીક ઠીક લાભ લીધો અને પચાવ્યો. ત્યાંનો કુંભમેળાનો ક્રમ વાંચીને મને સંતોષ થયો છે, જે માર્ગે શાંતિની પ્રતીતિ થઇ છે, શ્રદ્ધા પ્રગટી છે, આનંદ અનુભવાય છે, એજ માર્ગે શક્તિ-સમયની અનુકૂળતાપૂર્વક ગતિ કર્યા કરશો. એમાં ધૈર્યની અને શ્રધ્ધાની મુખ્ય જરૂર પડે છે.

શ્રી અરવિંદનું સાહિત્ય તમને રુચ્યું ને વાંચવું શરૂ કર્યું તે બહુ ઠીક થયું છે. અહંભાવ કે અહંવૃત્તિ ન કળી શકાય એમ ગુપ્ત રીતે પોતાનુ કાર્ય માનવી માત્રમાં કરે છે તેની ખૂબ સંભાળ રાખવી. તેની તકેદારી-ચોકસાઈ રાખવી. એ શુભચર્ચા ખબર ન પડે તેમ કર્યું કરાવ્યું ધૂળમાં મેળવે છે. પ્રકૃતિના ખેલને, તેની કાર્યવાહીને નિહાળવા, સાક્ષી-દ્રષ્ટા બનવાની બીના યોગના પાયામા સુંદર રીતે બતાવે છે. વાંચન કરતાં તેનો વિચાર કરવાનો સમય વધુ રાખવો. તમને ત્યાં ખૂબ નિવૃત્તિ ને અનુકૂળતા છે તો પ્રવૃત્તિ ચાલુ રાખશો. અહંવૃત્તિ માટેનું, તમારું માનવું યથાર્થ છે. પરમાત્માને ચરણે સર્વસ્વ ધરવું અને એને શરણે રહેવું એજ ખરો ઉપાય છે, તથાપિ તમે અગાઉ કરતાં ઠીક પ્રગતિ કરી છે કેમકે માર્ગ ઉપર છો.

દઃ બિન્દુ

ૐ

પત્ર ક્રમાંક ભાવનગર

(૯૮) તા. ૨૫-૧૦-૧૯૫૨

અનુભવી વૈરાગ્યવાન અંતર સાથે વાર્તાલાપ કરે છે

મનુષ્યમાત્રને અહંવૃત્તિની પ્રકૃતિ નવા નવા સ્વાંગે દર્શન આપે છે. પોતાને પાકો અનુભવી, દીર્ઘ-દૃષ્ટિવાન, વૈરાગ્યવાન, અંતર સાથે વાર્તાલાપ કરનાર મનાવે છે. ઠગારી પ્રકૃતિ અર્પણતાની વાતો સોંઘી ને રમ્ય લાગે છે. પણ આચરણમાં ઘણી મોંઘીને કઠોર હોય છે. અનંતકાળથી જીવે સ્વછંદ છોડ્યો નથી. પોતાના પ્રકૃતિના છંદે જ સદાય રહ્યો છે. એના પર વિજય મેળવવો સહેલો નથી. માત્ર વાંચન શ્રવણથી એ લભ્ય નથી. એ માટે મોટા પુરુષાર્થની, અર્પણતાની, આજ્ઞાધીનતાની અપેક્ષા રહે છે. મારા સહવાસથી તમે જે મેળવી શક્યા—જે લાભ લઈ શક્યા તેવો ઘણા થોડાએજ મેળવ્યો હશે.

કસોટીઓમાં—ઉપસર્ગોમાં મનને સ્થિર— અડગ રાખવું એજ ખરો પુરુષાર્થ છે. પ્રલોભનોના મધ્યમાં અડગ રહેવાય એજ વીર્યનું ફળ છે. વાંચન ભલે થોડું થાય પણ તે પચાવવામાં વિશેષતા છે. પગને હવે સારું છે. તદ્દન સારું. ઉપયોગરહિત ચાલનારની એવા જ પ્રકારની દશા થાય છે. માટે જ કહ્યું છે કે 'જયંચરે જયં ચિટ્ઠે, જય માસે જયં સયે'...જયં એટલે ઉપયોગ યુકત પ્રત્યેક ક્રિયા કરો એટલે તમારો વિજય. 'ઉપયોગ ચૂકયા કે ઝડપાયા' સમજવું. ચારે તના પાશલા, પ્રલોભનો પથરાયેલાં જ છે, માત્ર

રૂપોને આકૃતિઓ, ને નામ જુદાં એટલે ઓળખાય નહિ, તેથી ફરજ કર્તવ્ય લાગે; હોય મોહ અને આસક્તિ અને તે લાગે ફરજ; એજ પાશલો. "આધ્યાત્મિક પ્રબંધાવલી" ફરી ફરી વાંચશો. અર્પણતાના પ્રદેશને વિગતથી જોશો. હરિ દોરે તેમ દોરાશો. અહંવૃત્તિ માટે પ્રતિપળ જાગૃત રહેશો.

દ: ભિક્ષુ

પત્ર ક્રમાંક
(૯૬)

ૐ

સુદામડા
તા. ૨-૬-૧૯૫૩

પ્રત્યેક કાર્ય પ્રભુ પ્રીત્યર્થ કરવાની ટેવ પાડવી

તમે હાલ આવી શકો તેમ નથી એ વાત પ્રભુના ચરણે ધરવી. એને યોગ્ય લાગશે તેમ યોગ ગોઠવશે. અને જે યોગ વર્તમાનમાં ગોઠવાયો છે તેમાં સંતોષ માનવો એ ખરો માર્ગ છે. સમર્પણની ભાવના ભાવતાં ભાવતાં કાળે કરીને નક્કર થાય છે માટે નિરાશ ન થવું. દક્ષિણાના અંકમાંથી પિવાય તેટલું અમી પીવું. વિશેષ તો પ્રભુ રુબરુ ભેટો કરાવશે ત્યારે વધુ ચર્ચા કરશું.

કાર્ય કરતાં કરતાં પણ સિદ્ધિ ન થાય ત્યારે સાધક વિચારે કે પુરુષાર્થની કે કાળબળની ખામી હશે પણ હતાશ તો ન જ થાય. કેમકે થયેલ પુરુષાર્થ નકામો જતો નથી. તે તો ઉપકારક જ નીવડે છે. પ્રત્યેક કાર્ય પ્રભુ અર્થે માનવાની ટેવ પડી જાય તો વેઠ જેવું ન લાગે. પ્રભુ સર્વત્ર સર્વમાં છે. એ પ્રતીત થયા પછી તો હું સામાન્યમાં સામાન્ય કામ કરું

છું તે પ્રભુ પ્રીત્યર્થે માનવાનું શીખવું એમાં ઓર મઝા છે. કંટાળો તો લાવવો જ નહિ. એ સ્વભાવ જ આપણો નથી. પ્રત્યેક ક્ષણે પ્રત્યેક કાર્યમાં પ્રસન્નતા અનુભવતાં શીખવું. એ ગુણ તમારામાં ભરેલ છે, પણ ઘણા કાળની જૂની માન્યતાના અભ્યાસથી આચરી શકાતું નથી.

કોઈ કામ હલકું નથી. આપણે માનતા શીખ્યા છીએ કે આ કામ હલકું, આ કામથી કર્મ બંધાય.' પણ કર્મ તો આસક્તિથી-રાગદ્વેષના પરિણામથી, સ્વાર્થથી બંધાય છે. સર્વત્ર મારા નાથને જોતાં–વિચારતાં શીખવું. સર્વત્ર મંગળ દેખાશે. અમંગળ, ખરાબ, નઠારું બહાર નથી એ બધું આપણી પ્રકૃતિમાં ભરેલ છે. પ્રભુએ જે કામમાં યોજના કરી ત્યાં યોજાવું ને પોતાની મર્યાદા–વ્રતો નિયમો–સિદ્ધાંતોને સાચવી કાર્ય કરવું. ત્યાં નિઃસ્પૃહ હૃદયો નથી અને બધે સ્વાર્થની રમત છે તો બીજા કયા સ્થળે નિઃસ્વાર્થની રમત છે?

જગતના ખરાબા તરફ સાધક દૃષ્ટિ કરતો નથી. યુધિષ્ઠિરની માફક ગુણ શોધક–ગુણ ગ્રાહક બન્યા વિના આપણો સુધાર નથી. શુદ્ધ પ્રેમનો પ્રવાહ પ્રત્યેક પ્રાણીની અંદર તિરોભાવે ચાલી રહેલ છે. આપણને એ શ્રદ્ધા નથી એટલે અનુભવાતો નથી. પ્રેમ વહાવવાનું શીખીએ, ટેવ પાડીએ, એ ભાવના જ ઊર્ધ્વગતિએ લઈ જાય છે. સંતાનોમાં મા તરીકેનો સ્નેહ હોવો જોઈએ. ને છે તેમાં ખોટું નથી. શુષ્ક ન થવું. પ્રેમાળ, આર્દ્ર, કોમળ, મોટા દિલના થવું.

સંતબાલ કહે છે કે "સકળ જગતની બનો જનેતા", એને જનેતા બનવાના કોડ છે. તમે તો સહજ એ પદ

જેઝવ્યું છે. માત્ર કાઢવા જેવું શું ? ક્ષુદ્રતા, સ્વાર્થવૃત્તિ, ઈર્ષા, વૈરવૃત્તિ, આસક્તિ-એનાથી બચતા રહેવું. બાકી નિર્દોષ વ્યવહારથી ન બ્હીવું. વ્યવહારમાં પડેલ સાધકોએ વ્યવહારના માર્ગે-શ્રેય તરફ વળવું પડે છે જાળવી-જાળવી ઉપયોગ પૂર્વક પંથ કાપવો. ખૂબ ધૈર્ય, ખૂબ વિશ્વાસ, ખૂબ સાવચેતી રાખવી એ સમજણનો વિષય છે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૦૦)

લીંબડી
તા. ૩૦-૪-૧૯૫૪

અનુભવોમાંથી જ વૈરાગ્ય જન્મ છે

અંતરમાં યુધ્ધ ચાલુ જ છે. તમે જે સ્થિતિ લખી તે બરાબર છે, સાચલા છોડવાની ઈચ્છા નહિં; છતાં એવા સંયોગો આવે છે કે ઘસડાવું પડે છે. તમો વહેવારમાં ખૂબ અશાંતિ વેઠી, એ બધું અનુભવ અર્થે છે, અનુભવો જ વૈરાગ્ય જન્માવે છે અને તેથી જ વૈરાગ્ય સ્થિર થાય છે. ખૂબ ક્ષુધા પછી જ ખાવામાં મિઠાશ છે

અંધકારને લીધે પ્રકાશની કિંમત છે. દુઃખ પછી જ સુખમાં મિઠાશ દેખાય છે. જેમ છે તેમ ઠીક છે. સર્વના ઉદય પ્રમાણે સિનેમાની પેઠે ચિત્રો ખડાં થાય છે. એ સમયે વેદવામાં ખૂબ કાળજી, ઉપયોગ રહે તો નવા ઉદયને અવકાશ ન રહે. ધ્યેય બનવામાં જે મઝા છે તે પાઠમાં ઉતરવામાં નથી. વાતાવરણ જો માણસને જમાવતાં આવડે તો સાથે જ લઈને ફરે છે.

મનનું જ મોટા ભાગે કારણ છે. ખૂબ ઊંડા વિચાર કરશો તો જણાશે કે અશાંતિ, બેચેની, અણગમો એ ભૂતાવળ બધી મનની જ રમત છે. એક મનમાં સાચી સમજ પ્રગટે એટલે એ ભૂતાવળ બધી સમાઈ જાય છે. એ ભૂતાવળ અંદરથી જ નીકળી આપણને પજવે છે. અવકાશ ઘણો, સાધન સગવડતાઓ ઘણી, એકાંતનું પોતાનું સ્થાન, છતાં બેચેનીનું કારણ માત્ર અંદરની જ ભૂતાવળ બહાર આવીને પજવે છે. તેનો ઉપાય માત્ર નામ સ્મરણ જપ્યા કરવું એ છે.

એ નામ સ્મરણના પ્રભાવથી બધી પ્રતિકૂળતા અણગમો નાશ પામશે એ અનુભવ સિદ્ધ અખતરો છે. કામ વખતે કામ અને નવરાશ મળે કે તુરત ખૂબ શાંત મને સમીપમાં જ ભગવાનના ચરણમાં મસ્તક મૂકીને તેનું સ્મરણ–માત્ર નામ સ્મરણ મોટેથી બોલ્યે જાઓ. "ઓં હ્રીં અર્હન્" જે ફાવે તે નામોચ્ચારણ પણ ઉપયોગ એમાં જ રાખવો. સમીપમાં જ મારો નાથ રહેલ છે. આપણી પ્રત્યેક ક્રિયા તરફ જુવે છે એમ શ્રદ્ધો. બીજી ક્રિયા અને વાંચનને તે વખતે જતું કરો. આ અખતરો કરવા જેવો છે, માટે કરજો. એકદમ શાંતિ, શાંતિ અનુભવાશે. એના સિવાય બધું નકામું. કચરો પણ અંદરથી બહાર આવે છે તે જરૂર એના સ્મરણે અલોપ થશે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૦૧)

સાયલા
તા. ૫–૨–૧૯૫૫

મુશ્કેલી પણ તેણે જ મોકલી છે

ધાર્યું ધણીનું થાય. તમે રસ વિના કાર્ય કરો છો પણ ફળ અર્થે રસ–આસક્તિ રાખ્યા વગર કામ કરતાં જાઓ.

પ્રસન્નતાને, આનંદને ન ગુમાવશો. મુશ્કેલીમાં જ સાચી કસોટી થાય છે. તેમાં જ વિકાસ સધાય. મુશ્કેલી પણ એણે જ મોકલી છે. એ રાખે તેમ રહેવું અને મોજમા રહેવું. અણગમો, બેચેની એ મારા નાથને પસંદ નથી. એની રમત જ એવી છે માટે એ રમતને ખેલ સમજીને જોવું અને વગર ખૂંચ્યે સુંદર કામ કરી બતાવવું. તમારા માટે જે છે તે બરાબર છે. જરાયે મુંઆવું નહિ, આનંદથી બોલવું. કોઈ દુશ્મન કે પર નથી. અંદરના દુશ્મનોનો બરાબર ખ્યાલ રાખી ચેતતા રહેવું.

તમારી અંતરદશા માટે સંતોષ લેવા જેવું છે. વહેવારનાં દરેક કાર્યમાં ઓતપ્રોત ન થતાં, મધ્યસ્થવૃત્તિ રાખવાથી બધી મૂંઝવણો ધીમે ધીમે શાંત થઈ જશે જે વાતાવરણમાં તમારે વસવાનું છે, તે ચારેકોરથી લૌકિક ભાવનથી રંગાયેલ છે, અને તમને લોકોત્તર ભાવનાનો ચેપ લાગ્યો છે એટલે શરૂઆતમાં અકળામણ થવાની જ. પરંતુ જેમ જેમ આંતરિક ભાવનાથી, નિજ સામર્થ્યથી લોકોત્તર ભાવ તમારા અંતઃકરણમા મજબૂત બનતો જશે. તેમ તેમ તમારૂં વિશિષ્ટ સ્થાન નકકી થતું જશે પણ એ બધો આધાર તમારા પુરુષાર્થ ઉપર અવલંબે છે. કંટાળવાની કાંઈ જરૂર નથી—જરુર છે આમ નિજ રમણતા માટે સંકલ્પ બળની. જો લક્ષ્ય જાગૃત થયું છે તો ક્રમક્રમે એ બળ પણ આવી જશે, નિરાશ થવાની જરુર નથી

જીવન શોધન–ગીતા મંથન ફરી ફરી વાચશો એ પ્રેરક થશે છે.

દઃ ભિક્ષુ



ૐ

સાંબડી

પત્ર ક્રમાંક
(૧૦૨)

તા. ૧૧-૮-૧૯૬૦

મનને કદી નવરું પડવા ન દેવું

આ સાથે અનુયોગ હૃદય શુદ્ધિની પત્રિકા બીડી છે. તમારી નીરસતાનું કારણ મુખ્ય સંગી જોઈએ તેવા ન હતા બીજું તબીયતનું કારણ હતું. જ્યારે શરીર કાંટામાં આવે ત્યારે 'પ્રબંધાવલી' ફરીને વાંચશો. વ્યવહારનાં જરુરી કામ પતાવ્યા બાદ મનને નવરું ન પડવા દેશો. વાંચન અથવા નામસ્મરણ કરવું. 'માનવતાનું મીઠું જગત'નો ભાગ ૩-૪ બહાર પડ્યો છે તે સંગાથજોગ મોકલાવીશ.

તમે એકલાં નથી, સાથે તમારો ઈષ્ટદેવ છે. તે તમારાથી ભિન્ન નથી. થોડો વધુ પ્રયત્ન કરશો તો શ્રદ્ધાના બળે ખાત્રી થશે. વિનોબાજીની ગીતા તથા મશરુવાળાની ગીતા પણ વાંચવા યોગ્ય છે. તમારા પાસે પુસ્તકો ઘણાં છે. તમારા દિલને રુચે-જચે તેવું વાંચન કરવું.

આનંદનું સ્થાન અંદર છે. બહાર શોધનારને તે મળતું નથી. મળે તો ક્ષણિક! મારા સહવાસમાં ભલે ન હો પણ ત્યાં રહ્યાં રહ્યાં તમે ઘણું કરી શકો તેમ છો. બીજા ઘણાંની અપેક્ષાએ તો તમે સાનુકૂળ સંયોગવાળા છો. ત્યાંનું વાતાવરણ શુદ્ધ, સ્થળ એકાન્તનું છે, બહારની ઉપાધિરહિત યોગો છે, આટલી બધી પ્રભુની કૃપા છે, માત્ર પ્રયત્ન કરવાનો છે.

સાધના ધારો તેટલી કરી શકો છો. ખેદ શા માટે? મનને ગડમથલ કરવાનું કશુંય કારણ નથી. તમારે જે માગે

જવું છે તે માર્ગ તમને લાધ્યો છે. ખૂબ પ્રસન્ન રહો. આ દિવસો આનંદમાં ઝીલવાના, પ્રેમ પ્રગટાવવાના, સમભાવને કેળવવાનાં અને પ્રાણી માત્ર પ્રત્યે મૈત્રીભાવ જગવવાના (આ દિવસો) છે. તમારા કરતાં ઘણા અનારોગ્યથી પીડાતાં, અનેક જાતની મૂંઝવણો ભોગવતાં તમારાં અનેક બહેનો મોટા પ્રમાણમાં છે. તમો તો ભાગ્યવાન છો. પ્રભુની દયા તમારા ઉપર છે, જેથી નાણાં માટે તમોને સંતોષ છે. કુટુંબમાં મીઠાશ છે, બધી અનુકૂળતા છે માટે આનંદમાં રહો. શાંતિ સમાચાર આપશો.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક આયલા

(૧૦૩) તા: ૧૩-૧૦-૧૯૬૨

પોતાની ઉણપ સાચી રીતે દેખાય તે જાગૃતિનું ચિન્હ છે

શ્રેયાભિલાષી શ્રેયપથગામિની આર્યાજી ।

તમારો પત્ર મળ્યો. ધારવા પ્રમાણે આત્મશુદ્ધિ-આત્મવિકાસ થઈ શકતો નથી એનો પશ્ચાતાપ અને ખેદ થાય છે. આવા પ્રકારની ઉણપ દેખાય અને પશ્ચાતાપ થાય એ પણ જાગૃતિનું ચિહ્ન છે. પશ્ચાતાપ જાગૃતને જ થાય, ઊણપ એને જ દેખાય અજાગૃતને તો કશું દેખાય જ નહિ એ પોતાને ઘણો આગળ વધેલો માને જ્યારે એ હજી અંતરમા ઘોર નિદ્રામાં જ હોય છે.

વિકાસ હંમેશા ધીમો થાય છે. અજ્ઞાનપણે સંઘરી રાખેલ, પોષેલ પ્રકૃતિઓ મનુષ્યમાત્રને આગળ વધવામાં

વિઘ્નરૂપ બને છે. મુશ્કેલી જેવું દેખાડે, જાગૃત થતાં રોકે, જીવનને મૂઢ બનાવે એ પ્રકૃતિઓની રમત છે પણ એથી નિરાશ ન થવું ગભરાવવું નહિ. એવા સમયે પ્રભુ સ્મરણ-નામસ્મરણ કરવું.

શ્રદ્ધાપૂર્વક હંમેશા "સ દેવદેવો હૃદયે મમાસ્તામ્.... સ દેવદેવો" તેમજ "તં દેવ માપ્તં શરણં પ્રપદ્યે" તં દેવ-માપ્તં....ના ઉચ્ચાર કરવા અને કલ્પવું કે જે દેવ મારા હૃદયમાં બિરાજે છે. મને તે દેવનું શરણું હંમેશા હજો.

આ પ્રાર્થના પચ્ચીસીના શ્લોકો લક્ષપૂર્વક ઉપયોગ સહ બોલવા, વિચારવા, શ્રદ્ધવા, આત્મ વિચારણા, અનુપ્રેક્ષા કરવામાં ઉપયોગ રાખવો. પરમાત્માનું સ્મરણ અમૃત છે, વિષહર છે, શુદ્ધિકર છે. વિશ્વાસ રાખો કે મારું શ્રેય જ થવાનું છે, જે માગે છો તેજ બરાબર છે. નિરાશ થવાનું કારણ નથી. નીચલી ભૂમિકાથી ઉપડનારને વચલા રસ્તામાં વિકટતા જણાય છે. પરંતુ "શ્રદ્ધાવાન્ લભતે જ્ઞાનં." "અતો ભ્રષ્ટ તતો ભ્રષ્ટ જેવું લાગે તે ભૂલ છે. ભ્રમણા છે, નિશ્ચિંત રહીને સતત પુરુષાર્થ કરો. નક્કી આત્મશ્રેય થવાનું જ છે"

દ: ભિક્ષુ

ૐ

સાયલા

પત્ર ક્રમાંક

(૧૦૪)

૯-૧-૧૯૬૩

બીજાને સુધારવા કરતાં આપણે પ્રથમ સુધરવું

પત્ર મળ્યો. વાંચી સંતોષ. હંમેશા સદ્‌વાંચન, પ્રાર્થના, ચિન્તન કરતા હશો. તેમાં વૃદ્ધિ કરશો. બીજાને

સુધારવા કરતાં આપણે જ પ્રસન્નતા, શાંતિ, ક્ષમા, સહનશીલતા રાખવા. બીજાનાં અપમાન વિ. ગળી જવાની ટેવ પાડવી પ્રેમઝરણાં હૃદયથી ઝરાવવાં એજ ભગવાનને પ્રિય છે.

ગીતાનો ૧૨ મો અધ્યાય લક્ષથી વાંચશો તો જણાશે કે ભગવાનને પ્રિય કોણ? તો કહ્યું કે 'ભગવાનના ભક્ત'! એ એનાં સમજાવેલ છે. તમારે ભગવાનના પ્રિય ભક્ત બનવું હોય તો સદ્ગુણ તો કરવું પડશે. પણ તેથી અપૂર્વ શાંતિ મળશે

ઘરને (તન–મનને) શુદ્ધ–પવિત્ર રાખવું. એ તમારું કામ છે, તમારો ધર્મ છે. આપણે જ આપણા જીવનમાં પહેલાં સુધારો કરીએ તો એની અસર જરૂર બીજાને થાય! બીજાના દોષો ન જોવા, એના ગુણો તરફ દૃષ્ટિ રાખવી. તમારા હિત માટે લખેલ છે; દૃષ્ટિ ફરશે તો બધે પ્રેમ–પ્રેમ દેખાશે.

દઃ તમારું શ્રેય ઇચ્છનાર ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૦૫)

સાયલા
તા. ૨–૬–૧૯૬૪

ભગવાન સમીપ છે એમ જોનાર કદી પાપ કરી શકતો નથી

પ્રિય ભાઈ!

તમારો પત્ર મળ્યો. સિગારેટનો વળગાડ ગયો તે ઘણો લાભ થયો માનવો! માળા, સ્મરણ નિયમિત કરતા હશો. તમને કહ્યું છે તેમ વાંચન, પ્રાર્થનાની ટેવ પાડી હશે, તેના પ્રમાદ ના કરશો. વાંચન પછી વિચારણા–પછી વર્તન પછી તેનું ફળ હોય છે.

ભગવાન આપણી સમીપે જ વસેલા છે, એ શ્રદ્ધા રાખનાર કોઈપણ (અવળું) કાર્ય નથી કરી શકતો. આપણે શરીર નહિ પણ આત્મા છીએ એ સ્મરણ કદી ન ભૂલાય તેમ રહેવું ઘટે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક
(૧૦૬)

સાયલા
તા. ૧૪-૯-૧૯૬૪

કદી પણ નબળાં વિચારો ન કરવા

દર્શન પિપાસિકા આર્યાજી! શાંતિમાં રહો....

તમારો નમ્રતા, વિનય, ભક્તિભાવ દર્શાવતો પત્ર મળ્યો. મારાથી હમણાં પત્ર નથી લખાયો તે વાત સત્ય છે.

પર્યુષણ ખૂબ શાંતિથી પસાર થયાં છે. તમારી સાથેના આજ પર્યંતના કોઈ વ્યવહારમાં તમારામાંના કોઈના દિલ જાણ્યે કે અજાણ્યે દુભાવ્યાં હોય તો અંતઃકરણથી ક્ષમાપના સ્વીકારશો. ત્યાંના સૌ સ્નેહીવર્ગને ધર્મધ્યાન કરવાનું કહેશો.

તમોને ત્યાં હવા, પાણી તથા બીજી પણ અનુકૂળતા છે. અભ્યાસ થાય છે, સેવા પણ થાય છે, અને આનંદમાં સમય જાય છે એ બીના સંતોષકારક છે. હંમેશા નિયમિત પ્રાર્થના, સ્મરણ, આત્મવિચારણા, ભાવ પ્રતિક્રમણ સાથે સંયમવૃદ્ધિ, જ્ઞાનવૃદ્ધિ થાય તેની જાગૃતિ રાખવી. તમે તો સજાગ છો છતાં યાદી આપું છું. એક પણ નબળાં-રોતલ વિચાર ન કરવા. નબળી ભાવના, આસુરી તત્ત્વનો હંમેશા રેચક કરવો.

ઉત્તમ, શ્રેયકર, કલ્યાણ કર, પવિત્ર વિચારોનું પૂરક કરીને
...નું કુંભક કરવાની ટેવ પાડવી. વગર તકલીફનું અમૃત
...બેઠા પીતા રહેવું. પ્રયત્ન કરીને ઝેરી તત્વોને ત્યાગ કરવાની
આદત પાડવી. શ્રધ્ધાને, વિશ્વાસને બળપૂર્વક ટકાવી રાખવાં.
'લાભસ્તેષાં–જયસ્તેષાં' એ શ્લોકનું વિસ્મરણ ન કરવું.

દઃ તમારો સદા શ્રેય ઇચ્છનાર ભિક્ષુ

ૐ

...ત્ર ક્રમાંક
(૧૦૭)

સાયલા
તા. ૧૮-૧૨-૧૯૬૪

અધો આધાર મનની સમજણ અને સહનશીલતા
ઉપર છે.

ઘણા સમયે પત્ર લખું છું ચિત્તમુનિ સમાચાર લખે છે.
...ડી રહીને વેદનીયે એનો પાઠ ભજવ્યો. સૂતાં–સૂતાં પણ
ભજન–સ્મરણ–ચિંતન તો થતું જ હશે ડૉ. સૂચકે તમને
સૂચના આપી છે એમ કહેતા હતા. "મનુષ્યો તણા" એ
તમે જાણો છો પછી અફસોસ શા માટે? તમે તદ્દન નિવૃત્તિ
...ાયણ છો. પીડા તો હશે પણ સહન થાય તેવી, કેમ
...ખરું કે નહિ?

પ્રાપ્ત કરેલ જ્ઞાનનો ઉપયોગ કરવાનો છે. 'જ્ઞાન યોગ'
...ું ને 'ત્રીજી આંખ' નું પુસ્તક મળ્યું. સંયમ અને ભક્તિ
...ીતનું પુસ્તક ઘણું સુંદર, વાચી મનન કરવા યોગ્ય છે તે
...ોકલ્યું છે. તમારા પુત્ર અને પુત્રવધૂ આવ્યા એમને કંઇ
...તિજ્ઞા કરવી છે. બન્ને આત્મા રૂડાં છે. પ્રજ્ઞા પણ આકૃતિ
ઉપરથી ભાગ્યવાન જણાય છે.

નમીને સુવાની તકલીફ સિવાય ઠીક છે એમ જાણ્યું. હવે એકલાં પડવાનાં પણ ભગવાન સાથે જ છે એટલે એકલાં ન માનવું. ભગવાનને ભજવાનો, વાંચન, વિચારણાનો સમય ફરજિયાત મળ્યો છે. એક માસની તપશ્ચર્યા માનીને થાય તેટલી નિર્જરા કરવી. બધો આધાર મનની સમજણ અને સહનશીલતા ઉપર છે. પ્રત્યેક ક્ષણ સમજદાર માટે કિંમતી છે; કસોટીનો કાળ છે. પરીક્ષામાં પાસ થશો. મોકલેલ પુસ્તકોનું મનન કરશો. મુમુક્ષુઓને સંસ્મરણ. ઘરમાં સર્વેને પ્રભુ સ્મરણ.

દ. ભિક્ષુ

ૐ

લીંબડી

પત્ર ક્રમાંક
(૧૦૮)

આસો વદ ૦)) ૧૯૭૪

જીવનની સફળતા જીવનને પ્રેમમય મધુર બનાવવામાં જ છે

પૂજ્યશ્રીને હવે સારું છે. ચિંતા કરશો નહિ, જીવનની સફળતા જીવનને પરમ રસમય, પ્રેમમય, મધુર બનાવવામાં જ છે અને તે પરમરસ પ્રભુ સન્મુખ થયે જ સ્રવે છે. “त एव धन्या त्रिसन्ध्यं अन्य- कृतानि विधूतानि भुवनाधिपत्चरणकमलानि आराधयन्ति.”

એવી ક્ષણો પ્રાપ્ત કરવા ભાગ્યશાળી બનવું કે જે ક્ષણે વિશ્વના વિલાસો ને આ દેખાતી માયાનાં – ઝાંઝવાનાં વિસ્મરણ થાય અને હૃદયવૃત્તિને પરમાત્માના પંથમાં વિચરણ કરાવી અને તેના પવિત્ર મંદિરમાં ક્ષણ વિરામ લઈ શકીએ.

હંમેશા પ્રસન્ન રહેવાની ટેવ પાડવી. પ્રસન્નતા એ આપણો ગુણ છે. વિશુદ્ધ પ્રેમ, આનંદ એ આપણી મિલ્કત છે. બાકીનાં ચિંતનો દુશ્મનના ઘરની ઝેરી વસ્તુઓ છે. અન્યનો અપરાધ શોધવાની આદત એ ભૂલભુલામણી છે. અંતરના દુશ્મનો પડદો નાંખી આપણી ખામીઓ, નબળાઇઓ અને પ્રમાદને જોવા આપતા જ નથી આ વાત પ્રભુના ઘરની છે.

હંમેશા પ્રભુપદો-તેના મધુર ગીતો વડે, નિદ્રાધીન થયેલ આત્મિક અંશને જગાડો. મસ્તકને તેના ચરણોમાં રાખશો. બાહ્ય વ્યવહારને બહુ મહત્વ ન આપશો. મારા પ્રભુથી ડરીને ચાલનારને જગતથી વિશેષ ડરીને ચાલવાની જરૂર નથી!' તમારા પવિત્ર સ્થાનને શોભાવશો મંગળમય સદનને અજવાળશો. હૃદયમંદિરમાં આનંદના દીપક પ્રગટાવી, વાસનાનો હોમ કરો, પ્રેમના પુષ્પો ચડાવી પરમાત્માને પ્રસન્ન રાખશો. સાંસારિક નકામી ઉપાધીઓ અને તજ્જન્ય ચિંતાઓના કાળજા કેરવવા તરફ દુર્લક્ષ્ય કરી હંમેશા આધ્યાત્મિક સંસ્મરણો કરવાનો અભ્યાસ રાખશો. પ્રેમભક્તિના વધારો કરશો.

દ. ભિક્ષુ

ઉપસંહાર

આવી જ્યાં સહજ પ્રત્યક્ષ માર્ગદર્શક સાચા ગુરૂની અથવા અંતરમાં રહેલા પ્રભુતત્વની કૃપા થવા લાગી એટલે આત્મનિરીક્ષણ ક્ષણે ક્ષણે થાય. એ દશા અનેનું હવેનું નવમું પ્રકરણ ગુરૂદેવે લખેલા પત્રોનું યથાર્થ રીતે આપણી સામે આવીને ઊભું રહી જાય છે.

થાય છે પરંતુ ઊંડાણથી જોતાં હૃદયકેન્દ્ર-વિશ્વકેન્દ્ર બની જવાથી એની પળેપળની કાળજી "નિસર્ગ" નો મહાકાનૂન પોતેજ કરવા લાગે છે. કુદરતી કાનૂનના બિન અનુભવીઓ આને ભલે ચમત્કાર માને પણ એ ચમત્કાર કહેવાતો હોય, તોયે ચારિત્રનો પડછાયો માત્ર છે.

આવા આત્મજ્ઞ પુરુષની સેવા કરવા દેવગતિના જીવો પણ લલચાઈ જાય તેમાં શી નવાઈ? અરે પછી તો એની સ્થૂલક્રિયાઓ પણ ચૈતન્ય પારસમણિના સ્પર્શથી સુવર્ણ નહિ, બલકે પારસ રૂપ બની જાય છે. એથી તે જોવા પણ દિવ્ય દૃષ્ટિવાળા અનેક જીવો ભમરાઓ ફૂલનું મધ લેવા ઉભરાઈ જાય તેમ ઉભરાઇ જાય છે!



ॐ

પત્ર ક્રમાંક (૧૦૯) — થાન તા. ૧૨-૨-૧૯૪૨

હંમેશા દુ:ખનું ચિંતન દુ:ખમાં વધારો કરે છે

હંમેશા પરમાત્માનુ સ્મરણ, ચિંતન, વાંચન, વિચારણા કરતા હશો. શેઠશ્રીની તમારા પ્રત્યે ઘણી સારી લાગણી છે પણ રીતિ રિવાજોનાં બંધનોને તોડવાની હિંમત તેમનામા નથી. હંમેશા વિયોગનું, દુ:ખનું ચિંતન દુ:ખમાં વધારો કરે છે, આપણે તો પ્રભુને જ આધીન રહેવું. તેને શરણે રહેવુ એજ સાચો ને સનાતન માર્ગ છે. "આવી રીતે તમને પરાધીન બનાવવામાં પ્રભુનો કંઈક આશય હતો અને તે તમારા આત્મશ્રેય માટે હતુ" તેમ આખરે સમજાશે

દુ:ખમાં જ આત્મવિકાસ થાય છે. સુખ ને આરામ જીવને બંધનમાં બાંધી રાખે છે. માટે ગભરાયા વિના દુ:ખ પ્રભુનું આપેલ છે તેને ભેટ ગણીને સ્હેવું એ શાન્તિનો માર્ગ છે. તમારાથી વિરોધ કરનાર, તમને પજવનારનું પણ બૂરું ન ઈચ્છવું, સારું ઇચ્છવું, તેથી જલ્દી પંથ કપાય છે ને પ્રભુના દ્વાર પમાય છે. આપણું અહિત આપણા સિવાય કોઈ કરનાર નથી. બીજા તો નિમિત્તમાત્ર છે.

પરમાત્માને પ્રાપ્ત કરવાં પહેલાં અનેક અનુકૂળ અને પ્રતિકૂળ કષ્ટો આવે છે. એ સંબંધી વિવેચન પ્રાર્થનાપદ પાના ૨૦૦માં 'પરમેશ્વરની હજુરમાં' એ હેડિંગવાળા ચેપ્ટરમા સુંદર રીતે કર્યુ છે. તે તમારે વાંચવા યોગ્ય છે. તેનાં પાછળની ગદ્ય-પ્રાર્થનાઓ પણ વાંચવા જેવી છે.

દ: ભિક્ષુ

ૐ

સાયલા

પત્ર ક્રમાંક

(૧૧૦)

તા. ૭-૯-૧૯૫૨

આત્મ નિરીક્ષણ કરનારને જ પોતાના દોષ દેખાય છે

જેના નિખાલસ દિલ હોય, સરળ સ્વભાવ હોય, પાપભીરુ હ્રદય હોય તેને જ સાચું જ્ઞાન અને મોક્ષની પ્રાપ્તિ થાય છે. પૂ. મોટાનાં પુસ્તકો વખત મળે છે તેમ વંચાય છે. એ પુસ્તકો એનાં હ્રદય સ્પર્શી ભાવના ભર્યા અનુભવના છે. એ રસના અનુભવીને એ ગમે જ. એ પુસ્તકો વાંચતાં એનું હ્રદય વંચાય છે. એના સ્વભાવ અને એના વર્તનની છાપ દેખાય છે. એવા ગુરુ નિઃસ્પૃહી, નિર્માની, વિરલ હોય છે.

તમે મનનું પૃથક્કરણ ઠીક કર્યું છે. એમ કોઈક જ નિરીક્ષણ કરે છે. આત્મ નિરીક્ષણ કરે તેને જણાય કે હજી આસકિત, મારાપણાની ખોટી પકડ, રાગની માત્રા કેટલા પ્રમાણમાં છે? પોતાની જાતને વૈરાગી માનનારને જ પ્રકૃતિ ઠગે છે, ટેવો છેતરે છે. પોતે જ આત્મ વંચના કરે છે. એમ આલોચના કરનાર જોઈ શકે છે, જોઈ શકે છે તે ભાગ્યવાન છે. પોતાની ત્રુટીઓ, અંદર ભરાઈ રહેલ અસૂયા, વિકારો, પ્રલોભનો, અહંવૃત્તિને, જોઈ શકનાર વિરલ હોય છે અને જોઈ ન શકે એ કાઢે પણ કયાંથી?

બહેન! તમો કોઇ પૂર્વના સંસ્કારી છો પૂર્વે એ માર્ગે ચાલેલાં છો એટલે જ સદ્‌વાંચન, સદ્‌વિચાર અને સદાચાર સેવી શકો છો. સંસ્કાર રહિત ઘણી તમારી બહેનો વિલાસ-

વૃત્તિથી ઘેરાયેલી વ્યસનરૂપ વરના પંજામાં સપડાયેલ છે કે જેને ભગવદ્ નામ કે સત્સંગ તરફ દૃષ્ટિ કરવાની ઈચ્છા તો નથી પણ સૂગ ચડે છે. તમે પોતાને અપૂર્ણ અને ભૂલોથી ભરેલ માનો છો એટલે સુધરવાનો અવકાશ છે. તમે માર્ગે છો એટલા તમે ભાગ્યવાન છો. વિશેષ શું કહું ?

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૧૧)

સાયલા
તા. ૮-૫-૧૯૫૩

અનુપ્રેક્ષાથી પોતાની ભૂલો-દોષો સુધરે છે

ત્યાં રહ્યાં રહ્યાં અહીંના વાતાવરણનું ચિંતન અને તદનુરૂપ જીવન ગાળવાનો સંકલ્પ કરશો તો જરૂર તમારામાં સ્થિરતાને શાંતિ આવતી જશે. સાધક માટે જિજ્ઞાસા અને પ્રભુ સન્મુખ થવાની આતુરતા હોવી જરૂરી છે પણ જે જિજ્ઞાસા બુદ્ધિ શક્તિને તત્ત્વાભિમુખ ન કરે તો તે વાણી-વિલાસમાં પરિણમે છે, અને જે આતુરતા હૃદયને પોતાના ઈષ્ટ પ્રત્યે તન્મય ન બનાવે, અંતર્મુખ ન કરે તે આતુરતા પછી સ્થૂલમાં જ રાચતી બની જાય છે. આટલું ખ્યાલમાં રાખશો. વાંચન-મનન કરી અંતરના કરણો કેળવતાં રહેજો.

તમારામાં તમને અપૂર્ણતા-નિર્બળતા ત્રુટીઓ દેખાય છે, ત્યાં સુધી સુધરવાનો-આગળ વધવાનો અવકાશ છે. અનુપ્રેક્ષા કરનાર પોતાની ભૂલો અને દોષોને જોઈ શકે છે. અને જે જોઈ શકે છે એ જ શક્તિ પ્રમાણે અને સંયોગ પ્રમાણે

કાઢવા પ્રયત્નશીલ થાય છે. અનંતકાળની ભૂલો, ત્રુટીઓ-ટેવો, અભ્યાસો. માન્યતાઓને થોડા સમયમાં કાઢી શકાતા નથી. થોડાક વખતના શારીરિક દર્દોના નાશ માટે લાંબો વખત દવા ને પરેજી પાળવા પડે છે માટે આમાં ધૈર્ય, ખંત, શ્રદ્ધા અને અપ્રમાદની આવશ્યકતા રહે છે. શાંત વાતાવરણ, ઉત્તમ સંગ ને ઉત્સાહથી ધારવા પ્રમાણે પંથ કાપી શકાય છે. ત્યાં તમોને અનુકૂળતા છે. હમણાં તમોને આવી શકવાની શક્યતા નથી લાગતી. ચાતુર્માસ માટે પ્રયત્ન કરશો. અનુકૂળતા આવે તેમ કરશો.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૧૨) — ચોટીલા, તા. ૨૫-૯-૧૯૫૩

ભાન ન હોય ત્યાં જાગૃતિ ન કહેવાય

જાગૃતિ વિના ભાન ન હોય, ભાન વિના જાગૃતિ ન ગણાય, સુખ દુઃખનાં ધોરણો ભૂમિકા પરત્વે હોય છે. 'દૃષ્ટિ એવી સૃષ્ટિ'નું રહસ્ય એ છે કે સત્યદૃષ્ટિ વાળાનાં મૂલ્યાંકનો બહિર્દૃષ્ટિવાળાથી તદ્દન ભિન્ન હોય છે. સત્ય દૃષ્ટિવાળા અનાત્મવસ્તુના લાભ-ગેરલાભને લાભ કે નુકશાન માનતા નથી. પોતાની જાતને નુકશાન પહોંચે તેમાં નુકશાન માને છે. આ પરિસ્થિતિ દીર્ઘકાળના અભ્યાસથી થાય છે.

મનમાં વિચાર ઉઠે-ઈચ્છા જાગે, ચંચળતા, ક્ષોભ, વિકાર, તૃષ્ણા કે દ્વેષ પ્રગટે ત્યારે એ વસ્તુ ક્યાંથી ઊઠી;

ક્યાંથી નીકળી, કોણે પ્રેરી, એનું મૂળ ક્યા એ શોધવાનો પ્રયત્ન કરે. અંતરમાં ઊંડા ઉતરી શોધ કરે. એ વિચારાદિ પ્રગટે ત્યારે એ પ્રમાણે કરવા ન બેસે. એનો ભેરૂ થઈ તેમાં ભળી ન જાય પણ તે વિજાતીય તત્ત્વ છે. માટે એ તત્ત્વને શોધવાનો અભ્યાસ પાડે. એ માટે આળસ થાય તો તેને માને નહિ. અને એની શોધમાંજ પોતાનો પત્તો મળે છે. ભિન્નપણાનો અનુભવ પ્રગટે છે પણ એને સમય લાગે છે. એમાં ધૈર્ય, શ્રધ્ધા અને ખંતની અપેક્ષા રહે છે

પુદ્ગલના નિમિત્તે થતાં સુખ–દુઃખનાં મૂળ ત્યારેજ સમજાય છે કે કોઈકનો માર કોઈક સહે છે. છેદાય પુદ્ગલ અને વેદે આત્મા! એના સુખ દુઃખના પ્રસંગને અન્ય ભોગવી રહ્યો છે એમ અભ્યાસના અંતે જણાય છે. સાપેક્ષતાનું રહસ્ય ત્યારે સમજાય છે. નકામી ધાંધલો ધમાલોના કોયડા ત્યારે ઉકલે છે. શાસ્ત્રના સાચા અર્થો રહસ્યો ત્યારે ખુલ્લાં થાય છે. ધર્મના નામથી થતી મારામારીઓ ત્યારે શાંત થાય છે. વાદના, જ્ઞાતિના, ભિન્નતાના ઊંચા–નીચાના ભેદો, માન્યતાઓ સાચી દૃષ્ટિ પ્રગટે ત્યારે ખરી પડે છે. ગળી જાય છે.

આ વાત કહેનાર ઘણાં છે, પણ એનો અખતરો કરનાર, આચરનાર, એ માટે ફના થનાર વિરલ છે. એમાં અથાગ મહેનત પણ છે. અને લાભ પણ અથાગ છે, બધી કચકૂટો, ભાંજગડોનો ભૂકો થઈ જાય છે. આપણું આપણા પાસેથી આપણે મેળવવાનું છે. પણ આજે મોહના જોરે કઠણ–અઘરું અસાધ્ય જેવું થઈ પડ્યું છે. વ્યવહારના બહાનાં, ઘરની મુશ્કેલી જણાય છે તે વાસ્તવિક રીતે સાચી નથી. આપણે સાચી રીતે

માની છે. મનથી મનાયું છે એટલી જીવની નિર્બળતા છે જીવ તપ કરે, બીજા દુઃખો સહે પણ આ માર્ગમાં પગ મૂકતાં નિમ્ન પ્રકૃતિઓ તોફાન મચાવી એમ સમજાવે કે 'આપણાથી હાલ બને એમ ક્યાં છે? અને કરીએ! પણ પછી આનું શું? આ કોણ કરે? જગતમાં શું કહેવાય.' એવા વિચારો ફરી વળે છે. આમાં મારી વાત ભેગી છે, હું જુદો નથી, તીરે પહોંચ્યો નથી, બધાં ગળકાં ખાનાર છીએ. વિચારશો માપ કાઢશો....બેન આઠ દિવસ રોકાઈને ગયેલ. તેની ગાવા, બજાવાની, ભજનની ટેવ બધાંને ન ગમે પણ તે તો કરતાં હોય તે કરે એના અંતરને કોણ પિછાણે?....બ.હેનનો પત્ર હતો તેમાં જણાવે છે કે પરમાત્માની કૃપા હશે તો ત્રિપુટીનો યોગ થશે. માણસનું ધાર્યું કામ નથી આવતું. શ્રી માતાજીના પુસ્તકોની જાહેરાત વાંચી હશે. યોગ્ય લાગે તો મંગાવશો. અને વાંચન કરશો.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૧૩)

વાંકાનેર
તા. ૨૫-૧૧-૧૯૫૩

મનની ઉદ્વિગ્નતાથી શરીરની અશક્તિ વધે છે

બહેન? થવા યોગ્ય થાય છે અને થવા યોગ્ય થશે એમાં ઓરતો કે હર્ષ શોક કરવો નકામો છે. એ કર્મ બંધનરૂપ છે. યોગ્યતા પ્રમાણે માણસને પ્રાપ્ત થાય છે. પ્રકૃતિનાં બળો એનું કામ કરે છે. આપણી સમજ અને શક્તિ પ્રમાણે સામનો કરવો, પરમાત્માને અર્પણ થનારનો વિજય છે અને અહંવૃત્તિવાળા જીવોનો પરાજય છે જે તમે જાણો છો.

તમોને બ્લડપ્રેશરની તકલીફ રહે છે તેથી ઠીક નથી રહેતું તે જાણ્યું. મન વ્યગ્ર રહે, ચેન ન પડે તો નકામું મૂંઝાવું નહિ. એ ત્યાં શાંતિ, પ્રસન્નતા જળવાતી હોય તો નિશ્ચિંત મનથી રહેવું તમારી અશક્તિ વધારે તો મનના અજંપાને આભારી છે, શરીર અશક્ત છે તેમાં મનની બેચેની ભળે છે એટલે અશક્તિ વધે છે. સહન કરવાની, પ્રસન્નતા જાળવી રાખવાની, આવતી મુશ્કેલીઓને મોકળા મનથી વધાવી લેવાની, જગતના સ્વાર્થી ક્ષુદ્ર વિચારવાળા જીવો પર દયા રાખી ઉદાસીન બનવાની ટેવ પાડવી પડશે. તેમજ આત્માના ગુણો, શક્તિ, સમજ તરફ વારંવાર દૃષ્ટિ ફેરવતા રહેવાની ટેવ પાડવી પડશે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૧૪)

સુરેન્દ્રનગર
તા. ૨૫-૧૦-૧૯૫૪

ઓળખાણ-પીછાણ માત્ર સ્થૂલદેહની છે

મને ઓળખી શક્યા નથી એ બરાબર છે આપણે કોઈ કોઈને ઓળખી શક્યાં નથી. ઓળખ માત્ર સ્થૂલદેહની છે અને તે પણ થોડો ઉપરનો પરિચય. આત્મા જ્યારે પોતાને પૂર્ણ પિછાણે ત્યારે બીજાને પિછાણવાને લાયક બને છે. તમે એ માર્ગે અવિમાન છો એટલે પિછાણવાનો સમય આવશે અને સ્વસ્વરૂપના દર્શન પછી બીજાના દર્શન સુલભ થાય છે.

વસ્તુ ઓળખાય ત્યારે જ તેના ગુણ, પર્યાય ઓળખાય. 'જે એગં જાણઈ સે સવ્વં જાણઈ' એ સૂત્ર બતાવે છે કે

આખું બ્રહ્માંડ એક જ છે. એક અધિષ્ઠાનમાંથી જ ઉદ્‌ભવે છે. એટલે એકને જાણી લેશો એટલે સર્વને જાણી શકશો.

વૈરાગ્યના મર્મને તમે સમજ્યા છો કે પદાર્થના યથાર્થ સ્વરૂપને જાણ્યા વિના એમાંથી આસક્તિ મટે જ કેવી રીતે? અને સ્વરૂપના ભાન વિના અર્પણતાનાં રહસ્ય પણ ખુલ્લાં થતાં નથી અને સમર્પણ થઇ શકતું નથી. પણ મને એટલો સંતોષ છે કે તમે સાચે માર્ગે ચડ્યા છો. કુદરતની કળા તેની અદ્‌ભૂતતા, તેના છૂપાં રહસ્યો જેટલા અંશે જણાય તેટલા અંશે આનંદ, પ્રમોદ, પ્રસન્નતા પ્રગટે છે. હું પણ એજ માર્ગે જવા મથી રહ્યો છું. મારો વખત લોકો પોતાના સ્વાર્થ માટે લૂંટી લે છે. તેમાં પણ આ સ્થળે તો જરા પણ વખત રહેતો નથી.

સાયલાથી મણિલાલ સુખલાલની પુત્રી અહીં દર્શને આવી છે તે કુમારી છે અને તેને બે વર્ષ થયા મીરાંની પેઠે ધ્યાન સહજ થાય છે. હીરાબહેન ને સખા મહારાજની ઢબ દેખાય છે, ઉંમર વર્ષ ૧૮ની છે. પણ એને રામકૃષ્ણ પરમહંસ તરફની લગની લાગી છે. એને તો સામાન્ય નિમિત્તમાંથી આ સ્થિતિ થઈ છે. તે બહારગામ રહે છે. બીજા દીક્ષાની વાતો કરે છે પણ આને ને દીક્ષાને ક્યાં મેળ બેસે? જેને લાગે તેને લાગે છે. એમાં જીવની યોગ્યતા અને પરમાત્માની કૃપા જ મૂળ કારણ છે. બહારના વહેવારો સહજ ઘટે, રસ સહજ મંદ થાય અને અંતરલગની સહજ લાગે તો વસ્તુ પામવી પણ સહજ થાય.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક અમદાવાદ
(૧૧૫) તા. ૧૯-૮-૧૯૫૬

અનંતકાળમાં જાણ્યું ઘણું પણ જાણવાનું જાણ્યું નહિ

પરમ પંથના પ્રવાસી માતાઓ!

શ્રેયની તીવ્ર ઇચ્છા છતાં શ્રેયના, પરમ કલ્યાણ રૂપ શાંતિના દર્શન થતા નથી, એ ચિંતા હું મેશા વેદાય છે. પરંતુ એ માટે જોઇએ તેટલા પ્રમાણમાં પુરુષાર્થ ખેડ્યો નથી. અનંતકાળના હિસાબે જાણ્યું ઘણું પણ જાણવાનું જાણ્યું નથી. એવી જ રીતે માણ્યું ઘણું પણ માણવાનું માણ્યું નહિ. એક પોતાના સિવાય, બધાય ને-આખી દુનિયાને ઓળખવા પ્રયત્ન કર્યો, ત્યાગ પણ ઘણો કર્યો પણ જે તજવું જ જોઇએ તે તજ્યું નહિ. આવડત સમજણ ઘણી મેળવી પણ જેની જરૂર હતી તે રહી જ ગઈ.

જુઓને, મસ્તકના લોચ કેટલા કષ્ટકર છતાં એવા એવાં કષ્ટો સહ્યાં પણ જેને ઉખેડી ફગાવવા ઘટે એને પંપાળીને પોષણ આપ્યું. મહેનત ઘણી કરી પણ બધી આંધળી, ક્રિયાઓ પાર વિનાની કરી પણ ઓઘદૃષ્ટિએ....આંખો મીંચીને આખી આલમ એજ પ્રમાણે ચાલી જાય છે. હવે પાછાં વળી એ મારગ બદલ્યે જ આરો છે.

અંતરાવલોકન કરવાની આદત પાડો. હું મેશની બીજી આદતોની પેઠે, જેમ ધ્રુવ કાંટો ઉત્તરમાં જ ખેંચાય તેમ વૃત્તિ, અધ્યવસાય અંદર જ વળે. બહારનાં કાર્યો પતી ગયા કે તરત

અંદર જ મન ખેંચાય. આપણા પરમ લક્ષ તરફ સ્થિર થાય, આત્મવિચારણામાં જોડાય અને આસુરી ભાવરૂપ અધમ ટેવોની પરંપરા-એની ફોજને તપાસી, એના બંધનો-આસક્તિઓને ઢીલી-શિથિલ કરવાને આગ્રહપૂર્વક, મક્કમતાપૂર્વક મથામણ કરવી કે હવે આ કોઈ હિસાબે ન જ ખપે. એમ જોરપૂર્વક નિંદણા, ગર્હણા કરવા પ્રયત્ન સેવો.

બીજી બાજુ પરમાત્માનું આહ્વાહન કરો, એમની માનસિક પૂજા કરી આ ઘણા કાળના અમારા હિતેચ્છુ તરીકે માનેલ આત્મચોરીઓને કાઢવા પ્રાર્થના કરો. અંતરના ઊંડાણથી તેમાં તન્મય બની પ્રાર્થો. એ પ્રકારનાં પદોથી એની સહાય માંગો અને ખાત્રી કરાવો કે આ જીવ હવે જરૂર અધમબળોથી કંટાળ્યો છે. મારામાં તેને વિશ્વાસ, ભરોસો પડ્યો છે. એ સિવાય એને ચેન નથી. એના અણુએ અણુમાં એજ ભાવના ભરી છે. એવી ખાત્રી મારા નાથને કરાવો. એ સિવાય શાંતિનો, શ્રેયનો બીજો રસ્તો નથી.

અભ્યાસ, તપશ્ચર્યા, ભક્તિ, સેવા, ક્રિયાઓ વિ. આત્મશુદ્ધિ અર્થે જ છે. ઉપરનાં કાર્યો તો સમજણ વિના અનેકવાર કર્યા. હવે થાક લાગ્યો હોય, તાલાવેલી લાગી હોય તો દૃષ્ટિને ફેરવો. તમારા સમીપમાં જ જુઓ. પ્રભુ ભક્તિમાં લયલીન વ્યક્તિ મોજૂદ છે. બહારથી આચાર વિચાર, મર્યાદા, નિયમો, વ્યવહારોનું પાલન કરવા સાથે આંતરિક ક્રિયા કર્યે જાઓ, વેશને લગતા આચારમાં શિથિલ ન થવું. એ પણ જરૂરનાં સહાયક છે.

આચરેલા મહાવ્રતોનું સ્મરણ તો પડિક્કમણું બોલતાં ઉપયોગ રહે તો થાય. પાંચ સમિતિ, ત્રણ ગુપ્તિ હંમેશા

સ્મરણમાં રહે તો ઘણો લાભ થાય. ઉત્તરાધ્યયન, દશવૈકાલિક સૂત્રની મહા મૂલ્યવાન ગાથાઓનો ઉપયોગ ધ્યાન વખતે કરવો. વિકથા અને નિંદાની બદબો ડોકિયું ન કાઢે એની તકેદારી રાખવી. પ્રમાદના પાયે દુઃખકર વિભાગોથી હંમેશા સાવચેત રહેવું. આ બધું એક શુદ્ધ ઉપયોગમાં સમાઈ જાય છે.

"હવે જીવન પલટો કરવો છે," એવો દૃઢ સંકલ્પ કરવાથી જ આ શ્રેયના પંથે જઈ શકાશે. પ્રેયનાં પ્રલોભનોથી ખૂબ સાવચેત રહેવું પડશે. એ પ્રેયના મોહક, મનગમતા, મીઠા, મધુરાં, સુંવાળાં સ્પર્શ, લલચાવનારા પદાર્થો પાછળ આખું વિશ્વ ઘેલું થઈ ઘૂમે છે, વળગે છે અને પ્રાણ અર્પે છે. એ પ્રેય-શ્રેયનો વિવેક કરતાં શીખવું. એમાં ભૂલ થાય તો ગાડી આડે પાટે ચડી જાય. એમાં જ જીવે અનંતવાર પતન કર્યું છે.

આ બધી સાદી સીધી સમજાય તેવી વાતો છે. તમે સહજમાં સમજી શકો તેવી છે તે પણ તમે જાણો છો. માત્ર નથી આચરી શકાતું, તેથી આચરવા પુરતું સૂચન છે. માટે આ વાંચશો, વિચારશો અને બનતા પ્રયત્ને વર્તનમાં મૂકશો.

દઃ તમારો શુભેચ્છક ભિક્ષુ



ॐ

બોરીવલી

પત્ર ક્રમાંક

(૧૧૬)

તા. ૧૯-૪-૧૯૫૯

મોટો અને અગત્યનો અભ્યાસ અંતર્મુખ બની આત્મ સાધના કરવાનો છે

પવિત્ર સાધકો!

તમો નવો અભ્યાસ ન કરી શકો એ સમજી શકાય છે. ચાતુર્માસ સિવાય એવી સ્થિરતા કે શાંતિ પણ ન હોઈ શકે, તો પછી સારા સારા પુસ્તકોનું વાંચન તેમજ વર્તમાન જગતના પ્રગતિશીલ વિચારોનું પરિશીલન તો જરૂર કરી શકાય એમાં પ્રમાદ ન સેવશો. જે સમાજમાં આપણે વસીએ છીએ તે સમાજ અને ગુણુ વિકાસમાં આગળ વધેલો હોય એવો પ્રગતિશીલ સમાજ એ બંન્ને વચ્ચેની—એ બન્નેને સમ્યગ્‌ભાવે અનુસંધાન કરનારી સાંકળરૂપ આપણે બની રહેવું જોઇએ. એ લક્ષથી જ આપણે આપણા જીવનનું ઘડતર કરવું જોઇએ.

આમ કરવા માટે સમાનશીલ અને સમાન વિચારવાળાઓનું હળવું-મળવું બહુ જરૂરનું છે એ સમજી શકાય છે. તમોને એજ દલીલ થશે કે અમોને એવો જોગ કયાં છે? જવાબમાં અત્યારે તો એટલું જ કે નવયુગના વિચારનું સાહિત્ય જરૂર વાંચતાં રહેવું જોઈએ. એ પરિચય વધારવો જોઇએ. તો પરિણામે એ આંદોલનો ઝીલવાની આપણામાં યોગ્યતા આવશે. બાકી મોટો અને અગત્યનો અભ્યાસ તો અંતર્મુખ થવાનો આત્મ સાધના કરવાનો છે કે જેમાં આપણી પોતાની પુરી

સ્વતંત્રતા છે, એમાં જેટલી બેદરકારી કે પ્રમાદ તેટલું આપણું પતન સમજવું.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક વજ્રેશ્વરી
(૧૧૭) તા. ૮-૫-૧૯૫૯

કુદરતે પ્રાણીમાત્રના નિર્વાહ અર્થે ડહાપણપૂર્વક યોજના કરી છે

મુમુક્ષુ, સંયમપંથ પ્રવાસી માતાઓ!

પ્રાણી માત્ર સુખે પોતાનો જીવન નિર્વાહ કરી શકે, વિકાસ સાધી શકે એ અર્થે કુદરતે બારે ડહાપણ પૂર્વક યોજના કરી હોય એવું દેખાય છે, છતાં વિરલ માણસો જ એની અગાધ શકિત, અનંત વિજ્ઞાનયુકત વ્યવસ્થા શકિત, અકળ યોજના, અતૂટ નિયમિતતાને જાણતાં હશે.

વિશ્વની અનંત પ્રકારની રચના તરફ નજર નાખીએ છીએ તો પ્રતિદિન તે આશ્ચર્યમુગ્ધ કરે છે. વિજ્ઞાન તે ખજાનાનો ઉપયોગ કરે છે. પંચ ભૂતનાં અસ્તિત્વથી જ પ્રાણી જીવી શકે છે, અને આરામ મેળવી શકે છે. અને તેના દુરુપયોગથી માનવ વિનાશને નોતરે છે.

વનસ્પતિ દ્વારા ઔષધીની યોજના પણ બારે અજબ છે, માત્ર જાણનારનો અભાવ છે. સુખે જીવી શકાય, વિકાસ સાધી શકાય એવી વ્યવસ્થા, યોજના, રચના હોવા છતાં પણ

માણસ પોતાની અલ્પ બુદ્ધિના ઘમંડમાં લાભ ઉઠાવી શકતો નથી. શરીર સાથે પ્રાણની યોજના પણ વિકાસ માટે છે. સ્થળે-સ્થળે પ્રેરણાદાયી દૃશ્યો, ઘટનાઓ, યોગો નજર સામે બનતાં હોય છે. પણ તેને લક્ષ્યમાં લેનાર, વિચાર કરનાર, જરા થોભીને તેના પર મીટ માંડનાર વિરલ–મુમુક્ષુ જીવો, જાગૃત આત્માઓ, સુલભબોધિ પ્રાણિઓ, હળુકર્મી અને શુકલપક્ષી જીવો જ એવા અમૂલા દૃશ્યોનો, શ્રવણનો, સંયોગોનો લાભ લઈ શકે છે. સામાન્ય ગણાતા શબ્દોમાંથી પ્રેરણા મેળવી શ્રેયના પંથે ગતિમાન થયાના અનેક દાખલાઓ મોજૂદ છે જે તમે પણ અનેકવાર શ્રવણ કર્યા હશે.

(૧) અયોધ્યાના કીર્તિધરે શ્વેતકેશના સ્મરણમાંથી પ્રેરણા મેળવી.

(૨) મુનિપતિ મહારાજાએ સૂર્યગ્રહણ દેખી પ્રેરણા મેળવી.

(૩) કરકંડુ નૃપે રસ્તામાં અશક્ત બળદ દૃષ્ટિગોચર થતાં પ્રેરણા મળી.

(૪) નમિરાજે કંકણના ખડખડાટના નિમિત્તે પ્રેરણા મેળવી. એ જ પ્રમાણે,

(૫) દુમુંખ અને નગાઇએ પણ ઈન્દ્રસ્થંભ અને પત્ર રહિત આંબાને જોઈ પ્રેરણા મેળવી.

(૬) ભરત ચક્રીએ અરીસા ભુવનમાંથી પ્રેરણા મેળવી.

(૭) લાલાબાબુએ માત્ર છોકરીના શબ્દો સાંભળ્યા કે ‘બાપુ! દીવો કરું? સાંજ પડી ગઇ છે.” આટલા શબ્દો માત્રથી પ્રેરણા મેળવી.

(૮) સમુદ્રપાલે દેહાંતદંડ માટે લઈ જતા અપરાધીને જોઈને અને રત્નાવલીના એક આકરા વચનથી વિષયલુબ્ધ તુલસીદાસે પ્રેરણા મેળવી.

(૯) બાદશાહની બેગમને દાસીએ કહ્યુ કે 'બાઈ! ચલના હૈ મગર રૈના (ડુંગળી) નહીં હૈ.' આટલાજ વાંકયોથી પ્રેરણા જાગી.

(૧૦) વાલ્મીકિ ઋષિને પારધિએ બાણથી વીંધેલ, ક્રૌંચ પક્ષીને જોઈ પ્રેરણા થઇ અને રામાયણ રચ્યું.

(૧૧) દેવભદ્ર યશોભદ્રને માત્ર સાધુના દર્શનથી જાતિ સ્મરણ થતાં પ્રેરણા મળી અને કમળાવતીને તેના ઘરનાં લક્ષ્મી બધાં ગાદાં જોઈને પ્રેરણા મળી. આવી પ્રેરણાઓનાં અનેક દૃષ્ટાંતો શ્રવણ પટ પર અનેકવાર પડયાં છે.

(૧૨) હરિકેશી ચંડાળને ચાંડલના બાળકોએ એક ઝેરી નાગને માર્યો પણ બીજાને ન માર્યો એથી પ્રેરણા મળી.

(૧૩) શબરી, માતંગ ઋષિના રંગે રંગાયેલ, તેણે લગ્ન પ્રસંગે મારવા માટે પુરેલાં જાનવરોને જોઈ કકળી ઊઠી અને એજ પ્રેરણાથી રામની ભક્ત શબરીએ જીવન સુધાર્યું.

(૧૪) મચ્છંદરે 'પ્રાપ્તવ્યો નિર્યાત બલાત્' આ એક શ્લોકમાંથી પ્રેરણા મેળવી જીવન વિજયી બનાવ્યું.

(૧૫) ઈલાયચીકુમારે નટનાં વેશે, વાંસપર ઉભાં ઉભાં, નૃત્ય કરતાં, ભિક્ષા ગ્રહણ કરતાં શાંત મૂર્તિ, નિઃસ્પૃહ સંતને જોઈ પ્રેરણા મેળવી.

(૧૬) ચિલાતી જેવા પામર, રક્ત ભર્યા વસ્ત્રવાળાને ઉપશમ, સંવર, વૈરાગ્ય એ સંતના ત્રણ શબ્દથી પ્રેરણા જાગી અને જીવન સફળ બનાવ્યું.

(૧૭) દૃઢ પ્રહારી પણ સંતની પ્રેરણાથી મોક્ષે ગયો.

આવી રીતે પ્રેરણા મેળવી અનેક માણસોએ આત્મશ્રેય સાધ્યાં છે અને અવળી પ્રેરણાથી પોતાનું અને પરનું અનિષ્ટ કર્યાનાં પણ અનેક દૃષ્ટાંતો છે. વિશ્વમાં નીચે પડવાનાં અને ઉપર ચડવાનાં અનેક નિમિત્તો છે. પાત્રતા, અધિકાર, વિકાસના પ્રમાણમાં, માણસ એ નિમિત્તનો ઉપયોગ કરે છે. બધો આધાર દૃષ્ટિ ઉપર અવલંબે છે. વિદ્યાભ્યાસ, ભક્તિ, ક્રિયાઓ, તપશ્ચર્યા એ બધું દૃષ્ટિ બદલાતાં વિકાસ થાય અને ચિત્તની સમાધિ થાય એ માટે છે.

તમારી ભાવના, આચરણો, વ્યવસાય એ માર્ગે છે, એટલો સંતોષ છે. તમારામાં જ્ઞાનવૃદ્ધિ વૈરાગ્ય, વિનય, વિવેકસહ યથાશકિત સંયમ પાલન થાય અને તમારો ધડો બીજા લે એવા અમારા અંતરના આશીર્વાદ છે.

દ: ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૧૮) — સાયલા, તા. ૨૫-૪-૧૯૬૧

જેનું હૃદય ભદ્ર-સરળ હોય તે જલ્દી તરી જાય છે

તમારો પત્ર મળ્યો. ભકિત નીતરતો પત્ર વાંચી હર્ષ થયો. તમે બધી બીના લક્ષમાં લીધી છે; તેથી સંતોષ થયો છે.

ચોવીસ કલાકના જીવનચક્રમાંથી માત્ર એક જ કલાક બહુ શાંતિ અને સ્થિરતાપૂર્વક પ્રભુસ્મરણ–વાંચન–મનન–ચિંતનમાં ગાળતા રહેશો. એ ખૂબ જ ઉપકારી અને હિતકારી થશે.

મનને સ્થિર કરવા માટે ઉત્તમ પ્રકારનું વાચન રાખવું. વાંચ્યા બાદ તેના પર વિચારવાનો વખત મળે ત્યારે તેનું ચર્વણ કરવું ભાત્ર પ્રતિક્રમણ રોજ કરવું. જેનું હૃદય ભદ્ર હોય, સરળ, ઉદાર અને નમ્ર હોય તે આત્મા જલદી-આત્મ વિકાસ-અંતરશુદ્ધિ કરી શકે છે. તમે એ દૃષ્ટિએ ભાગ્યવાન છો.

દ· ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૧૯)

સાયલા તા. ૧૦ ૧૧-૧૯૬૨

પ્રકાશ અંદર છે બહારથી લાવવો પડતો નથી

તમારો પત્ર મળ્યો. ભાવી ભાવ મિથ્યા થતા નથી આવા સંયોગોમાં પણ મનની સ્થિરતા ન ગુમાવે તે સમજદાર છે સમજદાર વ્યક્તિ સત્સંગ વાંચનથી અંધકારનો નાશ કરે છે. પ્રકાશ અંદર છે, બહારથી લાવવો પડતો નથી. પુરૂષાર્થની જરૂર છે. બહારનો બોજો તો હટી જશે પણ અંદરનો બોજો ઘટાડવાની જરૂર છે.

વાચન પછી વિચાર, વિચાર પછી સદ્‌વર્તન પ્રગટે એ વાંચનનું–ઘવણનું ફળ છે. અંતરમાં પ્રકાશ પ્રગટાવવા જાગૃત રહો અને રાત્રે સુવાં પહેલાં અંતરનો હિસાબ તપાસી જુઓ

થઇ હોય ત્યાં પશ્ચાતાપના જળથી શુદ્ધ કરો. પ્રભુ પાસે જ છે અને ક્ષણે ક્ષણની ક્રિયા જોઇ રહ્યો છે. એની કૃપાથી માયાનું આવરણ ઘટશે જ. પ્રાર્થના માટે આળસ ન કરશો.

દ: ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૨૦) સાયલા
તા. ૩૧-૧-૧૯૬૩

માણસ માત્ર અપૂર્ણ છે; તેથી આત્મ નિરીક્ષણ કરવું

તમારું કાર્ડ મળ્યું. જીવનમાં સુધારો કરીને ઘરને નંદનવન બનાવવાનો પ્રયત્ન કરવો. આખા કુટુંબને સંસ્કારી, વિનયશીલ, પરસ્પર પ્રેમાળ બનાવવા માટે પુરુષાર્થ કરવો. બીજાને ત્યારે જ સુધારી શકાય જ્યારે એમ લાગે કે મારે પ્રથમ પોતાને સુધરવું ઘટે !

માણસ માત્ર અપૂર્ણ છે. કોઇને કોઈ ભૂલ, ત્રુટી તો દરેક માણસમાં હોય છે. બીજાની ભૂલો, દોષો જોતાં પહેલાં પોતાની ભૂલો કાઢવી ઘટે અને કોઇને કંઇ કહેતાં પહેલાં કહેનારાએ સમજવું જોઈએ અને ધીરજ રાખવી જોઇએ.

સહનશીલતા, તિતિક્ષા, પ્રેમ, હૃદયની વિશાળતા, ગમ ખાવાની ટેવ પાડવી. ક્ષમા, સેવા, તન, મન અને ધનની ઉદારતા, અનુકંપા આ બધા સદ્‌ગુણો માણસને દેવ બનાવે છે. બીજાના દોષો જોનાર વ્યકિત પોતાનામાં જ દોષોને આકર્ષે છે. માટે પોતાનું શ્રેય અને આત્મ કલ્યાણ ઇચ્છનારે પોતાના [illegible]ો, ત્રુટીઓ, ભૂલોને વીણી-વીણીને કાઢવી. એ માટે પ્રતિ-

દિન આત્મ વિચારણા કરવી. ઘરનું વાતાવરણ પવિત્ર રાખવું. તેમાં સૌને લાભ છે. પોતાનું અને કુટુંબનું એમાં જ શ્રેય છે. સૌ સ્નેહીવર્ગને પ્રભુ સ્મરણ.

દઃ ભિક્ષુ

ॐ

પત્ર ક્રમાંક (૧૨૧) સાયલા તા. ૨-૮-૧૯૬૩

આત્મા પોતે જ પોતાનો બન્ધુ છે

જેને આત્મશુદ્ધિ કરવી છે તે ગમે તે સ્થળે કરી શકે છે. સંયોગો હોય તે પ્રમાણે મુમુક્ષુએ શક્તિ પ્રમાણે સાધના કરવી રહી. માંદગીના મરણના સમાચાર સમજદારને માટે બોધરૂપ છે. માણસ ભ્રમણાથી પુરુષાર્થને પ્રારબ્ધને ખાતે ખતવે છે, અને પ્રારબ્ધને માટે પુરુષાર્થ કરી અમૂલો સમય ગુમાવે છે. સાચી સમજ વિના સાચા માર્ગે માણસ જઈ શકતો નથી. સમજણના અભાવે જ સાધનો છતાં જીવ ગોથા ખાધા જ કરે છે. હું બધું સમજું છું એમ નહિ સમજવા છતાં જીવને રહ્યા કરે છે. અજાગૃત દશા એવી વિષમ અને અટપટી છે.

જાગૃત થતા જીવને લાગે છે કે "હું કંઈ સમજ્યો જ નથી." એને પોતાની ભૂલોનો-અહંભાવનો ખ્યાલ આવી જાય છે. ખ્યાલ આવ્યા પછી પસ્તાવો થાય છે. એને શાસ્ત્રોમાં આલોચના કહે છે. મોક્ષ માર્ગને રોકનાર, અનંત સંસાર વધારનાર ત્રણ શલ્યોને, એ આલોચના શિથિલ કરી દે છે. ત્યાર પછી નિંદણા અને ગહંણા શરૂ થાય છે. એ શલ્યોને-કાંટાને ફેંકી દઈ રસ્તો સાફ કરે છે. પણ એ બધું જાગૃત

આત્માની આલોચનાથી શક્ય બને છે. બાકી વ્યવહારની આલોચનાથી કંઈ વળતું નથી.

જીવને જાગ્યા પછી ભાન થાય છે કે મેં જ મારું અનિષ્ટ કર્યું. મારા હાથે જ મારું અને બીજાનું બૂરું કર્યું છે. 'અપ્પા નઈ વેયરણી, અપ્પામે કુડ સામલિ.' 'અપ્પા કત્તા વિકત્તાય', 'આત્મૈવ આત્મનો બન્ધુઃ' ત્યારે જ એને એ પદોનો અર્થ સમજાય છે; અને પોતાના હિતનો જ માર્ગ લે છે.

તમે તો માર્ગ ઉપર છો. વચલો માર્ગ જ વિષમ છે તે તમે જાણો છો માટે જાગતા રહી જે થાય તે કરજો. તમારા પત્રના ભાવો, હૃદયની ઉર્મિઓ, ધ્યેયને પહોંચવાની તાલાવેલી, અભીપ્સા, કર્મયોગના વાંચન અને તે માટેની અભિરુચી, પ્રસન્નતા એ બધું પત્રમાંથી જાણ્યું. એ માર્ગે જનારને થવા યોગ્ય થયું છે. એમાં નવાઇ નથી. એમાં ધૈર્યની ઘણી જરૂર છે અને અડગ શ્રદ્ધાની અપેક્ષા છે.

દઃ ભિક્ષુ

ૐ

સાયલા

પત્ર ક્રમાંક
(૧૨૨)

તા. ૨-૯-૧૯૬૪

તમે વહેલાં જાગૃત થયાં તેટલાં તમે ભાગ્યશાળી છો

દર્શનાભિલાષી આર્યાજીઓ,

તમારો પત્ર મળ્યો. પર્યુષણમાં મારી ધારણા પ્રમાણે હું અર્ધો કલાક સવારે, બપોરે ને સાંજે વાંચવાનું રાખી શકું એટલી શાક્ત છે માટે ચિંતા ન કરશો.

તમારા મનોભાવ ખેદયુકત પશ્ચાતાપરૂપે સવિસ્તર જણાવ્યા તે બરોબર વાંચ્યા છે. પશ્ચાતાપ, ખેદ, પોતાની થયેલ ભૂલોનું દુઃખ, જાગ્રત આત્માને થાય છે. એટલાં તમે ભાગ્યવાન છો કે તમે વહેલાં જાગ્રત થયા છો. હવે તેનું ફળ એ કે, ફરી ભૂલો ન થવા પામે તેની કાળજી રાખીએ અને કદાચ થઇ જાય તો એ જ ક્ષણે–તે જ દિવસે ભાવ પ્રતિક્રમણ કરી શુદ્ધિ કરી લેવી. માણસ ત્યાગી હોય કે સંસારી હોય ભૂલને પાત્ર છે. પણ જે અનુપ્રેક્ષા ખરા હૃદયથી કરી આત્મશુદ્ધિ કરે છે તે યોગ દ્રષ્ટિમાં પ્રવેશેલ છે.

એનાં સ્વભાવમાં જે સ્મરણ અને સમતા છે તે માટે મને ખાત્રી છે તેથી મેં તેમને કહેલ કે તમે શ્રેયનો પથ કાપી રહ્યા છો. સાચી દ્રષ્ટિ મળવી જીવને દુર્લભ છે. મોટા ભાગે જીવો ઓઘદ્રષ્ટિમા જીવનારા હોય છે. એ વાત તમે સમજ્યાં છો.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાક લીંબડી
(૧૨૩) આસો વદ ૦)) ૧૯૭૪

સૂતાં પહેલાં આંતરિક પ્રતિક્રમણ કરવું

વાચન પછી તેને પચાવવા ચિંતનનો વખત જરૂર લેવો. સૂતા પહેલાં આંતરિક પ્રતિક્રમણને અંતે પરમાત્મ સ્મરણના સંકલ્પ કરવો કે મારું મસ્તક પ્રભુના અંકનાં (ખોળામા) જ છે. એમ મધુર ભાવનામાં નિદ્રાધીન થવું અને જાગ્રત થતા ચાર

લોગસ્સ ધીમે ધીમે ચિંતવી આખા દિવસને સત્કાર્યથી પવિત્ર બનાવવા ધારણા કરવી અને બે ચાર પદો જેવાં કે, 'પ્રભુ નિશદિન એવું દેવ', 'દયા દૃષ્ટિ વા'લા દાસ પરે રાખશો', 'મહાવીર અમને પાર ઉતારો', 'તમે તો તમારા બિરુદો જોશો જગદીશ્વર'. વિ. બોલવા.

હંમેશા લાલસા, વાસના, ખેદ, પરનિંદા જેવા બળતણને સમજપૂર્વક ધ્યાનની અગ્નિમાં હોમતા રહેવું અને હૃદયની તબિયત તપાસતા રહેવું. આત્મ ધનની કાળજી ઘણી જવાબદારીપૂર્વક રાખવી. લોક વ્યવહારમાં કશું નથી, એવાં ચીંથરાં તો ઘણા ભવ ફાડયા. હવે તો તેને બળપૂર્વક તજો. હૃદય જગાડી નિજ નિધાન તરફ લક્ષ્ય કરો.

આનંદઘન પદ્યવલી એ નામનો ગ્રંથ ઘણો સાચો, વાંચવા જેવો છે. વિષય આધ્યાત્મિક છે.

દઃ ભિક્ષુ

ઉપસંહાર

અહીં જ અપ્રમત્તતારૂપ જાગૃતિની જરૂર અનિવાર્ય બની જાય છે, એ સંસારમાં રહેલો આદર્શ ગૃહસ્થી હોય કે સંન્યસ્ત દીક્ષા પામેલો આદર્શ સાધુ હોય !



(૧૦) સાધનામાં જાગૃતિ

હરિગીત છંદ

છે જિંદગી શુભ અનુજના, તન, મન અને સાધન લગી
પણ જીવન તો તન મન અને ચેતનથી નિખિલ જગત સુધી
સર્વેનું વિસ્તૃત કાઢ્યું જગને જીવનનું હર પળે,
નવલી ક્રિયા જૂની નવી આ કાજ સાર્થક થઈ જશે. (૧)

અનુષ્ટુપ

હો ને ભોજ પડે પોતા-સાથે આખા વિશ્વનો,
ન ડૂબાય ન લોભાય ક્યાંય બન્ને વિરલો. (૨)

શિખરિણી

ઉરે પોતા સાથે, ક્ષતિ જગતની સૌ સ્વની ગણી,
દિએ ક્ષમા સૌને, જીવ જગતને વ્યાપી નમી;
ચૂકો પખી સૌના, ખુશી ખુશી રહે નિત્ય હૃદયથી
જગત્ લીલું આવાં સ્ત્રી પુરુષ તણી જાગૃતિ થકી. (૩)

ઉપોદ્‌ઘાત

જીવન પણ એક દૃષ્ટિએ મોટો હિસાબી ચોપડોજ છે. જેમાં પોતાનાં તન, મન અને કર્મસંગી ચેતનાના ખાતાં વ્યવસ્થિત પડેલાં છે. કેટલાકનો ઋણાનુબંધ પૂરો થયો છે, તો કેટલાક જીવોનો ઋણાનુબંધ પૂરો થવો બાકી છે. ગુરુદેવ કવિવર્ય પં. નાનચંદ્રજી મહારાજે આથીજ એક બાજુ જેમ દિવાળીની યાદી આપી છે તેમ બીજી બાજુ પર્યુષણપર્વની પણ યાદી આપી છે. જો કે સાચો વ્યવહારૂ માનવી અથવા શરાફી સજ્જન તે છે જે રોજે રોજનાં ખાતાં ચોખ્ખાં કરી નાખે! પણ એટલો ચોખ્ખો ન હોય, તો યે પંદર દિવસે કે છેવટે વર્ષે વર્ષે તો ખાતાં ચોખ્ખાં કરીજ નાંખવાં જોઈએ. સાચાં અપ્રમત્ત સાધક–સાધિકા કે સાધુ સાધ્વીઓ તો ભીના હાથની રેખા સુકાય તે પહેલા જ પોતાની નાની સરખી ક્ષતિને પણ સુધારી નાખે, ત્યારેજ એને સુખની નિદ્રા આવે છે. આવી જાગૃતિ અખંડ અને એકધારી રાખ્યા વિના આરો નથી.

જિનશાસનમાં સાધુ–સાધ્વી–શ્રાવક અને શ્રાવિકા રૂપી ચતુર્વિધ સંઘ ગણાય છે. તે તરણ તારણ નૌકા જેવો છે. એ જો પોતપોતાની ફરજ સાવધાનપણે બજાવે તો જ "સવ્વે જીવ કરું શાસનરસી, ઐસી ભાવદયા મન ઉલ્લસી" એ જિનશાસનનો હર પળનો ત્રિકાલાબાધિત ભાવ અમલી બની શકે.

સાધનામાં જાગૃતિ આવે એટલે જુની ઘરેડવાળી ક્રિયા પ્રાણ વિનાના પિંજર જેવી બનવાથી છૂટી જાય છે. પણ તેને સ્થાને તે જુની ક્રિયાના મૂળ જાળવી નવી ક્રિયા તરતજ આવી જ

જાય છે. તોજ સાતત્યરક્ષા અને પરિવર્તનશીલતાનો તાળો મળે અને વીતરાગ તીર્થંકર જિનદેવનું શાસન અવિચ્છિન્નપણે ચાલ્યાં કરે.

સાધનની જાગૃતિ વખતે શરૂઆતમાં દુનિયાને ઊંધાં ચશ્માં હોવાથી, તેવાં સાધુ–સાધ્વી શ્રાવક શ્રાવિકા કે સાધક-સાધિકાની જગત ટીકાટિપ્પણીમાં પડી જાય પણ ગમે તેટલા વિપુલ અને એશ આરામનાં સાધનો મળે, તો ય જે આદર્શ ટ્રસ્ટીની ફરજ ગૃહસ્થાશ્રમમાં રહી આદર્શ ગૃહસ્થ નરનારી બજાવે છે, તેમ દીક્ષા લીધેલાં આદર્શ સાધુ સાધ્વી સક્રિય અધ્યાત્મવાળાં અને પ્રાણિમાત્રનાં માબાપ બનવાનો વ્યવહાર આચરી બતાવે છે, જેથી કોઈ ખોટા કે અધુરપના માર્ગે ન ચડી જાય, આથી જ 'જતના' અને 'સર્વભૂતાત્મભૂત' એ બન્ને ભાવના મૂર્તિમંત બની જાય છે.



ૐ

વાંકાનેર

પત્ર ક્રમાંક
(૧૨૪)

તા. ૫-૧૦-૧૯૪૫

અંતરનું સરવૈયું કાઢવાનું ન ભૂલશો

બહારનું વાંચન જેટલું જરૂરનું છે તેથીય ઘણું જરૂરી અંતરનું વાંચન-જીવનના ચોપડાનું વાંચન જરૂરી છે એ ન ભૂલતાં. સૂક્ષ્મમાં સૂક્ષ્મ રકમ (અંતરના ભાવો) નજર બહાર રહી ન જાય એવું સરવૈયું કાઢતા રહેશો. કારણ કે હવે તો દિવાળીના (ઉજ્જવળતાના) દિવસો આવતા જાય છે. આત્મા ભવ્ય-વિશાળ અને ઉન્નત બને એજ જીવનની સાર્થકતા છે.

દઃ ભિક્ષુ

ૐ

સાયલા

પત્ર ક્રમાંક
(૧૨૫)

તા. ૨૯-૫-૧૯૫૨

વિકાસનો માર્ગ સદા મુશ્કેલી ભર્યો હોય છે

તમે નિર્ભાગી નથી પણ ઘણા ભાગ્યશાળી છો કે તમારામાંથી ધર્મની જૂની ઘરેડ (કે જે સર્વ વર્ગમાં વ્યાપક છે) નીકળી ગઇ છે અને સન્માર્ગે વળ્યા છો. સત્ય માટે ધગશ છે. આત્મ શુદ્ધિ માટે તાલાવેલી છે. નથી બનતું એનો ખેદ છે. વ્યવહારો નિરુપાયે કરવા પડે છે, એમાં પણ તમારી કસોટીનો કુદરતી જ સંકેત કાં ન હોય ? એમ જણાય છે.

'માણસ ધારે તેમજ બનતું આવે' એમ નથી હોતું. તેમાં પણ વિકાસનો માર્ગ વધુ સુંઝવનારો હોય છે. તમે ગમે તેવી જંજાળમાં અટવાઇ ગયા હો તો પણ તમારા ધ્યેય રૂપ પ્રકાશનું કિરણ તમારી સાથે જ છે. હૃદયમાં એ દીપક નથી બુઝાયો. તે વ્યક્તિ નિર્ભાગી છે કે જે પરમાત્મા તરફ વિમુખ બની વાસનાનો, ભોગનો, વિષયોનો ગુલામ છે, રાત દિવસ જેને સંસારની જ ગલીઓમાં આથડવું ગમે છે. તમે નિર્ભાગી નથી. ખાલી ખેદ ના કરો. કસોટીઓ તો એવી જ હોય. 'શ્રેયાંસિ બહુ વિઘ્નાનિ' એ વાક્ય સત્ય છે. શ્રેયના પથમાં ઘણાં વિઘ્નો હોય છે. માટે હિંમત રાખો, શ્રદ્ધા રાખો. તમે માર્ગે જ છો. દોરો પરોવેલ સોય ગૂમ થતી નથી. ભગવાનના દશે શ્રાવકોને વ્યવહારની જંજાળ તમારા કરતાં હજારગણી છતાં એ નથી હલ્યા. ડુબાડે છે વસ્તુ અને વ્યક્તિ પ્રત્યેની તીવ્ર આસક્તિ, પ્રબળ મોહ, વિષયની આંધળી દોટ, તીવ્ર કષાયો, કપટ, છળ આદિ મલિન વૃત્તિઓ. એ કીચડ તો તમે તરી ગયા છો. પુત્ર પ્રત્યેનો વાત્સલ્યભાવ એ પાપ નથી.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક સાયલા
(૧૨૬) તા. ૮-૩-૧૯૫૨

બાગૃત દષ્ટિવાળાં સર્વત્ર બોધપાઠ લે છે

ઉઘડેલા ચક્ષુવાળાને તો સર્વત્ર બોધપાઠો નજરે પડે છે. કુદરતે એવી યોજના કરી છે કે વિચારવાન વ્યક્તિ ડગલે

ને પગલે બોધ મેળવી શકે, આસક્તિ છૂટી જાય અને પરમાત્મા તરફ મુખ ફેરવે-સન્મુખ થાય.

સમ્યક્ વિચારશીલ-ઉત્ફૂલ્લ નયનવાળો વિચારે છે કે પ્રાણી માત્રના જન્મ-જરા-મરણ રોગ, ગંભીર ઉપાધિઓ એ શું છે? સૂર્યનો ઉદય-અસ્ત શું છે? અકસ્માતો, હોનારતો, ભયંકર રોગચાળો એ શું છે? હાલનો શ્રીમંત આજનો ભિખારી, કાલનો ભિખારી આજનો ધનાઢય શું કહે છે? પામરના કલેશો, ઝઘડાઓ પાગલ બનાવનારી વિલાસ પ્રિયતા આ બધું શું છે? શું આ બોધપાઠો નથી? કુદરત મૂંગા-મૂંગા ઉપદેશ જ કરે છે. પણ કાનનો બહેરો અને માત્ર ચર્મ ચક્ષુવાન નથી સાંભળી શકતો કે નથી જોઈ શકતો!' વિચારજો.

પરમાત્માના પંથે ચાલનારા, પ્રતિકૂળ સંયોગો વધુ પસંદ કરે છે, કેમકે એમાં વધુ જાગૃતિ રહે છે. અનુકૂળ યોગોમાં પ્રમાદ થવાનો સંભવ રહે છે. ભક્ત તો માને છે કે અનુકૂળ કે પ્રતિકૂળ બન્ને તેની જ મોકલેલી ભેટો છે. એટલે જ હસતે મુખે સહન કરે છે. કઠણ તો છે જ. એ માર્ગ જ કઠણ છે. પ્રેયનો માર્ગ જરાય કઠણ નથી માત્ર એનું પરિણામ સારું નથી.

તમારો પ્રોગ્રામ મોડો ઠેલાયો તે જાણ્યું. જીવન ક્યાં કઈ રીતે પૂરું થવાનું છે એ આપણા હાથનો વિષય નથી. પરમાત્માના સ્મરણ-ચિંતનના વાતાવરણ વચ્ચે ઉદાસીનતા-અણગમો-બેચેનીને દૂર ફેંકી દેવી. જેને સર્વત્ર પરમાત્માનું રાજ્ય, એની કૃતિ દેખાય એને શોક શા માટે? ફળિયાનો બગીચો, તેનાં ખીલેલાં પુષ્પો એ શું સંદેશ આપે છે?

તમારું વર્તન બીજાને ન ગમે કેમકે તેમનું વર્તન તમને ગમતું નથી. તમે પ્રેયને માર્ગે વળો તો બધાને મધુર લાગે પણ તમારાથી હવે પાછું વળાય તેમ નથી. એટલે કોઈનો દોષ જોયા વિના સમભાવના શરણે સહનશીલતાના પાઠોને ઘૂંટયા કરો અને એ શ્રેયના માર્ગે ચાલતા અપાય તેટલી બીજાને શાંતિ આપો.

વિશ્વને દૃષ્ટા તરીકે નીરખવાની ટેવ પાડો. બળી ન જવાનો અભ્યાસ કરો. જેમ આત્માથી, ઉપયોગથી પ્રકૃતિઓને સાક્ષીભાવે જોવાની સાધના છે તેમ જગતના સર્વ વ્યવહારમાં. દુનિયાના વિવિધ ભજવાતા નાટકમાં પણ તટસ્થ બની પ્રેક્ષક રૂપે રહેવાની ટેવ પાડો. કોઈ ઉપર તિરસ્કાર, દ્વેષ, અણગમો, દોષ કે એવું અંતરમાથી ન નીકળી આવે; એ ન અલપાવે તેની કાળજી રાખવા જાગૃત રહો. તેથી બધાં કષ્ટો, દુઃખદ પ્રસંગો દુઃખ નહિ આપે

આપણે બનાવટીને સાચું માનવાની ભૂલ કરીએ છીએ, તેમાં બળી જઈએ છીએ. તેથી અણગમો પ્રગટે છે. પ્રાર્થનામાં પણ પ્રસન્નતા, શાંતિ, નીરવતા વાચો ને પ્રગટાવવા મથો. જગતના કોઈ ભાગને આપણે સુધારી શકીશું અને પછી શાંતિ લેશું એ આશા મૂકી દો. એક વાતનો ખૂબ ઉપયોગ રાખો કે મારી સમીપે જ મારો નાથ મારા બધા નાના-મોટા અંદરના ને બહારના ચરિત્રો જોઈ રહ્યો છે અને મને દોરી રહ્યો છે. શરીરમાં જે છે તે તેનું છે માટે તેને સાચવવા કાળજી રાખવી. પોતાની બેદરકારીથી કોઈને અન્યાય ન થાય, દુઃખ ન થાય એવી ચીવટ રાખવી. આનંદનો આશ્રય લો.

ઉમદા સાધના અને અનુકૂળતાવાળો કિંમતી સમય આવ્યો જાય છે એને સફળ કરવો એ જાગૃતિનું ચિન્હ છે. પરમાત્મા સમીપમાં જ છે. એ સ્મરણ, શ્રદ્ધા, ઉપયોગ રાખવા મથવું એમાં જ શુદ્ધિનું-આનંદનું રહસ્ય છે. પામરતા, નિરાશા, શોક, ખેદ કદી ન દાખવતાં, ભગવાનનાં બાળકોને એ ગંદકી ન પોસાય! અનંત શક્તિશાળી આત્માને આસુરી બળો ઘણીવાર પરાજિત કરી પામર બનાવે છે. એ ઘણા ખેદની બીના છે માટે જાગ્રત રહેવું.

દઃ તમારો શ્રેય ઇચ્છનાર ભિક્ષુ.

ૐ

અમદાવાદ

પત્ર ક્રમાંક
(૧૨૯)
તા. ૧૪-૮-૧૯૫૬

નાની ભૂલમાં બેદરકાર જતે દિવસે મોટી ભૂલો કરવા ટેવાઇ જાય છે

પવિત્ર સંયમ માર્ગના યાત્રિકાઓ !

સંયમનો વેશ ધારણ કરનારે હંમેશા જીવન તરફ દૃષ્ટિ ફેરવતા રહેવું જોઇએ કે જેથી સંયમમાં થતી ક્ષતિઓ, ત્રુટીઓનો ખ્યાલ આવે. દૃષ્ટિ ફેરવવી એટલે આલોચના—અનુપ્રેક્ષા કરતાં રહેવું. નાની અને થોડી ભૂલમાં બેદરકાર રહેનાર જતે દિવસે મોટી ભૂલો કરવાને ટેવાઈ જાય છે.

આંતર શુદ્ધિ માટે રાત્રે ભાવ પ્રતિક્રમણ કરી શુદ્ધિ મેળવ્યા વિના સૂવું ન જોઈએ. પ્રભાતમાં પરમાત્માને સન્મુખ માનીને ઉપયોગપૂર્વક પ્રાર્થના કરવી જોઇએ. પ્રાર્થનામાં

વિશેષે કરીને જીવનને બગાડનાર પ્રકૃતિઓને કાઢવા પરમાત્માની સહાય લેવી. તે સમીપમાં જ રહેલ છે એમ શ્રદ્ધીને ગદ્ગદ કંઠે પ્રાર્થવું-કે 'હે પ્રભો ! મને સહાય કરો.' એવા પ્રકારનાં પદો ગોતી ગોતી મુખપાઠ કરવાં અને હંમેશા એકાદ બે પદ તો એના એ જ બોલવાં. આમાં ખાસ કરીને શ્રદ્ધા, ધીરજ અને ઉપયોગની જરૂર છે.

એકવાર અંદરના-મનના મળો નીકળે તો વિક્ષેપ અને આવરણ મટે. સંયમીના જીવન પ્રત્યેક પળે ઉપયોગયુક્ત હોવાં ઘટે. 'જયં ચરે, જયં ચિટ્ઠે' એટલે ઉપયોગ યુક્ત. બીજાને માટે સાંભળેલ કે વાંચેલ તે પ્રથમ પોતાને બોધિત કરવા જાગ્રત રહેવું.

લોકો સંયમી, તરણ-તારણ સમજી આપણને પગે લાગે છે અને મસ્તક નમાવે છે, તો એની જવાબદારી કેટલી ? એ હંમેશા લક્ષમાં રાખવું. મનને એકાગ્ર કરવા નમોક્કાર, ધૂન, ત્રાટક, ધ્યાન, ભજન, વાચન, ચિંતન, મનન જે અનુકૂળ પડે તે કરવું. મનને એકાગ્ર કરવા છતાં થતું નથી, તેનું કારણ જોઈએ તેટલા વૈરાગ્યની ખામી છે. વૈરાગી પોતાના સ્વરૂપ સિવાય કશું જોતો નથી. ઈતરને પ્રાણી, પદાર્થ મેળવવાની ઘણી ભુખ એટલે એ મેળવવાને મન રખડયા કરે પછી મન સ્થિર કયાંથી થાય ? માટે વૈરાગ્ય પ્રગટે તે માર્ગ લેવો અને પછી અભ્યાસ કરવો.

પ્રકૃતિના સ્વામી હોવા છતાં તેની ગુલામી ઉઠાવાય છે તેથી જ સામાન્ય પ્રસંગે અધઃપતન દેખાય, કષાય, અભિમાન, પોતાને નિર્દોષ બતાવવાનું ડહાપણ, બીજાની ભૂલ જોવાની

આદત મુજબ પગે પોતાનું કામ કરે છે અને જીવ નીચી મૂંડીએ દોરે તેમ દોરવાય, કરાવે તેમ કરાય છે, છતાં જીવને પોતાને એ સ્થિતિનું ભાન હોતું નથી. પણ સંયમીઓને તેનું ભાન હોય છે. સંયમી એ છે કે જે જાગૃત છે, ઉપયોગવાન છે, ચેતનાવાન છે, ઇન્દ્રિયોના વિષયોપર, કષાયાદિ પ્રકૃતિઓ ઉપર જેનો કાબૂ છે.

સાધ્વી માતાઓ! મારા લખાણને વિચારજો, ધ્યેય નક્કી કરજો. લક્ષ ન ચુકાય તેની કાળજી રાખશો. જે વેશ જે અર્થે લીધો છે તે કાયમ સ્મરણમાં રાખશો. ઘણા કાળની આદત, ટેવ, પ્રમાદ અને વાસનાના વળગાડને કાઢવા એ દુ:ખકર-કઠણ જરૂર છે, અને તેથીજ અજાગ્રત વર્ગ આજે એ માર્ગે નથી ચાલી શકતો અને પ્રકૃતિને આધીન રહી જૂની ઘરેડ ચાલે છે. પણ તમે તો ઊંડી સમજવાળાં, ખપી, સત્યને ચાહનારા, નવી રોશનીવાળાં, અનુકૂળ યોગવાળાં છો માટે તમારામાં આશા રાખી શકાય તેમ છે.

દ: તમારો શુભેચ્છક ભિક્ષુ

ૐ

બોરીવલી

પત્ર ક્રમાંક
(૧૩૦)

તા. ૨૫-૧૧-૧૯૫૮

અભ્યાસના કાળમાં અભ્યાસ જ કરવો એ હિતાવહ છે.

દર્શનાભિલાષી આર્યાજીઓ!

તમારો તથા.......ભાઇનો પત્ર મળ્યો. સારા માર્કે હિન્દીની પરીક્ષા થઈ તે વાંચી સંતોષ થયો છે. તમારા હંમે-

ચના વ્યવહારની નિયમિતતા અને શુદ્ધિ માટે પ્રમોદ થયો છે. તમો વિહાર થાનગઢ તરફ કરવા ધારો છો તે ઠીક છે. પણ જ્યાં તમારો હિન્દીનો અભ્યાસ પૂર્ણ થાય છે તે સ્થળે અભ્યાસ લક્ષી થઇ રહેવું. લોકોની લાગણી કે માગણી ખાતર અભ્યાસ બંધ ન રાખવો. અભ્યાસકાળ દરમ્યાન અભ્યાસ જ કરવો એ હિતાવહ છે.

હિન્દીમાં ઉત્તીર્ણ થયા બાદ અંગ્રેજી તરફ લક્ષ આપવું તે પણ જરૂરનું છે. એ ભાષાની આ કાળમાં જરૂર ખરી! ઘણાં ઉચ્ચ કક્ષાનાં પુસ્તકો અંગ્રેજીમાં હોય છે. પછી તો સંસ્કૃતને પણ પરીક્ષાની સરાણે ચઢાવવું પડશે. જો વિદ્યાની પરીક્ષા આપવાની હોય તેમાંજ લક્ષ અપાય તેની જ ચીવટ રહે તો જ કામનું. નહિતર પ્રમાદ થાય અને આવડે છે તેવી ભ્રમણામાં જ સંતોષ માની બેસી રહેવાય.

તમારી અભ્યાસની વય છે, બુદ્ધિ છે, ખત છે. યોગ્યતા છે, માટે તમે બધા સારી રીતે ઉપયોગી વિદ્યા પ્રાપ્ત કરો. ત્યાર બાદ આત્મસાધનામાં અને પિપાસિતોને લાભ આપવામાં જોડાઓ તો ઉત્તમ ગણાય. આપણો વર્ગ થોડું ઘણું ભણી, યોગમાં સંતોષ માની ઉપદેશ આપવાના જ કાર્યમાં રત રહે છે અને એ માટે સામગ્રી એકઠી કરી બીજાને બોધ દેવાની લાલચ છોડી શકતાં નથી.

જ્યાં રહેવાનું થાય ત્યા લોકો વ્યાખ્યાનની આશા રાખે. એ કામ ચોટાને સોંપાય તો અભ્યાસીને પૂરતો અવકાશ રહે. અભ્યાસ ઉપરાંત આધ્યાત્મિક સાધના પણ ચાલુ રહેવી જોઇએ. બહારના વિક્ષેપને ટાળવા માટે બહારની આ પ્રવૃત્તિ ઠીક

ઉપકારક બને પરંતુ આંતરિકતત્ત્વને પ્રગટ કરવામાં જો એનો ઉપયોગ સતત ન થયા કરે તો એનો કંઈ અર્થ સરતો નથી, એ ભૂલવું ન જોઈએ.

આત્મ-વિકાસમાં બાધક તત્ત્વ 'પ્રમતયોગ' છે. આપણા જીવનની કોઈપણ ઘટનામાં મન, વચન અને કાયાનો યોગ, વિષય, કષાય, રાગ દ્વેષ, ઈર્ષ્યા, અસૂયા-વિ. આસુરી તત્ત્વોમાં અટવાઈ જતો નથીને? એની સતત કાળજી રાખવી, એજ ખરી સાધના છે. સૌને પ્રભુસ્મરણ કરવાનું કહેશો.

દઃ તમારું શ્રેય ઇચ્છનાર ભિક્ષુ

ૐ

લીંબડી

પત્ર ક્રમાંક (૧૩૧)

તા. ૫-૯-૧૯૬૦

જીવનની ક્ષણભંગુરતા અને અમૂલ્યતાનું રહસ્ય કોઇ વિરલા જ સમજે છે.

"મનુષ્યો તણાં ધાર્યાં સદાયે વિશ્વમાં થાતા નથી." અહિંથી વિહાર કરવાની પ્રબળ ભાવના હતી પણ જવાયું નહિ. જેને ચક્ષુ છે તે જોઇ શકે છે કે અણુથી માંડી મહાન પર્વતો કે દૃશ્યમાન જગતની પરિવર્તન શીલતાને! મહાન જણાતા સારા-નરસા પ્રસંગોને સમય ગયા પછી કોઇ યાદ કરતું નથી, પછી લગ્ન હો કે દીક્ષા, જન્મ હો કે મરણ!

મહાન મેળાવડાઓ તે તે સમયે જ જરૂરી અને મહાન લાગે છે. એ બધાં પાણીના બુદ્‌બુદો સમાન અનિત્ય, ક્ષણિક,

ક્ષણભંગુર છે. જીવનની અમૂલ્યતાને, તેના રહસ્યને ઘણા વિરલ જ સમજે છે. દૃષ્ટિના અભાવે જીવ પોતાની વસ્તુનું મૂલ્યાંકન કરી શકયો નથી તેથી જ જીવને ઈતર પદાર્થોનું મૂલ્ય અનેક ગણું વધુ લાગે છે અને આત્માને ભોગે અનિત્ય પદાર્થો પાછળ વળગી રહ્યો છે. એ મેળવવા આખા જીવનને હોમી દે છે. એમાં દોષ, દૃષ્ટિનો છે.

જીવને સમ્યગ્ દૃષ્ટિ પ્રાપ્ત થયેલ નથી. એ દૃષ્ટિ માટે જ ક્રિયાકાંડો, તપસ્યા, શિક્ષણ, સેવા, સત્સંગ, વાચન, ધાર્મિક આચરણોની યોજના કરવામા આવી છે. પરંતુ પ્રવચનનું અંજન (લેપ) કોઈ–વિરલનેજ લાગે છે. સમ્યક્ બોધ જીવન પ્રદેશમાં પ્રસરવો દુર્લભ છે.

"આહુચ્ચ સવણં લધ્ધું સદ્ધા પરમ દુલ્લહા" કદાચ સાંભળવાનું મળે પણ શ્રદ્ધા પરમ દુર્લભ છે. વાંચનનું ફળ વિચારપૂર્વક આચરવામા રહેલ છે. શ્રવણ કે વાચન પછી ચિંતન, મનન, નિદિધ્યાસનની જરૂર રહે છે. એ માટે સતત જાગૃતિ લક્ષ કે તાલાવેલી ન હોય તો પ્રમાદનો વિજય થાય છે. જીવ અયોગવ પ્રમાદને આધીન રહ્યો છે.

જીવે પ્રેયનો માર્ગ પસંદ કર્યો છે પણ શ્રેયના માર્ગે પગ મૂકતો નથી. તેથી અખંડ શ્રદ્ધાપૂર્વક ઉપયોગસહિત જાપ, આત્મવિચારણા, શરણાગતિ, સર્વત્ર પરમાત્માનો–સદ્ અસ્તિત્વનો સ્વીકાર, ધૈર્ય, ખંત, પ્રેમ, રસ, સાતત્ય અને જાગૃતિ જે ઘણાં જરૂરનાં છે તે આદરતો નથી.

બીજાની અપેક્ષાએ તમે ઠીક પંથ કાપ્યો છે પણ હજી ઘણો પંથ કાપવાનો છે તે યાદ રાખવું. છતાં હિંમત

હારવાની નથી કેમ કે ભગવાન સદાય સહાયક રૂપે તમારી સાથે છે એ શ્રદ્ધા ન ગુમાવશો. મારા પત્રથી તમે સંતોષ અનુભવ્યો એ તમારી દૃષ્ટિને આભારી છે.

દૃષ્ટિ એવી સૃષ્ટિ સત્ય છે. કુદરત સૃષ્ટિના લોકોને ધરતીકંપ, અકસ્માતો, ભયંકર–ખાનાખરાબી સરજીને બોધ કરે છે પરંતુ રાક્ષસી વૃત્તિવાળા જીવો સત્તા, સ્વાર્થ, અભિમાન વૃત્તિથી કુદરતના અવાજને સાંભળી શકતા નથી! કુદરત પાસે મનુષ્ય પામર મગતરા તુલ્ય છે. કુદરતની આંખ રૂઠી કે પોતાને સર્વશક્તિમાન માનનાર, કરોડોનું લશ્કર અને અણુબોમ્બ જેવાં શસ્ત્રોના માલિક સમજનાર એક જ આંખના પલકારામાં શૂન્યવત્ થઈ શકે છે એમ સમજવા છતાં ઘોર અજ્ઞાનને લીધે તે તરફ લક્ષ આપતા નથી અને યુદ્ધની તૈયારીઓ કર્યે જાય છે એ કુદરતની અજબ લીલાનું દર્શન છે.

જગતના જીવો સુખને મેળવવા અસુખનાં જ સાધનો એકઠાં કરે છે. ઠંડકને ઈચ્છનાર પ્રાણી, અગ્નિમાં ઝંપલાવવા જેવું કામ કરે છે. કુદરતની કરામત કહો, લીલા કહો તે સર્વ હેરત પમાડે તેવી છે. તેના લાભ લેનારા વિરલ હોય છે અને સમજણના અભાવે સમયનો, શક્તિનો અને પદાર્થનો દુરુપયોગ કરનારા મોટી સંખ્યામાં હોય છે. આશ્ચર્ય તો એ છે કે આપણું શ્રેય આપણા હાથમાં હોવા છતાં તે કરી શકાતું નથી.

ચૈતન્યનાં–કુદરતનાં આંદોલનો અવશ્ય પોતાનું કાર્ય કર્યે જાય છે. આખું જગત રાગ-દ્વેષનાં કીચડમાં ખદબદે છે છતાં જીવો એમાં આનંદ ને મોજ માણી રહ્યા છે. આનું કારણ સત્ય દૃષ્ટિનો અભાવ છે. જીવનની સફળતા, સત્યદૃષ્ટિ

પ્રગટાવવામાં છે જેને લીધે સમતા, સમભાવ, આંતરિક શાંતિ, સંતોષ, પ્રેમના પ્રવાહો અનુભવાય. ગુણદૃષ્ટિ આવે–ત્યારેજ અનંતનો ગુપ્ત ખજાનો કુદરત ખુલ્લો કરી દે છે. અને ત્યારે જ આખી સૃષ્ટિનું રહસ્ય તેને સમજાય.

પરંતુ પ્રથમ આત્માનો પડદો ખુલવો જોઈએ. તમે એ મથામણ કરી રહ્યા છો એના નિરુત્સાહી થવું નહિ. પંથ કાપ્યે જ છુટકો છે. તે સિવાય આરો નથી માટે જે માર્ગે જઈ રહ્યા છો તે માર્ગે નામસ્મરણનો સહારો ઠીક મદદ કરે છે. એ સાચો જ સરળ રસ્તો છે. વચન, વિચારણા, આત્મ નિરીક્ષણ એ બધાં આત્માને ઉપકારક છે

પત્ર ક્રમાંક (૧૩૨)

ॐ

દ. ભિક્ષુ

લીંબડી

તા. ૪-૧૦-૧૯૬૦

સર્વ ક્રિયાઓનો સાક્ષી તમારી અંદર જ છે

...ાંત સ્વભાવી આત્મલક્ષી આર્યાજી !

તમારો પત્ર મળ્યો. વાંચી હર્ષ થયો. તમારા ...ત્મલક્ષી હૃદયના ભાવો અહીં બેઠા જાણી શકાય છે. કુદ...ી 'વાયરો' (તારો) વિશ્વના ગોઠવાયેલ છે, એ જાણનાર ...ો છે.

તમને જેના વિયોગનું દુઃખ થાય છે તે અનંત ...તનાન આત્મા તમારી અંદર જ રહેલો છે. સર્વ ક્રિયાનો ...ી સદાય સાથે જ છે, માટે તે શ્રદ્ધાને દૃઢીભૂત કરો.

'હું આત્મા છું,' એમ આપણે જાણીએ છીએ પણ પ્રત્યેક પળે તે ભાન હોતું નથી. હું સોઽહં અને મારા પ્રભુ અંતર્યામી મારામાં જ ઓતપ્રોત છે. એ શ્રદ્ધા પ્રગટાવવા માટે જ આ સંયમ, સત્સંગ, અભ્યાસ, તપશ્ચર્યા અને ક્રિયાકાંડ એ બધાં નિજ ભાન પ્રગટાવવા માટે જ છે. માટે એનો પ્રયત્ન બની શકે તેટલો સતત કરવા યોગ્ય છે. ગમે તેવા કામમાં લક્ષ-ધ્યાન એ જ રહે એવી પ્રેકટીસ પાડવી.

જેને કોઈ ચીજની તૃષ્ણા નથી, કીર્તિ કે શ્લાઘાની ભૂખ નથી તેને તો આત્મદર્શન થવું સુલભ છે........પંથ થોડો કપાયો છે, બાકીનો જરૂર કપાશે. ખૂબ ધૈર્ય રાખો. શાંતિ રાખો. જે આત્મસાધના કરવી છે તે પર સતત લક્ષ રાખો. તો જરૂર તમારી શ્રેયની ભાવના પૂરી થશે.

દઃ **તમારો શ્રેયાભિલાષી ભિક્ષુ**

ૐ

સાયલા

પત્ર ક્રમાંક
(૧૩૩)

તા. ૯-૪-૧૯૬૨

આત્મશુદ્ધિ-આત્મવિકાસ કરવો
માણસના હાથની વાત છે

સમયની નિયમિતતા, કાળજી, જાગૃતિ એ તમારા હાથની બાજી છે. તમારી અનિયમિતતા એ જ વિટંબણાનું કારણ છે. ધાંધલિયું જીવન તો છે જ. એ કંઇ મટવાનું નથી. એમાંથી જ તમારા મનને નિરાળું બનાવતા શીખવું જોઇએ. આધ્યાત્મિક પ્રબંધાવલી ફરી ફરીને વાંચશો.

તમારી મધુર ભાવના તમારા પત્રથી ફલિત થાય છે. એને ઘટાડવાની ધૂનમાં ને ધૂનમાં સ્મરણ, ચિંતન, જાપમાં ક્ષતિ ન લાવશો. માણસ માત્ર પ્રારબ્ધ પ્રમાણે લાભાલાભ મેળવે છે. એનો ઉપયોગ કેમ કરવો એ માણસના હાથનો વિષય છે. અમૂલો સમય, અમૂલી શક્તિનો સારામાં સારો ઉપયોગ કરવો એ જ સાચી સમજણ છે. તે જ ડહ્યો, તે જ બુદ્ધિમાન છે કે જે જીવનમાં જાગૃત છે.

દઃ બિંદુ

ૐ

પત્ર ક્રમાંક (૧૩૮) — સાયલા, તા. ૧૯-૮-૧૯૬૪

પોતાની ત્રુટિઓનો ખ્યાલ આવે તે જાગૃતિની નિશાની છે

સેવાયજ્ઞની વેદીમાં વરેલ આર્યાજી!

સંઘનો તથા તમારો પત્ર મળ્યો. તમારા હૃદયના ઉભરા પણ વાંચ્યાં. મકાનમાંથી કચરો કાઢવા ઝાડુ ફેરવો ત્યારે આસપાસ ચોંટેલી રજ એટલી ઊડે કે વાળનારને મૂંઝવી મારે! ભાગી છૂટવાનું મન થાય! એ જ પ્રમાણે અંતરના કચરાનું છે. તેને સાફ કરવાનો પ્રયત્ન જ ન કરે તે શાંતિ અનુભવી શકે! આમ નિરાંત કરી બેઠેલા જીવોનું પણ એમ જ છે.

જેને હૃદયશુદ્ધિ કરવી છે તેને તો એ મૂંઝવણ અનિવાર્ય છે. ગભરાવાનું કે નિરુત્સાહી થવાનું કામ નથી. પોતાના દોષોનો, ત્રુટીઓનો ખ્યાલ આવે છે અને ખેદ થાય

ॐ

પત્ર ક્રમાંક
(૧૩૭)

અનંતકાળથી બીડાયેલ અંતર ચક્ષુ નથી ઉઘડ્યા એની જ વિટંબણા છે

મનુષ્યને સંકટો, દુઃખો, આપત્તિઓ, ખામીઓ, આફતો અને એવા આંચકાઓ માત્ર તેને જગાડવા, બોધ આપવા, તૈયાર કરવા, કંઈક શીખડાવવા અને અનુભવ અર્થે જ આવે છે. પણ જીવ એ વાતને નથી સમજતો એ જ અજ્ઞાન છે. જેટલું વાંચ્યું, શ્રવણ કર્યું, જોયું, અનુભવ્યું અને ભોગવ્યું તેમાંનો શતાંશ પણ જો જીવે યથાર્થ વિચાર કર્યો હોય તો બીજાના બોધની જરુર જીવને રહેત નહિ. જીવની અનંતકાળથી બીડાયેલ અંતર ચક્ષુ નથી ઉઘડી એની જ આ વિટંબણા છે, અને તેથી જ ફોકટ ભય-શોકની હાય વરાળને ધમપછાડા મારી રહ્યો છે.

અંતર ચક્ષુ વિચારથી ઉઘડે છે. સદ્‌વિચાર જ અમૂલ્ય ઔષધ છે. એ જ કોયડાની ચાવી છે. પ્રભુના એક પદને, એક વાકયને, એક શ્લોકને, એક કડીને પણ બહુ બહુ વિચારતાં નવું નવું જણાય છે. નહિ સમજેલું સમજાય છે. આ બધા ખેલમાંથી પોતાને જ જુદો તારવવાનો છે. પોતા ઉપર વધુ ને વધુ સ્થિર થવાય એવી અનુકૂળતા મેળવી એકાગ્ર થવાનું છે.

હંમેશા વાંચન કરતાં વિચાર વધુ કરશો. ફુરસદ તો ણી છે. શાંતિ દિવસ કરતાં રાતે વધુ મળે એ સ્વાભાવિક

છે. આ આઘાત પછી તો તમારે જીવનને જાગૃતિમાં ફેરવી નાંખવું ઘટે છે. અને તેટલી નિવૃત્તિ, શાંતિ, મૌનવૃત્તિ તિતિક્ષા રાખતાં અને અનુભવતાં રહેશો. પ્રભુના નામનો ઉપયોગ વધુ રહે તે લક્ષ્યમાં રાખશો. સર્વને પરમાત્મ સ્મરણનું કહેશો.

દઃ ભિક્ષુ



ઉપસંહાર

આટલાં સિદ્ધિનાં સોપાન ચડયાં કે તરત દૃષ્ટા-જ્ઞાતા એવો એમનો આત્મા અનાયાસે બની જવાનો. આમ તો આ પહેલાંજ એનાં જ્ઞાનચક્ષુથી તેઓ પોતાને અને દુનિયાને યથાર્થ સ્વરૂપમાં જોવા માંડે જ છે, પણ હવે તો ધીરે ધીરે માનવ માત્રનાં મનોભાવ પણ અનાયાસે એવ સાધક-સાધિકાઓ સંન્યાસી કે સાધુ અને સાધ્વીઓને કળાવા માંડે જ છે.



લક્ષ્ય ચુકાવું ન જોઈએ અને નિવૃત્તિમાં પ્રવૃત્તિનો દોર ચુકાવો ન જોઈએ.

આમાં સરળ જીવો જલદી કામ કાઢી જાય છે કારણ કે તે બુદ્ધિના જાળામાં અટવાતા નથી. સુશ્રદ્ધા એવા સરળ જીવોને તરત પ્રાપ્ત થઈ દૃઢ બનવા માંડે છે." બાકી તર્કવાળા વારંવાર ગૂંચવાઈ જાય છે. ગીતામાં 'મયિ બુદ્ધિં નિવેશય' મારામાંજ બુદ્ધિ પરોવી દે, એમ જોરપૂર્વક આથીજ કહેવાયું છે.

દ્વિધાવાળી બુદ્ધિ; સિદ્ધિ માટેની અધીરજ અને મોક્ષે જલદી જલદી જવાની એકાંગિતા આગળ ધપાવીને ય આખરે તો પાડે જ છે. કેટલાક પ્રબળ આત્માઓને વળી અહીંજ કેટલાંક અજાણ્યાં કર્મ 'ઉદય'માં આવી જાય છે ત્યારે જગત એક મોટું બંદીખાનું છે તેની ખાતરી થાય છે, એમ છતાં ઉદાસીનતાની સુટેવ પડતાં કર્તા છતાં અકર્તા બની જવાય છે. જેમ નટ નાટકતો રસપૂર્વક ખેલે છે. તે નકલી હોવા છતાં કેટલીકવાર સાચો સાચ જેવો લાગે છે, પણ એ જાગ્રત નટને તો બરાબર ખ્યાલ છે જ કે હું તો ખલ કરી રહ્યો છું અને આ પહેરેલા વેશથી સાવ ભિન્ન છું.

એજ રીતે દૃષ્ટાભાવે જોનારને જાતસંવેદન સ્પષ્ટ થાય છે કે હું નર નથી તેમ નારી યે નથી, હું તો એ બધાંથી જુદો છું. એથી શ્રેય અને શાંતિનો માર્ગ વધુ છતો થાય છે અને ત્રિદોષ—આધિ વ્યાધિ અને ઉપાધિના ત્રિવિધતાપ નડી શકતા નથી.

બની શકે તેટલો ત્યાગ કરો. એટલે સ્વયં શાન્તિ પ્રગટશે. સાધનો ને સમય, સ્થળ અને જોઈતી સમજણ પણ છે માત્ર એ માટે સાચા પ્રયત્ન-પુરુષાર્થની ખામી છે. સુખ માટે ભટકવાની જરૂર જ નથી તે તો તમારા સન્મુખપણાની રાહ જોઈ રહેલ છે. ઠેલો એટલે દરવાજો ઉઘડશે. પણ પ્રયત્ન સાચો કાયમનો ઘટે. દરવાજો ખોલતાં ચીપટી આવે તેથી શું થયું ? તેને જાળવી લેવું.

વ્યવહાર તરફ દુર્લક્ષ કરતાં રહેવું. આત્મવિશ્વાસ વધારવો. બહારનો સ્વાર્થ જતો કરવા તૈયાર રહેવું. એક તો છોડવું જ રહ્યુ. બન્નેનો લાભ ન લેવાય. બહારનો લાભ તો ઘણીવાર લીધો. હવે તેનો મોહ છોડવો. નીડરતા, નિઃસ્પૃહતા, નિર્લેપતા, નિર્દોષતારૂપ જવાહિર ખરીદવા પૂરું મૂલ્ય ચૂકવીને પણ એ હીરાને જરૂર પ્રાપ્ત કરવા. ખરી શાન્તિ પછી શોધવા જવી નહિ પડે. બીજા પાસે યાચના કરવી નહિ પડે. પારસમણિ તમારા હાથમાં સ્વયં આવશે. ભીખ માંગવા જવું નહિ પડે. એ પ્રાપ્ત કરતાં ઠેસ તો શું પણ પ્રાણાર્પણ કરવા સુધી તૈયાર રહેનાર જીવ વિજય મેળવી શકે છે. કલ્પનાઓ બધી શમી જશે.

જરા નિજ તરફ વળો. અંદર સ્થિર થાઓ. ધીરજ રાખો. બહાર ક્યાંય જવાની જરૂર નહિ પડે. જેટલું સમજાયું છે તેનો તો ઉપયોગ કરો. સાંભળ્યું છે તેટલું તો પચાવો, ચલાય તેટલું તો ચાલો આચરી શકાય તેટલું આચરો. હૃદયની આહ–પ્રગટેલા ઊભરાં લખી જણાવ્યા તે ઠીક છે પણ આટલા સહવાસ પછી શાન્તિ-તૃપ્તિ કેમ અનુભવાતી નથી ? ભરભડતી જ્વાળાથી તો દૂર થયા છો. સંસારનાં સાણસા–

ચોકકાઈથી-કાળજીથી તો તમે ન્યારા જેવા છો. એ પ્રાપ્ત સંયોગોનો લ્હાવો લ્યો. હૃદયમંદિરમાં પરમાત્માની પધરામણી કરો. સર્વત્ર આનંદ આનંદ દેખાશે. અન્યની અપેક્ષા નહિ રહે.

દ. ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૪૨) — મોરબી, તા. ૧૭-૯-૧૯૪૭

સાંભળ્યું તેટલું વર્તનમાં મુકાય ત્યાં સુધી ધીરજ રાખવી

મારે માટે મૌન સિવાય અત્યારે બીજો રસ્તો નથી. દિવાળી સુધી મૌનની ધારણા છે. તમો પ્રબંધાવલી વાંચો છો તે જાણ્યું. શ્રીમદ્ રાજચંદ્ર પણ ઠીક છે જ્ઞાનેશ્વર તથા એકનાથનુ ચરિત્ર પણ સારૂં છે. તમે સાંભળ્યું છે, સમજ્યા છો એટલું સાધનાથી વર્તનમાં મુકાય ત્યાં સુધી ધૈર્યને રાખજો. સમય આવ્યે તમારામાં જ તમે અનુભવશો બહાર જવું નહિ પડે. એ વસ્તુ પ્રયત્નસાધ્ય છે. એમાં અપૂર્વ શ્રદ્ધા અને ધીરજની અને દીર્ઘપણાની અપેક્ષા રહે છે. ઇષ્ટદેવના નામના જપ પણ અપૂર્વ ફળ આપે છે. શીતળતા-શાન્તિ-આનંદ સમય જતાં તમે અંદર જ અનુભવશો. ગભરાશો નહિ ઉતાવળ ન કરશો જ્યાં ત્યાં ફરવાની જરૂર નથી

દ: ભિક્ષુ



છૂટવાનો અમોઘ ઉપાય છે. કારણ કે પરિણામ ઉપર જ બંધનો આધાર છે. એ સ્મરણ સતત રહે તો માઠાં પરિણામ, માઠાં વિચારો કરતાં જીવ થોભે. માઠાં અને સારાંના નિમિત્તો સર્વ સ્થળે છે પણ પોતાના વિચારો તરફ લક્ષ કે કાળજી નથી રહેતી એ કષ્ટની બિના છે. જાણે કરીને પોતાનું અનિષ્ટ કોણ કરે? પણ આ અનિષ્ટના માર્ગે ચાલી રહ્યા છીએ-તેમાં ઉપયોગ નથી રહેતો. બસ કુંચી ત્યાં છે.

વાંચન કરતાં વધુ સમય તે વિચારી જવામાં લેવો ઘટે તો જ વાંચનનું ફળ છે. પોતાના ધ્યેયને અનુરૂપ જ વાંચન. સંગતિ, આહાર, રહેણીકહેણી, શ્રવણ, દૃશ્ય અને ચિંતન ધ્યેયને અનુરૂપ રખાય તો પંથ જલ્દી કપાય. જેટલું સમજાયું હોય તેટલું વર્તનમાં મુકવા પ્રયત્નશીલ થવું.

માનસિક વિચારો, તરંગો, ઉર્મિઓ, અભિલાષાઓ, માગણીઓ એ બધાં પ્રકૃતિના ખેલો છે. તે થકી પોતાની જાતને નિરાળી કલ્પી, દ્રષ્ટારૂપે જોવાનો અભ્યાસ પાડવો. થોડો થોડો વખત પણ અળગા રહી, તેમાં ન ભળી જવાની ટેવ પાડવી. રાત્રિના ભાવપ્રતિક્રમણ અને સવારમાં ગદ્ગદિત કંઠે-ખુલ્લા દિલે ભગવાનના ચરણમાં પડવાની કલ્પના કરી, પ્રાર્થના-સ્તુતિ કરવી. પ્રાર્થનાપચ્ચીસી તથા રત્નાકર પચ્ચીસી સમજપૂર્વક અર્થ વિચારતાં શાંત ચિત્તે હંમેશા બોલવી. બની શકે ત્યાં સુધી નકામી, વ્યવહારની વાતો, માથાફોડો જે કિંમતી સમય લઈ લે છે તેથી દૂર રહેવું.

દ: ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૪૫)

જોરાવરનગર
તા. ૧૩-૯-૧૯૪૯

શ્રેય અને શાંતિનો માર્ગ

તમે પ્રગતિનો, શ્રેયનો, શાંતિનો, પ્રભુના ઘરનો માર્ગ પૂછાવો છો પણ તે માટે સાધનાની જરૂર છે. આપણું વર્તમાન જીવન, નિમ્ન વાસના ભરેલી પ્રકૃતિની આવશ્યકતાઓ, તેની પરિતૃપ્તિની ક્રિયા અને પ્રતિક્રિયાના અંધભાવે ચાલતા યંત્ર જેવું છે. પદાર્થો અને પ્રલોભનોના સમૂહો બહારથી આવી આપણા ઉપર આઘાત કરે છે અને આપણા મન અને ઇન્દ્રિયોને ચલિત કરે છે. તેથી તે આઘાતને પકડવાને મન દોટે છે. તેનો કબજો મેળવે છે અને અહંભાવે તેનો ઉપયોગ કરે છે. આના પરિણામે આપણામાં વિચારો. વિકારો, ક્રિયાઓ, લાગણીઓ ઉત્પન્ન થાય છે. જેને સમગ્રપણે આપણે આપણા જીવન તરીકે ગણીએ છીએ. બસ એ જ સ્થળે જ આપણું બંધન છે. આપણી આસપાસ જે પ્રકૃતિના બળો આપણને ઘેરી વળ્યા છે તેની દયા ઉપર નભવાની આપણી સ્થિતિ આવી પડે છે. આપણે સમતપણે આવતા આઘાતોનો સામનો કરી શકીએ, પ્રત્યાઘાતો રોકી શકીએ, આવતા બધાં સ્પર્શોને અવિચલિતભાવે સહી શકીએ તો જ ખરા અર્થના મુક્ત થઈ શકીએ. આવા ઘાત અને પ્રત્યાઘાતોથી મુક્ત થયેલા મન અને હૃદયમાં ઉચ્ચતમ દિવ્ય જીવનનો આનંદ અને પ્રભા પ્રકાશી શકે છે. દા. ત. સમુદ્ર જેવી રીતે અક્ષુબ્ધ રહીને અસંખ્ય ઝરણાંઓ સહી શકે છે તેવી રીતે આપણે પણ બહારથી ઇન્દ્રિયો દ્વારા આવતા બધાએ સ્પર્શોને સામ પ્રશ્ય

વિના સ્વીકારતાં શીખવું ઘટે. નિમ્ન પ્રકૃતિના સર્વ વેગો-આઘાતોથી આપણી જાતને અલગ રાખતાં શીખવું જોઈએ.

એનો અભ્યાસ કરો કે એ બધા મારાથી ભિન્ન છે. જેમ બહારના દ્રશ્યોના આપણે દ્રષ્ટા છીએ તેમ અંદરના વેગો, ઉર્મિઓ, વિચારો, પ્રલોભનો, વિકારો, તરંગો ને લાલસામય વૃત્તિઓ તે બધાંનો હું દ્રષ્ટા છું. એ બધાં દ્રશ્ય છે. તે હું નથી તેમ તે મારાં પણ નથી. મને તેની જરૂર નથી એમ અનુભવતાં, કલ્પતાં શીખો અને ભગવાનની શક્તિ જોડે સંબંધ જોડો. એની સહાય માંગો તેના પ્રત્યે ખુલ્લા થાઓ. તેને સર્વભાવે સમર્પી હળવા બનો. આમ કરવાથી ક્ષોભ અને પ્રત્યાઘાતો આપોઆપ અટકવા માંડશે. તમે તમારા જીવનમાં દરેક ભાગમાં મૂલભૂત શાંતિ અને તૃપ્તિ અનુભવશો. હંમેશા પ્રેકટીશ નિયમિત, યોગ્ય સમયે, શાંત વાતાવરણમાં કરશો. જે શ્રવણ કર્યું છે તેનું વખત મળ્યે ચિંતન મનન કરશો અને વર્તનમાં મુકવા પ્રયત્ન સેવશો. જીવનને નિયમિત બનાવશો. હંમેશા ઘડતર કરતાં રહેશો. હેયને તજવાનો સંકલ્પ કરશો. નકામા વહેવારને છોડશો. સત્યના પાલનમાં નીડર બનશો. જીવન પ્રભુચરણે સોંપી વહાવશો. એના ભજનમાં તાલાવેલી લગાડશો. અંતઃકરણની પ્રેરણાને અનુસરશો. હૃદયમાં નાથ બેઠેલ છે તેને જાગ્રત કરવા – બહાર લાવવા મથશો, હંમેશાં થોડો વખત મૌન રાખવાની ટેવ પાડશો.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક
(૧૪૬)

સાયલા
તા. ૨૪-૧૧-૧૯૫૨

ત્રિદોષરૂપ વ્યાધિનો ઉપાય સમ્યક્ વિચાર

પ્રાણીમાત્રને ત્રિદોષનો વ્યાધિ વળગ્યો છે. 'મિથ્યાત્વ, માયા ને નિયાણું (વાસના) એનો ઉપાય વિચારસમ્યક્ વિચાર છે. એવા વિચારોથીજ જંબૂ આઠ નવવધૂઓના મોહમાંથી બચ્યા. શાલિભદ્ર જેવા વૈભવી પણ પ્રગાઢ માયાના બંધનથી છૂટ્યા. એજ સમ્યક્ વિચારથી સ્થૂલિભદ્ર કોશા વેશ્યાના નિવાસમાં નિર્લેપ-નિશ્ચિંતભાવે રહી શક્યા એવા વિચારના બળે પ્રદેશીરાજા પ્રેમથી મૃત્યુને ભેટી શક્યો, અને એજ વિચારથી શિકારે નીકળેલ મૃગઘાતક સંયતિરાજા રાજ્ય, ઋદ્ધિ, સમૃદ્ધિ અને વિપુલ ભોગ-ઐશ્વર્ય છોડીને દીક્ષિત થયા. એ વિચારના પરિપાકથી ગૃહસ્થાશ્રમની ગૂંચવણોમાં અબંધભાવે રહી શકાય. એ વિચારની શ્રેણિ, હૃદયની આંતરશુદ્ધિ-સમ્યક વિચારને ટકાવી રાખે છે.

તમારો પત્ર વાંચતા તમો એજ ગડમથલમાં જણાઓ છો. પ્રકૃતિઓની ધમાલથી, તેની સતત પ્રવૃત્તિઓથી, દૃષ્ટા તરીકે, સાક્ષીરૂપે નીરખવા મથો છો અને તેમાં વિઘ્નો પણ આવે છે. એતો સંભવિત છે. યુદ્ધ તો આવા સમયે તીવ્ર જ હોય પણ મને ખાત્રી છે કે પરમાત્માનું શરણ સ્વીકારનારનો છેવટ વિજય જ છે.

ગુરુ કે ભગવાન રુઠ્યા યે નથી ને ભૂલ્યા પણ નથી. તમારા યુદ્ધ તરફ જ દૃષ્ટિ છે. અને એના આશીર્વાદ વરસતા જ હોય છે. માત્ર એ માર્ગ કઠણ અને કાર્ય કઠવાય

છે. અમો પત્ર એ જ માર્ગ મજકુરાને વાચી રહ્યા છીએ. નાટક જોતાં એનાં રમતમાં ભળી જવાય છે; પણ હિંમત, શ્રદ્ધા અને ધીરજ. એકનિષ્ઠા, સતત જાગૃતિનો પ્રયત્ન એટલાં જરૂરનાં છે.

બહારના હુમલાઓ જે દેખાય છે તેના મૂળ ભીતરમાં છે. દેખાય બહાર અને રમાડનાર અંદર એ ખૂબ વિચારવા જેવું છે. બહારનું તોફાન કાયમનું સાચું-જેણમી-ભયંકર. હવે શું થશે એમ પ્રકૃતિઓ સમજાવે છે. પણ તે સત્ય નથી. એ બધાનો આધાર મનની સમજ ઉપર છે. જાણે આપણે એનાથી પર છીએ એમ કલ્પના કરીને વાતાવરણને શાંત કરો. તમારા કરતાં અનેકગણી ઉપાધિઓથી -પરાધીનતામાં અનેક માનવીઓ સબડે છે. પીલાય છે. આર્થિક શારીરિક, કૌટુંબિક કષ્ટમાં જલી રહ્યાં છે, એ દૃષ્ટિએ તમે તમોને જોશો કે પ્રભુની કેટલી દયા છે કે તમો ધારો તો પરમાત્માના શરણે જીવન ધરી અમૂલ્ય વસ્તુ મેળવી શકો એની તક તમને સાંપડી છે. દેખાતાં વિઘ્નો તે તુચ્છ-નમાલાં છે. તમારો માર્ગ કોઈને ન રુચે તે તો સંભવિત છે, નવીન નથી. માટે મોજ કરો. પ્રસન્નતાને જ પ્રગટાવી દીપકને પેટાવો.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક
(૧૪૭)

વાંકાનેર
તા. ૩૦-૯-૧૯૫૩

જગતનાં દૃશ્યોને દૃષ્ટા તરીકે જોવાથી પ્રત્યક્ષ જ્ઞાન થાય છે

તમારો પત્ર મળ્યો. એમ મારો પત્ર તમને જરૂર મળ્યો હશે. ત્યાંના અહેવાલ, પરિસ્થિતિ, ધર્મનો ઉદ્યોત,

પ્રસન્નચિત્તે રહેવું. પુરુષાર્થ, કરવાના સ્થળે થાય તે પુરુષાર્થ કરવો. અર્પણ ભાવને કેળવવું, સંકલ્પબળને વિકસિત કરવું દ્રષ્ટારૂપે જોવાની ટેવ પાડવી, બહારના નિમિત્તોની અસરો ન થાય તેનો કાળજી–ઉપયોગ રાખવો. નાટક જોનારને મજા હોય તેવી નાટક કરનારને ન હોય.

આખું જગત દ્રશ્ય – આપણે દ્રષ્ટા છતાં દ્રશ્યમાં ભળીને હેરાન થઈ ગયાં, ક્ષણિક વસ્તુને સ્થાયી–સાચી–કાયમી માનવાને ટેવાઈ ગયાં. એ પડદો ભારે વિચિત્ર છે. નાટકના પડદામાં સામે કાગળ કે કપડું છે છતાં માઈલ સુધી રસ્તાઓ, હવેલીઓ, મકાનો નાનાં–મોટાં આડાં, અવળાં દેખાય. પડદામાં ખાડાં ટેકરાં નહિ છતાં દેખાય તે માત્ર છાયા ને પ્રકાશનો પ્રતાપ છે. તેવી જ રીતે માયાના પ્રતાપે અસત્ય, સત્ય લાગે છે.

દઃ ભિક્ષુ

ઉપસંહાર

દ્રષ્ટા એટલે માત્ર જોનાર એટલો ટુંકો અર્થ નથી પણ અંદરનું જોનાર–ઈન્દ્રિયો, મન, બુદ્ધિ અને એની પેલે પાર રહેલા કામ, ક્રોધ અને લોભની ત્રિપુટી સાથે વીંટાયેલા આત્માને નિહાળી, કામ, ક્રોધ અને લોભની અસરથી મુક્ત રહી પોતાની બહિરાત્મદશાને અને પોતાના સંપર્કમાં આવતા અથવા પોતા પ્રત્યે એકાગ્ર થતા જીવોની પણ બહિરાત્મદશા છોડાવવામાં સતત લાગી રહેનાર જ સાચો જોનાર છે.

(૧૨) મનન પરત્વે શ્લોક

શાલિની

દશ્યરૂપ જોયું જાણ્યું અનેરૂં,
અંતે દીઠું તેય અંધારૂં ઘેરૂં;
કિંતુ ધ્યાને ચિંતવ્યું જ્યાં ઊંડેરૂં,
ત્યાં લાધ્યું સતેજ સર્વાત્મકેરૂં. (૧)

અનુષ્ટુપ

વાંચો ધ્યાન કરો કર્મ જ્ઞાનભક્તિ તપો જપો,
અંતે તો એમાં સૌનો – આત્માથી નાદ ચિંતવો. (૨)

卐

ઉપોદ્‌ઘાત

'આત્મા જ જોવા યોગ્ય છે' એ વાક્ય આત્મા સિવાય બીજું જે કાંઈ છે, તે પોતાથી ભિન્ન છે એવું ભારપૂર્વક સૂચવે છે. પરંતુ સાંભળવાની, જોવાની સાક્ષાત્કાર કરવાની- એટલે કે અડવાની – ચાખવાની, વદવાની, સૂંઘવાની આ બધી ઇંદ્રિયોની પડેલી ટેવો મોટે ભાગે બહિર્ભાવ તરફ જ પરાણે ખેંચી જાય છે. જેમ ચેતનને મન ખેંચી જાય છે તેમ ઇંદ્રિયો પોતાની પડેલી ટેવો તરફ મનને પરાણે ખેંચી જાય છે. એથીજ આત્મ નિરીક્ષણ પછી કે વારે વારે આત્મસ્વરૂપ વિષે સ્વાનુભવી પુરુષની અપૂર્વ વાણી સાંભળ્યા પછીપણ એ વિષે ઊંડા ઉતરવું પડે છે. અહીંજ ગહન ચિંતનની જરૂર પડે છે.

દૃષ્ટાભાવ સ્થિર થયા પછી પોતામાં રહેલા આત્મતત્ત્વ અને જગતમાં રહેલા આત્મતત્ત્વ વિષે કયાં એકતા છે અને કયાં જુદાઈ છે, એનો મર્મ આવા ધ્યાન લક્ષી ચિંતન વિના પકડી જ ન શકાય અને જો એ મર્મ ન પકડાય તો સાચું સર્વાંગીપણું ન આવે, હા, મમત્વનો વિસ્તાર જરૂર થાય.

સાધક જેમ જેમ વિકાસ માર્ગે આગળ ધપે છે, તેમ તેમ તેનાં કર્મ, તેનું જ્ઞાન અને તેની ભક્તિને પણ પલટવા માંડે છે. પછી એ બધાં બંધનના ભયથી છૂટી મુક્તિમાર્ગનાં મહાસાધન બની જાય છે. એક અર્થમાં કર્મ એ ક્રિયા ન રહેતાં યોગ બને છે અને પછી તો સમજણ પણ ધીરે ધીરે સામાન્યજ્ઞાન ન રહેતાં આત્મલક્ષી જ્ઞાન બની જાય છે, તેને જ્ઞાન યોગ જ કહી શકાય. એવીજ રીતે પોતાના ઉપાસ્યદેવ

કે મહાન ગુરુ આગળ કશુંય યાચવાની અપેક્ષા ન રહેવાથી તે અહેતુકી ભક્તિ એટલે કે ભક્તિયોગ બની જાય છે. આને પૂર્ણયોગની સાધનાસિદ્ધિનો માર્ગ પણ કહી શકાય

પરંતુ અહીં વારંવાર અતિશય ઊંડાણથી જોઈ લેવું પડે છે. આથીજ આ પ્રકરણમાં સવિશેષ એક એકલા મનન પર ભાર મૂકાયો છે." જૈન આગમોમાં એકત્વાદિ ભાવનાનું મહત્વ એટલું બધું આથી જ દેખાય છે.

વ્યવહાર જરૂરી છે પણ તે શુદ્ધ હોવો જોઈએ ભાવ તો હંમેશાં ઉચ્ચ વળાંક જ આપવો જોઈએ. મનના ઘણા ઊંડાણમાં પડેલી અશુદ્ધિ કેટલીકવાર ઘણી ઉચ્ચભૂમિકામાં પહોંચ્યા પછી પણ રહી જતી હોય છે. પળે પળ શુભકાર્ય કરવું અને શુદ્ધભાવનું લક્ષ્ય રાખવું. વૈરાગ્યનાં પેવલાપાનું ન આવે, પળે પળનો સદુપયોગ થાય તે નિહાળવા માટે મનન જ અનિવાર્ય ઉપયોગી સાધન છે.



ૐ

પત્ર ક્રમાંક (૧૪૯) ધરમપુર તા. ૭-૭-૧૯૩૭

પ્રાણીમાત્ર કુદરતની રમતના સોગઠાં જેવા છે

તમારે ઉપરાઉપરી ચિંતા ને ઉપાધિઓની જ કસોટીઓ આવે છે, પણ આવા પ્રસંગોમાંથી મનને અલિપ્ત રાખવું એ સાચી સમજણ ગણાય. પ્રાણીમાત્ર રમતનાં સોગઠાં જેવાં છે. પોતાના હાથમાં જે વાત નથી એની માથાફોડ રોજ કરે ને પોતાનું આવશ્યક કામ જે હાથમાં છે તે તરફ દુર્લક્ષ્ય કરે છે એ માયાની કરામત છે.

કોને રડવું ને કોનો ખેદ કરવો? બધાય કર્માધીન, પરતંત્ર, અજ્ઞાનતાના કીચડમાં ડૂબેલાં. બીજાને બોધ કરવો ને પોતાને એની એ ચકકીમાં પીસાવું. જ્યાં હિત તરફ લક્ષ્ય જ નથી, વ્યવહાર તરફ જ આંખો ખુલ્લી છે ત્યાં શ્રેય કેમ થાય? શાંતિ ક્યાંથી અનુભવાય? મહા પુરુષો તો કરુણા કરીને શાસ્ત્રો દ્વારા અમૃત રેડી ગયા છે, પણ પિપાસા વિના શાસ્ત્રો માત્ર બીજાને બોધવાનાં થાય છે; નહિ તો ભલા કોઈ અપ્રશસ્ત વ્યવહારમાં કે ક્રિયામાં મન કેવી રીતે ચોંટે? કહ્યું છે કે- 'જેને પિપાસા રે અમૃતપાનની તે કેમ ભાંજે વિષ પાનથી રે અભિનંદન જિન દરશન તરસીએ દર્શન દુર્લભ દેવ રે.'

તમને શરીરે ઠીક નથી તે હું સમજું છું પણ તેથી જ હું લખું છું કે જ્યારે શાંતિ હોય ત્યારે આલોચના, નિંદણા અનુપ્રેક્ષા કર્યા કરવી. સેવાનો તમારો ધર્મ જ બની ગયો છે.

છે. જીવ એની શુદ્ધ ભાવનાના આધારે જ રમાડે છે. સમજ કે ભાવ વિનાની ક્રિયાઓ તો કરોડો કરી પરંતુ હૃદયનો ભાવ તેમાં ભળ્યો નહિ. તમને તેની ક્ષુધા-પિપાસા ઉપડી છે એટલે જ એ વ્યથા અનુભવાય છે. હતા એટલા હવે દૂર નથી. જરૂર જાગૃતિની જ છે. એવી જાગૃતિ પણ જ્યારે એ વસ્તુની લય લાગે છે ત્યારે થાય છે. આત્મસન્મુખ થવાનો પ્રયાસ સતત રાખવો. એ જ ઉપયોગ, એ જ ચિંતન, એ જ લગની, એવાં જ વાંચનો, એવો જ સંગ એ બધાં નિમિત્તો મદદગાર થાય છે. વાંચન કરતાં ચિંતનમાં વધુ વખત ગાળવો. વ્યવહારના બંધનો ઢીલાં કરશો. આસક્તિ ઘટે, સેવાભાવ વધે, વાણી-વિચાર ઉપર સંયમ રખાય તે વાત ખાસ લક્ષ્યમાં રાખશો. યોગ બધાં સારાં છે. બીજાંની અપેક્ષાએ ઘણાં સ્વતંત્ર, સુખી અને સાધનવાળાં કુદરતે તમને બનાવ્યાં છે. એટલે આત્મ સાધના અર્થે દયા, પ્રેમ, સેવા, ભક્તિના રસો પ્રગટાવવાનું ખાસ લક્ષ્ય રાખશો.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૫૧) — સાયલા, ૨૦૦૬, ફાગણ વદ ૪

સૂતા પહેલાં મનોમય ભૂમિકાનું નિરીક્ષણ કરવું

.........હમણાં તો ખૂબ ધમાલમાં છો છતાંય તમારા અંતરનો તાર એક જ ધ્રુવ તરફ ખેંચાયેલ રહે છે. પૂર્ણ સદ્ભાગ્ય છે. ધાવમાતાનું બિરુદ ઠીક વિચાર્યું છે. ધાવમાતા એ શબ્દને જો આદર્શ અર્થમાં વિચારીએ તો તેમાં યોગીની જેવી નિર્લેપતા, ભક્તના જેવી સ્વાર્પણતા અને માતાના જેવી

અમે વિધવા છીએ અમારું કોઇ ધણી નહિ, એ ઘણા કાળની ભાવનાને તજી ચંદન બાળાની પેઠે અખંડ એવા વાતાવરણ વાળા થવા પ્રયત્ન કરશો. અહર્નિશ પ્રભુ પાર્શ્વનું સ્મરણ કરો. એ તમારા સમીપેજ છે એમ શ્રદ્ધો અને પ્રત્યેક કાર્યમાં તેની દૃષ્ટિ મારા સન્મુખ ફરતી છે એમ કલ્પો-જરૂર કલ્પો. ફુરસદે અખંડ તેનો જાપ કરો. વાંચનથી બમણું ચિંતન મનન રાખો. વચનામૃતોને વારંવાર ઉપયોગપૂર્વક સ્મરો બાકીના વ્યવહારો, બનાવો, નાટકો-દૃશ્યો ઉપાધિ કરાવનાર કર્મબંધના કારણરૂપ છે. માટે ભુલાય તેટલું ભૂલી જાઓ.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક
(૧૫૩)

નકામી ક્રિયા અને નકામા વાંચનથી ઉદાસીન રહેશો

એ માટે પ્રબુદ્ધ રહેશો. ધાર્મિક ક્રિયામાં મનુષ્યો ટેવાઈ જાય છે એમ રખે ટેવાતા ! જે ક્રિયા આચરો, જે વાંચો, સ્મરણ કરો તે બોજારૂપ નહિ પણ અધિકાધિક હર્ષપૂર્વક, આનંદજનક થાય તેમ કરશો. નકામી ક્રિયા ને નકામા વાંચનથી ઉદાસીન રહેશો. જે કરો તે ગુપ્ત કરશો. લખી આપેલાં વચનામૃતોને જૂનાં ન બનાવશો. શ્લોકોને મુખે કરવામાં પ્રમાદ ન સેવશો. તમારું હંમેશનું ગુપ્ત ભજન, ચિંતન ને ઉચ્ચ વર્તન એવું હોય કે તમારા તરફ વક્રદૃષ્ટિથી જોનારને પણ તમારી ઉચ્ચતા ને પવિત્રતાની ખાત્રી થાય એવું હું જોવા ઇચ્છું છું. તમોને જે અનુકૂળતા છે તે અમૂલ્ય છે તે

ન વિસારશો. જે વાંચો તે ખૂબ વિચારશો. જે-જે વિચારો તે શક્તિ પ્રમાણે વર્તનમાં મૂકશો. શ્રીમદ્દનું થોડું પુસ્તક થોડું થોડું વાંચશો. પ્રતિદિન ચારિત્ર સુધારણામા કાળજી રાખશો. અમૂલ્ય સમય, સાધનો તથા સાનુકૂળતાની કિંમત ન ગુમાવાય એ લક્ષ્ય રાખશો.

દ. ભિક્ષુ

ઉપસંહાર

દ્રષ્ટાભાવ પરથી આ રીતે 'મનન પર ઝોક' પ્રકરણનું વાંચન ચિંતન કર્યા બાદ ફરી પાછા દરેક પ્રકારની સમતા સાધી લેવી તે આ મહા પ્રયાણમાં શા માટે જરૂરી છે? તે મુદ્દો ઊંડાણથી વિચારવાનું સહેજે પ્રાપ્ત થાય છે તેથી હવે આપણે સમતા પ્રકરણના પત્રોમાં ઊંડા ઊતરવું પડશે.



(૧૩) સ મ તા

દ્રુત વિલંબિત

વિષમતા તનને – મન, ચેતને,
જગતમાં રહી સર્વ જીવો વિષે,
અધિક કર્મવશાત્ બની હશે !,
સહન ધર્મથી તે સુખથી થશે. (૧)

અનુષ્ટુપ

વાતાવરણથી કિંવા સમાજ ગત ભૂલથી;
વિષમતા ઘણી આજે, તે તો ઘટે નિવારવી (૨)

માટે જ સમતાધર્મ સર્વ ધર્મ સમન્વયે,
શોધી ધર્મગુરુ સૌએ આ કાર્યે ખૂંપવું ઘટે. (૩)



ઉપોદ્ઘાત

સર્વ પ્રકારની વિષમતા હઠાવવી તેનું નામ છે સમતા. આજના જગતનું શુભચિન્હ એ છે કે 'વિષમતા હવે કઠવા લાગી છે' અત્યાર સુધી કર્મને નામે વિષમતાને સૌ કોઈ પોષણ આપતા 'શું કરીએ આ બાપડનાં કર્મ કઠણ છે, માટે વિષમતા ભોગવે છે!' હું પણ શું કરું! આ રોગ કર્મે કરીને આવી ગયો! કર્મે કરીને આ આવરણ આવી ગયું! અલબત્ત સમાધાન માટે પોતા ઉપર વિષમતાનો ટોપલો ઢોળાય, ત્યારે કર્મને ખાતે ખતવી દેવામાં કદાચ વાંધો નથી. પરંતુ હાલતાં કર્મનો જ દોષ કાઢયો તે કેટલીકવાર સત્પુરુષાર્થને પણ પાંગળો બનાવી મૂકે છે. વિશ્વ શહેનશાહ એવા મહામાનવને પરાવલંબીપણામાં અને પામરતામાં પકડી રે છે. ખરી રીતે બધા પ્રકારની વિષમતાઓને હટાવવી ત્યાં જ માનવીનો પુરુષાર્થ સાર્થક બની શકે છે.

સદ્ભાગ્યે પૂ. ગુરુદેવ કવિવર્યશ્રી નાનચંદ્રજી મહારાજશ્રીએ આજના આ યુગ અવાજને પરખી લીધો એટલું જ નહિ ઉપલી રીતે હાંકી કાઢવા વિશ્વવિશાળ દૃષ્ટિએ એક યુગપ્રધાન પુરુષ ભારતના ગુજરાતમાં જન્મી ચૂક્યો છે, તે પણ એમણે પોતાની ધર્મપૂત અને ધર્મક્રાન્ત દૃષ્ટિથી જોઈ લીધું હતું.

તેઓ માને છે કે પહેલાં એકવાર તો સાધક સાધિકા કે સાધુ-સાધ્વી પરમાત્માની સાથે સતત રાખતાં થાય! તેથી તેઓ વારંવાર કહેતા રહ્યા છે "બીજું બધુય ભૂલો અરે ઊલટે તમારી જાતને ય (અહંવૃત્તિને) ભૂલો" પણ પરમાત્મ

સ્મરણને એક ક્ષણ પણ ન ભૂલો. જીવાત્માને લાંબા કાળનો (જાણે) સ્વભાવ જ એ (થઈ ગયો) છે કે જરૂર વિનાની બીનાને સ્મરણમાં રાખવી અને પ્રત્યેક ક્ષણે ધારી (યાદ) રાખવાની બાબતો ભૂલી જવી...આ વિષમતાને સૌ પ્રથમ હઠાવી દૂર કરવા પ્રયત્ન સેવવો."

દૃષ્ટારૂપે સ્વ પરને નીરખ્યા બાદ જ્યારે મનથી માર્ગ ચોખ્ખો થઇ ગયો ત્યારે વિરાટમાં વ્યાપી રહેલા પરમાત્મામાં લીન રહી, જીવનની અને જગતની વિષમતાઓ હટાવવામાં લાગ્યા વિના છૂટકો જ ક્યાં છે? હા, ન સમજાય ત્યાં લગી લોકો પ્રહારો પણ કરવાના અને પ્રત્યક્ષ ગુરુનો વિરહો પણ પડવાનો! પણ છેવટે તો પ્રહાર કરનાર પણ પોતામાં જ બેઠો છે. પરમગુરુ પણ પોતાનો સહજ આત્મા જ છે અને ભગવાન પણ પહેલાં પોતામાં અને પછી પોતે જ ભગવાનરૂપ છે, એમ જણાયા વિના રહેતું નથી

જ્યાં મન જ સમતામય બન્યું ત્યાં આ બધું સહજ સહજમાં આવ્યે જ જાય! નાથ પાસે 'સમં મનો મેઽસ્તુ સદાપિ નાથ' એ જ પોકાર પાડતા રહેવાનું. જો કે પૂરેપૂરી કિંમત ચૂકવ્યા વિના આ કક્ષા પચતી નથી એ ખરું પણ જ્યાં અંતરાત્મા પૂરેપૂરો જાગી ગયો ત્યાં બધા જ માર્ગો ઉઘાડા આપોઆપ થઈ જવાના.



ૐ

પત્ર ક્રમાંક (૧૫૪)

સાયલા
તા. ૪-૭-૧૯૭૪

પરમાત્માનું સ્મરણ રહે તેવા અધિકારવાળુ હૃદય બનાવવું

અમારા પત્રના અભાવે જોવાની રાહની બીના જાણી. પ્રવાસના લીધે એમ બનવા પામ્યું છે. અમારો પ્રવાસ તથા શાંતિ સમાચાર ઉપરાંત અમારા પત્રમાં જે બીના હોય તે તમે જાણતા હો છો કે પરમાત્માનું સ્મરણ હૃદયમાં સ્થિર થાય એવા અધિકારવાળું હૃદય બનાવવું કે જેથી નકામી કચરા જેવી ભાવના, વિચાર કે બીના ટકે જ નહિ. (યાદ જ ન રહે).

જીવાત્માનો લાંબાકાળનો સ્વભાવ જ એ છે કે જરૂર વિનાની બીનાઓને સ્મરણમાં રાખવી. અને પ્રત્યેક સારું યાદ રાખવાની બાબતો ભૂલી જવી. સંભારી સાંભરે નહિ. આ વિષમતાને હટાવી દૂર કરવા પ્રયત્ન સેવવો. જે જોવાના દૃશ્યો, શ્રવણો અને વિચારો એક ક્ષણ પણ હૃદયમાં સ્થાન આપવા જેવાં ન હોય તે અંતઃકરણમાં ટકે જ નહિ એવું હૃદયને બનાવવું. અને આપણાં સંસ્મરણો પવિત્ર, શુદ્ધ, અમૃત જેવા બને એવી ટેવ પાડવી.

તમે લખો કે અગાઉ કરતાં ઠીક રહી શકો છો. તથાપિ મને એટલેથી સંતોષ ન થાય. આપણે ત્યાં સુધી જવાનું છે કે જે સ્થળે ક્ષણે ક્ષણે હર્ષ-શોક-ભય, ચિંતા, આર્તક્રંદ આદિ આપણને ન સતાવે! નરસાં-નરવાં બનાવો કે વચ

એથી લાગણીઓ ન ઉશ્કેરાય, સ્થિર મને તે દૃશ્યો નિહાળી શકીએ. તટસ્થ રહી શકીએ અને પ્રભુ ભજનથી ફૂટી નીકળતો પ્રવાહ હૃદયને અપૂર્વ શાંતિ આપે તે તે ભાવોને પ્રગટાવવા છે. માટે ગળિયાં ન થશો. હજુ પંથ વધુ કાપવાનો છે. જવાબદારી અને જોખમ પણ હવે વધુ છે.

અત્યાર સુધી તો અજ્ઞાનતાના આચ્છાદનથી નિર્ભય અને નિઃફકરા હતા. પણ કાંઈક સમજાયા પછી જાગૃતિ માટે વધુ તૈયાર રહેવું જોઈએ. ઉપાય તો એ પ્રકારના વાંચન પછી વિચાર અને બળપૂર્વક વર્તનની ટેવ, મન ઉપર સંયમ, વચન ઉપર કાબૂ, કાયાને કસીને નકામી આદતોથી અલગ બનાવવી એ આપણું કામ છે. જો કે મારાથી તમારે ઓછી જવાબદારીઓ છે તો પણ તમારે તમારા પ્રમાણમાં ઉદ્યમી થવું ઘટે છે.

વિરાટમાં વ્યાપી રહેલા પરમાત્માને સમીપસ્થ સમજી પ્રત્યેક કાર્ય કરશો. આધ્યાત્મિક વાંચન, મનનની ટેવ ચાલુ રાખશો. શાંતિપુર્વક જીવન ગાળી શકાય, આત્મવિકાસ થાય તે માટે દૃઢ સંકલ્પ કરશો. આત્મચિંતન-પ્રભુભજનમાં-પ્રમાદ ન કરશો. યોગવાસિષ્ઠ વાંચ્યું ન હોય તો વાંચવાનું શરૂ કરશો.

દઃ ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક
(૧૫૭)

સાયલા
તા. ૩૦-૩-૧૯૫૨

સમં મનોમેઽસ્તુ સદાપિનાથ-સદા સમભાવમાં રહેવું.

જગતના જીવોની એ વૃત્તિ અને સ્થિતિ છે. કોઈને સત્સંગની જરૂર નથી. માત્ર ધર્મધ્યાન કરનાર માતા બ્હેનોને જરૂર લાગે છે. પણ તે તરફ કોને લક્ષ હતું? તમારું હૃદય તો તમારા જેટલું કોણ તપાસી શકે? પણ તમારે સ્વયં આનંદ મેળવતા, એકાન્તમાં એકલપણાની મોજ ઉડાવતાં શીખવું જોઈએ. આપણે ધારીએ એમ જ બને એ વલણને સમભાવી બનાવવું ઘટે...."યોગે વિયોગે ભવને વને વા... નિરાકૃતા શેષ મમત્વ બુદ્ધેઃ સમં મનો મેઽસ્તુ સદાપિનાથ."

સમભાવની એ ભાવના કેળવવી. હૃદય-સંતાપના જુદા જુદા દૃષ્ટાન્તથી મનોભાવ જણાવ્યો પણ પરમાત્માના ચરણે સર્વસ્વ ધરી દેવાની ભાવના કેળવવાનો આ પ્રસંગ છે. શા માટે અંતરના તાપને ઉત્તેજન આપો છો?

રામ રાખે તેમ રહેવું, કોઈને ન કહેવું રામ...
સંકટોને સહેવું રામ રાખે તેમ રહેવું.

તે પણ મોજમાં...શું ઉપાદાન આવું નમાલું હોય? કે તે ધારવા પ્રમાણે ન થાય ત્યાં દુઃખ ઉભરાઈ નીકળે અને બેચેની થાય? સંસારના દુઃખો શું કોઠે પડેલ નથી? જરા ઊંડા ઉતરીને તપાસશો. બધા પ્રકાર સંસારમાં જ છે.

કારણ મારામાં જ છે; એમ માનવું જ બરાબર છે. મારો મારગ જ જૂનો છે. બીજાને બોધ કરતી વખતે એ બોધ હું મારા માટે પણ વિચારું છું. મને જે ત્રુટીઓ દેખાય છે તે માટે પ્રયત્ન ચાલુ છે.

શ્રીજીના પુસ્તકો અરવિંદની ભાવનાને મળતાં છે. તમને રુચે તેવાં સાદાં, સમન્વય એવા લખાણનાં છે પોતાનું જીવન સાદું, નિર્દંભી અને ગુરુવચને ચાલી સમર્પણની ભાવનાને અપનાવવા મથામણ કરેલ છે. પોતાની જાતને ન સુધારે તે બીજાને કેમ સુધારી શકે? એટલે સાધકે તો અન્યની રાહ ન જોતાં પોતાની જાતને સુધારવામાં વધુ લક્ષ આપવું જોઈએ. કોઈ દિવસ નાહિમત કે નિરાશાવાદી ન બનવું જોઈએ!

પોતાનું લક્ષ્ય જો આત્મા તરફ હોય તો નિરાશાનું કંઈ કારણ નથી. છે એને મેળવવું છે. ભલે વિલંબ થાય! ભલેને બીજા ભવે થાય! પણ થયેલો પ્રયાસ નિષ્ફળ નથી જવાનો. દેશમાં આવવાની પ્રબળ ભાવના જાગશે તો કુદરત મદદ કરશે. ત્યાં રહ્યાં રહ્યાં પણ ઘણું કરી શકો તેમ છો. જેને સમજ શક્તિ, પિપાસા કે જિજ્ઞાસા કે પ્રેમ પ્રીતિ નથી એ તો સાક્ષાત્ ભગવાનના સમીપે હોય તો પણ તેનું કંઈ વળતું નથી, અને જેને જિજ્ઞાસા, સમજશક્તિ, પ્રેમઆકાંક્ષા છે તે ગમે તેટલો દૂર હોવા છતાં ઢૂંકડો–સમીપે જ છે. ભાવના અંતરીક્ષપણે ઘણું કામ કરે છે. સાચા અને આચરી શકાય તેવા સંસ્કાર પાડવા પ્રયત્ન સેવશો.

દઃ ભિક્ષુ

ભલે કરવો પડે પણ લક્ષપૂર્વક કરવો. જો અંતરાત્માની પ્રતીતિ છે તો દ્રષ્ટા સાક્ષી રૂપે પોતાને અલગ નિરીક્ષણ કરવાની રીતિ ચાલુ જ રાખવી. માર્ગાનુસારીનો માર્ગ કપાશે એટલે સહજ આનંદની ઝાંખી થશે એવો સર્વ દર્શનકારોનો મત છે.

આજ દિન સુધી જીવે મુખ્યને ગૌણ કર્યું અને ગૌણને મુખ્ય ગણી વ્યવહાર ચલાવ્યો છે. અને તેથી જ ગોથાં ખાધા, ચક્કરમાં પડ્યા, વ્યવહારમાં પણ અપ્રશસ્ત વ્યવહાર બંધનકર્તામાં ખૂંચી રહ્યો છે. એ માટે ખૂબ વિચારવું. સન્માર્ગે કંટક પથરાયા હોય તો પણ ચાલવું અને ઉન્માર્ગે સુવર્ણ પથરાયેલ લાગે તો પણ મુમુક્ષુને ચાલવુ નથી પોષાતું. સિદ્ધિનાં સોપાન તો વિઘ્નોથી ભરેલાં જ હોય છે, એટલે કહ્યું છે કે—

"પ્રેમ પંથ પાવકની જ્વાળા ભાળી પાછા ભાગે જો ને,
માંહિ પડ્યા તે મહાસુખ માણે દેખણહારા દાઝે જો ને!"

વિઘ્નો, મુશ્કેલીઓ, અપમાનો, નિરાશાઓની ભૂતાવળ શ્રેયના માર્ગમાં પથરાયેલી જ છે. પણ સાથે પરમાત્મા પણ છે તેથી ડરવાનું કશું કારણ નથી. દેખાય છે એ કલ્પેલ છે, બધાંય ધુમ્મસો વિખરાઈ જવાના, અદૃશ્ય થવાના. તમોને તમારા અંતરમાં ઘર કરી રહેલ વહેમ, બીક, શું થાશે નો હાઉ, વિપરીત સમજણ એ સિવાયની નડતર નથી. સિંદરીનો સર્પ દેખાય છે. પ્રસન્ન રહો, આનંદ કરો, બધાં સુંદર અને વિપુલ સાધનો અને સમય કુદરતે આપ્યાં છે.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૯૦) — સાયલા, તા. ૨૯–૩–૧૯૫૫

પૂરી કિંમત ચુકવ્યા વગર અમૂલ્ય વસ્તુ મળતી નથી:–

ધું સોંપ્યું હોય તો બોજો શાનો રહે?

ૐ

પત્ર ક્રમાંક (૧૬૨) — વાંકાનેર

તા. ૩૦-૮-૧૯૪૩

સર્વ જીવો સાથે આત્મભાવ કેળવો.

સદ્ગત બહેનની ભજન તરંગિણી પરમાત્મા તરફ દોરી જનારી, મળ વિક્ષેપ નાશ કરવામાં સહાયભૂત લાગવાથી તમોને મોકલી છે. તમે આવી ન શકો તેની ચિંતા ન કરશો. તમારા હૃદયમાં મારું સ્થાન છે તેવી જ મારા હૃદયમાં તમારી ભક્તિની નિર્મળ છાપ છે અને સ્થાન પરસ્પર સાપેક્ષ છે. એ નજીક ન હોવા છતાં નજીક છે. ત્યાં રહ્યાં રહ્યાં થાય તેટલું વાંચન–વિચારણા–સદ્વર્તન કરો અને સાથેના જનોનો સ્નેહભાવ ને ચાહને વધારો તો પરસ્પર સારાં જ લાગે. ભેદની દિવાલો તોડી ઐક્ય સાધો. આર્થિક કારણને વચ્ચે ન આવવા દો. આપણે તો હજી સર્વ જીવો સાથે આત્મભાવ સુધી પહોંચવું છે. આપણો એ આદર્શ છે.

એટલે પ્રાર્થના વખતે 'સત્વેષુમૈત્રી'ને ખૂબ વિચારો, જ્ઞાનને વહેવારમાં ઉતારો. એટલે ઝેર દેખાતું હશે તે અમૃત બની જશે. વાંકા–વસમા બધાં આપણી ઉત્તમ ભાવનાની અસરથી સીધા થશે અને ન થાય તો પણ આપણને તો લાભ જ છે.

વિનયમંત્રના લેખમાં પણ વિચારવાનું છે. છોકરાઓમાં પણ તમારા જેવું જ ચૈતન્ય છે, જે પરમાત્મામાં છે. સેવા પ્રભુ પ્રીત્યર્થે કરો. બદલાની કે કોઈ પ્રલોભનની ઈચ્છા વિના કર્તવ્ય કર્યે જાઓ. એ પ્રભુનું જ કામ માની કરો તો થાક નહિ લાગે.

દૃષ્ટિ જાગી છે તેથી જ બાહ્યના વ્યવહારો ક્રિયા-રસહીન લાગે છે અને લાગવા જોઈએ. ઉપયોગ ત્યાં વાર ટકે છે. બીજા સંયોગો-હકીકત જવાની નથી ત્યાં તમારા પાસે કામ કરાવે છે ને તમે કર્યે જાઓ છો. મારા આટલા સેવકોમાં તમારી ભૂમિકાએ હજી કોઈ દેખાતું નથી.

મારા શરીર માટે તમે ચિંતા ન કરો. વૃદ્ધ શરીર થાય એટલે ધાર્યું કામ ન આપે તથાપિ ગાડી ઠીક ચાલે છે. મને ભરોસો છે નાથનો. એ દોરે છે તેમ હું દોરાઉં છું. મારું કર્યું કે ધાર્યું થોડું જ થાય છે! એની કૃપા દેખાય છે. તમો રસ્તા પર ચાલી રહ્યા છો એ દેખી મને ખૂબ આનંદ થાય છે. અનાસક્તભાવ હોય ત્યારે અર્પણતા પ્રગટે છે. સંપૂર્ણ અર્પણતાને તો વાર લાગવાની, પણ એ તરફનું વલણ છે. ભાન મેં નથી કરાવ્યું પણ તમારામાં આપોઆપ ઉઘાડ થયો છે. તમારામાં યોગ્યતા છે, હું તો નિમિત્તમાત્ર છું. વહેવારિક કાર્યમાં મિશ્રતા છે, તદ્દન નીરસતા નથી.

તેમાં પણ ક્રમ છે, ધીમી ગતિએ ચલન થાય છે. કાર્યમાં ઉદય તો ખરો પણ સાથે તણાવામાં જેટલો રસ એટલી જ સ્વાર્થની ગંધ. નિઃસ્વાર્થતા પ્રગટે એટલે તો બંધન જ નથી ને? કૌટુંબિક કાર્ય છોડી ન શકવામાં લેણદેણનાં પણ થોડાં કારણો ગુંથાયા જ હોય છે—એની ચિંતા ન કરો. સ્થિતિ પાકશે તો કાળે કરીને આપોઆપ અસંગતા, અનાસક્તિપણું પ્રગટશે. લક્ષ્ય ન ચુકાય. એકની જ બધી રમત છે. દેખાતાં દૃશ્યોમાં પ્રલોભન જેવું કશું નથી. ઘણા કાળની ભ્રમણા-ટેવ, અભ્યાસ છે તેને છોડવા ખૂબ ધ્યાન, ચિંતન મનન કરવું અને તે તમે કરો જ છો. અત્ર શાંતિ છે, તમે શાંતિમાં રહો.

દઃ ભિક્ષુ

રાખનાર સાથે પણ નિખાલસ બનવું. મોટું મન રાખી સહનશીલતા ઉપરાંત શાંતિથી પ્રભુ સ્મરણમાં વખત કાઢવો. વગર કારણે ક્યાંય જવાનું બંધ કરવું. અંતરમાં સાચી સમજણ હોય તો ગમે તેવા સ્થળે શાંતિ મળે.

દઃ ભિક્ષુ

ॐ

પત્ર ક્રમાંક (૧૬૬) — અમદાવાદ, તા. ૯-૮-૧૯૫૬

અભેદ દૃષ્ટિથી આપણે સૌ એક છીએ

એ એના માર્ગે મસ્ત, શાન્ત, સ્થિર અને પ્રસન્ન રહે છે વિશેષતા—એની ભક્તિ અને અગડતા, નીડરતા અને શ્રદ્ધામાં છે. તમારો ઝોક જ્ઞાન ઉપર વધુ છે પણ અધવચ છો એટલે જે પ્રસન્નતા, આનંદ અનુભવાવો જોઇએ તે ટકતો નથી. બન્નેના માર્ગમાં થોડો થોડો ફેર છે. એમણે લોકાપવાદ સહી વ્યવહારનાં લફરાં-વળગણાં દૂર કર્યા છે. એટલે નિશ્ચિંતતાથી ધાર્યા પ્રમાણે ભજન કરી શકે છે. તમોને એ યોગ નથી સાંપડયો એટલે બહારના લફરાં પજવે છે. લફરાં એ લફરાં જ છે, પણ છોડવાની શકિતનો યોગ જોઇએ.

સમજાયું છે પણ આચરી શકાતું નથી એમાં પણ ઈશ્વરી સંકેત હશે ! અંતર્દષ્ટિ માટે પ્રયત્ન ચાલુ રાખવા. જે દૃષ્ટિએ આપણે અભેદ—એકરસ છીએ તે દૃષ્ટિએ ભૂમિકા સત્ય છે અને ભિન્નતા કે ફરવતી'પણું' એ સ્થૂળ છે અને પરિવર્તન-અપરિવર્તનરૂપ છે એ લક્ષ્ય ચુકવું નહિ.

બહાર આવવાની કીર્તિ, શ્લાઘા, બહુમાનની ઇચ્છા રહે જ છે. બધાં વ્યવહારો-ચીવટથી પતાવવા પડે છે. જેટલી સાચી સમજ, જેટલી હ્રદય શુદ્ધિ એટલી આસક્તિ ઓછી થાય. બંધનનો આધાર આસક્તિ, રસ અને તાલાવેલી ઉપર છે. તમારું લક્ષ બદલાતું જાય છે. એટલે જ વ્યવહારમાં રસ પડતો નથી. આ બધું ધીમું ધીમું થાય છે.

આનું મૂળ શ્રદ્ધામાં છે. જેને પ્રભુએ "સદ્ધા (શ્રદ્ધા) પરમ દુલ્લહા" કહેલ છે. હું 'આ' નહિ પણ 'આ' (ચૈતન્ય-આત્મા) છું. પરમાત્મા સર્વત્ર વ્યાપક છે. તે મારા સમીપમાં પણ છે, એ શ્રદ્ધા કાયમ નથી ટકતી એટલે ન આચરવા જેવું પણ અચરાય છે. થઈ ગયેલા ભક્તો, મહાપુરુષો, સંતોની શ્રદ્ધા હતી કે અમે તો તેના હથિયાર માત્ર છીએ. તેની કૃપા જ અમારા માટે બસ છે.

કુદરતની રચના તરફ આવતાં આશ્ચર્યમુગ્ધ થઈ જવાય છે એટલું જ નહિ પણ અભ્યાસ કરવા યોગ્ય એ જ શાસ્ત્ર છે એમ લાગે છે. થોડાં જ માણસોનું એ તરફ લક્ષ છે, એ તરફ દૃષ્ટિ નથી. કુદરતની રાહે ચાલવું એ ધર્મ છે. એથી વિરુદ્ધ એ અધર્મ.

બહારની દૃષ્ટિ બંધ કરી, સર્વત્ર વ્યાપક એ મહાસત્તાની અજબ રચના, એનાં અદ્‌ભૂતકાર્યો, એની અફર અસર, અતૂટ નિયમિતતા, પ્રાણી માત્ર ઉપર સમાનતાવાળી અમોઘ દયા, કરુણા, ન્યાય તરફ ધ્યાનપૂર્વક વિચાર કરવાથી ઘણું પ્રાપ્ત [illegible]. રાગ-દ્વેષ, ઉપાધિ શાંત થશે. આપણે ક્યાં છીએ? ને [illegible] એ? તેનો ખ્યાલ આવશે. આ બધું જાણવાથી આપણને



મહાભાગ્યશાળી આત્માઓ જ ઉપાધિના પડદા પાછળ એ પરમ પ્રકાશી પરમ સ્વરૂપની ઝાંખી કરી શકે છે અને તેનામાં મુગ્ધ થઈ વિશ્વના માલિક ચૌટાંથી નિરખે છે અને બીજાને એવી મદદ કરે છે.

ઓહો ! આપણે એવા ક્યાંથી બની શકીએ ? એમ વિચારવાની કશી જરૂર નથી. આપણો તો જન્મસિદ્ધ હક્ક છે. આપણે તો એ માર્ગે જ છીએ. જેને આપણે મહાપુરુષો કહીએ છીએ તેઓ પણ એક વખત આપણા જેવા અને આપણાથી હલકી કોટીમાં હતા એમ તો તમે જાણો છો. માટે આપણા હૃદયમાં જો શુદ્ધ ભાવ, તીવ્ર જિજ્ઞાસા અને શક્તિ સંયોગ પ્રમાણે પુરુષાર્થ થાય તો નિરાશાનું લેશ માત્ર સ્થાન નથી. આંધળી ક્રિયાની આંધળી દોડ તજીને જાગ્યા ત્યારથી સવાર ગણજો.

દઃ ભિક્ષુ

ઉપસંહાર

આવી સર્વમયતા કે વિશ્વમયતા સહજ બની, ત્યાં જે આત્મલક્ષ્ય સાધ્યરૂપે હતું તે પણ હવે સાધનરૂપે બની જાય, તેમાં શી નવાઇ ? એટલે વ્યવહાર નય અને નિશ્ચય-નયનો તાળો મળી જ રહે. મતલબ અહીં આવ્યા પછી શુદ્ધ વ્યવહાર આપોઆપ બની જાય છે.



(૧૫) વ્યવહાર અને નિ
સમતુલા

માલિની

મનુ ગુરુ વડીલોથી પ્રાપ્ત સંબંધ ધરમ,
કદીક સ્વધર્મપંથુ તો વેગળું રે'તું એમ.
નિકટ ફરજભાવનું અંકુશ હૈયે ધારાય,
જીવન વ્યવહૃતિમાં હિત સર્વત્ર ધર્મ. (૧)

અનુષ્ટુપ

...રંતુ પારકું તોને, એવાં ના ભિન્નકર્મ છે;
... સિંધુ-સરિતા ઘરે, સર્વ ધર્મો મળે શુભે. (૨)



ફોઇઝ્નાત

નિશ્ચયનના જે માર્ગે જવામાં જૂનાં ગીડાં સંબંધોને અમુક કાળ લગી વેગળા મૂકવા પડે, એ અસ્વાભાવિક નથી જ. અલબત્ત જૂનાં મીઠાં સંબંધોનું મૌલિકપણું ટકી રહેવું જોઈએ. આ વાત પલવાર પણ ન ભુલાય. જે સંપ્રદાય શરૂ આતમાં આવી ધર્મક્રાન્તિની મૌલિક વાત ન સમજે અને તેથી પ્રબળ વિરોધ અને ગળાબળાટ એવો જબરો થઈ જાય કે જેથી વ્યવહાર અને નિશ્ચયનયના સમતુલા તૂટી પડતી દેખાય; પરંતુ જેઓ પરમસત્યને વફાદાર રહીને પણ સામાન્ય સત્યોને પણ સદાય આવકારે છે, ત્યાં વ્યવહારનય અને નિશ્ચયનયની સમતુલા તૂટતી નથી, ઉલટી સાચા અર્થમાં સાર્થક થાય છે. આ ખૂબીને સમજે તેવો વીર સાધુપુરુષ જ આ કાંટાળે પંથે જાળવી જાળવીને આગળ ધપી શકે છે અને ધપ્યે જ જાય છે.

એવું જ જિનશાસન અથવા તરણ તારણ ધર્મને વફાદાર રહેનાર ગૃહસ્થ નરનારીઓમાં પણ લોહીસંબંધને ઘણીવાર સકારણ ગૌણતા આપવી પડે છે ત્યારે લોકોમાં નિંદા ટીકા થાય તે બધું સહન કરવું પડે છે. પરિગ્રહ, પ્રાણ અને જામેલી પ્રતિષ્ઠાને પણ હોડમાં મૂકી દીધા વિના આ મહાસંસારમાં તરણ-તારણ ધર્મની અખંડ સંશુદ્ધિ સાચવી શકાતી નથી. સાધુ પુરુષની શ્રેષ્ઠતા જિનશાસનમાં આ વિરલ કારણને લીધે હોઈ શકે. બાકી તો નરનારી વચ્ચે કોઈ ભેદ ને એ બન્નેનો યોગ્યતા પામવામાં અને મુક્તિ પામ- ભેદ ન જ પડી શકે.

અહંવૃત્તિ અને મમત્વભાવ ઓછું થયું અને આત્મભાન પ્રબળ થયું. પરંતુ વિશ્વભાન અને આત્મભાન એ બન્નેનો પણ વારંવાર તાળો મેળવવો જ પડે છે અને તો જ વ્યવહાર અને નિશ્ચય બન્ને નયોનો તાળો મળે છે; એટલું જ નહિ આ બન્ને વચ્ચેની અભંગ સૂત્રતા આપોઆપ આવી રહે છે. આમ થયા પછી સંયોગાધીન બનનારો જીવ સંયોગોને પોતાને આધીન બનાવી મૂકે છે.

અહીં જૈનોના પાંચેય સમવાયો (૧) કાળ (૨) નિયતિ (૩) સ્વભાવ (૪) પ્રારબ્ધ અને (૫) પુરુષાર્થ સહજ-સહજમાં તાલમેળ ખાતા અનુભવાય છે. એટલે જ નિરાકુળતા અને અનાસક્તિ-યોગદશા સહેજે સહેજે આવવા માંડે છે, ચિત્ત નિર્ભય બની પ્રસન્ન-પ્રસન્ન રહે છે.

સામાન્ય કામ હોય કે વિશેષ કામ હોય, તેમને મન ભગવાનનાં-મહત્ત્વનાં કામો બની જાય છે પછી એમાં ઉપેક્ષા એવું કશું બને જ કેમ? અલબત્ત એવા પુરુષે પણ ઊંડા મનનપૂર્વક જાગૃતિ, અપ્રમાદ વ. તો રાખવાં પડે જ, તો જ અનાયાસે પ્રાપ્ત થયેલી મહાન પ્રભુની દયાનો લાભ યથાર્થ રીતે લઈ શકાય. એમને અનિષ્ટયોગ અને ઇષ્ટવિયોગ આકુળવ્યાકુળ કરી શકતા નથી. અનાયાસ આવાગમનનું એટલે કે સહજ જીવનક્રમ ધાંધલ ધમાલથી તદ્દન જુદું એવું આચરણ હોય છે અને ઓતપ્રોત વ્યવહારમાં મગ્ન રહેવાનું આવે તોય પોતે પૂરેપૂરા નિર્લેપ રહી શકે છે. એ તત્ત્વનિષ્ઠા ઉપર પ્રશાંતતાથી સહેજે અડગપણું ધરી શકે છે.



ॐ

મોરબી

પત્ર ક્રમાંક
(૧૬૯)

તા. ૮-૧૧-૧૯૪૭

આત્મભાન થાય ત્યારે અંતર બદલાય છે.

સ્વભાવને બદલવો મુશ્કેલ છે. આત્મભાન થાય અથવા કંઈક આઘાત અકસ્માત થાય ત્યારે જ કદાચ બદલાય! સ્વભાવ ઉપદેશ કે લખાણથી બદલાતો નથી.

શાંતિ માટે તમારે જુદા રહેવું એમાં ભયનું કે લજ્જાનું કારણ નથી. વ્યાપાર સાથે અને રહેવાનું અલગ એમાં શું છે? અનેક સ્થળે એમ થાય છે. આમાં ભલમનસાઈ ક્યાં ચાલી જાય છે? દુઃખની વાત તમે જણાવો છો અને હિંમત એક દોકડાભાર નથી. અનેકવાર અનુભવ કર્યા પછી પણ તમારી શિથિલતા વડે રગશિયું ગાડું જ રહ્યું. આમાં તમારો ધર્મ અને માતા-પિતા પ્રત્યે વફાદારી છોડવાની વાત જ ક્યાં છે? માત્ર અલગ રહેવાથી વારંવાર ક્લેશના પ્રસંગ ન આવે પણ તમને તમારો ભીરુ સ્વભાવ સદ્‌ગુણનું રૂપ લઈને રોકે છે. હું તો સર્વના હિતનો કામી છું. પણ તમને બધાને શાંતિ તો ત્યારે જ રહેવાની છે! સૌને પ્રભુ સ્મરણ કહેશો.

દઃ ભિક્ષુ

ॐ

બલદાણા

પત્ર ક્રમાંક
(૧૭૦)

તા. ૪-૨-૧૯૪૯

શ્રેયના પથમાં શકિત અને સમજણની જરૂર છે.

પરમાત્માનાં કાર્યો કરતાં કરતાં સાધક મનની વૃત્તિ પર વધુ લક્ષ્ય આપે છે. બંધન આસક્તિના પ્રમાણમાં થાય

છે. અનાસક્ત સંસ્કારનાં કાર્યો કરવા છતાં બંધાતો નથી. કેવ
યે પ્રસંગ કે વ્યવહાર નહિ કરનાર નવરો માણસ જો આસ
હોય તો મનથી ઘણાં કર્મો બાંધે છે. શ્રેયના પંથમાં શક્તિ
અને સમજણની જરૂર છે

વાંચન પછી તેનું ચર્વણ એટલે ચિંતન મનનની વધુ
અપેક્ષા રહે છે. વ્યવહાર ન છૂટે તેની ચિંતા નહિ પણ તેના
[illegible]ખી ન જવાય, ખૂંચી ન જવાય તે લક્ષમાં રાખવું. આપણું
શરીર અને આપણાં માનેલાં બધા પદાર્થો આપણા નથી જ
પણ ભગવાનના છે. માત્ર આ જીવન પૂરતા તેની વાપર
વાના છે એ સમજણથી વ્યવહાર કરનાર બંધાતો નથી. મારા
માનીને પરિગ્રહ સેવનારને ભય, દુઃખ અને વિપત્તિ છે

પત્ર ક્રમાંક
(૧૩૧)

ૐ

[illegible]

[illegible]
તા. ૧૦-૮ ૧૯[illegible]

અહંવૃત્તિ ગયા પછી જ આત્મભાન થાય છે

હાલ ખૂબ પ્રવૃત્તિમાં રોકાયા છો એટલે તમને [illegible]
[illegible] માટે નવરાશ ન રહે એ બરાબર છે [illegible]
[illegible], અનુભવનો વધારો, મનની [illegible]
પરમાત્માના [illegible] [illegible]
હોય તો [illegible]
[illegible] આવે તે [illegible]
[illegible]

વરસાદ સર્વત્ર સારા સંભળાય છે છતાં તમે તૃષિત છો. તમે પ્રશ્ન કર્યાં તે તમારી દૃષ્ટિએ ઠીક છે ને ધ્યેયની દૃષ્ટિએ, લક્ષની અપેક્ષાએ લખેલ. ખરું જ કહ્યું છે કે 'અહંવૃત્તિ ગયા પછી જ આત્મજ્ઞાન થાય અને ત્યારે સંપૂર્ણ સર્વાંગીણ થાય પણ તે પહેલાં તેને અભ્યાસ તો જારી જ રાખવો પડે છે.' ઇચ્છાના નિરોધનું પણ એમ જ છે. સાધકદશામાં હલકી, તુચ્છ, બંધનકારક ઇચ્છાનો નિરોધ કરવા સજાગ રહેવું પડે છે. બાકી તો શ્રેયમાર્ગના નિમિત્તોની ઇચ્છા તો રાખવી પડે છે. એ તો જાગ્રત હોય ત્યારે જ એ ઇચ્છા રહે છે. વ્યવહારિક કારણે પ્રગટતી ઉદાસીનતામાં પણ વિચારશીલ પ્રાણી પ્રસન્નતાને અભ્યાસથી પ્રગટાવી શકે છે.

હંમેશનો અભ્યાસ, સદ્‌વાંચન, સદ્‌વિચારણા એ ઝંઝાપાતને એક ક્ષણિક, દૃશ્ય ક્ષણિકનો ખેલ માની ધૈર્યપૂર્વક સામનો કરે છે, અને ચિત્તને શાંત રાખી શકે છે

નીચી ભૂમિકાવાળાને સદ્‌વિચાર આવતો જ નથી. એ તો રાગદ્વેષના પૂરમાં તણાયા કરે છે. પણ જેની ભૂમિકા ઉપરની જણાય છે તેની સ્થિતિ દયાજનક નથી હોતી. તમારી પૂર્વની સ્થિતિ, મનોદશા અને વર્તમાન દશા જોશો તો ખાત્રી થશે કે નીચી ભૂમિકામાંથી ઉર્ધ્વીકરણ થયું છે કે નહિ? નબળા વિચાર, નબળી ભાવના પોતાની જાતને નબળી બનાવે છે. માટે એ માર્ગ છોડી દેવો. ઊંચા લક્ષવાળાને હંમેશા ઊંચા વિચાર, ઊંચી અભિલાષા અને દૃઢ સંકલ્પ રાખવા.

દ: ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક
(૧૭૨)

લીંબડી
તા. ૧૬-૬-૧૯૫૨

ઉપસ્થિતિ અને સ્થિતિમાં અનાસક્તિ ભાવ કેળવવો

જે પરિસ્થિતિ પ્રાપ્ત થઈ હોય તેને અનુરૂપ થઈ સંતોષ મેળવવો. શાંતિમાં રહેવું એમાં જ ડહાપણ છે. જે બીના મનુષ્યના હાથમાં સ્વાધીન ન હોય તે માટે 'આમ થાય તો ઠીક, આમ ન થાય તો ઠીક' એ કલ્પના, ઈચ્છા કે રટ એવી એ વિટંબણા જ છે. એટલે જ ઉપસ્થિતિ અને સ્થિતિમાં સંતોષ રાખવો. બની શકે એટલો અનાસક્તિભાવ કેળવવો. જેટલી લેવાય તેટલી અલિપ્તતા અને નિરાકુળતાની મોજ લેવી ને માણવી શીખાય તેટલા જીવન વિકાસના પાઠો શીખવા. ગમે તેવા કપરા સંયોગોમાં પણ ખૂબ શાંતિમાં રહેવાની ટેવ પાડવી. આનંદ એ આપણી પોતાની જાતનો સ્વભાવ છે કે જે આજે ભુલાઈ જવાયો છે

આપણી ઇચ્છા પ્રમાણે રહીએ એમ નહિ પણ એ પરમાત્મા રાખે તેમ રહીએ. ખેંચી ન જવાય એમ વર્તવાનું બનવું. આપણાથી કોઈ નિર્દોષિતને અન્યાય કે કોઈ દુઃખ ન થાય એની ચીવટ રાખવી પ્રત્યેક પ્રવૃત્તિ ઉપર ઉપયોગ રાખવાનો મહાવરો પાડવો. ગમે તેવી મુશ્કેલીમાં કેળવાય તે પણ હું બીજા અસંખ્ય પ્રાણીઓની અપેક્ષાએ સુખી છું એવું સદ્ભાગ્ય છે એમ માનવું. 'હું દુઃખી, નિરાશ્રિત કે દીન છું' એવી કલ્પના કે વિચાર કદીયે ન કરવો. સ્વાત્મામાં આવા એવા નબળા વિચારો જ ન આવે. 'શાંતિથી સતત પ્રાર્થના સાધના ચાલુ રાખજો. દેખાવ વિના હરી આવે.

દ. સંતબાલ

ૐ

પત્ર ક્રમાંક
(૨૭૫)

આરીવલી
તા. ૧૦-૫-૧૯૫૯

જે પોતાનો સુધારો ન કરે તે બીજાને સુધારી
શકતા નથી.

પવિત્ર આર્યાજીઓ !

લોકોને રંજન કરવા, આકાંક્ષા બધો ટાઇમ વ્યવહાર-માં જ ગાળવાની પદ્ધતિ સાધુ-આર્યાઓમાં છે. તેથી બન્નેનું બગડે છે એમ મને લાગે છે. વ્યાખ્યાન પછી તદ્દન અભ્યાસ-નાં જ ક્ષેત્રોમાં રહેવું. નકામા વ્યવહારોને ટૂંકાવવા, આરોગ્ય અભ્યાસ પણ સંયમના લક્ષપૂર્વક હોય તે પ્રશંસનીય છે.

તમારા વર્તન માટેના રિપોર્ટ સાંભળી સંતોષ થાય છે. હિન્દીના અભ્યાસ સાથે અંગ્રેજી પણ શીખવાનું લક્ષ રાખશો. સ્કૂલમાં તો વિદ્યાર્થીઓને પાંચ-સાત વિષયો સાથે જ શીખ-વાના હોય છે. તમે પણ વિદ્યાર્થીઓ જ છો ને! જ્યાં જાઓ ત્યાં સ્કૂલ-વિદ્યાભુવન જ માનવું. આ સમય તમારા માટે વિદ્યાવૃદ્ધિનો છે. પ્રથમ જે પોતાનો સુધારો ન કરી શકે તે બીજાને સુધારી શકતા નથી. પોલી કરતાં નક્કર વસ્તુ વધારે ટકે છે. ચારિત્રબળ, અભ્યાસબળ, પરસ્પર ઐક્ય-સંપ, શુદ્ધ વ્યવહાર એ ઉભયનું કલ્યાણ કરે છે.

હિતેચ્છુના પ્રભુ સ્મરણ

ૐ

પત્ર ક્રમાંક
(૧૭૬)

આયલા
૧૪-૮-૧૯૬૧

આત્મલક્ષપૂર્વક કાર્યો કરનારથી અયોગ્ય કામ થતું જ નથી.

તમારો પત્ર મળ્યો. વાંચી બીના જાણી. ઑફીસનું કામ ધાર્યું સુંદર થયું અને હજી બધામાં છે તેવો સંપ-પ્રેમ રાખવાની ધગશ રહેશે તો ઘણાં સુંદર કાર્યો થશે.

જે વાચન-વિચારણા-સ્મરણ ચિંતન-મનન કરો છો તે નિયમિત કરવાં. એકાગ્રતાથી કરવા, શ્રદ્ધાપૂર્વક કરવા ત્યારે જ એનો ફાયદો દેખાય એ જ વસ્તુ સાચી છે એટલી આત્મશુદ્ધિ એટલી જ શાંતિ, એટલી જીવનની સફળતા વ્યવહાર ભલે કરો પણ હૃદય શુદ્ધિથી થાય તેના બંધન નથી. બંધન અશુદ્ધિથી થાય છે. આત્મલક્ષપૂર્વક સંસારના કાર્યો, વ્યવહાર કરનારાથી અયોગ્ય કામ થતું જ નથી. બંધન તો તેને આવી શકતાં જ નથી.

બાઈજી! તારું હૃદય એ માર્ગે જવાને લાયક છે એટલે તું ભાગ્યવાન છો. તને આરંભ પરિગ્રહનું બંધન ઓછું જ રહ્યું છે એટલે જ લખું છું કે નામ સ્મરણમાં [illegible] છે, જીવન ટૂંકું છે. [illegible] એટલી કે [illegible] અને પ્રેમપૂર્વક નામ સ્મરણ કરવું જોઈએ.

સ. ભિક્ષુ

સંતશિષ્ય મનસુખા

અત્યારે સહાયક છે, અનુકૂળતા પણ છે, જે તમોને લખું છું તે મારે પણ આચરવાનું છે. ધ્યાન કે નામસ્મરણ–તેમાં ઉપયોગ અને નાદ મળે કે એ સ્મરણ, ચિંતન રહે છે. તમે લખો છો કે, 'સમજી શકું છું તેવું આચરી શકાતું નથી' એના કારણો તમે લખ્યાં તે બરાબર છે એમજ મુમુક્ષુઓને પણ બને છે. આમાં માત્ર જાગૃતિનીજ જરુર છે જાગતા રહેનારને ત્યાં ચોર ખાતર પાડતાં ડરે! ઘણા કાળની જોરદાર પ્રકૃતિ ભૂલ ખવડાવે છે તથાપિ સમજણ અને શકિતનો ઉપયોગ ફળ આપે છે. જેટલાં સમજણયુકત શકિતનાં શસ્ત્રો સતેજ એટલે અંશે આપણે જીતી શકીએ

તમારામાં ખંત છે, જાગૃતિ પણ છે, સંયોગો પણ સારા છે. શારીરિક સ્થિતિ જોઇએ તેવી નથી છતાં મનનું ડગમગપણું નથી. સમજાયું છે તેમાં શ્રદ્ધા છે. એ ધન ઘણું છે માટે નિરાશ ન થવું. યોગ્યતા જેમ વધશે તેમ આપનાર જરૂર આપશે, કાળજી યોગ્યતા વધારવાની રાખવી. પ્રારબ્ધના માર્ગની ચિંતા ન કરવી. એ તો 'પ્રાપ્તવ્યો નિયતિઃ બલાત' તમે જાણો છો. પુરુષાર્થ આપણે સ્વાધીન છે.

શ્રદ્ધાનો દોર બરાબર પકડનારને ભય નથી હોતો. બીજાની અપેક્ષાએ તમારા ઉપર પરમાત્માની ખૂબ દયા છે. આરોગ્ય જાળવવા કાળજી રાખશો. હંમેશ મુજબ પ્રાર્થના, આત્મસમજણ ને ઉપયોગપૂર્વક ભાવપ્રતિક્રમણ, વાંચન, ખૂબ વિચારણા કરતાં જ હશો તેનો મને ભરોસો છે. તમો શાંતિમાં–મોજમાં રહ્યાં રહ્યાં આગળ વધો એમ ઈચ્છું છું.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૭૬) — સાયલા, તા. ૧૯-૭-૧૯૬૩

અનુભૂતિ પૂર્વકનો પુરુષાર્થ આત્મશુદ્ધિનો અમોઘ ઉપાય છે.

દર્શનપિપાસુ મિથાબિલાસિની આર્યાજી!

ભક્તિની માત્રાથી ભરેલ, અંતરના ઉભરા ઠાલવતો પત્ર વાંચ્યો. 'માનવ માત્ર અપૂર્ણ અને ભૂલથી ભરેલ હોય છે' એ છદ્મસ્થનું લક્ષણ છે. તારી ભાવના તારી લગન અવશ્ય જ પૂરી કરશે. તેમાં ઉપયોગ, શ્રદ્ધા, ને ધીરજની જરૂર છે.

પ્રાપ્ત થયેલ યોગ (પરિસ્થિતિ) એ જીવનના ભાગ્યને ખીલવવાની મહાન તાલીમ શાળા છે. માનવી માટે પ્રમાદ એ અજાણી ઉધઈ પડતી છે. અનુભૂતિ પૂર્વકનો પુરુષાર્થ આત્મશુદ્ધિનો અમોઘ ઉપાય છે. એ ઉપાય કોઈ વિરલા જ અજમાવે છે.

પોતાનાં વખાણ સાંભળીને કે વાંચીને ખુશી થનાર તો પામર કોટિના મનુષ્ય છે, એ તો તને પણ ખબર છે. ગુરુજનની દ્રષ્ટિ ગુણો જોવા તરફ હોય એ બરાબર છે. પણ [illegible] વિવેકને અવકાશ છે. વધારે [illegible] કરતાં વિવેક ચૂકી જાય છે.

દેહની સુંદરતા અને નિર્દોષ પ્રેમથી ભરી પણ [illegible] — એ વાત સાચી, પણ [illegible] હોય તે જ [illegible] છે. [illegible] હોય છે.

વિવિધ માનવોના સંપર્કમાં સમભાવને સમતુલાને જાળવી
રાખી, પ્રસન્નતાથી ફરજ બજાવવાનો અવસર છે. પોતાનું લક્ષ,
લેશ ચૂક્યા વિના વ્યવહારમાં રહેવું. અપનાવવું ન લાગે
છતાં અંતરથી એકરસ ન બનવું અને દ્રષ્ટારૂપે રહેવામાં જ
સમજાય છે.

કચેરી કપરી હોવા છતાં પ્રસન્નતાથી રહેવું એમાં
મઝા છે. એવા પ્રસંગોમાંથી જેને સાચાં ચક્ષુ છે તે ઘણ
અનુભવો મેળવે છે. ભિન્ન ભિન્ન વિચારોનો ત્યાં મેળો જો
મળે છે. જેના હૃદયમાં સમતા, શાંતિ, હંસબુદ્ધિ હોય છે તે
ગમે તેવા સ્થળે પણ શાંતિ જ રહે છે.

તમે તો ઘણાં અનુભવી છો, વાંચનને પચાવેલ
સત્સંગમાં રસ લેનાર છો, માટે સમતુલા બરાબર જાળવી
ત્યાંના વાતાવરણની આંશિક પ્રતિકૂળતા તેની વચ્ચે રહીને વે
સાથે સાધનની દૃષ્ટિ અને ઈષ્ટદેવના આશિર્વાદનીય યાચના
ભાવભર્યા ઉદ્ગારોથી સંતોષ થાય છે. બેન! સમવૃત્તિ રા
પ્રયત્ન રાખો છો તે યોગ્ય છે. શેઠની તિથિએ ત્રણ કલાક
રાખી ઉચ્ચભાવના ભાવવા પ્રયત્ન કર્યો એ પણ શુભ.

વ્યવહારમાં તો સર્વ મસ્તીમાં જ રસ લેનાર હોય
તેમાં તો વળી લગ્નોત્સવમાં અધિક રસબસમાં મસ્ત હોય
તે સ્વાભાવિક છે. જેને કંઈક સદ્‌વિચારથી દૃષ્ટિ મળી
તે દૃષ્ટારૂપે ઘણું જ્ઞાન, અનુભવ મેળવી શકે, બાકીના તો
ને બંધાવે. આમ જ વિશ્વનો પ્રવાહ વહ્યે જાય છે. એ
અહંવૃત્તિના જ પ્રતાપ છે. તમારે તો દૃષ્ટારૂપે રહેવાનું

ધ્રુવવૃત્તિ કામ કરે છે એમ જે લખ્યું તે કયા
સોને ક્યારે? કયા પ્રકારે? એ જાણવા જેવું છે. આ

'આધ્યાત્મિક પ્રબંધાવલી'માં વૈરાગ્ય પ્રકરણ છે, જેને જૈન પ્રકાશમાં તથા પ્રબુદ્ધ જીવનમાં લીધેલ છે તે તમે વાંચ્યુ હશે, તો પણ ફરીને વાંચશો, જેમાં મહાત્માના વિકાસક્રમની બીના સુંદર વર્ણવી છે

દ. બિંદુ

ૐ

પત્ર ક્રમાંક (૧૮૨)

સાયલા
તા ૬ ૩-૧૯૬૪

આ જગતમાં દષ્ટા કે સાક્ષી બનનારને જ આનંદ છે

માણસનું ધાર્યું બધી વખત થતું નથી, છતાં માણસ પ્રયત્ન તો કરે જ છે. ખેલ ખેલનાર કરતા ખેલ જોનારને વધુ આનંદ આવે છે, તેમ આ જગતના દષ્ટા કે સાક્ષી બનનારને જ આનંદ આવે છે પરંતુ એનો ઉપયોગ જતા અભ્યાસને લીધે ચૂકી જવાય છે.

કુદરતે જીવને જાગૃત કરવાનાં ઘણા નિમિત્તો આપ્યાં છે. વૈરાગ્ય પ્રગટાવવાના અનેક પ્રસંગો નજર આગળ બન્યા કરે છે. પણ દષ્ટિ પલટાના અભાવે લાભ ઉઠાવી શકાતો નથી. નિમિત્ત તો અનેક મળે છે પણ ઉપાદાન તૈયાર ન હોય ત્યાં સુધી 'આંધળા પાસે આરસી' જેવું થાય છે. [illegible] રચના અને રચના, એના લક્ષણો, એની અંદર [illegible] કુદરત ઘડાઈ એવી અજબ છે તેથી જ આનંદઘનજીએ કહ્યું છે કે "અવધુ નટ નાગરકી બાજી જાણે ન બામણ-કાજી."

સાધનનું ગાયન તો ઘણાં આચરણ કરે છે પણ એવું અંતર દિવ્ય દૃષ્ટિ ન હોય તે રહસ્યને સમજવા [illegible]

પરંપરાએ યોગમાં આવ્યા કરે છે. જે અહંવૃત્તિ કાઢવા માટે ક્રિયાઓ, તપશ્ચર્યાઓ, વિચારની યોજનાઓ કરી છે, તે જ ક્રિયાકાંડોમાં, નીકળવાને બદલે વૃદ્ધિ પામે છે. એનું નામ જ માયા છે.

જેમ બાળકને જોઈ માતા આનંદિત થાય છે, જેમ બાળક સાકરના ગાંગડો મળવાથી આનંદ પામે છે, તેમ કોઈને નવો પદાર્થ જોઈને આનંદ થાય છે. કોઈને પૂજ્ય પુરુષના દર્શનથી તો, કોઈને પુસ્તક વાંચવાથી આનંદ થાય છે. આવા જુદા જુદા અનુભવોને લીધે લાગણીઓ ઉત્પન્ન થાય છે, તેને આપણે આનંદ નામે ઓળખીએ છીએ. બધી લાગણીઓ એક સરખી નથી હોતી. કોઈ દેખાતાં સારી અને કોઈ દેખાતાં નઠારી લાગે છે. છતાં લાગણીઓના પ્રકારમાં સામાન્ય અંશ રહેલો છે તે થોડો કે ઝાઝો કાળ એના અનુભવનારને હર્ષિત કરવાનો જ.

ચિત્તની સહજ દશાને પ્રસન્નતા કહી શકાય. એ સ્થિતિ-પ્રસન્નતામાં નથી હર્ષનો ઉભરો કે નથી શોકનો ખાડો–પરંતુ ત્યાં વિરામ અને વિશ્રાન્તિ છે. થાકેલાને આરામની સ્થિતિ તે જ પ્રસન્નતા છે. ચિત્તની પ્રસન્નતાને જો આનંદનું નામ આપીએ તો આનંદ એ ચિત્તની સહજ સ્થિતિ છે. પ્રસન્નતા એ ચિત્તનો સ્વરૂપભુતધર્મ છે. એ બહારની સ્થિતિથી નિર્માણ થતી નથી પણ અંતરંગ સ્થિતિ છે.

પ્રસન્નતાના અધિષ્ઠાન ઉપર જ બધી લાગણીઓનો ઉદ્ભવ થાય છે. આપણું ઊંડું અવલોકન નથી. ચિત્તના તરંગો-[illegible]તિ એટલી અટપટી અને વિવિધ છે કે પૃથક્કરણ થઈ

શકતું નથી. એના અટપટાપણામાં એટલી મોહકતા છે કે એની સહજતા જોવાની સામાન્યપણે ઈચ્છા પણ થતી નથી. જેમ આપણને સમુદ્રના મોજાં જોવામાં જેટલી મજા આવે છે તેટલી તેની સહજસ્થિતિ જોવાની ઈચ્છા થતી નથી તેવી જ રીતે સમુદ્રમાં ઊંચાં મોજાં ચઢતાં જેટલું આપણું લક્ષ જાય છે, તેટલું નીચે ઊતરતા જતું નથી. એ જ પ્રમાણે ચિત્તની લાગણીઓનો ઉભરો આવે છે અને તેના જેટલું લક્ષ આપણે આપીએ છીએ તેટલું લક્ષ ઉતરતી લાગણીઓને કે સહજ સ્થિતિને આપતા નથી. બળજબરીથી સહજપણા તરફ આપણું ધ્યાન ખેંચાય છે ત્યારે ઉભરાતી લાગણીને તાબે આપવા આપણે મથીએ છીએ આપણે જોઈ નથી શકતા કે આ મહેનત લાગણીના ઉભરાને કારણે છે.

આપણને જે લાગણીઓ ઈષ્ટ લાગે છે તેને આનંદની લાગણીઓ કહીએ છીએ. દરેક લાગણી તેની વિરોધી લાગણીની જોડે જ હોય છે. આનંદ અને શોક બન્ને વચ્ચે આપણું ચિત્ત આંદોલિત થયા કરે છે. પ્રસન્નતા એ બેમાંથી એકેયના નથી પણ એ બેની વચ્ચે છે. એનો તાલ, જે ટકે સમયે આવે તે ઉપર એની વાસ્તવિક શાન્તિનો આધાર છે. પ્રસન્નતાનો તાલ વારંવાર આવે એ ઈષ્ટ પ્રયત્ન છે. આપણા ચિત્તની પ્રસન્નતા મળી એ બહારની ચીજ નથી, પણ આંતરિક પર્વ છે

આપણા ચિત્તના તાર નિરંતર ચાલ્યા કરે છે એ અતિ એવી નિયમિત થાય કે જેથી ચિત્ત, સહજ સ્થિતિમાં વારંવાર આવ્યા કરે. તે પ્રસન્ન-પ્રસન્નતા માટે જેણે ઉધ્વ-દર્શનનું ધ્યાન નથી જોયું, કારણ કે આ પુરુષાર્થ-મહેનતમાં આપણે

ભૂલ થાય છે આપણે પ્રસન્નતાને અંદરથી જોવા અને વિચા-
રવાથી કેળવવાને બદલે બહારથી લાવવા અને વસ્તુમાંથી મેળવવા પ્રયત્ન કરીએ છીએ એ આપણી ભૂલ છે.

ઘણાં ખુશમિજાજ અને વિનોદી માણસનું હૃદય જોઈએ, ઉંડેથી તપાસીએ તો ભારે શોકથી દબાયેલું હોય છે. જીવનનો વિચાર કરનારના જીવનમાં એવી પ્રસન્નતા જોવામાં આવે કે તેવી ગંધ પણ વિનોદી કહેવાતા માણસમાં ન આવે. દરેક માણસ બે જોડીદાર લાગણીઓ અનુભવતો હોય છે. તેમાંથી એક લાગણીનો જગતને પરિચય હોય છે, અને બીજી લાગણીઓ તો નિકટના રહેનારાં જ જાણે છે. જે જગતને ડાહ્યો અને ભલો લાગે છે તે ઘરનાને નિષ્ઠુર અને ચિડિયો લાગે છે કોઈક સમાજને કડક લાગે તો નજીકનાને પ્રેમાળ લાગે છે.

અત્યંત શુદ્ધ ચિત્તનો માણસ લાગણીની બન્ને સીમાઓ બધા આગળ સમર્પણ કરે છે. અંદરમાં પ્રસન્નતા અનુભવાતી હોય ત્યારે આપણી બાહ્ય પ્રત્યેની લાગણી, આપણો આનંદ કે આપણો શોક, બન્ને સાથે સ્પષ્ટ જણાય છે. અને અંદરની પ્રસન્નતાનો તાલ ખોવાઈ ગયો હોય ત્યારે કૃત્રિમ ઉપાયોથી આનંદ મેળવવાનો પ્રયત્ન કરે છે. આ બંને વચ્ચેનો ફરક આપણા થોડા વિચારથી આપણે જાણી શકીશું.

દ: ભિક્ષુ



ૐ

પત્ર ક્રમાંક (૧૮૩) — નાવડા, તા. ૨૭-૭ ૧૯૬૪

બધાં કાર્યોમાં નિરાકુલ-પ્રસન્નચિત્ત રહેજો

તમે ઘણાં કાર્યોમાં હશો એ હું સમજુ છું. છતાં પણ સદ્વાંચન, પ્રાર્થના, સ્મરણ, ચિંતન માટે વખત લેતા રહેશો. હજારો કાર્યોમાં યોજાયેલા છતાં નિરાકુલ, પ્રસન્નચિત્ત રહો તે સાચી સમજણ ગણાય. પ્રવૃત્તિમાં પણ નિવૃત્તિ લેવાની કળા જીવનને ખરી શાંતિ આપે છે. તમારા હાથે પરોપકારનાં, પરમાર્થનાં કાર્યો થાય પણ અભિમાનની અહંવૃત્તિની ભાવના ન જાગે તે લક્ષ રાખશો.

આપણે શરીર નથી પણ આત્મા છીએ, મુસાફીર છીએ અને આત્મશ્રેય અર્થે આવ્યા છીએ તે વાતને હંમેશા સ્મરણમાં રાખશો. બની શકે ત્યાં સુધી ખરાબ વિચારોને સ્થાન ન આપશો. સારા પવિત્ર વિચારો કરવાની ટેવ પાડશો. તમારા બાળકોમાં પવિત્ર, ઉચ્ચ સંસ્કારો પડે એવાં ચીવટ રાખશો.

દ. ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૮૪) — [illegible]

આત્માને વહન હોય, કોઈની મૂર્તિને નહિ

[illegible]

[illegible]

સુધી જતી અનુભવાય તો, એ તો આપણી ભાતાની કસોટી-પરીક્ષા છે. અને એ વખતે આપણી શ્રદ્ધાની કક્ષા કે દશા કેવી રહી? તે જાણવા માટેની એક માપશીશી છે.

આવા સમયે સામા તરફ સહેજ પણ અવહેલના થાય કે તિરસ્કારવૃત્તિ થઈ જાય કે કદરભક્તિ ઓછાં થાય તો પતન થયું સમજવું. સેવાભક્તિનો પ્રસંગ સાંપડ્યે પ્રેમભાવે અવશ્ય તેની સેવા કરવી. પરંતુ જ્યાં નમવું ન ઘટે ત્યાં ન જ નમવું. એના આત્માને જરૂર નમીએ - વંદીએ પણ તેની પ્રકૃતિને કે સ્વભાવને તો ન જ નમાય. કોઈની પ્રકૃતિને નમ્યા કે નીચે ઉતર્યા સમજવું.

આપણામાં અક્કડપણું ન આવી જાય! એ ખાસ ધ્યાનમાં રાખવું. ધ્યેયની બાબતમાં અને આપણા આદર્શ પરત્વે મક્કમ રહેવું; એને લીધે આપણે અક્કડ લાગીએ તો ભલે પરંતુ આપણા હૃદયની કોમળતાને જવા ન દેવી. ક્લેશ-કંકાસ કે ઉપાધિથી મનમાં જરા ય સંતાપ ન થવો જોઇએ અને આપણા ધ્યેયને વળગી રહેવું જોઈએ. એ જાતની સતત જાગૃતિ રાખવી.

આપણા સ્વજન આપણને આપણા માર્ગથી નીચે ઉતારવા મોટામાં મોટાં હથિયાર બને છે કારણ કે આપણે તેની સાથે સંકળાયેલા હોઈએ છીએ. એમના પ્રત્યે આપણને બીજા કરતાં વધારે પ્રેમ જાગેલો હોય છે. એ પણ ... તની પ્રભુની કૃપા, કસોટીરૂપ સમજવી. સમજનારને ... ાડી દે છે.

સ્વજનની સાચી પ્રકૃતિનાં દર્શન થતાં એ પ્રત્યેનો
ાહ-મમતા ને રાગ, ખોટી આસક્તિ, સહેજે દૂર થાય છે
ાટે મૂંઝાવું નહિ, પણ સાધક દશામાં જરૂરના હોય છે
ેથી જ એવા પ્રસંગો બનતા હોય છે.

દ. ભિક્ષુ



ઉપસંહાર

વિશ્વમયતામાં વ્યક્તિત્વનો તાળો મળવો એટલું
બસ નથી. વિશ્વમયતામાં વ્યક્તિત્વને ઓગાળી નાખવું
[illegible] છે. આ રીતે નિશ્ચયનયને લક્ષમાં રાખવાથી વ્યવ-
હારનય અને નિશ્ચયનયથી સર્વાંગ સુંદર [illegible] થાય છે.
જેમ કે પરમ સત્ય છે તથા વ્યવહારુ સત્ય છે તે બન્નેનો
સમન્વય સધાય છે; તેને લીધે સર્વ ધર્મસમન્વય ઉપરાંત
ધર્મવિષયનું આચરણ સહજ બને છે. અહિંસક સમા-
જરચના માટે વિચાર અને તત્ત્વજ્ઞાનમાં ક્રાંતિકાર અનેક
[illegible] સાધન [illegible] ને [illegible] [illegible] [illegible]
[illegible] છે જ.

(૧૬) સાપેક્ષવાદ—સ્યાદ્વાદ

વસંત તિલકા છંદ

સાપેક્ષવાદ અથવા કહી સ્યાદવાદ,
નૈકાતવાદ (અનેકાંતવાદ) નયવાદ જ દૃષ્ટિવાદ;
જીવો અનંત વળી શ્રેણિય સૌની ભિન્ન,
જેથી પડ્યાં પ્રગતિ ખાતર ધર્મ ભિન્ન. (૧)

ભુજંગ પ્રયાત છંદ (ભુજંગી છંદ)

પરં સત્ય છે એક જીવો અનંત,
જુદી શ્રેણિ તેથી પડે સત્ય ભિન્ન;
જુદાઈ છતાં ભીતરી એકતાનો,
કરે મેળ તે જ્ઞાની મોક્ષો જવાનો. (૨)



ઉપોદ્ઘાત

"જે એકને જાણે છે, તે સૌને જાણે છે, તેમ જ એકને જીતે છે. તે સૌને જીતે છે" આ જિન તીર્થંકર દેવોના વચનો એવાં છે કે, 'લઉં સૌ આતમ સંગાથે બીજા સંગાથ શાં કરો?' આ જ એમાંથી ફલિત થાય છે

પરમાત્માને સતત લક્ષ્યમા રાખીને પ્રત્યક્ષ ગુરુ અજ્ઞાનના અથવા પૂર્વ જન્મોમા, સત્સંગની ક્રિયા પ્રયત્નથી બરાબર સેવાઈ ગઈ હોય અને સત્પુરુષાર્થથી અંતરાત્મા જાગીને અંતરસ્થ સદ્જ્ઞાનસ્વરૂપ પરમ ગુરુપદ લાધી ગયું હોય તો એ સ્ફુરણા-પ્રેરણા બરાબર ઉપયોગ પૂર્વક-જાગૃતિ પૂર્વક અપ્રમત્તતા પૂર્વક ઝીલી લઈને સ્વપર શ્રેયે અનંત જીવોને તીર્થંકર વીતરાગ સર્વજ્ઞ પ્રણીત તત્ત્વ તરફ ધર્મ માર્ગે સુપાત્ર બનાવવા અને સર્વ જીવોને જિનશાસનના રસિક બનાવવા અખંડ પુરુષાર્થ (ધર્મ ક્રાન્તિને માર્ગે) આદરવો પડે છે. ત્યાં સાપેક્ષવાદ-અનેકાંતવાદની પળે પળે જરૂર પડે છે

પરમ સત્ય એક હોવા છતા, જીવો અનંત અને એની કક્ષાઓ (ભૂમિકાઓ) પણ ભિન્ન ભિન્ન હોવાથી, તે સૌને માટે જે જે ધર્મ તેમને જન્મથી અને વાતાવરણથી મળ્યો હોય, તે તે ધર્મના બરાબર સ્થિરતા રાખીને, તથા તેવા ધર્મ તથા તે તે ધર્મોને, વિશાળ દૃષ્ટિ પણ, [illegible] દેવાનાં, અપનાવવાના, જૈન શાસ્ત્રકારોની [illegible] જરૂર પડે છે તેમ વિચારકો કે તત્ત્વજ્ઞાનના આ સાધનાથી [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] (કે [illegible]) હોય, [illegible] [illegible] છે તેમ [illegible] [illegible]

પ્રભુ જાણી શકે છે. આપણે કશું નથી, આપણે ધારીએ તેમ કરી શકીએ તેમ નથી. તેમ રહેવાનું પણ આપણા હાથમાં નથી. પછી બોજો ઉપાડવાનો અને પકડી રાખવાનો મોહ શાનો? આપણા કરતાં તે વધુ સારું કરશે. પ્રકૃતિને આધીન માણસ જ્યાં ત્યાં ભૂલો કર્યા કરે. રસ્તો સૂઝે નહિ અને અજ્ઞાતમાં ચાલતાં આવડે નહિ; ને કરવું એ કરતાં તો તે કરાવે તેમ કરવું. તેને અર્પણ થવું. 'તં દેવમાપ્તં શરણં પ્રપદ્ય. હે દેવ! અમે તારે શરણે છીએ. તેને ખરેખર શરણે જનારને ગીતામાં કહે છે કે 'યોગક્ષેમં વહામ્યહં', તારા યોગક્ષેમનું હું વહન કરીશ.

પ્રભુ જ્યાં રાખે ત્યાં અને જેવી રીતે રાખવા માગે ત્યાં રહેવું. વિશ્વાસ, શ્રદ્ધા, અચળતા ન ગુમાવવી. તેમાં ઓર મઝા છે એ જ ખરા વૈદ્ય છે. એનું નામ અમૃત છે. એ જ ખરી દવા છે, એનો માર્ગ જ મંગળકારી છે. ઝાઝું ન આવડે તો નામસ્મરણ આવડે કે નહિ? બસ, સૂતાં, બેસતાં, ખાતાં, પીતાં, હાલતાં, ચાલતાં 'તવ શરણું' 'તું હિ તું હિ' એના નામનો ઉચ્ચાર દમણદમ થાય એવી ટેવ પાડવી. પછી એની મજા જોજો.

દઃ ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક (૧૮૯)

સાયલા
તા. ૯-૧૦-૧૯૫૨

સાપેક્ષવાણું દરેક વચન સત્ય છે

મને હવે તદ્દન સારું છે. પ્રથમના પત્રનો જવાબ તાવને લીધે અપાયો ન હતો. ત્યાં બીજો આવ્યો. પ્રથમમાં

દક્ષિણાના વાચનથી, ઉદ્ભવેલા પ્રશ્નો અને તેમાંથી મેળવેલી તૃપ્તિ–લાભ–વાંચ્યો. દક્ષિણાના વાચનના જવાબો તમો ફરીને આવશો ત્યારે વધુ અનુકૂળ પડશે ત્યારે એની ચર્ચા કરવી ઠીક પડશે. પંચમ આરો–કળિયુગ અને સુવર્ણ યુગ એ બધાના સત્ય છે પણ સાપેક્ષવાળું સત્ય છે. કાળદોષ વ્યક્તિ પરત્વે છે કોઈ વ્યક્તિનો કાળ પરિપાક થયો ન હોય તેથી એમ બને કાળ એ પાંચ સમવાયમાંહેલો એક છે

"આદર્શ" બાળક માટે લખ્યું તે બરાબર છે. માતૃ[illegible]. અંતરાત્માની કેળવણી ઉપરનો એક લેખ વાંચવા બીડેલ છે તે ઉતારી લેશો ને પાછો મોકલશો. 'સંતનું દર્શન' એ રૂપક છે. લખ્યું પણ છે કે, થશે એમ નહિ, (માત્ર) પરિસ્થિતિ સમજાવવાનું રૂપક છે"

પ્રથમ અસ્તિ–સ્વરૂપ પછી યત્ન અપંગુતા [illegible] કેળવ્યા વિના અપંગુતા ટકે નહિ. એ બંને વસ્તુ ખાસ ઉન્નત કરવાની છે, એમાં પછી જ ઊંડી સમજણની અપેક્ષા રહે છે એ અપંગુઆતને દર્શનના વિષયના રૂપે એ પોતે તે સમજવું પડશે, સ્થિતિભાવ જણાવેલ છે પ્રત્યેક મુમુક્ષુને એમ જ. [illegible]

તમે અધિસ ન થાઓ [illegible] [illegible] [illegible] કે મહાત્મા જેવા પુરુષો, એક જ [illegible] નથી [illegible]! [illegible] [illegible] પણ ઘણા બધા [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે તો એ એનું [illegible]. [illegible] [illegible] [illegible] [illegible] ઘણા [illegible] [illegible], [illegible] [illegible] [illegible] [illegible] વિના એ [illegible] જ [illegible] [illegible] [illegible] [illegible]

અને ગૌતમના પ્રગટ્યા પછી રહેલા નથી. એ માટે આ સાથેના લેખમાંથી નવીને ઘણું જાણવાનું મળશે. તમારા પ્રશ્નોના ખુલાસા એમાંથી મળશે.

દ: ભિક્ષુ

ૐ

થાનગઢ

પત્ર ક્રમાંક
(૧૮૭)

તા. ૨૭-૧૦-૧૯૫૫

સાચી દૃષ્ટિ પ્રાપ્ત થવી એ જ સદ્ભાગ્ય છે

પત્ર મળ્યો. તમારું લખાણ વાંચતાં પ્રતીત થાય છે કે "તમે સાચા માર્ગે પ્રગતિ કરી રહ્યા છો," પ્રગતિના પંથે જ છો કેમ કે મૂળ ચાવી કુદરતી મળી ગઇ છે અસત્યમાં પણ સત્યની કલ્પના કરી શકો છો. એ દૃષ્ટિનો જ વિષય છે. સાચી દૃષ્ટિ પ્રાપ્ત થવી એ જ સદ્ભાગ્ય છે. તમે કુદરતી વાતાવરણમાં આનંદ લેતા હશો. કુદરતી લીલા પ્રત્યે એખૂટ, અતૂટ શ્રદ્ધાથી આનંદ માણતા હશો.

તમારું લખાણ વાંચી ખૂબ સંતોષ થયો છે. વાંચન કળામાં તમે ઠીક ઠીક પ્રગતિ કરી છે એટલું જ નહિ, પણ તમારાં મન, બુદ્ધિ પણ એ માટે સારી રીતે તૈયાર થતાં જાય છે. મારું આરોગ્ય સારું છે. બાકી હવે શારીરિક અવસ્થા સારી તો ન જ ગણાય. લૌકિક વ્યવહારનું લોકોત્તર માર્ગમાં પરિવર્તન કરવા તમે જે ઉદીરણા કરી રહ્યા છો; તે વિશુદ્ધ-નિર્મળ પ્રેમ-ભાવની અપેક્ષાએ સહજ અને-સ્વાભાવિક છે.

દ: ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક
(૧૮૮)

અમદાવાદ ચીનાઈ બાગ
તા. ૧૦-૭-૧૯૫૬

સૂક્ષ્મ દૃષ્ટિથી સૂક્ષ્મ સંબંધને નીરખતાં શીખો

હું ખાત્રીપૂર્વક જણાવું છું કે મારા માટે તમે જે કલ્પના કરી, જે વિશેષણો આપો છો તેના માટે હું યોગ્ય નથી. હું પણ તમારી પેઠે સાધક છું. બાપુજીએ જેમ વર્તન કરવું જોઈએ તેમ વર્તી શકતો નથી બીજાને કહું છું એ પ્રમાણે હું પૂર્ણપણે વર્તી શકતો નથી. સાધના કરવાની મારી ઈચ્છા અપૂર્ણ જ રહે છે. મારા કરતાં એક દાખલે તમોને અનુકૂળતા છે. આપણે બધાં એ માર્ગના પથિક છીએ. પાડવા પ્રમાણે મારાથી પણ પંથ કાપી શકાતો નથી બુદ્ધિ મારેની મારી ધારણાને વેગ મળતો નથી

તમોને બહારના સાધન-સંયોગોની અનુકૂળતા છે માત્ર વ્યથા મનની અને તે કલ્પેલી છે. મનના અનેક ધૂમ્રજાલને ઉડાડી નાખો તો તમે ખૂબ આનંદ, પ્રસન્નતા મેળવી શકો. અમે દૂર રહીએ તેથી શું? ભલે દિવસ પછી પગલાં શરૂઆત કરી પણ પગલે પગલે કદમ ઉઠાવી મૂકવી પડે છે એક દિવસ અચાનક દર્શન થતું નથી. તમો ખૂબ સાધના સંપન્ન, સમજુ છો એટલે સાધના માટે તમોને બહુ જેટલા દિલાસા નથી.

તમો લખો છો. વિરહ સૂઝે છે [illegible] [illegible] તો છે જ! ખૂબ [illegible] વિચારપૂર્વક [illegible] [illegible] નિયમ [illegible] કરશો. તેમાં [illegible] [illegible] [illegible] [illegible]

દેખાય. શાંતિ સ્વરૂપ તમે પોતે છો. ડિગ્રીની, ઘર પાસેથી, ગરની સહાયથી મેળવવાની શાંતિ એ ખરી શાંતિ નથી. નીરસતા તમે ઉભી કરી છે.

સ્થૂળના વિયોગ તો સંકળાયેલા છે. સૂક્ષ્મ દૃષ્ટિથી સૂક્ષ્મ સંબંધને નીરખતાં શીખો. વિચારો અને મનનાં આંદો- લનો કોઈની રોકટોક વિના સ્વયં સર્વત્ર ફેલાઈ શકે છે એ કુદરતની કેવી ગોઠવણ છે? તમારું અને મારું, સૌનું, વિરામ સ્થાન એક છે. સરાગદૃષ્ટિ વિયોગની વ્યથા ઉપજાવે છે સમ્યગ્દૃષ્ટિને શોકનું સ્થાન ન હોય! ગમે તેવી સ્થિતિમાં આનંદને જ લૂંટે છે, પ્રસન્નતામાં જ રહે છે. કેમકે સર્વત્ર હરિનું જ દર્શન કરે છે.

જેના હૃદયમાં ભગવત નામનો દીપક પ્રગટે તેને સર્વત્ર પ્રકાશ જ હોય છે. તમે કહેશો કે એ ક્યાં છે? દીપક નથી તો પ્રગટાવો. નામ જપનું એ ફળ છે. નૈસર્ગિક દૃશ્યો, તેની કળા, સૌંદર્ય નીરખવાની ચક્ષુ તો તમને પ્રગટી છે. તન્મયતા હોય ત્યાં નીરસતા ટકી ન શકે. બાકી તો પંથ હજી ઘણો કાપવાનો છે, પણ સંતોષ, શ્રદ્ધા, ધીરજ ન ગુમાવશો. કહેજો કે—

પ્રભુ! ડગમગતો પગ રાખ તું સ્થિર મુજ,
દૂર નજર, છો ન જાય, મને એક ડગલું બસ થાય.

એક ડગલું ભર્યા પછી બીજાં ડગલાં જેટલો માગ સૂઝશે. એકી સાથે વગર પ્રયાસે ન મળે. અને સાધક એમ જ ઈચ્છે છે કે મારા પુરુષાર્થના અને યોગ્યતાના પ્રમાણમાં જ મળે. અધિકાર વિના હું માગું પણ નહિ! ખેદ કે કરનાર ખેદને અને અફસોષને નોતરે છે, માટે

એવું રૂપે કરતા! જે મળ્યું છે તેટલામાં-ને સ્થિતિને વધાવી લઈ સંતોષ માનો. પ્રભુકૃપા માનો. અમે ત્યાંથી દૂર હોઈએ બાકી અંતર જેવું નથી. જ્યાં અંતર મળ્યાં ત્યા અંતર કેવા? જેનાં અંતર નથી મળ્યાં તે સંગાથે-સાથે હોય તો પણ જુદાં જ છે.

મનુષ્યમાત્ર પોતાના ડુંગરના દોષને આવૃતના અને પારકાના આવૃતના દોષને ડુંગરના દેખે છે. એ દૃષ્ટિદોષ હૃદયની મલિનતા નીકળ્યા વિના મટે તેમ નથી. તેને તેટલું કહીં, વાંચે કે શ્રવણ કરે, પણ સમ્યક્ વિચાર વિના નાશ ન દેખાય.

દઃ બિંદુ

ૐ

૨૪ [illegible] અર્ધવાડી
(૧૯૯) તા. ૧-૮-૧૯૫૮

[illegible] લિપા [illegible] થાય તેની [illegible] રાખવી

તમારો પત્ર મળ્યો. [illegible] પરિસ્થિતિ, અનુભવ, વિકાસની [illegible] [illegible] મળી શક્યો છું. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible], [illegible] [illegible], [illegible] [illegible], પં. [illegible]. [illegible] અનુભવ [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

કે એ સંતોની બીના છે. મહાસત્તા કે કુદરત તરફ નજર ન પડી હોત તો આ લાભ તમે મેળવી શક્યા ન હોત.

અધ્યાત્મગ્રંથની અનેક પ્રામાણિક રૂપ કેડીને જોતાં, સમજતાં ન આવડે એ, ભિન્નતાથી ભ્રમિત થઈ, અટકી પડે છે. તમારી પ્રભુ પ્રાર્થના બરાબર છે. પ્રત્યેક ક્રિયા સહજ-સ્વાભાવિક થાય એ લક્ષ્ય ન ચૂકાય તેની કાળજી–જાગૃતિ રાખવા સતત પ્રયત્ન કરવો. શુષ્કતા, નિરુત્સાહ, મૂઢતા જેવું લાગે ત્યારે સર્વ છોડી નામસ્મરણમાં નજર ચોંટાડવી. એમાં ઉપયોગ રહે તો તે અમોઘ ઔષધ છે એકલા એકલા પંથ ઠીક કપાયો છે. નિરુત્સાહી ના બનશો. 'દક્ષિણા' તમોને સારી મદદ કરશે વિચારરત્ન રાશિ મળી છે તો તે ઉપયોગી થશે.

તમારા શરીરની આરોગ્યતા જોઈએ તેવી નથી. તેથી તમારો વિકાસપંથ ધીમો પડી જાય છે તે માટે પ્રાર્થનાને-માટે બનતી કાળજી રાખશો. 'દક્ષિણા'ના ભાવાંજલિ અંક વાંચતા હશો. એમાં વિચારપોષક સુંદર સામગ્રી આવે છે. એના અધિકારીને એમાં વધુ રસ આવે

જેને પ્રેરણા ઝીલવાની દૃષ્ટિ છે તેને વિશ્વમાંથી અનેક સ્થળે પ્રેરણા મળી રહે છે. જીવને અનેક રીતે અનેક સ્થળેથી પ્રેરણા મળે અને જીવન વિકાસ સાધતો જાય એવી કુદરતી યોજના છે. માત્ર દૃષ્ટિની જ અપેક્ષા રહે છે. એમાં ઉપદેશની કે રખડપટ્ટીની ક્યાંય પણ જરૂર નથી. તમારા ઘરના આંગણે બેઠાં મેળવી શકાય છે. કુદરતની વસ્તુમાત્ર મૂંગી–મૂંગી પ્રેરણા આપ્યાં જ કરે છે. તમોને તો થોડેઘણે અંશે એ જાતની દૃષ્ટિ મળી છે. એ રીતે તમે ભાગ્યવાન છો. તમારા પ્રત્યેક લખા- જાણી શકું છું.

જાણવાની, સમજવાની, અનુભવવાની જિજ્ઞાસા એ પ્રગતિનાં જ લક્ષણ છે. જીવ એમ જ પ્રગતિ સાધે છે આરોગ્ય, વિકાસના પંથમાં ખૂબ સહાયક બને છે. છતાં આરોગ્ય બગડે ત્યારે એ કસોટીનો કાળ માની, ધીરજ ન ગુમાવાય અને ધર્મના ચાલુ રહે તો અવશ્ય શાન્તિ જળવાય.

પ્રકૃતિ બહુરૂપી છે અને તેની આકર્ષણ નાના કોઈને થાય છે. પણ એ તરફ લક્ષ્ય કોઈ વિરલા જ રાખે છે. જેને એનું લક્ષ્ય છે તે ક્યારે ત્યારે એ ઉપર સ્વામિત્વ પ્રાપ્ત કરી શકે છે. એટલે જ આલોચના, નિંદણા, ગર્હણા કરી વોસિરામિ સુધી પહોંચે છે. પુનાહા અને પુન્નમ ક્રમે ક્રમે નદી પ્રવાસ કરતી. એકનિષ્ઠ, અચલ ઘડાયાળો પત્થરમાંથી પ્રભુનાં દર્શન કરે છે. તમારી ભાવના પોષક યોગ તમોને પ્રાપ્ત થાય છે.

ચિ. બિન્દુ

ૐ

પત્ર ક્રમાંક (૧૬૦) — રૂપ્નાકુંજ, ઘાટકોપર — તા. ૨૭-૭-૧૯૫૮

આપણે તો દરેકમાંથી સાર લેવો. સારગ્રાહી બનવું

અહિત પ્રવાસના આયોજકો!

તમારો પત્ર મળ્યો. આપ્યાન કેમ ચાલે છે? કહુ ... કરું છું. વિ. સમાચાર વિગતથી લખજો. તમારો ... આપવા નહિ ધ્યાન તે બરાબર છે, પરંતુ ... ... લાવીને સૂચવ્યું પાલન કરું છું ... ... વાંચેલા વિચારો અને ... ... તેમ સૂચવ્યું અનુભવ કરવું.

જે સૂત્રો વાંચ્યા હોય કે વંચાય તેની નોંધ-ટાંચણ ભવિષ્યમાં ઉપયોગી થાય તે માટે કરતાં રહેવું. જેથી આ અધિકાર આ સૂત્રમાં છે—એવો ખ્યાલ રહે. તમે આજસુધીમાં કેટલાં સૂત્રો વાંચ્યા છે? 'ઉત્તરજ્ઝયણ વાણી'ના બન્ને ભાગ જોઈ ગયા હશો. એમની શૈલીનો, વિચારોનો ખ્યાલ આવશે. હમણાં-હમણાં ઘણાનાં વ્યાખ્યાનો બહાર પડે છે. તેમનાં વ્યાખ્યાનો જોઈ જવાથી એમના વિચારો તથા જ્ઞાનનો ખ્યાલ આવી જશે.

આપણે તો દરેકમાંથી સાર લેવો. સારગ્રાહી બનવું. દરેક મન, વચન, કાયાના વ્યવહારમાં ઉપયોગ રાખવો. જાગૃતિના અભાવે જ જીવ બંધાય છે. પસ્તાવું પડે છે. 'સમિકખ પંડિએ તમ્હા' એ ગાથા વિચારણીય છે 'જન-કલ્યાણ' માસિક મેળવીને વાંચતા રહેવું. એમાં જાણવા યોગ્ય ઠીક લખાણ હોય છે, હંમેશા નવીન જાણવાના, સમજવાના, આચરવાના કામી થવું.

દઃ ભિક્ષુ

ૐ

સાયલા

પત્ર ક્રમાંક (૧૯૧)

તા. ૧-૩-૧૯૬૩

સ્યાદ્વાદના સ્વરૂપને જાણનારને દ્વંદ્વો મૂંઝવતા નથી

પત્ર મળ્યો. માતાની ભાવના ઉત્તમ છે. માતાજી ગયા પણ સંસ્કાર મૂકતા ગયા છે. જે સંસ્કાર દ્વારા તમે તમારો [illegible]ાસ સાધી રહ્યાં છો. માતા પ્રત્યેનું ઋણ અદા કર્યું તે [illegible]ણની વાત છે.

આ જગત પરિવર્તનશીલ છે એમ જાણનારને નામ ધારક કે ધાર્મિક જગતની અસર થતી નથી. એમ તેવા બનાવો આશ્ચર્ય-ક્ષોભ પમાડી શકતા નથી. સ્યાદ્વાદના સ્વરૂપને જાણનારને દ્વંદ્વો મૂંઝવતા નથી. ખૂબ તટસ્થ શાંત, સ્વસ્થ રહી શકો છો; કેમ ખરું ?

શારીરિક માંદગી ભલે આપણાં કર્મના ખાતામાં ખતવાય પણ વાસ્તવિક રીતે એમાં આપણી ત્રુટી-ભૂલ નાદાન અણઆવડ બનાવ્યાં કે અજ્ઞાનની ચંચળતાથી જ હોય છે

જીવન સંગ્રામયુક્ત છે. વિરોધમાં તો ભાગ્યયુક્ત બીજું નહીં તો ભયંકર છે. અંધકાર અંદર છે અને તેને નાશ કરનાર પ્રકાશ પણ અંદર છે. દુઃખ પણ અંદર છે અને તેનો ઉકેલ પણ અંદર છે. માત્ર તેને બતાવનાર, સહાય કરનાર સાધન બહાર છે. 'જાગ્યા તે સાચું'

માત્ર વાંચનથી કામ પતતું નથી. વાચન પછી વિચાર ચિંતન-મનન અને આચરણ એ તેનું ફળ છે. પંચેન્દ્રિયનાં વિષયો તથા આયોજન છે. કૌટુંબિક કે આર્થિક કે સામાજિક ચિંતાથી તને મુક્ત છે. પુરુષાર્થ તમારા હાથમાં છે. પરમાત્મા તથા બધું ધર્મનો નિમિત્તમાત્ર રહીએ. ૐ શાંતિ

(બિન્દુ

ૐ

પત્ર ક્રમાંક સાયલા
(૨૯૨) તા. ૨૦-૯-૧૯૬૪

જ્ઞાનની ધાર લાગે છે ત્યારે અસાધારણ પલટો આવે છે

તત્ત્વ જિજ્ઞાસુ બેન !

સમયે સમયે તમારા ભક્તિ-વાત્સલ્યભાવનું સ્મરણ થાય છે. વાંચન, વિચારણા, પ્રાર્થના, આત્મચિંતન, નામસ્મરણ કરતાં હશો. એ બીના જીવન સાથે જડાઈ જવી જોઈએ. આજ સુધી જીવે તેને ગૌણ જાણી છે અને સંસારના વ્યવસાયને મુખ્ય ગણી જીવન વિતાવ્યું છે.

યોગ્ય વાત તો તમે સમજ્યા છો. શ્રદ્ધા પણ સત્ય પ્રત્યેની છે. હવે તો તન-મન-વચનથી આચરવાનું રહે છે. વાંચન ગમે તે કરો જ્ઞાનયોગ, કર્મયોગ કે ભક્તિયોગ પણ સરવાળે ધ્યેય એકને પુષ્ટ કરવા માટે છે. સમય અમૂલ્ય, સાધન પણ અમુલ્ય, માત્ર પ્રમાદને તજવો. એ આપણા હાથની વાત છે. જેમ બને તેમ સાચો પુરુષાર્થ કરવા દૃઢતા કરવી.

બેન ! હાલ તમે અરવિન્દનો જ્ઞાનયોગ વાંચો છો અને તેના વિચારો, સિદ્ધાંતો અને તેના જ્ઞાન રસાયણનું તમે પાન કરો છો એવું તમારા લખાણથી જાણ્યું છે. તમે એ જ્ઞાન-સિંધુમાં ઠીક ઠીક અવગાહન કરી રહ્યાં છો. અગાઉ એ અભ્યાસ, વાંચન, વિચારણા કરેલ છે એથી એ અઘરા વાંચનમાં પણ રસ લઈ રહ્યાં છો. તમારું લખાણ હૃદયસ્પર્શી છે. સાધકના યોગમાર્ગની શરૂઆતના પ્રશ્નોતર ઠીક ચર્ચ્યા છે.

તમે મહાસત્તાના સ્વરૂપને નમસ્યા છો એથી સમન્વય કરવાનું રહેલું પડે છે.

જ્ઞાનયોગ સમજવાની સફળતા જીવનના પરિવર્તનમાં છે જ્યારે જ્ઞાનની ચોટ લાગે છે ત્યારે અસાધારણ પલટો આવે છે. બળ વીર્ય સુપ્ત અવસ્થામાંથી જાગૃત-ચેતનવંત બને છે. જેને એ માર્ગમાં રસ છે, તેને ન થાય તેનો પશ્ચાત્તાપ છે એના જીવનનો પલટો થતા વાર લાગતી નથી. એના સાતત્ય બળની તથા ઉપયોગની ખાસ જરૂરિયાત હોય છે એ વાત તમે જાણો છો.

જીવન એ સંગ્રામ છે. પ્રત્યેક શ્વાસે યુદ્ધ જેવી પરિસ્થિતિ છે. જે જાગૃત છે તેનું જાગવું છે - જાગ્રત થયા પછી એને યુદ્ધમાં વિજય જ છે. મુદ્દો એ છે કે તમારો એકલ યુદ્ધ અને સ્તુત્ય છે. જ્ઞાનની અભિરુચિ એ વિકાસના ઉન્નતિની નિશાની છે. હું ઈશ્વર પ્રાર્થના અભિલાષા અનુભૂતિપૂર્વક કરું છું.

દ. ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક [illegible]
(૧૬૩) તા. ૨૬-૧૨-૧૯૬૮

આત્માના વિકાસ માટે તન-મનનાં આરોગ્ય જરૂરી ■

મુક્તિપથના પ્રવાસી આત્માઓ! શાન્તિમાં રહો

[illegible]

જરૂર ગુનામાં છે. જાણી કરીને બગાડે તેમ વર્તવું અને પછી દવા લેવી પડે એ યોગ્ય ન ગણાય. તમારું શરીર માંડ માંડ ઠીક થયું હતું. ત્યાં વળી પરીક્ષા આપી પાસ થઈ વિદુષી બનવાના લોભમાં તણાયાં, એ મને બરાબર નથી લાગ્યું. આત્માના વિકાસમાં, સંયમના પંથમાં શરીર અને મનના આરોગ્યની પ્રથમ જરૂર હોય છે માટે આત્મશ્રેય માટે શરીરની ખૂબ સંભાળ રાખશો.

પુસ્તકમાંથી જે જ્ઞાન મેળવાય છે તેથી અધિક, બહારથી–વિશ્વના પ્રસંગોમાંથી મેળવાય છે. આપણે બધા વિશ્વ વિદ્યાલયના વિદ્યાર્થીઓ છીએ. જેને સાચી દૃષ્ટિ છે તે બહારથી પણ ઘણું મેળવે છે. તમે સત્ય માર્ગે છો, સત્યાભિલાષી છો અને બધાં સુપાત્ર છો. મેળવ્યું છે તેથી અધિકાધિક પ્રાપ્ત કરી જીવનને વિકસિત બનાવી ઉજ્જ્વળજો ! એ અમારા અંતઃકરણનાં આશીર્વાદ છે.

દઃ ભિક્ષુ

ॐ

પત્ર ક્રમાંક
(૧૯૪)

સાયલા

સાચો રહસ્યને સાપેક્ષ દૃષ્ટિથી જાણનાર બહુ થોડા છે

પ્રથમ પત્રમાં 'ધાર્યા પ્રમાણે સેવા થતી નથી એનું કારણ ભાવ–ભક્તિની ખામી તથા નબળાઈ જણાવી', પણ સર્વાંશે એ સત્ય નથી. ગમે તેવી ઈચ્છા હોવા છતાં સંયોગો અટકાવી દયે. તમોને પગે કેવાં અટકાવી આપ્યાં ? તમારી ...ને, મારા પ્રત્યેની ભક્તિને હુ બરાબર સમજું છું પણ ...ન નિરુપાય હતાં માટે એ વિકલ્પ બરાબર નથી.

'સમયસાર' વાંચી સાર ઠીક મેળવ્યો છે. સમયસાર જાણવા યોગ્ય છે અને અધિકારીએ આદરવા યોગ્ય મનાય. જાણવા યોગ્યમાં આવા રહસ્યને સાપેક્ષ દૃષ્ટિથી જાણવાના પણ યોગ અત્યારના કાળ પ્રમાણે ઓછા જણાય છે. કેટલાક અધ્યાત્મવાદ્યો ક્રિયાકાંડ, તપશ્ચર્યા અને બહારની ધામધૂમના વધ્યા છે અને કેટલાક નવા વિચારોના, વિકૃત કેળવણીથી રંગાયેલા, ધર્મવિમુખ થઈને નાસ્તિક બનતા જાય છે. આ પણ વિશ્વ વિકાસનો ક્રમ છે. નવાઈ જેવું નથી.

બીજા પત્રમાં તમે જાતિભેદ માટે ખેદ દર્શાવ્યો છે. એ વિચારના પણ ભૂલ છે. તમારા આત્મવિશ્વાસ અર્થે જ તમને નારીનું સ્થાન આપ્યું છે. તમે તો પુરુષની જાતના હોત તો તમે તમારા ભાઈ બહેનોની પેઠે [illegible] માટે ફરિયાદ કરતાં હોત! તત્ત્વની જિજ્ઞાસા સાથેની ભૂખ, આમ વિચારવાને અવકાશ ન હોત!

તમે નારીના સ્થાનમાં છો એટલે કુદરતી કોમળતા, વાત્સલ્ય, નવું જાણવાની જિજ્ઞાસા, સહિષ્ણુતા વગેરે [illegible] તરફ મીટ માંડવાની, વિચારવાની તમારામાં [illegible] વિકૃત નથી [illegible] વિકૃતિ, [illegible] અને [illegible] નહિ. માટે તમારા વિચારને ફેરવી નાખજો. [illegible] કાંઈ ઓછી છે?

[illegible]

ખામીઓ હોય છે પણ એ ખામીઓ નીકળી જ
નિમાં પ્રાકૃતિક બને. 'સંતબાલ' આવતા મહે મા
કરીશું છે. એટલે માગ છે કે 'સકલ જગતની માની જ
વત્સલતા માતામાં રહું'.

તમારા જેવાં ભક્ત હૃદયને ક્ષમાપનાનો અવકાશ ક્ય
તથાપિ પરસ્પરની ક્ષમાપના વ્યવહાર છે. તમે તમારી ન
પરતંત્ર માનો છો. પણ તમારા પુત્રોથી તમો વધુ સ્વતંત્ર
જીવને બહારની પરતંત્રતા કરતાં અંદરની પરતંત્રતા
મૂંઝવે છે એ ન ભૂલવું. અંદરની પરતંત્રતા કાઢવી. ઈ
હાથમાં છે.

પર્યુષણના દિવસો એટલે ક્ષમાપનાનું પર્વ એમ લ
ભંગ રૂઢ થઈ ગયેલ છે, એટલે એ અરસામાં જાણતા
અજાણતાં, માણસનું મન જરા કૂણું બનેલું હોય છે. કે
વિરલ જ આત્મા એ તકનો લાભ લઈ અંતરને ઉજ્જ
બનાવે છે બાકી મોટે ભાગે તો એ બધી ક્રિયા રૂઢિગ
બનાવટી ક્રિયા, કૃત્રિમ ક્રિયા જ બનતી હોય છે. ક્ષમા કો
કોની આપે? ક્ષમાપનાનું પણ શાસ્ત્ર છે. એ ચર્ચા તો વ
કોઈ એવો નિરાંતનો સમય હોય ત્યારે થઈ શકે તેમ છ
પણ સંસ્કારને વશ થઈને તમારી ક્ષમાપના સ્વીકારી છે તે
તમે પણ મારી ક્ષમાપના સ્વીકારશો.

ખમાવું છું ક્ષમા કરજો બધા ગુના પરસ્પરના,
મિલાવું છું હૃદયવીણા, સુરીલા તારે જીવનના

આમાં પણ ઉપરની અધી કડી મુખેથી અમલ કરી શકાય. બાકીની અધી કડીનાં બધાં અંગો જ્યારે મેળવવામાં આવે ત્યારે જ મેળવી શકાય. બાકી તો બોલવા પૂરતું છે. એ જ પ્રભુસ્મરણ.

૯ બિંદુ

ઉપસંહાર

જેમ નિશ્ચય અને વ્યવહારની વાતમાં સમતુલા આવી, જગતમાં પણ એકતા સાધવા સાપેક્ષવાદની દૃષ્ટિ આપી દીધી, તેમ ઉપાદાન નિમિત્તની પણ અંતર્ગત સમતુલા જળવાય, તે માટે હવે એ વિષયના અંગભૂત જરૂરી પ્રકરણ આવે છે..



(૧૭) નિમિત્ત અને ઉપાદાન

અનુષ્ટુપ

અનેક કારણો વિશ્વે, ને સ્વજીવનમાં તથા;
એમાંનાં મુખ્ય નિમિત્ત, ને ઉપાદાન એ ખરાં. (૧)

અધર્મી થાય છે ધર્મી, મહા નિમિત્તના થકી;
દોષો ન જોઈને તેથી, ખેંચાયે સંત સૌ પ્રતિ. (૨)



ઉપોદ્ઘાત

ઉપાદાન કારણ પોતાના જ પ્રયત્નો ઉપર વધુ ને વધુ વજન આપે છે, જ્યારે નિમિત્ત કારણો બહારના સંયોગો અને પોતાનામાં આવા સંયોગોનું ખેંચાણ થઈ શકે તેવી પરિસ્થિતિ ઉપર ખાસ વજન આપે છે

સામાન્ય રીતે એમ જરૂર કહી શકાય કે બન્ને કારણોની અનિવાર્ય જરૂર છે, એટલું જ નહિ ઘણીવાર તે બન્ને તત્ત્વના કારણો પરસ્પરાશ્રિત હોય છે. “ તેથી આપણે તો આપણું જ કરીએ. બીજાની સાથે લેવા દેવા શું છે ? જગતમાં કે સૌ સૌના સ્વાર્થનાં જ સગાં છે ” આવી જ એકાંગી ભાવના પોતાની ને સાધના પથમાં બાધક થઈ પડે છે.

જૈન ધર્મે જેમ એક બાજુ સ્વપુરુષાર્થ પર જોર આપી પોતાનો મોક્ષ જુએ પોતાના પુરુષાર્થ વડે જ થઈ શકે નહિ તો ખુદ વીતરાગ, સર્વજ્ઞ તીર્થંકર દેવનું નાગર નિમિત્ત બને, તો ય રખડતી છૂટે નહિ, એમ ભારપૂર્વક [illegible] આપી આગીને સમજાવ્યું છે, તેમ બીજી બાજુ [illegible] [illegible]

[illegible]

સંતશિષ્ય મનસુખ

પુણ્યની નિશાની છે. પરમાત્માની દિવ્ય શક્તિઓ તમારા જેવા ભક્ત અને શ્રદ્ધાળુ આત્માને જ નિમિત્ત બનાવી પોતાનું કાર્ય કરે એમાં કોઈ નવાઈ નથી. વાંચન, ચિંતન-મનન કરતાં રહેશો. એજ.

દઃ ભિક્ષુ

ૐ

સાયલા

પત્ર ક્રમાંક
(૧૯૯)

તા. ૨-૭-૧૯૬૩

ભૂલને છુપાવનાર કે જેના દિલમાં ભૂલનો ડંખ નથી તેની શુદ્ધિ થવી દુર્લભ છે

સેવાપ્રિય આર્યાજી !

વિનય, વિવેક, નમ્રતા, ભક્તિ સાથે હૃદયને ખુલ્લો કરતો તમારો પત્ર મળ્યો. વાંચીને મને પરમ સંતોષ સાથે ખેદ પણ થયો, સંતોષ એટલા માટે કે તારી નિખાલસતા, ભૂલનો પશ્ચાતાપ અને શુદ્ધિ માટેની જાગૃતિ છે, ખેદ એટલા માટે કે મારામાં જે વસ્તુ નથી તેવાં વિશેષણો વાંચવાથી થયો.

હું તો માત્ર નિમિત્ત છું. તમે જે સાંભળ્યો એવો બોધ તો ઘણાંએ સાંભળ્યો છે, અને સત્સંગ પણ ઘણાંએ કર્યો છે. પણ તમારું ઉપાદાન તૈયાર છે, પ્રબળ અને પવિત્ર છે. એટલે તમને અસર થાય છે. માનસિક ભૂલ, માનસિક પ્રશ્ચા-પથી ટળી જાય છે. હૃદય ખોલવું એ શુદ્ધિનો પ્રયોગ છે. પ એ ભઠ્ઠી છે એકટાણાનો પ્રયોગ અધિક શુદ્ધિકર છે.

'મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે અને ક્ષમાને પણ પાત્ર છે.' જાગૃત માનવને ભયનું કારણ નથી, ને નથી જ ભૂલને ઢાંકનાર કે જેના દિલમાં ભૂલનો ડંખ નથી. એની શુદ્ધિ દુર્લભ છે, એ દૃષ્ટિએ તમો ભાગ્યવાન છો

માનવ માત્રના અંતરના અનેક પ્રકારના [illegible] કર્મ સુષુપ્તાવસ્થામાં પડ્યા હોય છે તે અમુક નિમિત્ત મળતા દર્શન આપે છે, બહાર આવે છે, પણ જે જાગૃત છે તે સમજપૂર્વક તેનું રૂપાંતર કરી નાશ કરે છે. તેનો ઉપયોગ [illegible] હૃદયનો પશ્ચાત્તાપ, સમજણની ભાગીદારી છે ક્ષમાની વૃદ્ધિ કરવી એ ઉત્તમ છે.

- ભિક્ષુ

ૐ

પત્ર ક્રમાંક
(૬૦૦)

[illegible]

[illegible]

[illegible]

ઉપકારનાં વાક્યો અને જવાબ પત્રનાં નથી માટે મહેરબાની કરીને એવું કાંઈ લખશો નહિ.

નિમિત્ત. તે તો નિમિત્ત જ છે. ઉપાદાન વિના નિમિત્ત કંઈ કરી શકતું નથી. મારો ઉપદેશ તો બીજા ઘણુય સાંભળે છે પણ જેનું ઉપાદાન તૈયાર હોય, યોગ્ય લાયકાત હોય, એ જ જીવનમાં ઉતારી શકે છે, માટે એમાં ખરી મહત્તા તમારી છે; અને તેથી મને સંતોષ છે કે, તમે મારી ભાવના પચાવી છે; અને તેથી જ ધારવા પ્રમાણે સાધના નહિ કરી શકવાનો અફસોસ થાય છે. જૂનાગઢથી મારા પત્રનો જવાબ એવા જ સારા શબ્દોમાં હતો પણ હવેથી ઉપકાર વિષે કે મારી પ્રશંસા સંબંધી જરા પણ ન લખશો.

પ્રારબ્ધ અનુસાર પરસ્પરનો યોગ થાય છે, એટલાં તમે ભાગ્યવાન છો. તબિયતના કારણો ઉદ્ભવે છે એ પણ ભાગ્યમાં એટલી ત્રુટી હશે તે વેદી લેવી. જીવનનું મુખ્ય કાર્ય તમે સમજ્યા છો જીવ મુખ્ય કાર્યને ગૌણ માનીને રખડ્યો. જે બહારનો વ્યવહાર ગૌણ છે તેને મુખ્ય માનીને સમય, શક્તિનો વ્યય ગૌણમાં કર્યો અને મુખ્ય–જેના માટે અમૂલાં સાધનો, અમૂલો સમય મળ્યો છે એવું આત્મ શુદ્ધિનું કાર્ય–અજ્ઞાનવશ ગૌણમાં ગણી જીવન વિતાવ્યું છે.

હવે તમે સમજ્યા છો કે જીવનમાં આ મુખ્ય કાર્ય છે. એમાં પ્રમાદ, ગફલત કે ગૌણનાં ખેંચાણથી તમને અફસોસ પણ થાય છે, તે થવા યોગ્ય છે. એ જાગૃતિની નિશાની છે. પોતાનાં દોષો, ભૂલો દેખાય છે, તે જ ખરા હૃદયથી [illegible]પ કરે છે. અને ફરી ભૂલ ન કરવા માટે જાગૃત હોય છે.

આત્મશુદ્ધિની ચાવી એ છે કે નવા કર્મો આશ્રવના દ્વારથી ન આવે તેની ચીવટ, જાગૃત ઉપયોગ રાખવો અને "સંચિત કર્મોના ઉદયમાં આવતા પહેલા પ્રાર્થના, સ્મરણ, પશ્ચાત્તાપ, સમજપૂર્વકની તપશ્ચર્યા, અનુપ્રેક્ષા, અભિપ્રેક્ષા, નિરીક્ષણ દ્વારા નાશ કરવો અને ઉદયમાં આવેલા શુભકર્મોના નિરભિમાનપણે આત્મ વિકાસમાં ઉપયોગ કરવો અશુભોદય વખતે સમભાવે શાંતિથી નવા કર્મો ન બંધાય એટલી સાવચેતીથી ભોગવી લેવા." આટલી બાબત હૃદયના અવશ્ય અંકિત કરી લેવી.

"જયં ચરે, જયં ચિટ્ઠે"નો પાઠ હંમેશા લક્ષમાં રાખજો. "અપ્પાણં એવ જુજ્ઝાહિ" આ વાક્ય સદા સ્મરણમાં રાખવું. નિંદિત એ અભાવ કુવિચાર છે અંતરંગ જેવું બીજું મહાન બંધન નથી એ અજાગરથી ખૂબ સાવધ રાખવી, ખૂબ ચેતીને ચાલવું આ બધું નવું નથી તે તમે જાણો છો. અનેકવાર કહેવાઈ ગયું છે તથાપિ આ ફરી ફરી લખું છું. તમારી બધા બહેનોની ક્ષમાપના સ્વીકારી છે એ જ પ્રમાણે અમારી ક્ષમાપના સ્વીકારશો. [illegible] અને ક્ષમાને પાત્ર છે.

• સંતબાલ



ઉપસંહાર

આમ વિવિધ ચર્ચા, જીવન અને જગતની કરતાં કરતાં આ પત્રો આજના જગતમાં ધન ઝંખનાનો જે મહારોગ લાગુ પડ્યો છે અને તેને લીધે કેટલીકવાર તો માનવજન્મ અને ધર્મપ્રધાન ભારતમાં ઋષી મુનિઓનું વાતાવરણ પામીને પણ ધન પ્રાપ્તિમાં મશગુલ થઈ જવાય છે — તે તરફ ધ્યાન દોરે છે.

સદ્ભાગ્યે આ ધર્મપ્રધાન દેશની પ્રજા પર સંતોનો ભાર અને પ્રભુનો આશીર્વાદ ઊતરવાને કારણે ખરે ટાણે ધર્મગુરુઓની તીવ્ર પ્રજા જાગી જતી જણાય છે, પણ ગુરુદેવ તે અહીં અપરંપાર જવાબદારી ઊભી થાય છે. ગુરુદેવ તે સ્થળે જૈન શ્રાવકોના ટ્રસ્ટીપણા તરફ જેમ એક બાજુ ખેંચે છે, તેમ બીજી બાજુ પુણ્યા શ્રાવકની શ્રમભરી સાદાઈ તરફ પણ ખેંચે છે અને છતાંય ધન વધી જ જાય તો દાનની સાચી દિશા પણ ચીંધે છે. સાદા માનવી ગરીબીમાં અમીરાત માણે છે અને જે શિક્ષાદાન અને ધર્મદીક્ષા પ્રદાન કરે છે તે કાર્ય કેટલું મહત્ત્વનું હોય છે તે પણ અઢારમા પ્રકરણમાં હળવેકથી બતાવી દે છે.



(૧૮) ધનની મર્યાદા અને દાનની દિશા

સવૈયા એકત્રીસા

ધન નથી પુણ્યતણું ફળ કેવળ, એમ સીધી પેલાં [illegible]
નીતિ ન્યાયને પ્રમાણિકતા, ધર્મવૃત્તિ એ ધન આધાર
મરથી માંડી જગત જમી [illegible], [illegible]
મર્યાદિત એમ તેને પચો, ધનના વહીવટદાર બનો ૧

દીધું ધર્મ-મન પેટે [illegible], પછી [illegible]
[illegible] વધી, [illegible]
[illegible] સ્વાર્થની [illegible] [illegible]
[illegible] સંતુલિત [illegible], [illegible] ૨

—:○:—

ઉપોદ્ઘાત

"પહેલું સુખ તે જાતે નર્યા" એ જાણીતી ઘરગથ્થુ કહેવત અનુસાર જૈનાગમો સૌથી પહેલાં પ્રત્યેક સુપરિણામ 'તંદુરસ્ત માનવકાયા' બતાવે છે. પછી બીજાં સાધનોની બાબતમાં 'મિત્તવં નાયવં હોઈ' એમ કહી મિત્ર, જ્ઞાતિ વગેરે સંબંધરૂપ સાધનો દર્શાવે છે. ત્યારબાદ બીજા પોતાને માટેનાં આજીવિકાનાં સાધનો અને છેવટે સોનું ચાંદી વગેરે આભૂષણો અને પશુસંપત્તિ તથા માનવસાથીજન વગેરે દર્શાવે છે.

આજના યુગમાં ઘરથી માંડીને જગત લગી જે શા નાણાંનું મહત્ત્વ વધ્યું છે, તેટલું ભૂતકાળમાં ક્યારેય નહો એટલું જ નહિ, વ્યક્તિગત માલિકી હકની પૂરેપૂરી છૂટ હો છતાં, તેઓ પોતાની સંપત્તિ, ન્યાયસંપન્ન આજીવિકા દ્ જ મેળવતા. એટલું જ નહિ, બલકે ન્યાયસંપન્નપણે મે વેલી સંપત્તિના પણ પોતે માલિક નહિ, પણ ટ્રસ્ટી હોય રીતે જ વર્તતા.

ગાંધીજીએ જ્યારે અહિંસક (અથવા ધર્મમય) સમ રચનાની વાત લીધી, તેમાં એમણે શરૂઆતથી જ ગૃહ ગ્રામોના ઉદ્યોગોને પ્રથમ સ્થાન આપ્યું. એની પાછળ અ દુનિયાની વિશાળ દૃષ્ટિ હતી. વિશ્વસંત ગુરુદેવ આથી ધર્મદૃષ્ટિએ પણ એ અલ્પારંભી બાબત ઉપર ધ્યાન ું અને પોતાની અસરવાળાં સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રા પાસે અપાવ્યું.

પણ પુરેપૂરું નિરીક્ષણ સાથે ભગવાનનું અને પ્રાણીમાત્રની વિશ્વમાનવતાને પણ પ્રભુને પગલે રાખી ઝડપમાં લેવી.

આ બધું તેઓ એવી સાથે ક્રમેક્રમે સૂચવતા રહી ધીરેધીરે શ્રદ્ધાળુ જનોનું ઘડતર કરતા રહે છે. તેઓશ્રી વારંવાર એ યાદી આપે છે કે,—"વિદ્યાર્થીઓને વિદ્યા પ્રાપ્ત કરાવવામાં તમે સારી મદદ કરો છો, તે ઉત્તમ છે....આપણું કશું નથી. બધું ભગવાનનું છે. આપણે તો માત્ર વહીવટદાર છીએ" અજ્ઞાનજન્ય જંજાળ અને ધમપછાડા છોડાવી આત્મતત્ત્વને કેન્દ્રમાં રાખવાનું જ સૂચવે છે.

ધનપ્રાણનાના મહારોગથી વ્યક્તિને અને સંસ્થાઓ-જૈનસંઘો દ્વારા પ્રયત્ન કરીને સદ્ધર્મની વ્યાખ્યા રજુ કરી, તેઓ રાષ્ટ્રસંપર્ક રાખી, ક્રમશઃ સદ્ધર્મનો સ્પર્શ માનવજાતને લગાડે છે. અને ધર્મને સક્રિય રીતે રૂઢવલણો અને રૂઢપ્રક્રિયાનાં ચોકઠામાંથી મુક્ત કરે છે.

પોતાના સાથે પડેલા પ્રાણીની પરંપરા નરક હોય છે. દેશમાં અશાન્તિ છે, ભયંકર મોંઘવારી છે. જ્યાં ત્યાં યુદ્ધ, લડાઈઓ, અણબનાવો, મુશ્કેલીના ખૂણો સંભળાય છે છતાં માણસોને ખરો ત્રાસ કે ઉદ્વેગ થતો નથી. વૈરાગ્યના અસંખ્ય કારણો દૃષ્ટિગોચરમાં છે છતાં પણ વૈરાગ્ય નથી જાગતો. દૂર હંમેશ અનેક બીમારીઓમાં, અકસ્માતમાં, ખૂના મરકીમાં, રોગના ભોગે મૃત્યુ પામતા જોવાય છે, ને સમાચાર સાધનો દ્વારા સંભળાય છે, છતાં કોઈને મૃત્યુનો ભય નથી લાગતો.

નાણાં મેળવવામાં અનેક કષ્ટ, માન અપમાન, માનસિક-શારીરિક મૂંઝવણો વેઠી રહ્યા છે છતાં પાછી પાની કરવાનો કોઈને મોખ નથી. હિસાબ માત્ર નાણાંનો જ રાખે છે. નાણાં સાથે બંધાતાં પાપો—અધર્મોના હિસાબ કોઈ નથી રાખતું. આ બધી મોહનીય કર્મની કરામત છે. ડાહ્યા ગણાતા અસંખ્ય મનુષ્યો આંખે પાટા બાંધ્યા હોય તેમ જીવન ગાળી રહ્યા છે, એ જોઈ જ્ઞાનીને કરુણા આવે છે. તે પુરુષ ભાગ્યવાન છે, જે મોહનિદ્રાથી જાગેલ છે અને પ્રલોભનોનો સામનો કરી શકે છે. એ જાળથી છૂટવા પોતાના બળ-વીર્યનો ઉપયોગ કરે છે અને લૂંટાઈ ન જવા અહોનિશ જાગ્રત રહે છે. પ્રભુના સન્મુખ થવા પ્રયત્ન સેવે છે, તે ધન્ય છે.

જીવને ચીનગારી લાગ્યા પછી વિશેષ બોધની જરૂર નથી રહેતી. સમજાયું હોય તેટલું તો કર્યે જ રાખે છે. પાપ પૂણ્યના ઉદય ભલે પોતાનું કામ કરે પણ એ ઉદય સમયે પોતાને કેમ વર્તવું અને કેટલા અંશે સ્વીકારવા અને કેટલા તજવા એ મુમુક્ષુના હાથની વાત છે. ત્યાં માત્ર સાચી સમજની [illegible] છે. જેટલી સ્વતંત્રતા, જેટલી અનુકૂળતા, જેટલી [illegible]શક્તિ, તેના પ્રમાણમાં તો કરતાં કોણ રોકે છે?

મુમુક્ષુ કાયર થતો નથી, નિરાશ થતો નથી, [illegible] ગભરાતો નથી, ધીરજ ખોતો નથી જેટલું ને જ્યારે જે થાય તેટલું ને ત્યારે કર્યે જાય છે પરિણામની વાટ જોતો નથી સાધનું પરિજ્ઞાન સાચું હોય તેની તેને ખાત્રી હોય છે તેને નર્વસ્થાન પોતાનું લાગે. "[illegible]" [illegible] ઊંચી દૃષ્ટિ, ઊંચું આસન, ઊંચું આચરણ અને ઊંચા વિચારોમાં જ જીવન વિતાવે છે. સમજાયું હોય તેટલાનો તે અમલ કરે છે. એ મુમુક્ષુનું લક્ષ મુક્ત થવા તરફ જ હોય [illegible] માં, સ્નેહીઓના સમૂહમાં, કાર્યપ્રદેશમાં પણ એ મુક્ત જ રહે. એને કોઈ ઉપાધિ સ્પર્શ નથી કરતી એ જ [illegible] અને ભગવાનું કૃપા છે. એ જ શિવનું ધામ છે.

તમે મુમુક્ષુની ભૂમિને કેળવાથી રહ્યા છો [illegible] સ્થાનને ભલે પામ્યા નથી પણ તીર્થની ભૂમિકા [illegible] છે. કોઈએ તેની શાંતિ કે સમાધિ ન હોય તેથી શું થયું? આમ તો અમુક વખત સુધી [illegible] [illegible] નિરાશ થવાનું કારણ નથી

[illegible]

ૐ

[illegible] [illegible]
(૨૦૬) [illegible]

[illegible] [illegible]

[illegible] [illegible]

[illegible]

પ્યારા બંધુ!

માણસના જીવન માટે પૈસા છે. પૈસા માટે માણસનું જીવન નથી. દેખાતું બાહ્ય સૌંદર્ય આત્માને લીધે છે. શરીર અને આભૂષણો આત્માને લીધે કિંમતી છે. આત્માનું અનિષ્ટ કરી જડ લક્ષ્મી પાછળ દોડનાર પાગલ છે, મૂર્ખ છે.

